પાનાં : ૧૨ + ૪ પૂર્તિ રૂા.૬ તા.૯ નવેમ્બર ૨૦૨૫ રવિવાર

૧૭ જમાદિલ અવ્વલ હિજરી ૧૪૪૭ ● કારતક વદ પાંચમ સંવત ૨૦૮૨

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
●●●
SINCE-1991

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૫ અંક-૧૦૦ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

AL FAROOQ
Since 1996
TOURS & TRAVELS
હજ ૨૦૨૬ બુકીંગ ચાલુ છે
પહેલું ગ્રુપ રવાનગી તારીખ ૨૩ એપ્રિલ ૩૬-દિવસ
છેલ્લું ગ્રુપ રવાનગી તારીખ ૨૧ મે ૪૦-દિવસ
શાર્ટ પેકેજ રવાનગી તારીખ ૧૫ મે ૨૦-દિવસ
ડિસેમ્બર તથા રમજાન ઉમરાહનું બુકીંગ ચાલુ છે
હાજી યાકુબ મુન્શી ૯૮૨૫૨ ૭૫૩૩૩-૯૮૯૮૦ ૩૪૪૭૮
૧, સંજરી એપાર્ટમેન્ટ, શાહેઆલમ, અમદાવાદ-૨૮

ઈન્શાઅલ્લાહ
Member of IATA
ACTIVE MEMBER
AIHUTOA
ઉમરાહ વિઝા
દુબઈ વિઝા
હજ્જ-૨૦૨૬
બુકિંગ ચાલુ છે.
ઈરાક ઝિયારત પ્રોગ્રામ
રવા.તા.૨૯/૧૧/૨૦૨૫ | રવા.તા.૦૧/૦૧/૨૦૨૬
રઝાક એન્ડ સન્સ
કાકીવાલા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ગુજરાત ટુરીઝમ પાસે, આશ્રમરોડ, અમદાવાદ.
M.9898099980, 9426579900
www.hajindia.com




# DMKના નેતૃત્વ હેઠળનું ગઠબંધન ૧૧ નવેમ્બરે SIR વિરૂદ્ધ રાજ્યવ્યાપી આંદોલન કરશે

(એજન્સી) ચેન્નાઈ, તા.૮

ડીએમકેના નેતૃત્વ હેઠળનું સેક્યુલર પ્રોગ્રેસિવ એલાયન્સ (એસપીએ) એ ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) સામે વિરોધ કરવા માટે ૧૧ નવેમ્બરે તમિલનાડુના તમામ જિલ્લાઓમાં રાજ્યવ્યાપી આંદોલનોની જાહેરાત કરી છે. ગઠબંધનના ભાગીદારો દ્વારા જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં, બ્લોકે મોટાભાગના રાજકીય પક્ષો દ્વારા ઉઠાવવામાં આવેલા વ્યાપક વાંધાઓ છતાં ચૂંટણી પંચ પર "સત્તાવાર અને એકપક્ષીય રીતે" સુધારો કરવાનો આરોપ લગાવ્યો છે. ગઠબંધને દાવો કર્યો હતો કે એસઆઈઆર કવાયત "રાજકીય રીતે પ્રેરિત" હતી અને "મતદાર યાદીમાંથી લઘુમતી અને ભાજપ વિરોધી મતદારોના નામ દૂર કરવાનો હેતુ છે. આ નિવેદન અનુસાર, તમિલનાડુ સહિત ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં SIR લાગુ કરવાના ECIના નિર્ણયને, જ્યારે બિહાર મતદાર યાદીમાં વિસંગતતાઓને દૂર કરવામાં કથિત રીતે નિષ્ફળ ગયો, તેને "અલોકતાંત્રિક" ગણાવવામાં આવ્યો અને તેનો હેતુ નાગરિકોના મતદાન અધિકારોને "નબળો પાડવાનો" છે. નેતાઓએ દલીલ કરી હતી કે હાલની મૂંઝવણોને દૂર કર્યા વિના સુધારણા હાથ ધરવાની કમિશનની ઉતાવળથી પ્રક્રિયામાં લોકોનો વિશ્વાસ ઓછો થયો છે. આ જોડાણે ગણતરીના તબક્કાના સમય અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી, જે તમિલનાડુમાં ઉત્તરપૂર્વીય ચોમાસા સાથે સુસંગત છે. તેમાં નોંધ્યું હતું કે જિલ્લા અને સ્થાનિક અધિકારીઓ પહેલાથી જ વરસાદ સંબંધિત રાહત અને આપત્તિ વ્યવસ્થાપન કાર્યમાં રોકાયેલા હશે, જે સંભવતઃ સુધારણાના યોગ્ય સંચાલનને અસર કરશે. વધુમાં, આ જોડાણે કવાયતના તૈયારીના તબક્કામાં ઘણી અનિયમિતતાઓ તરફ ધ્યાન દોર્યું હતું. તેમાં કહેવામાં આવ્યું છે કે ઘણા વિસ્તારોમાં બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) એ હજુ સુધી ગણતરી ફોર્મનું વિતરણ શરૂ કર્યું નથી અને રાજકીય પક્ષો દ્વારા નિયુક્ત બૂથ લેવલ એજન્ટ્સ (BLAs) સાથે યોગ્ય સંચાર ચેનલો સ્થાપિત કરી નથી. ૨૦૦૨ અને ૨૦૦૫ની મતદાર યાદીઓ, જે હાલમાં ECIની વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તે અધૂરી છે અને અધિકારીઓ અને રાજકીય પ્રતિનિધિઓમાં મૂંઝવણ ઊભી કરી રહી છે. આ પ્રક્રિયાગત ભૂલો અને સુધારા પાછળના કથિત પક્ષપાતી ઈરાદાને ટાંકીને, સેક્યુલર પ્રોગ્રેસિવ એલાયન્સે માંગ કરી હતી કે ચૂંટણી પંચ તાત્કાલિક SIR રદ કરે અને મતદારોની યાદીમાં વધુ સુધારો થાય તે પહેલાં તમામ રાજકીય પક્ષો સાથે પરામર્શ કરીને પારદર્શક, સમાવિષ્ટ પ્રક્રિયા શરૂ કરે.

## બંગાળ સરકારે જિલ્લા મેજિસ્ટ્રેટ્સને SIRના કારણે વિકાસ કાર્યોમાં અવરોધ ન આવે તે સુનિશ્ચિત કરવા સૂચના આપી

(એજન્સી) કોલકાતા, તા.૮



પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) વચ્ચે, રાજ્ય સરકારે જિલ્લા મેજિસ્ટ્રેટ્સને સૂચના આપી છે કે તેઓ ખાતરી કરે કે મતદાન પેનલની કવાયતમાં રાજ્ય સરકારી કર્મચારીઓની હાજરીને કારણે વિકાસ પ્રોજેક્ટ્સની પ્રગતિમાં અવરોધ ન આવે. જિલ્લા મેજિસ્ટ્રેટ્સ એ જિલ્લા ચૂંટણી અધિકારી હોવાથી, રાજ્ય સરકારને શંકા છે કે SIR સાથે તેમની સંડોવણી રાજ્ય સરકારના વિકાસ પ્રોજેક્ટ્સની પ્રગતિની નિયમિત દેખરેખનો અભાવ તરફ દોરી શકે છે. તેથી, મુખ્ય સચિવ મનોજ પંતના કાર્યાલયે જિલ્લા મેજિસ્ટ્રેટ્સને તેમની ચૂંટણી જવાબદારીઓ અને રાજ્ય વહીવટી સોંપણીઓ વચ્ચે તેમના કાર્યભારને તર્કસંગત બનાવવા સૂચનાઓ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, જિલ્લા મેજિસ્ટ્રેટ્સને ખાસ કરીને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ હેઠળ ૧૦૦ દિવસની નોકરી યોજના, રાજ્યની પોતાની આવાસ યોજના 'બંગલાર બારી' અને રાજ્યની પોતાની ગ્રામીણ માર્ગ વિકાસ યોજના 'પથશ્રી' ની પ્રગતિ પર નજર રાખવા માટે કહેવામાં આવ્યું છે. 'પથશ્રી' યોજના માટે જમીન ઉપલબ્ધ છે તેની ખાતરી કરવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટ્સને ખાસ સલાહ આપવામાં આવી હતી. તેમને 'પથશ્રી' યોજના હેઠળ બાંધવામાં આવેલા રસ્તાની ગુણવત્તા નિર્ધારિત ધોરણો અનુસાર છે તેની વ્યક્તિગત દેખરેખ રાખવાની પણ સૂચના આપવામાં આવી હતી. રાજ્ય સરકારે આ વિકાસ યોજનાઓ હેઠળના કામની પ્રગતિની સમીક્ષા કરવા માટે જિલ્લામાં ખાસ ટીમો મોકલવાનો પણ નિર્ણય લીધો હતો.

## સંસદનું શિયાળુ સત્ર આગામી તારીખ પહેલીથી ૧૯મી ડિસેમ્બર સુધી યોજાશે

**કેન્દ્રિય મંત્રી કિરણ રિજીજુની જાહેરાત, બિહાર વિધાનસભા ચૂંટણી પછી અને એસઆઈઆરનો પહેલો તબકકો ત્યાં પુરો થઈ ગયો હોવાથી સત્રનો મહત્વ વધી જાય છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

સંસદનું શિયાળુ સત્ર તારીખ પહેલી ડિસેમ્બરથી શરૂ કરવા માટેની કેન્દ્ર સરકારની દરખાસ્તને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મંજૂરી આપી દીધી હોવાનું જાહેર થયું છે. સંસદનું શિયાળુ સત્ર તારીખ પહેલી ડિસેમ્બરથી શરૂ થશે અને ૧૯મી ડિસેમ્બરના રોજ તેનું સમાપન થશે. સંસદીય કાર્યવાહી અને કામકાજની જરૂરિયાતો અને તાકીદ અનુસાર આ રીતે સત્ર ચાલશે અને કુલ ૧૫ બેઠકો યોજાશે તેમ જાહેર થયું છે. કેન્દ્રીય મંત્રી કિરણ રિજીજુએ જણાવ્યું હતું કે સંસદનું શિયાળુ સત્ર પહેલી નવેમ્બર ૨૦૨૫થી ૧૯મી નવેમ્બર સુધી યોજવા માટેની કેન્દ્ર સરકારની દરખાસ્તને રાષ્ટ્રપતિએ સ્વીકારી લીધી છે અને મંજૂરી આપી છે. આપણી લોકશાહીને વધુ મજબૂત બનાવે અને લોકોની આશા અને અપેક્ષાઓને પરિપૂર્ણ કરે એવી રીતે સંસદની આ બેઠક ખૂબ જ રચનાત્મક અને હેતુ પૂર્ણ બની રહેવાની તેમણે આશા રાખી હતી. તેમણે જણાવ્યું હતું કે સંસદનું સત્ર પહેલી ડિસેમ્બરથી શરૂ થશે અને કુલ ૧૫ જેટલી બેઠકો યોજાશે. સંસદની અન્ય બેઠકોના પ્રમાણમાં આ સત્ર ટૂંકું રહેશે. રાજકીય નિરીક્ષકો માને છે કે સંસદના શિયાળો સત્રમાં બિહાર વિધાનસભાની ચૂંટણીના પરિણામોની ઘેરી અસર જોવા મળી શકે છે. દેશવ્યાપી એસઆઈઆર કવાયતના બીજા તબક્કા સામે વિરોધ પક્ષો જોરદાર વિરોધ નોંધાવે એવી ધારણા છે. મતદાર યાદીઓમાં ગોટાળા અને નામોની કમી જેવા મુદ્દાઓ ઉપર પણ વિપક્ષ સંસદમાં ધમાલ મચાવે તેવી શક્યતા છે. દરમિયાન સરકાર પણ કેટલાક મહત્વના બિલ પસાર કરાવવાની કોશિશ કરશે જેમાં ૧૨૯મો અને ૧૩૦મો બંધારણ સુધારા ખરડા, પબ્લિક ટ્રસ્ટ બિલ અને ઈનસોલવંશી તથા નાદારી બિલ સહિતના મહત્વના બિલનો સમાવેશ થાય છે.

CELEBRATING EXCELLENCE
35 years
GT

### ક્યા બાત હૈ ?!

**કામ બંધ કરો ! વધુ એક દુર્ઘટના ટાળવા પાલિકાએ આ ફ્લાય ઓવરનું નિર્માણ બંધ કરવાનો આદેશ આપ્યો છે !**




ડૉ. નાઝનીન વાજા
(એમ.ડી.-પીડીયાટ્રીક્સ) I.D.P.C.C.M. (મુંબઈ)
બાળરોગ નિષ્ણાંત અને બાળકોના ક્રિટીકલ કેર સ્પેશ્યાલીસ્ટ
વી કેર ચિલ્ડ્રન હોસ્પિટલ
૧૧૧,૧૧૯, બ્લુ વોટર, અંબર ટાવર પાસે, સરખેજ, અમદાવાદ
૨૪X૭ ઈમરજન્સી સારવાર
મો.૯૮૯૮૮૫૩૫૩૧
ઓપીડી સમય : સવારે ૧૧થી ૨, સાંજે ૬.૩૦થી ૮.૩૦

BEGUM M.B. KADRI FOUNDATION
RAHE KHAIR GIRLS ENGLISH/GUJARATI PRIMARY SCHOOL
Reputed Primary School
4779/C,KHAMASA CHAKLA, JAMALPUR ROAD, AHMEDABAD -380001
JOB VACANCY [Only Female]

| POSITION | REQUIRED QUALIFICATION | REQUIRED SKILLS |
|---|---|---|
| PRINCIPAL [Eng.Med] | B.A B.ED/M.A B.ED | Minimum 5 years academic & administration |
| PRIMARY TEACHER [Eng.Med] | B.A B.ED/B.SC B.ED | Experience/fresher |
| PRIMARY TEACHER [Guj.Med] | B.SC B.ED/ B.A B.ED with english | Experience/fresher |

You can mail your Resume/Bio-data to rahekhairgirlsprimary1996@gmail.com within 10 days of advertisement date OR register post.



## જમ્મુ અને કાશ્મીરમાં ઓપરેશન પીમ્પલ, ઘૂસણખોરીનો પ્રયાસ કરનાર બે આતંકવાદીઓને ઠાર મારતી સેના

જમ્મુ : જમ્મુ અને કાશ્મીરમાં ભારતીય સેના દ્વારા ચલાવવામાં આવી રહેલા કોર્પોરેશન પિમ્પલ દરમિયાન ઘૂસણખોરીનો પ્રયાસ કરનાર બે આતંકવાદીઓને ભારતીય જવાનોએ ઠાર માર્યા હતા. આતંકવાદીઓ ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહ્યા હોવાના ગુપ્તચર રહેવાનોને પગલે ઓપરેશન પીમ્પલ સાતમી નવેમ્બરથી શરૂ કરવામાં આવ્યું હતું. દરમિયાન કિસતુવડ જિલ્લાના ગાઢ જંગલ વિસ્તારમાં ભારતીય સલામતી દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ શરૂ થઈ ગઈ હતી. આ પ્રદેશમાં ત્રણ આતંકી છુપાયા હોવાની બાકી મળતા ભારતીય સેનાની ટુકડીઓ પહોંચી ગઈ હતી અને પોલીસ તથા લશ્કર દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું અને સામસામા ગોળીબારમાં બે આતંકવાદીને ઠાર કરવામાં આવ્યા હતા તેમ લશ્કરના પ્રવક્તાએ જણાવ્યું હતું.

## ઈન્દોરમાં અંતિમયાત્રાની તૈયારીઓ પહેલા જ ૭૦ વર્ષના વૃદ્ધ જીવંત થઈ ઊઠ્યા

ઈન્દોર : ઈન્દોર શહેરમાં એક ઘરમાં એક વૃદ્ધનું અવસાન થતાં ઘરમાં શોકની અને ગમગીનીની લાગણી પ્રસરી વળી ગઈ હતી અને પરિવારજનોએ ૭૦ વર્ષના વૃદ્ધની અંતિમયાત્રાની તૈયારીઓ શરૂ કરી દીધી હતી અને અચાનક એક કૌતુક થયું હતું અને એ વૃદ્ધના શરીરમાં ફરીથી શ્વાસ ચાલવા લાગ્યો હતો અને જીવંત થઈને બેઠા થઈ ગયા હતા તેમ તેમના પરિવારના સભ્યોએ જણાવ્યું હતું. સંજય વેદ નામની વ્યક્તિએ મીડિયાને જણાવ્યું હતું કે મારા પિતા મખનલાલ વેદ અને ખાનગી દવાખાનામાં દાખલ કરવામાં આવ્યા હતા કેમ કે અમને બ્રેઈન હેમરેજ થઈ ગયું હતું. એમનું ઓપરેશન થયું હતું અને એ પણ સફળ રહ્યું હતું પરંતુ બાદમાં તબિયત બગડી હતી અને એમને જીવન રક્ષક યંત્ર પર રાખવામાં આવ્યા હતા. છતાં હાલત સુધરી ન હતી એટલે પરિવારજનો ઘરે લઈ આવ્યા હતા અન લાઈફ સપોર્ટ યંત્ર હટાવી લેવામાં આવ્યું હતું અને એમના શ્વાસ પણ બંધ થઈ ગયા હતા એટલે પરિવારજનો નિયમ કે એમનું મૃત્યુ થઈ ગયું છે. પરિવારજનોએ સગા સંબંધીમાં સંદેશ આપી દીધા હતા અને અંતિમ યાત્રાણી તૈયારી શરૂ થઈ હતી ત્યાં તો ફરીથી વૃદ્ધનો શ્વાસ ચાલવા લાગ્યો હતો. તેઓ ફરી બેઠા થઈ ગયા અને અત્યારે ઘરમાં આરામ કરી રહ્યા છે અને તેમના પરિવારજનો આ ઘટનાને ચમત્કાર કહી રહ્યા છે.

## હરિયાણાના હિસાર શહેરમાં ગુંડા ટોળકીએ પોલીસ કર્મીની તેમના ઘરની બહાર જ હત્યા કરી, પાંચની ધરપકડ

હિસાર : હરિયાણાના હિસાર શહેરમાં શુક્રવારે મોડી રાત્રે એક ગુંડા ટોળકીએ સબ ઈન્સ્પેક્ટરની તેમના ઘરની બહાર જ હત્યા કરી નાખી હોવાનું જાહેર થયું હતું. ૫૭ વર્ષના રમેશકુમાર નામના પીએસઆઈ એમના ઘરની બહાર દારૂ પીધેલી હાલતમાં કેટલાક લોકો ધમાલ કરી રહ્યા હોવાથી તમને ટપાવવા માટે પીએસઆઈ બહાર ગયા હતા. ત્યારે તો એ દારૂડિયા ગુંડાઓ ત્યાંથી ચાલ્યા ગયા હતા અને ફરી પાછા આવ્યા હતા અને ઘરની બહાર ઊભા રહીને પોલીસ કર્મીને ગાળો આપવાનું શરૂ કર્યું હતું. તેઓ જ્યારે બહાર આવ્યા ત્યારે ગુંડા ટોળકીએ એમના ઉપર લાકડીઓ અને ઈંટોથી હુમલો કરી દીધો હતો અને સ્થળ ઉપર જ તેમની હત્યા કરી નાખી હતી. એ પછી એક કારમાં તમામ નાસી ગયા હતા. પોલીસે આ ઘટના બારામાં તાત્કાલિક તપાસ કરીને પાંચ આરોપીઓ મહેન્દ્ર ઉર્ફે ગબ્બર, તેના પુત્ર સુભાષ, પ્રવીણ ઉર્ફે લલ્લા, જતીન અને નરેન્દ્રની ધરપકડ કરી દીધી હતી.

## રશિયામાં ત્રણ અઠવાડિયાથી ગુમ થયેલા રાજસ્થાનના મેડિકલના વિદ્યાર્થીની ડેમમાંથી લાશ મળી

જયપુર : રાજસ્થાનના અલવર જિલ્લામાં રહેતો ૨૨ વર્ષનો મેડિકલનો વિદ્યાર્થી રશિયામાં છેલ્લા ત્રણ સપ્તાહથી ગુમ થઈ ગયો હતો. તેની લાશ ઉફા શહેરના એક ડેમમાંથી મળી આવી હોવાનું તેના પરિવારજનોને મળેલા સંદેશામાં જાણવા મળ્યું હતું. અજીતસિંહ ચૌધરી નામનો આ વિદ્યાર્થી બાશ્કીલ સ્ટેટ મેડિકલ યુનિવર્સિટીમાં ૨૦૨૩થી M.B.Sનો અભ્યાસ કરી રહ્યો હતો. ૧૯મી ઓક્ટોબરના રોજ રાત્રે ૧૧ વાગ્યે પોતાની હોસ્ટેલની બહાર નીકળ્યો હતો અને તેના મિત્રોને કહ્યું હતું કે હું દૂધ લઈને હમણાં પાછો આવું છું પરંતુ પાછો આવ્યો જ નહોતો. બાજુમાં સત્તાવાળાઓને વાઈટ રીવર નામની નદી પાસેથી તેના વસ્ત્રો, તેનો મોબાઈલ ફોન અને જોડા મળી આવ્યા હતા અને ખૂબ શોધખોળ બાદ નજીકના ડેમમાંથી તેની લાશ મળી આવી હતી. ભારતીય દૂતાવાસ દ્વારા તેના પરિવારને જાણ કરવામાં આવી હતી. પોલીસ તપાસ કરી રહી છે. પરિવારજનો એકદમ આઘાતમાં છે અને કહી રહ્યા છે કે અમે ઘણા સપના જોયા હતા અને તેને રશિયા મોકલ્યો હતો અને હવે તેનો મૃતદેહ આવે તેની રાહ જોઈ રહ્યા છીએ. કોંગ્રેસના નેતા જીતેન્દ્રસિંહ અલવરે ઊંડા આઘાતની લાગણી વ્યક્ત કરી હતી અને પરિવારને તેનો મૃતદેહ જલ્દી મળી જાય એ માટે પ્રયાસો કરવા વિદેશ મંત્રી એસ જયશંકરને અનુરોધ કર્યો હતો. તેમણે તેના મોતને શંકાસ્પદ ગણાવ્યું હતું અને ઊંડી તપાસ કરવામાં આવે તેવી માગણી કરી હતી.

## ભારતમાંથી વધુ યુવાનોની ભરતી કરવામાં નહીં આવે એવા મોસ્કોના વચન છતાં રશિયાની સેનામાં હજુ પણ ''૪૪ ભારતીયો'', મોસ્કોએ માર્ચ ૨૦૨૫થી ભારતીય યુવાનોની અને લશ્કરમાં ભરતી બંધ કરી હોવાનો દાવો કર્યો છતાં ૨૭ ભારતીય પરિવારોએ કહ્યું કે એમના સંતાનોને છેતરીને લઈ જવાય છે અને લશ્કરમાં ભરતી કરી દેવાય છે

નવી દિલ્હી : મોસ્કોએ ભારતમાંથી આવેલા યુવાનોની તેની સેનામાં ભરતી કરવાનું બંધ કર્યું હોવાનું વચન આપ્યું હોવા છતાં હજુ ૪૪ જેટલા ભારતીય યુવાનો રશિયાના લશ્કરમાં હોવાનું જાહેર થયું છે. યુક્રેન સામેના યુદ્ધમાં એમનો રશિયાના સૈનિક તરીકે ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાનું જાહેર થયું છે. અખબારી અહેવાલો જણાવે છે કે રશિયાના પ્રમુખ પુતિન ભારતની મુલાકાતે આવી રહ્યા છે એ પહેલા સંખ્યાબંધ ભારતીય પરિવારોએ રજૂઆત કરી છે કે એમના સંતાનોને છેતરીને ત્યાં લઈ જવાય છે અને રશિયાના સેનામાં ભરતી કરી દેવામાં આવ્યા છે. ૨૭ ભારતીય પરિવારોએ આવી રજૂઆત કરી છે. સોમવારે એમણે જંતરમંતર દિલ્હી ખાતે ઉગ્ર દેખાવો પણ કર્યા હતા. આ યુવાનોમાંથી કેટલાક અભ્યાસ કરવા માટે ગયા હતા તો કેટલાક નોકરી માટે ત્યાં ગયા હતા અને એમને લલચાવીને ત્યાં લઈ જવાયા બાદ રશિયાની સેનામાં ભરતી કરીને યુક્રેન મોરચે યુદ્ધ કરવા માટે મજબૂર કરી દેવાયા છે. વિદેશ મંત્રાલય દ્વારા એ ૪૪ ભારતીયોની માહિતીની ચકાસણી થઈ છે કે કેમ એ હજુ જાણવા મળ્યું નથી. રશિયાના રાજદૂત દ્વારા પોતે એવું જણાવે છે કે રશિયાએ તો ઘણા સમયથી ભારતીયોની સેનામાં ભરતી બંધ કરી દીધી છે. પરિવારજનોએ એમને પાછા લાવવા માટે વિદેશ મંત્રાલય અને ભારતીય દૂતાવાસને અપીલ કરી છે.

## CBIએ પંચકુલામાં પુત્રના મૃત્યુ કેસમાં પૂર્વ પંજાબ DGP મુસ્તફા અને તેના પરિવાર વિરુદ્ધ FIR નોંધી

**એજન્સીએ મોહમ્મદ મુસ્તફા, રઝિયા સુલતાના ઉપરાંત અકીલ અખ્તરની પત્ની અને બહેન સામે હત્યા અને ગુનાહિત કાવતરા સંબંધિત BNS કલમો હેઠળ કેસ દાખલ કર્યો છે, પંજાબના પૂર્વ DGP મોહમ્મદ મુસ્તફા અને પંજાબના પૂર્વ મંત્રી રઝિયા સુલતાનાના પુત્ર અકીલ અખ્તરનું પંચકુલામાં મૃત્યુ થયું હતું**

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)એ તેમના પુત્ર અકીલ અખ્તર (૩૫)ના 'હત્યા કેસ' સંદર્ભે પૂર્વ DGP મોહમ્મદ મુસ્તફા, તેમની પત્ની રઝિયા સુલતાના અને અન્ય લોકો વિરુદ્ધ FIR નોંધી છે. તેમનો પુત્ર ૧૬ ઓકટોબરના રોજ હરિયાણાના પંચકુલામાં શંકાસ્પદ સંજોગોમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો. પંચકુલા પોલીસ દ્વારા શરૂઆતમાં નોંધાયેલો આ કેસ માલેરકોટલાના શમશુદીન ચૌધરીની ફરિયાદ બાદ હરિયાણા સરકારની ભલામણ પર CBIને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. ફરિયાદીએ ૨૭ ઓગસ્ટના રોજ અકીલ દ્વારા પોસ્ટ કરાયેલા એક વીડિયોનો ઉલ્લેખ કર્યો હતો જેમાં તેણે કૌટુંબિક સંબંધોમાં તણાવનો આરોપ લગાવ્યો હતો અને પોતાની સલામતી માટે ડર વ્યક્ત કર્યો હતો. ૬ નવેમ્બરના રોજ CBI દ્વારા ફરીથી નોંધાયેલ FIR મુજબ, મુસ્તફા, સુલતાના, અકીલની પત્ની અને તેની બહેન પર ભારતીય ન્યાય સંહિતા (BNS), ૨૦૨૩ની કલમ ૧૦૩(૧) (હત્યા) અને ૬૧ (ગુનાહિત કાવતરૂં) હેઠળ આરોપો દાખલ કરવામાં આવ્યા છે. સત્તાવાર દસ્તાવેજો દર્શાવે છે કે, CBIને ચંદીગઢમાં માહિતી મળી હતી અને તે જ રાત્રે FIR નોંધવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, અકીલના મૃત્યુ પહેલા પરિવારમાં લાંબા સમયથી ચાલી રહેલા તણાવના અહેવાલો હતા.

## 'અમે દુનિયાને ૧૫૦ વખત ઉડાવી શકીએ છીએ' : પરમાણુ અંગે ટ્રમ્પની મોટી ટિપ્પણી, પુતિન અને શી જિનપિંગનો ઉલ્લેખ

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરૂવારે વૈશ્વિક નિઃશસ્ત્રીકરણ માટે હાકલ કરી હતી, પરંતુ સાથે જ તેમણે વિશ્વને '૧૫૦ વખત ઉડાવી દેવા'ની અમેરિકાની ક્ષમતાની ચેતવણીનું પુનરાવર્તન પણ કર્યું હતું. ટ્રમ્પે જણાવ્યું હતું કે, અગ્રણી રાષ્ટ્રો પાસે નોંધપાત્ર પરમાણુ શસ્ત્રાગારો છે અને સૂચન કર્યું હતું કે, આ ભંડોળને વધુ ફાયદાકારક કાર્યો તરફ વાળવું જોઈએ.

**પરમાણુ શસ્ત્રોની રેન્કિંગ અને શાંતિની વાત :** વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાત કરતા પ્રમુખ ટ્રમ્પે પરમાણુ ક્ષમતાઓમાં યુનાઈટેડ સ્ટેટ્સને પ્રથમ ક્રમે મૂક્યું હતું, ત્યારબાદ રશિયા અને ચીનને સ્થાન આપ્યું હતું. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, આટલા મોટા શસ્ત્રાગારની 'કોઈ જરૂર નથી.' પ્રમુખ ટ્રમ્પે કહ્યું : હું માનું છું કે, નિઃશસ્ત્રીકરણ એક મહાન વસ્તુ હશે. આપણે દુનિયાને ૧૫૦ વખત ઉડાવી શકીએ છીએ. આની કોઈ જરૂર નથી. મેં રાષ્ટ્રપતિ પુતિન સાથે આ વિશે વાત કરી છે, મેં રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે આ વિશે વાત કરી છે અને દરેક જણ આ બધા પૈસા અન્ય વસ્તુઓ પર ખર્ચવા માંગશે.' 'હું સમગ્ર વિશ્વમાં શાંતિ ઈચ્છું છું,' ટ્રમ્પે ઉમેર્યું.

## દેવું અને શેરબજારના નુકસાનથી ત્રસ્ત હરિદ્વારના યુવકે 'અંગિઠી'ના ધુમાડાથી કર્યો આપઘાત

હરિદ્વાર : દેહરાદૂન સ્થિત હરિદ્વારમાં એક ૪૦ વર્ષીય ફાર્માસ્યુટિકલ કંપનીના ક્વોલિટી કંટ્રોલ હેડે દેવાના બોજ હેઠળ આવીને કાર્બન મોનોક્સાઈડ ઝેરથી આત્મહત્યા કરી છે. મૃતકે બાથરૂમમાં કોલસાની સગડી (અંગિઠી) સળગાવીને તેના ધુમાડાનો ઉપયોગ કરીને પોતાનો જીવ લીધો હતો. ન્યૂ વિષ્ણુ ગાર્ડન, કંકલ વિસ્તારમાં રહેતા મૃતક યુવકની ઓળખ ૪૦ વર્ષીય લવ કુમાર તરીકે થઈ છે, જે એક ઔદ્યોગિક વિસ્તારની ફર્મમાં ક્વોલિટી કંટ્રોલર તરીકે કાર્યરત હતા. બુધવારે તેમના ઘરના બાથરૂમમાંથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આત્મહત્યા કરતા પહેલા તેમણે સોશિયલ મીડિયા દ્વારા આ કૃત્યની જાણકારી આપી હતી. પોલીસ અધિકારીએ પ્રારંભિક તારણો વિશે જણાવ્યું હતું કે, "તેમણે બાથરૂમની અંદર કોલસાની સગડી સળગાવી, જગ્યાને ધુમાડાથી ભરી દીધી અને ત્યાં સૂઈ ગયા." મૃત્યુ પામતા પહેલા લવ કુમારે તેમની પત્નીને વોટ્સએપ મેસેજ મોકલીને કાર્બન મોનોક્સાઈડ ગેસ દ્વારા મૃત્યુ પામવાના તેમના ઈરાદા વિશે જાણ કરી હતી. મેસેજ મળતા જ પરિવારે તરત જ પોલીસને જાણ કરી. જોકે, સ્ટેશન હાઉસ ઓફિસર (SHO) મનોહર સિંહ રાવત અને તેમની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા, પરંતુ ત્યાં સુધીમાં કુમારને બચાવી શકાયા નહોતા. એસએચઓ રાવતે પુષ્ટિ કરી હતી કે, "જ્યારે પોલીસ આવી, ત્યારે બાથરૂમ ધુમાડાથી ભરેલો હતો અને સળગેલી સગડી ત્યાં હાજર હતી." પ્રાથમિક શંકા મુજબ કોલસા બાળવાથી નીકળેલા ગેસના ગૂંગળામણના કારણે મૃત્યુ થયું છે.

## આઝમખાને અખિલેશ યાદવની મુલાકાત લીધી, મક્કમ મનોબળ, લડાયક ક્ષમતા અને ન્યાયનો સંદેશો

**લખનૌની પોતાની મુલાકાત અદાલતના કોઈ કેસની સાથે સંકળાયેલી હોવાનું નકારી કાઢતા આઝમખાને જણાવ્યું હતું કે અખિલેશ યાદવની મુલાકાત કરવા સિવાય અને અમે પરિવર્તન માટે સાથે ઊભા છીએ એવો સંદેશ આપવા સિવાય મુલાકાતનું બીજું કોઈ કારણ નથી**

(એજન્સી) લખનૌ, તા.૮



સમાજવાદી પાર્ટીના તાજેતરમાંથી જ જેલ મુક્ત થયેલા વરિષ્ઠ નેતા આઝમખાને શુક્રવારે સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવની મુલાકાત લીધી હતી અને આ મુલાકાતને લડાયકતા તથા ન્યાય અને પરિવર્તનના સંદેશા સમાન ગણાવી હતી. તેમણે કહ્યું હતું કે આ મુલાકાત હોય તો ઉત્તર પ્રદેશમાં રાજકીય પરિવર્તન તેમજ ન્યાયની જરૂરિયાત માટે અને અમારી લડાયક મનોબળ અને સ્થિતિ માટે અને તેના મહત્વ માટેનો સંદેશો આપવાનો જ હતો. અખિલેશ સાથે મુલાકાત બાદ મીડિયા સાથે વાતચીત કરતા તેમણે જણાવ્યું હતું કે મારી આ મુલાકાત પાછળનો ખરેખર હેતુ એ હતો કે અમે એ બતાવવા માંગીએ છીએ કે ઐતિહાસિક રીતે અમારી સાથે અન્યાય થયો અને અત્યાચાર થયો છતાં હજુ પણ એવા લોકો મજબૂતી સાથે એ બધું સહન કરીને ઊભા છે જેમની સહનશક્તિ કોઈ પથ્થરની શીલા કે પહાડ જેવી મજબૂત છે. આઝમખાને કહ્યું હતું કે અમારા ઘણા લોકો હજુ પણ જેલમાં છે અને અમારી આ બેઠક દરમિયાન અમે એકબીજાને જે તકલીફોને પીડાઓ સહન કરી તેની યાદી અપાવી હતી જેથી કરીને આવનારી પેઢીને ખ્યાલમાં રહે તે એક સમય અમારી સાથે કેવો એક સમયે અન્યાય થયો હતો. સપાના વડા મથકે યોજાયેલી બેઠકમાં આઝમખાનના પુત્ર અને પૂર્વ ધારાસભ્ય અબ્દુલ્લા આઝમ પણ ઉપસ્થિત રહ્યા હતા. સંખ્યાબંધ કેસો અને આરોપોમાંથી જામીન ઉપર મુક્ત થયેલા આઝમખાને તેમણે જણાવેલા દૃષ્ટિકોણના પરિવર્તન બદલ મીડિયાના એક ચોક્કસ વર્ગનો આભાર પણ માન્યો હતો. તેમણે કહ્યું હતું કે જે વર્ગને મારા વિશે ગેરસમજણ થઈ હતી. એમને પણ એક વખતે ખ્યાલ આવ્યો કે મારી સાથે બહુ ગંભીર અને મોટો અન્યાય થયો છે. પોતાના નિવાસ પર આવકવેરા ખાતાના દરોડા અને રામપુર ખાતે પોતાની જોહર અલી યુનિવર્સિટી પરના દરોડા અમને યાદ કરતા આઝમખાને કહ્યું હતું કે અધિકારીઓએ એ કાર્યવાહી દરમિયાન જે શબ્દો વાપર્યા હતા તેનાથી કોઈનું પણ માથું અને સભ્ય વ્યક્તિનું માથું શરમથી નીચે ઝૂકી જાય. એજન્સીઓનું આવો દુરુપયોગ હવે થવો જોઈએ નહીં. સમગ્ર રાજકીય માળખામાં સુધારો થાય અને લોકો સમજે નહીં ત્યાં સુધી અન્યાય ચાલુ જ રહેશે. પરંતુ હું પરિવર્તનની હવા જોઈ રહ્યો છું. મારો વિરોધ કરનારા લોકો મારી પાસે હવે આવે છે મને મળે છે મને ભેટી રહ્યા છે અને રડવા પણ લાગે છે એ જ પરિવર્તન છે. પોતાની લખનૌ મુલાકાત કોઈ કોર્ટ કેસ સાથે સંબંધિત હોવાની ટિપ્પણીને એકદમ નકારી કાઢતા તેમણે કહ્યું હતું કે મારો હેતુ માત્ર અખિલેશ યાદવને મળવાનો જ હતો અને એવો સંદેશો આપવાનો હતો કે અમે પરિવર્તન માટે સાથે ઊભા છીએ. ગઈ આઠમી ઓક્ટોબરના રોજ અખિલેશ યાદવ રામપુર પહોંચ્યા હતા અને આઝમખાનને મળ્યા હતા અને એમને સમાજવાદી પાર્ટીના મજબૂત સ્તંભ તરીકે ગણાવ્યા હતા.

## મોહમ્મદ શમીની પત્ની હસીન જહાં દ્વારા વચગાળાના ભરણપોષણની રકમ વધારવા સુપ્રીમ કોર્ટમાં અરજી

(એજન્સી) તા.૮

ભારતીય ક્રિકેટર મોહમ્મદ શમીની છૂટાછેડા લેનાર પત્ની હસીન જહાંએ ભરણપોષણની રકમ વધારવા માટે કરેલી અરજી પર સુપ્રીમ કોર્ટે શમી અને પશ્ચિમ બંગાળ સરકારનો જવાબ માંગ્યો છે. પશ્ચિમ બંગાળની કલકત્તા હાઈકોર્ટે શમીને તેની પત્ની અને પુત્રીને માસિક રૂા.૪ લાખનું ભરણપોષણ ચૂકવવાનો આદેશ આપ્યો હતો, જેમાંથી જહાંને રૂા.૧.૫૦ લાખ અને પુત્રીને રૂા.૨.૫૦ લાખ દર મહિને ચૂકવવાના છે. જોકે, સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન, ખંડપીઠે મૌખિક ટિપ્પણી કરી હતી કે કલકત્તા હાઈકોર્ટ દ્વારા વચગાળાના ભરણપોષણ તરીકે પત્ની અને પુત્રીને આપવામાં આવેલી રકમ 'ખૂબ સારી' છે.

**વધારે ભરણપોષણની માંગણીના મુખ્ય કારણો**

હસીન જહાંએ સુપ્રીમ કોર્ટમાં કલકત્તા હાઈકોર્ટના આદેશને પડકાર્યો છે. તેમની અરજીમાં મુખ્ય દલીલો નીચે મુજબ છે : કાયદાકીય સિદ્ધાંતોનું પાલનઃ જહાંનો તર્ક છે કે ભરણપોષણની રકમ 'રજનીશ વિરૂદ્ધ નેહા (Rajnesh v. Neha, 2021)' કેસમાં નક્કી કરાયેલા કાયદાકીય સિદ્ધાંતોને પ્રતિબિંબિત કરતી નથી, જે મુજબ ભરણપોષણ નક્કી થવું જોઈએ. પતિની આવક અને જીવનધોરણ : તેમણે દલીલ કરી છે કે આપવામાં આવેલી રકમ મોહમ્મદ શમીની ઊંચી આવક અથવા લગ્ન દરમિયાન તેઓ અને તેમની પુત્રી જે જીવનધોરણના આદી હતા, તેની સાથે મેળ ખાતી નથી. ઘરેલું હિંસા અધિનિયમ (DV Act) : અરજીમાં ભાર મૂકવામાં આવ્યો છે કે ઘરેલું હિંસા અધિનિયમ, ૨૦૦૫ની કલમ ૨૦ હેઠળ, નાણાકીય રાહત 'પર્યાપ્ત, યોગ્ય, વ્યાજબી અને લગ્નજીવનની જીવનશૈલીને સુસંગત' હોવી જોઈએ. બાળકનું જીવનધોરણ : જહાંની દલીલ છે કે તેમની પુત્રી અન્ય અગ્રણી ક્રિકેટરોના બાળકો સમાન શિક્ષણ અને જીવનશૈલીના ધોરણોની હકદાર છે, જે આ રકમથી સુનિશ્ચિત થઈ શકતું નથી. પતિની નાણાકીય ક્ષમતા : અરજીમાં જણાવાયું છે કે શમીની ચોખ્ખી માસિક આવક આશરે રૂા.૫૯.૯૬ લાખ છે. તેમણે દલીલ કરી છે કે, 'એક-તૃતીયાંશ આવકનો નિયમ' લાગુ કરવામાં આવે તો પણ, આપવામાં આવેલી રકમ તદ્દન અપૂરતી છે. માંગવામાં આવેલી રકમ : આ કારણોસર, હસીન જહાંએ પોતાના માટે માસિક રૂા.૭,૦૦,૦૦૦ અને પુત્રી માટે રૂા. ૩,૦૦,૦૦૦ અથવા સુપ્રીમ કોર્ટ દ્વારા યોગ્ય માનવામાં આવે તેવી વધુ રકમની માંગ કરી છે.

**કેસનો પૃષ્ઠભૂમિ**

**લગ્ન :** હસીન જહાં, જે પૂર્વ મોડેલ છે, તેણે મોહમ્મદ શમી સાથે ૨૦૧૪માં લગ્ન કર્યા હતા. તેમને ૨૦૧૫માં એક પુત્રી થઈ.

**અલગ થવું :** ઘરેલું હિંસા અને વ્યભિચારના આક્ષેપો બાદ આ દંપતી ૨૦૧૮માં અલગ થઈ ગયું હતું. ત્યારથી તેમના છૂટાછેડા અને ભરણપોષણનો કાનૂની વિવાદ ચાલી રહ્યો છે.

**પોલીસ ચાર્જશીટ :** વર્ષ ૨૦૧૯ના માર્ચ મહિનામાં, પોલીસે શમી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ 498A (દહેજ ઉત્પીડન) અને ૩૫૪૭ (જાતીય સતામણી) સંબંધિત કલમો હેઠળ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. હસીન જહાંની અરજી પર સુપ્રીમ કોર્ટ દ્વારા હવે મોહમ્મદ શમી અને પશ્ચિમ બંગાળ સરકારના જવાબની રાહ જોવાઈ રહી છે.

## બિહારમાં રેકોર્ડ મતદાનનો અર્થ અલગ અલગ લોકો માટે અલગ અલગ

**૬૫% મતદાન સાથે, બિહારમાં અત્યાર સુધીનું સૌથી વધુ મતદાન નોંધાયું છે, પરંતુ તેને સમજવામાં આવે તો તે આંધળા માણસો અને હાથીની દંતકથા જેવું લાગે છે**

(એજન્સી) તા.૮

ત્રણેય હિસ્સેદારો, ભારતના ચૂંટણી પંચ, શાસક NDA અને વિપક્ષી ગઠબંધન, એ બિહારમાં મતદાનના પ્રથમ તબક્કા દરમિયાન અત્યાર સુધીના સૌથી વધુ મતદાન પર સંતોષ વ્યક્ત કર્યો છે. ચૂંટણી પંચ માને છે કે મતદાર યાદીઓના SIR (વિશેષ સઘન સુધારણા) કરવા અને મતદારોના અનુભવને 'સુખદ' બનાવવા બદલ શ્રેય તેમને જાય છે. NDA નેતાઓએ આનંદ વ્યક્ત કર્યો છે કે રેકોર્ડ મતદાન અને મહિલાઓનું મોટું મતદાન મહિલા સન્માન યોજના હેઠળ સરકારના એક વખતના ૧૦ હજાર રૂપિયાના રોકડ ટ્રાન્સફરને સમર્થન દર્શાવે છે. જોકે, વિપક્ષના મુખ્ય પ્રધાન-ચહેરા તેજસ્વી યાદવ માને છે કે તે બદલાવ અથવા પરિવર્તન માટે મત આપવાનો સંકેત આપે છે. ૧૯૯૫માં અને ૨૦૦૦માં, સંયુક્ત બિહારમાં પહેલી અને ઝારખંડમાંથી અલગ થયા પછીની બીજી વિધાનસભાની ચૂંટણીમાં, મતદાનની ટકાવારી ખરેખર ૬૦ ટકાને વટાવી ગઈ હતી અને પાછલી ચૂંટણી કરતાં વધી ગઈ હતી. બંને પ્રસંગે લાલુ પ્રસાદ યાદવ અને તેમની પત્ની રાબડી દેવીના નેતૃત્વ હેઠળની વર્તમાન રાષ્ટ્રીય જનતા દળ (RJD) સરકારે બહુમતી મેળવી અને સત્તામાં પાછી આવી હતી. તેનાથી વિપરીત ૨૦૦૫માં મતદાનની ટકાવારી ઘટીને ૪૬ ટકા થઈ ગઈ અને RJD ચૂંટણી હારી ગયું અને નીતિશ કુમાર આગામી મુખ્યમંત્રી તરીકે ઉભરી આવ્યા. મતદાનની ટકાવારી વધુ હોવાનો અર્થ હંમેશા વર્તમાન સરકાર વિરુદ્ધ મતદાન થતો નથી. મતદાનના પ્રથમ તબક્કા દરમિયાન પણ, મતદાનમાં વધારો અસમાન હતો. કેટલાક જિલ્લાઓમાં મતદાનની ટકાવારી છેલ્લી વખત કરતા વધુ હતી જ્યારે અન્યમાં ઓછી હતી. સાંજે ૫ વાગ્યા સુધી, નવ જિલ્લાઓમાં ૬૦ ટકાથી વધુ મતદાન થયું હતું અને નવ અન્ય જિલ્લાઓમાં, મતદાન ૬૦ ટકાથી નીચે હતું. પટણા અને ભોજપુર વિસ્તારોમાં, મતદાન ૫૭ ટકાની આસપાસ રહ્યું હતું, જોકે અંતિમ આંકડા હજુ આવવાના બાકી છે. જોકે, કેટલાક મતવિસ્તારોમાં મતદાન ટકાવારી ખરેખર ઘટી હતી પરંતુ તે જોવાનું બાકી છે કે તે સંપૂર્ણ સંખ્યામાં ઘટ્યું છે કે નહીં. આનો અર્થ એ થઈ શકે છે કે નીતિશ કુમારની આગેવાની હેઠળની સરકાર સામે સત્તા વિરોધી લહેરનો કોઈ સંકેત નથી, પરંતુ શક્ય છે કે કેટલાક મતવિસ્તારોમાં ઉમેદવારો સામે સત્તા વિરોધી લહેર વધારે હોય; અથવા તેનો અર્થ એ પણ હોઈ શકે કે પ્રશાંત કિશોરની જન સુરાજ પાર્ટી જેવા નવા પક્ષોના પ્રવેશને કારણે આ લહેર વધી છે. આ ચૂંટણીમાં NDA દ્વારા વધુ સંખ્યામાં વર્તમાન ધારાસભ્યો આવ્યા હોવાથી, તેમની સામે સત્તા વિરોધી લહેર જમીન પર દેખાઈ રહી હતી. બંને નાયબ મુખ્યમંત્રીઓ, વિજય સિંહા અને સમ્રાટ ચૌધરીને વિરોધનો સામનો કરવો પડ્યો. સિંહાની કાર પર ગાયનું છાણ ફેંકવામાં આવ્યું હતું અને બંને મંત્રીઓ તેમની બેઠકો જાળવી રાખવા માટે સંઘર્ષ કરી રહ્યા હોવાનું કહેવાય છે. મહિલા મતદારોનું મોટું મતદાન સત્તામાં રહેલી સરકારને ટેકો આપે છે કે કેમ તે અંગે પણ જ્યુરી સ્પષ્ટ નથી. જ્યારે મોટાભાગના વિશ્લેષકો દ્વારા આ નિષ્કર્ષ કાઢવામાં આવી રહ્યો છે, ત્યારે એવા વિરોધાભાસ પણ છે કે ઓછામાં ઓછા કેટલાક મહિલાઓ રોજગાર અને ફુગાવા વિશે વધુ ચિંતિત છે અને તેઓ બદલાવ ઈચ્છશે.

## એર ઈન્ડિયાની 'ટેકનિકલ ખામી'એ મુંબઈ-લંડન ફ્લાઈટના મુસાફરોને ૭ કલાક રઝળાવ્યા ! ૬.૩૦amની ફ્લાઈટ બપોરે ૧ વાગ્યે ઊપડી

(એજન્સી) મુંબઈ, તા.૮

છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર શનિવારે વહેલી સવારે લંડન જઈ રહેલા એર ઈન્ડિયા (Air India)ના મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ફ્લાઈટ AI129 ટેક્નિકલ ખામીના કારણે તેના નિર્ધારિત સમય કરતાં લગભગ ૭ કલાક મોડી પડી હતી. મૂળભૂત રીતે આ ફ્લાઈટ સવારે ૬.૩૦ વાગ્યે મુંબઈથી લંડન માટે ઉડાન ભરવાની હતી, પરંતુ હવે તે બપોરે ૧ વાગ્યે રવાના થશે.

**સમગ્ર ઘટનાક્રમ :** ફ્લાઈટમાં બોર્ડિંગ સવારે ૫.૨૦ વાગ્યાના નિર્ધારિત સમય કરતાં ૪૦ મિનિટ મોડું એટલે કે લગભગ ૬ વાગ્યે શરૂ થયું હતું. મુસાફરોને વિમાનની અંદર બેસાડ્યા પછી, તેઓને લગભગ દોઢ કલાક સુધી રાહ જોવડાવવામાં આવી. ત્યારબાદ ક્રૂ દ્વારા જાહેરાત કરવામાં આવી કે વિમાનમાં ટેક્નિકલ ખામી (Technical Snag) મળી આવી છે. સવારે લગભગ ૮.૧૫ વાગ્યે, મુસાફરોને વિમાનમાંથી નીચે ઉતારવામાં આવ્યા અને તેમના હેન્ડ બેગેજની ફરીથી તપાસ કરવામાં આવી. પ્રથમ ફ્લાઈટનો સમય બપોરે ૧૨.૦૦ વાગ્યે અને ત્યારબાદ ફરીથી સુધારીને ૧.૦૦ વાગ્યે કરવામાં આવ્યો.

**મુસાફરોમાં રોષ :** વહેલી સવારની ફ્લાઈટ માટે આખી રાત જાગેલા મુસાફરોએ એર ઈન્ડિયાના અધિકારીઓ તરફથી સ્પષ્ટતા અને અપડેટ્સના અભાવે ભારે નિરાશા અને ગુસ્સો વ્યક્ત કર્યો હતો. એર ઈન્ડિયાના એક અધિકારીએ જણાવ્યું હતું કે, "વિલંબ ટેક્નિકલ મુશ્કેલીઓને કારણે થયો છે. તમામ અસરગ્રસ્ત મુસાફરોને નાસ્તો-પાણી (refreshments) પૂરા પાડવામાં આવ્યા છે." અન્ય એક સમાચારઃ આ વિલંબ એવા સમયે થયો છે જ્યારે એક દિવસ અગાઉ દિલ્હીના એર ટ્રાફિક કંટ્રોલ (ATC)માં ટેક્નિકલ ખામીના કારણે મુંબઈ એરપોર્ટ પર પણ ફ્લાઈટ ઓપરેશન્સ ટૂંકા સમય માટે આંશિક રીતે પ્રભાવિત થયા હતા. જોકે, આ બંને ઘટનાઓ એકબીજા સાથે જોડાયેલી ન હોવાનું માનવામાં આવે છે.

## ટ્રમ્પ વહીવટીતંત્રે 'અમેરિકન નોકરીઓનું રક્ષણ કરવા' માટે H-1B વિઝાના દુરૂપયોગ સંબંધી ૧૭૫ તપાસ શરૂ કરી

**ટ્રમ્પનો 'પ્રોજેક્ટ ફાયરવોલ' સપ્ટેમ્બરમાં શરૂ થયો હતો, જે લાયક અમેરિકનો કરતાં ઓછા પગારવાળા વિદેશી કામદારોને ટેક, એન્જિનિયરિંગ અને આરોગ્યસંભાળમાં નોકરી પર રાખતી કંપનીઓને લક્ષ્ય બનાવે છે**

(એજન્સી) તા.૮

ટ્રમ્પ વહીવટીતંત્રે H-1B વિઝાના દુરૂપયોગની લગભગ ૧૭૫ તપાસ શરૂ કરી છે, જેમાં ઓછા વેતન, અસ્તિત્વમાં ન હોય તેવા કાર્યસ્થળો અને કર્મચારીઓને 'બેન્ચિંગ' કરવાની પ્રથા જેવી ખામીઓનો સમાવેશ થાય છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ લેબર (DOL) અનુસાર, આ તપાસ અમેરિકન નોકરીઓનું રક્ષણ કરવા અને યુએસ નોકરીદાતાઓ ઈમિગ્રેશન અને શ્રમ નિયમોનું પાલન કરે છે તેની ખાતરી કરવા માટે એક વ્યાપક ફેડરલ ઝુંબેશનો ભાગ છે. અમેરિકન નોકરીઓનું રક્ષણ કરવાના અમારા મિશનના ભાગરૂપે, અમે H-1B દુરુપયોગની ૧૭૫ તપાસ શરૂ કરી હોવાનું શ્રમ વિભાગે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું. તેમાં ઉમેર્યું હતું કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને શ્રમ સચિવ લોરી ચાવેઝ-ડેરેમરના નેતૃત્વ હેઠળ, એજન્સી 'અમેરિકન કામદારોને પ્રાથમિકતા આપવા માટે' પગલાં લેવાનું ચાલુ રાખશે. ચાવેઝ-ડેરેમરે એક અલગ પોસ્ટમાં જણાવ્યું હતું કે વિભાગ 'H-1Bના દુરૂપયોગને રોકવા અને અમેરિકન નોકરીઓનું રક્ષણ કરવા માટે અમારી પાસે ઉપલબ્ધ દરેક સંસાધનનો ઉપયોગ કરી રહ્યું છે. @POTUSના નેતૃત્વ હેઠળ, અમે અમારા કાર્યબળમાં રોકાણ કરવાનું ચાલુ રાખીશું અને ખાતરી કરીશું કે ઉચ્ચ-કુશળ નોકરીની તકો પ્રથમ અમેરિકન કામદારોને મળે !' ટ્રમ્પ વહીવટીતંત્રનું નવીનતમ અમલીકરણ અભિયાન, જે આંતરિક રીતે પ્રોજેક્ટ ફાયરવોલ તરીકે ઓળખાય છે, સપ્ટેમ્બરમાં શરૂ કરવામાં આવ્યુંહતું. તેલાયક અમેરિકનોના ખર્ચેટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને આરોગ્યસંભાળ ભૂમિકાઓ માટે ઓછા વેતન મેળવતા વિદેશી કામદારોને નોકરી પર રાખવાથી નોકરીદાતાઓને રોકવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ચાવેઝ-ડેરેમરે મીડિયાને જણાવ્યું હતું કે 'પ્રથમ વખત, હું અમેરિકન નોકરીઓને વધુ સારી રીતે સુરક્ષિત કરવા માટે શંકાસ્પદ ઉલ્લંઘનોની તપાસને વ્યક્તિગત રીતે પ્રમાણિત કરી રહ્યો છું,', DOL વિઝા પ્રોગ્રામના દુરૂપયોગ માટે 'કંપનીઓને જવાબદાર' રાખશે તે પર તેમણે ભાર મૂક્યો હતો. મીડિયાના એક અહેવાલમાં જણાવાયું છે કે વિભાગ ૧૭૫ ચાલુ તપાસની સ્પષ્ટતા શેર કરી શક્યું નથી, જે મળીને કામદારોને ચૂકવવામાં આવતા ગણતરી કરેલ વેતનમાં USD ૧૫ મિલિયનથી વધુનો હિસ્સો ધરાવે છે. તપાસકર્તાઓને 'અતિ ચિંતાજનક માહિતીનો ભંડાર' મળ્યો છે, જેમાં એવા કિસ્સાઓનો સમાવેશ થાય છે જ્યાં એડવાન્સ ડિગ્રી ધરાવતા વિદેશી વ્યાવસાયિકોને જાહેરાત કરતા નોંધપાત્ર રીતે ઓછો પગાર આપવામાં આવ્યો હતો, નોકરીદાતાઓ ઈમિગ્રેશન અધિકારીઓને બરતરફીની જાણ કરવામાં નિષ્ફળ ગયા હતા અને વિઝા પેપરવર્ક પર સૂચિબદ્ધ કાર્યસ્થળો અસ્તિત્વમાં ન હતા. H-1B કાર્યક્રમ યુએસ કંપનીઓને માહિતી ટેકનોલોજી અને દવા જેવા વિશેષ વ્યવસાયોમાં વિદેશી કામદારોને રોજગારી આપવાની મંજૂરી આપે છે. ભારતીય વ્યાવસાયિકો, ખાસ કરીને ટેક ક્ષેત્રમાં, H-1B વિઝા ધારકોનું સૌથી મોટું જૂથ છે. સપ્ટેમ્બરમાં, રાષ્ટ્રપતિ ટ્રમ્પે વિઝા પ્રણાલીમાં સુધારાના પ્રયાસોના ભાગ રૂપે ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ પછી દાખલ કરાયેલી નવી H-1B અરજીઓ પર USD ૧,૦૦,૦૦૦ ફી લાગુ કરીને ચોક્કસ બિન-ઈમિગ્રન્ટ કામદારોના પ્રવેશ પર પ્રતિબંધ નામની ઘોષણા બહાર પાડી હતી. વહીવટીતંત્રે આ ફીને વિદેશી મજૂરી પર વધુ પડતી આધાર રાખતી કંપનીઓ માટે અવરોધક ગણાવી છે.

## ઉજ્જૈનની ઐતિહાસિક તકીયા મસ્જિદના ડિમોલિશનની કાર્યવાહીને બહાલી આપતી સુપ્રીમ કોર્ટ, પુનઃ બાંધકામનો ઈન્કાર

**સુપ્રીમે યોગ્ય જમીન પ્રાપ્તિ અને વળતરનો ઉલ્લેખ કરતાં મુસ્લિમ સમાજમાં એમના ધર્મસ્થાનો પ્રતિ બતાવવામાં આવતા સંવેદનાવિહીન અભિગમથી રોષ પેદા થયો**

(એજન્સી) નવી દિલ્હી, તા.૮



મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં આવેલી ૨૦૦ વર્ષ જૂની તકીયા મસ્જિદને તોડી પાડવાની કાર્યવાહીને સુપ્રીમ કોર્ટે બહાલી આપી હતી અને મસ્જિદમાં નમાઝ પઢતાં ૧૩ સ્થાનિક રહેવાસીઓની અરજીઓ કાઢી નાંખી હતી. સુપ્રીમના ચુકાદાથી મુસ્લિમ સમાજમાં ભારે રોષ અને અસંતોષ જાગ્યો છે. મુસ્લિમ સમુદાયનો આક્ષેપ છે કે મહાકાલ મંદિર માટે વાહન પાર્કિંગની જગ્યા બનાવવા મસ્જિદનો ડિમોલિશન કરવામાં આવી રહ્યો છે. અરજદારોએ દલીલ કરી હતી કે મસ્જિદ વકફ બોર્ડની મિલકત છે અને ધાર્મિકસ્થાન તરીકે તેનો સતત ઉપયોગ થતો રહ્યો છે અને મુસ્લિમોનો મઝહબી વારસો છે. ઉજ્જૈનના પ્રશાસન દ્વારા જાન્યુઆરીમાં મસ્જિદના બાંધકામને વિવાદાસ્પદ રીતે ગેરકાયદે જાહેર કરવામાં આવ્યું હતું અને ડિમોલિશનની નોટિસો આપવામાં આવી હતી. સુપ્રીમના જસ્ટિસ વિક્રમનાથ અને જસ્ટિસ સંદીપ મહેતાએ ઠરાવ્યું હતું કે, કાયદા મુજબ આ જમીનની પ્રાપ્તિ કરવામાં આવી છે અને અસરગ્રસ્તોને એ મુજબ વળતર અપાયું છે. એ જોતા મધ્યપ્રદેશ હાઈકોર્ટના ડિમોલિશન ચુકાદાને અટકાવવાની જરૂર દેખાતી નથી. સુપ્રીમના ચુકાદાએ મુસ્લિમ સમાજમાં ઘેરો રોષ અને અસંતોષ પેદા કર્યો છે અને એમને લાગ્યું છે કે મુસ્લિમોના ધર્મસ્થાનોના મામલે કોઈ જાતની સંવેદના બતાવતા નથી. તકીયા મસ્જિદ મુસ્લિમોના ઈતિહાસનો ભાગ છે.

## મુંબઈમાં અચાનક થયેલા વિરોધ પ્રદર્શનથી મુંબઈનું રેલ નેટવર્ક કેવી રીતે ઠપ્પ થઈ ગયું અને જીવલેણ બન્યું ?

**છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ ખાતે સેન્ટ્રલ રેલવેના કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલા અચાનક વિરોધ પ્રદર્શનથી મુંબઈની રેલ સેવાઓમાં નોંધપાત્ર વિક્ષેપ પડ્યો, જેના કારણે પીક અવર્સ દરમિયાન અંધાધૂંધી સર્જાઈ હતી**

(એજન્સી) તા.૮



મુંબઈના સેન્ટ્રલ રેલવે (CR) નેટવર્કમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ, કારણ કે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (CSMT) ખાતે રેલવે કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલા ઉગ્ર વિરોધ પ્રદર્શનથી સેવાઓ ઠપ્પ થઈ ગઈ, જેના કારણે સમગ્ર શહેરમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ. ભીડભાડવાળા પ્લેટફોર્મ અને ફસાયેલી ટ્રેનોને કારણે પીક અવર્સ દરમિયાન હજારો મુસાફરો અટવાઈ ગયા, જેમાં કેટલાકને પાટા પર ચાલવાની ફરજ પડી જેના કારણે એક દુઃખદ અકસ્માત થયો જેમાં બે લોકો માર્યા ગયા અને ત્રણ અન્ય ઘાયલ થયા. ૯ જૂનના રોજ મુમ્બ્રા અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા, જેના કારણે બે CR એન્જિનિયરો સામે નોંધાયેલી FIRના જવાબમાં સેન્ટ્રલ રેલવે મઝદૂર સંઘ (CRMS) દ્વારા આયોજિત અચાનક વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું. કર્મચારીઓ CSMT ખાતે મોટરમેનની લોબીની બહાર ભેગા થયા, ક્રૂ એક્સેસ અવરોધ્યો અને લગભગ એક કલાક સુધી ઉપનગરીય ટ્રેન કામગીરી અસરકારક રીતે ઠપ્પ થઈ ગઈ.

**ખરેખર શું થયું ? :** ટ્રેનો સમગ્ર નેટવર્ક પર રોકાઈ ગઈ હોવાથી, પોતાનો જીવ જોખમમાં મૂકીને પોતાની મુસાફરી ચાલુ રાખવા માટે મરણિયા પ્રયાસમાં હતાશ મુસાફરો નીચે ઉતરી ગયા અને પાટા પર ચાલવા લાગ્યા. સેન્ડહર્સ્ટ રોડ સ્ટેશન નજીક મુખ્ય લાઈન પર ચાલી રહેલા પાંચ મુસાફરોને પસાર થતી ટ્રેને ટક્કર મારી. તેમાંથી, માટુંગાથી હેલી મોમૈયા (૧૯) અને મીરા રોડથી ૪૫ વર્ષીય સૂર્યકાંત નાયકનું મૃત્યુ થયું. અન્ય ત્રણને ઈજાઓ થઈ. આ વિક્ષેપને કારણે સીઆર નેટવર્ક પર હજારો મુસાફરો અટવાઈ ગયા. મસ્જિદ બંદર, ડોકયાર્ડ રોડ અને થાણે જેવા મુખ્ય સ્ટેશનો પર ભારે ભીડ જોવા મળી, કારણ કે મુસાફરો ભીડભાડવાળા પ્લેટફોર્મ પરથી પસાર થવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા અથવા મોડી પડેલી ટ્રેનોની અવિરત રાહ જોઈ રહ્યા હતા. દરમિયાન, ત્રીસ ટ્રેનો રદ કરવામાં આવી હતી અને સમાન વિલંબનો અનુભવ થયો હતો. ૯ જૂનના રોજ મુમ્બ્રા ટ્રેન અકસ્માતમાં બેદરકારીના આરોપ હેઠળ મધ્ય રેલવેના બે એન્જિનિયરોએ આગોતરા જામીન અરજી (ABA) દાખલ કરી છે, જેમાં પાંચ લોકોના મોત થયા હતા. આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર વિશાલ ડોલાસ અને સિનિયર સેક્શન એન્જિનિયર સમર યાદવની આગોતરા જામીન અરજી સ્વીકારવામાં આવી હતી અને થાણેના એડિશનલ સેશન્સ જજ જીટી પવાર સમક્ષ સુનાવણી સુનિશ્ચિત કરવામાં આવી હતી.

**૯ જૂને શું થયું :** ૯ જૂને મુમ્બ્રા અકસ્માત, જેમાં પાંચ લોકોના મોત થયા હતા અને અનેક ઘાયલ થયા હતા, ત્યારબાદ સરકારી રેલવે પોલીસ (GRP) અને સેન્ટ્રલ રેલવે (CR) વચ્ચે મોટો સંઘર્ષ થયો હતો. GRPએ સેન્ટ્રલ રેલ્વેના એન્જિનિયરિંગ વિભાગને દોષી ઠેરવ્યો છે અને આરોપ લગાવ્યો છે કે ટ્રેક અસ્થિરતા અંગે વારંવાર આપવામાં આવેલી ચેતવણીઓને અવગણવામાં આવી હતી. જવાબમાં રેલવે વહીવટીતંત્રે આરોપોને 'તકનીકી રીતે ખામીયુક્ત' અને 'ખોટી ધારણાઓ' પર આધારિત ગણાવ્યા હતા. ACP એસ. શિરસાટની આગેવાની હેઠળની વિગતવાર તપાસ બાદ, GRPએ ૧ નવેમ્બરે FIR નોંધી હતી. ફરિયાદ મુજબ, મુમ્બ્રા સ્ટેશનના અધિકારીઓએ ભારે વરસાદને કારણે થાણે એન્જિનિયરિંગ વિભાગને બેલાસ્ટ અને પ્લેટફોર્મના ડૂબી જવા અંગે ચેતવણી આપી હતી, પરંતુ કોઈ નિવારાત્મક પગલાં લેવામાં આવ્યા ન હતા. GRPનો કેસ મોટે ભાગે વીરમાતા જીજાબાઈ ટેક્નોલોજીકલ ઈન્સ્ટિટ્યૂટ (VJTI)ના અહેવાલ પર આધારિત છે, જેમાં જાણવા મળ્યું છે કે આ ઘટના નબળી જાળવણી અને માનવ ભૂલને કારણે થઈ હતી.

## પુણે : મુંધવામાં પાર્થ પવાર સાથે જોડાયેલો વિવાદાસ્પદ મહાર વતન જમીન સોદો રદ, અજિત પવારની જાહેરાત

**આ વિવાદ અમાડિયા એન્ટરપ્રાઈઝિસ એલએલપી સાથે જોડાયેલો છે, જેમાં અજિત પવારના પુત્ર પાર્થ પવારનું નામ સામેલ હતું**

(એજન્સી) પુણે, તા.૭

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારે શુક્રવારે સાંજે પત્રકારો સાથે વાત કરતા જાહેરાત કરી કે મુંધવામાં વિવાદાસ્પદ મહાર વતન જમીન સોદો રદ કરવામાં આવ્યો છે. આ મામલો અમાડિયા એન્ટરપ્રાઈઝિસ એલએલપી સાથે જોડાયેલો છે, જેમાં અજિત પવારના પુત્ર પાર્થ પવારનું નામ સામેલ હતું. આ વિવાદ અજિત પવાર માટે માથાનો દુખાવો હતો અને ગુરુવારે જમીન સોદા વિશે પૂછવામાં આવતા તેમણે પોતાનો બચાવ કરવાનું શરૂ કર્યું. જોકે, વિવાદના ૨૪ કલાકથી વધુ સમય પછી, અજિત પવારે ખુલાસો કર્યો કે જમીનનો વ્યવહાર રદ કરવામાં આવશે અને આ મામલો એક મહિનાની અંદર સમાપ્ત થઈ જશે. આ સોદા વિશે પત્રકારો સાથે વાત કરતા પવારે કહ્યું, ''મારી જાણકારી મુજબ, આ વ્યવહાર રદ કરવામાં આવ્યો છે. હવે, આ કેસ માટે એક તપાસ સમિતિની નિમણૂક કરવામાં આવી છે, અને આ સમિતિ સંપૂર્ણ તપાસ કરશે. તે તપાસમાં ઘટનાઓનો સમગ્ર ક્રમ બહાર આવશે. કોણે મદદ કરી, કોના ફોન આવ્યા આ બધું સામે આવશે. જોકે, હું હંમેશા મારા પોતાના લોકો અને સંબંધીઓને કહું છું કે હું નિયમોની બહાર કંઈપણ સહન કરીશ નહીં. ફરી એકવાર પોતાનો બચાવ કરતા પવારે કહ્યું કે, 'મારા રાજકીય જીવનમાં અત્યાર સુધી, મેં કામ કરાવવા માટે કોઈ નિયમો તોડ્યા નથી. ૨૦૦૯-૧૦માં મારા પર આરોપો લાગ્યા હતા, પરંતુ તે સાબિત થયા ન હતા. તમે જાણો છો કે તે કેસમાં ગેરરીતિઓ થઈ હતી, અને મારા પર શ્વેતપત્ર બહાર પાડવામાં આવ્યું હતું. સમયાંતરે મારા વિશે ટિપ્પણીઓ કરીને મને નિશાન બનાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. મને આ વ્યવહારની બિલકુલ જાણકારી ન હતી. જો મને ખબર હોત, તો મેં તરત જ કહ્યું હોત કે આ વ્યવહાર મારી સાથે સલાહ લીધા પછી થયો છે. સ્વાભાવિક રીતે, વિપક્ષ અમને બદનામ કરવાનો પ્રયાસ કરશે; તેમાં કોઈ શંકા નથી. અજીત પવારે એમ પણ કહ્યું કે તેમને આજે માહિતી મળી છે કે આ મામલે મુખ્ય સચિવની અધ્યક્ષતામાં એક સમિતિની નિમણૂક કરવામાં આવી છે, અને સમિતિ આગામી ૧ મહિનાની અંદર તેનો અહેવાલ રજૂ કરશે.

# હજયાત્રા ૨૦૨૬ : સઉદી સરકારના 'નુસુક પ્લેટફોર્મ' પર નોંધણી, એકાઉન્ટ બનાવવાનું શરૂ થયું

(એજન્સી) મક્કા, તા.૮

સઉદી અરેબિયામાં હજ અને ઉમરાહ મંત્રાલયે જાહેરાત કરી છે કે હજ ૧૪૪૭ હિજરી-૨૦૨૬ સીઝન માટે નોંધણી હવે નુસુક હજ પ્લેટફોર્મ દ્વારા કરી શકાય છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ પ્લેટફોર્મ ડાયરેક્ટ હજ પ્રોગ્રામમાં સમાવિષ્ટ દેશોના યાત્રાળુઓને સેવા આપે છે, જે તેમને આ કરવાની સુવિધા આપે છે:

- એકાઉન્ટ્સ બનાવવા અને ઓનલાઇન અરજીઓ સબમિટ કરવા
- સત્તાવાર હજ પેકેજો અને સેવાઓનું અન્વેષણ કરવા
- યાત્રા વિશે ચકાસાયેલ માહિતી અને અપડેટ્સ ઍક્સેસ કરવા



અરજદારો નુસુક વેબસાઇટની મુલાકાત

## આ પ્લેટફોર્મ ડાયરેક્ટ હજ પ્રોગ્રામમાં સમાવિષ્ટ દેશોના યાત્રાળુઓને સેવા આપે છે

લઈને ચકાસી શકે છે કે તેમનો દેશ કાર્યક્રમનો ભાગ છે કે નહીં. મંત્રાલયે જણાવ્યું હતું કે આ પગલું અલ્લાહના મહેમાનો માટે સેવાઓ સુધારવા અને કિંગડમના વિઝન ૨૦૩૦ના ભાગ રૂપે ડિજિટલ સિસ્ટમ્સને વધારવા માટેની તેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

**ડાયરેક્ટ હજ કાર્યક્રમમાં સમાવિષ્ટ દેશો**

નુસુક હજ પોર્ટલ મુજબ, ડાયરેક્ટ હજ કાર્યક્રમ આવા પ્રદેશોને આવરી લે છે:

**એશિયા**

૧. પૂર્વ તિમોર ૨. હોંગકોંગ – ચીન ૩. જાપાન ૪. મંગોલિયા ૫. દક્ષિણ કોરિયા ૬. તાઇવાન - ચીન

**આફ્રિકા**

૧. એસ્વાટિની (સ્વાઝીલેન્ડ) ૨. બોત્સ્વાના ૩. લેસોથો ૪. માયોટ આઈલેન્ડ ૫. રૂનિયન આઈલેન્ડ ૬. સેશેલ્સ ૭. દક્ષિણ આફ્રિકા

**યુરોપ**

૧. એન્ડોરા ૨. આર્મેનિયા ૩. ઓસ્ટ્રિયા ૪. બેલ્જિયમ ૫. બલ્ગેરિયા ૬. કેમેન આઈલેન્ડ્સ ૭. ક્રોએશિયા ૮. સાયપ્રસ ૯. ચેક રિપબ્લિક ૧૦. ડેનમાર્ક ૧૧. એસ્ટોનિયા ૧૨. ફેરો આઈલેન્ડ્સ ૧૩. ફિનલેન્ડ ૧૪. ફ્રાન્સ ૧૫. જ્યોર્જિયા ૧૬. જર્મની ૧૭. જિબ્રાલ્ટર ૧૮. ગ્રીસ ૧૯. ગ્રીનલેન્ડ ૨૦. હંગેરી ૨૧. આઈસલેન્ડ ૨૨. આયર્લેન્ડ ૨૩. ઇટાલી ૨૪. લાતવિયા ૨૫. લિક્ટેંસ્ટાઇન ૨૬. લિથુઆનિયા ૨૭. લક્ઝમબર્ગ ૨૮. માલ્ટા ૨૯. મોલ્ડેવિયા ૩૦. મોનાકો ૩૧. મોન્ટેનેગ્રો ૩૨. નેધરલેન્ડ્સ ૩૩. નોર્વે ૩૪. પોલેન્ડ ૩૫. પોર્ટુગલ ૩૬. રોમાનિયા ૩૭. સાન મેરિનો ૩૮. સર્બિયા ૩૯. સ્લોવાકિયા ૪૦. સ્લોવેનિયા ૪૧. સ્પેન ૪૨. સેન્ટ હેલેના ૪૩. સ્વીડન ૪૪. સ્વિટ્ઝર્લૅન્ડ ૪૫. યુક્રેન ૪૬. યુનાઈટેડ કિંગડમ

**ઉત્તર અમેરિકા**

૧. એંગુઈલા ૨. એન્ટિગુઆ અને બાર્બુડા ૩. બહામાસ ૪. બાર્બાડોસ ૫. બેલીઝ ૬. બર્મુડા ૭. બ્રિટિશ વર્જિન આઈલેન્ડ્સ ૮. કેનેડા ૯. કોસ્ટા રિકા ૧૦. ક્યુબા ૧૧. ડોમિનિકા ૧૨. ડોમિનિકન રિપબ્લિક ૧૩. ગ્રેનાડા ૧૪. ગુઆમ ૧૫. ગ્વાટેમાલા ૧૬. હૈતી ૧૭. હોન્ડુરાસ ૧૮. જમૈકા ૧૯. માર્ટિનિક ૨૦. મેક્સિકો ૨૧. મોન્ટસેરાટ ૨૨. નિકારાગુઆ ૨૩. પનામા ૨૪. પ્યુઅર્ટો રિકો ૨૫. સેન્ટ કિટ્સ અને નેવિસ ૨૬. સેન્ટ લુસિયા ૨૭. સેન્ટ પિયર અને મિકેલોન ૨૮. સેન્ટ વિન્સેન્ટ અને ગ્રેનેડાઈન્સ ૨૯. અલ સાલ્વાડોર ૩૦. ત્રિનિદાદ અને ટોબેગો ૩૧. ટર્ક્સ અને કૈકોસ ટાપુઓ ૩૨. યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા ૩૩. યુએસ વર્જિન ટાપુઓ

**દક્ષિણ અમેરિકા**

૧. આર્જેન્ટિના ૨. અરૂબા ૩. બોલિવિયા ૪. બ્રાઝિલ ૫. ચિલી ૬. કોલંબિયા ૭. એક્વાડોર ૮. ફોકલેન્ડ ટાપુઓ ૯. ફ્રેન્ચ ગુયાના ૧૦. ગુયાના ૧૧. પેરાગ્વે ૧૨. પેરુ ૧૩. સુરીનામ ૧૪. ઉરૂગ્વે ૧૫. વેનેઝુએલા

**ઓશેનિયા**

૧. અમેરિકન સમોઆ ૨. ઓસ્ટ્રેલિયા ૩. કુક ટાપુઓ ૪. ફીજી ૫. ફ્રેન્ચ પોલિનેશિયા ૬. ગ્વાડેલુપ ૭. કિરીબાતી ૮. માર્શલ ટાપુઓ ૯. માઈક્રોનેશિયા ૧૦. ન્યુ કેલેડોનિયા ૧૧. ન્યુઝીલેન્ડ ૧૨. ન્યુયુ ૧૩. ઉત્તરી મારિયાનાસ ટાપુઓ ૧૪. પાપુઆ ન્યુ ગિની ૧૫. સોલોમન ટાપુઓ ૧૬. ટોકેલાઉ ૧૭. ટોંગા ટાપુઓ ૧૮. તુવાલુ ૧૯. વનુઆતુ ૨૦. વોલિસ અને ફુટુના ટાપુઓ ૨૧. પશ્ચિમી સમોઆ

મંગળવાર, ૪ નવેમ્બરના રોજ, મંત્રાલયે મુસ્લિમ-લઘુમતી દેશોના યાત્રાળુઓ માટે હજ ૨૦૨૬ નોંધણી શરૂ કરવાની જાહેરાત કરી હતી. હજ ૨૦૨૬ ૨૪-૨૯ મે, ૨૦૨૬ની આસપાસ શરૂ થવાની ધારણા છે, જેની ચોક્કસ તારીખો ચંદ્ર જોવાના આધારે પુષ્ટિ કરવામાં આવશે.

આ યાત્રા દર વર્ષે ઈસ્લામિક ચંદ્ર કેલેન્ડરના બારમા મહિના ઝીલ હિજ્જાહની ૮મી થી ૧૨મી તારીખ સુધી થાય છે. ઈસ્લામમાં હજ એ એવા દરેક મુસ્લિમ માટે ફરજિયાત છે જે શારીરિક અને આર્થિક રીતે તેમના જીવનમાં ઓછામાં ઓછું એક તે કરવા માટે સક્ષમ છે.

# એ લોકો બાળકોને હાથમાં પિસ્તોલ પકડાવી રહ્યા છે, અમે લેપટોપ આપી રહ્યા છીએ : મોદી

## બિહારને 'હેન્ડ્સ અપ' ગેંગ નહીં, સ્ટાર્ટઅપ્સની જરૂર છે : મોદીએ આરજેડી પર આકરા પ્રહાર કર્યા

(એજન્સી) તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આરજેડી પર આરોપ લગાવ્યો કે તે રાજ્યના યુવાનોને ગુંડા બનાવવાનો પ્રયાસ કરી રહી છે, જ્યારે એનડીએ તેમને શિક્ષણ, ટેક્નોલોજી અને તકો દ્વારા સશક્ત બનાવી રહી છે. મોદીએ દાવો કર્યો હતો કે બિહારના લોકો આરજેડીના નેતૃત્વ હેઠળના મહાગઠબંધનને મત નહીં આપે કારણ કે તેઓ માને છે કે જો ગઠબંધન સત્તામાં આવશે, તો શાસન તેમના માથા પર દેશી બનાવટનો બંદૂક રાખશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે બિહારમાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરતા આરજેડી અને અન્ય વિપક્ષી પાર્ટીઓ પર આકરા પ્રહારો કર્યા અને તેમના પર રાજ્યના યુવાનોને ગુંડા બનાવવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે જ્યારે NDA યુવા પેઢીને કમ્પ્યુટર અને રમતગમતના સાધનો પૂરા પાડી રહ્યું છે, ત્યારે RJD તેમને પિસ્તોલ આપવાની વાત કરી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે આરોપ લગાવ્યો હતો કે આરજેડી, બિહારમાં તેના ચૂંટણી પ્રચાર દરમિયાન, બાળકોને એ કહેવા માટે મજબૂર કરી રહી છે કે, તેઓ મોટા થઈને 'રંગદાર' (શેરીના ગુંડા) બનવા માંગે છે. સીતામઢી જિલ્લામાં એક ચૂંટણી રેલીને સંબોધતા પ્રધાનમંત્રીએ આરોપ લગાવ્યો કે, ''મને એ સાંભળીને ધ્રુજારી આવે છે કે આરજેડી, તેના પ્રચારમાં, બાળકોને એવું કહેવા માટે પ્રેરે છે કે તેઓ મોટા થઈને 'રંગદાર' (શેરીમાં ગુંડા) બનવા માંગે છે. બિહાર ચોક્કસપણે એવી સરકાર ઈચ્છતું નથી જેમાં 'કટ્ટા' (દેશી બનાવટનું હથિયાર), 'કુશાસન', 'ક્રૂરતા' અને ભ્રષ્ટાચાર હોય.'' મોદીએ દાવો કર્યો હતો કે બિહારના લોકો આરજેડીના નેતૃત્વ હેઠળના મહાગઠબંધનને મત નહીં આપે કારણ કે તેઓ માને છે કે જો ગઠબંધન સત્તામાં આવશે, તો શાસન તેમના



**'આરજેડી બાળકોને એવું કહેવા માટે મજબૂર કરી રહી છે કે તેઓ શેરીના ગુંડા બનવા માંગે છે,' બિહાર રેલીમાં વડાપ્રધાન મોદીનો આરોપ**

માથા પર દેશી બનાવટની પિસ્તોલ રાખશે. હું જ્યાં પણ જાઉં છું, મને આ ભાવના જોવા મળે છે - 'અમને 'કટ્ટા' સરકાર જોઈતી નથી, અમને ફરીથી એનડીએ સરકાર જોઈએ છે. આનું કારણ એ છે કે લોકો એવું શાસન ઈચ્છતા નથી જે તેમના માથા પર 'કટ્ટા' લગાવે અને તેમને હાથ ઉપર રાખવા કહે. લોકો હાથ ઉપર નહીં, પણ શરૂઆત કરવા માંગે છે, જે સુવિધા NDA આપશે. NDA 'કટ્ટા'થી દૂર રહે છે અને સ્કૂલ બેગ, કમ્પ્યુટર, ક્રિકેટ બેટ અને હોકી સ્ટીકનો પ્રચાર કરે છે. મોદીએ અગાઉ આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસ RJD નેતા તેજસ્વી યાદવને વિપક્ષી ગઠબંધનના મુખ્ય પ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવા સંમત થઈ હતી કારણ કે RJDએ કોંગ્રેસના માથા પર દેશી બનાવટની પિસ્તોલ લગાવી હતી. બે દિવસ પહેલા બિહાર ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૬૫.૦૮ ટકાના ''ઐતિહાસિક'' મતદાન પર આનંદ વ્યક્ત કરતા મોદીએ દાવો કર્યો હતો કે, તમે વિપક્ષને મોટો આંચકો આપ્યો છે. તેમની રાતોની ઊંઘ હરામ થઈ ગઈ છે. મોદીએ એક મહિના પહેલા તેમના દ્વારા શરૂ કરાયેલ 'મુખ્યમંત્રી મહિલા ઉદ્યોગ યોજના'નો પણ ઉલ્લેખ કર્યો હતો, જેના હેઠળ એક કરોડથી વધુ મહિલાઓના ખાતામાં રૂા. ૧૦,૦૦૦ ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. મોદીએ લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને તેમના પિતા સ્વર્ગસ્થ રાજીવ ગાંધીનો ઉલ્લેખ કરતા કહ્યું કે, જંગલ રાજવાળાઓ હેઠળ આ ક્યારેય શક્ય ન બન્યું હોત. કારણ કે, 'કોંગ્રેસના નામદાર' તત્કાલીન વડાપ્રધાનના શબ્દોમાં કહીએ તો, સરકાર દ્વારા મંજૂર કરાયેલા એક રૂપિયામાંથી ફક્ત ૧૫ પૈસા લોકો સુધી પહોંચ્યા હતા. તમે બધા જાણો છો કે આ લૂંટ છે. મોદીએ દેવી સીતાના જન્મસ્થળ સીતામઢીમાં પુનૌરાધામ પ્રોજેક્ટનો પણ NDAના ''વારસા'' પ્રત્યેના આદરના ઉદાહરણ તરીકે ઉલ્લેખ કર્યો હતો. તેમણે રાહુલ ગાંધી અંગે દાવો કર્યો કે તેમણે છઠ ઉત્સવને નાટક કહીને માતાઓ અને બહેનોની શ્રદ્ધાનું ''અપમાન'' કર્યું છે. તેમણે કહ્યું કે, ''શું તે આપણી લાગણીઓનું અપમાન નથી ? શું તેમને સજા ન મળવી જોઈએ ? લોકશાહીમાં, સજા કરવાનો શ્રેષ્ઠ માર્ગ તમારા મતની શક્તિ છે. આ લોકો અયોધ્યામાં મહાકુંભ અને રામ મંદિરનું અપમાન કરી રહ્યા છે. રાહુલ ગાંધીએ છઠ પૂજા દરમિયાન સ્નાન કરવા માટે દિલ્હીમાં પ્રદૂષિત યમુના નદી પાસે એક અલગ કુંડ બનાવવા બદલ મોદીની ટીકા કરી છે. મોદીએ દાવો કર્યો કે, પોતાના મત બેંકના રાજકારણને કારણે, આરજેડી-કોંગ્રેસે માત્ર રામ મંદિરનો જ નહીં, પરંતુ અયોધ્યામાં માતા શબરી, મહર્ષિ વાલ્મીકિ અને નિષાદ રાજના મંદિરોનો પણ બહિષ્કાર કર્યો છે. જે લોકો મત બેંકના રાજકારણથી દોરવાઈ જાય છે તેઓ ક્યારેય રાજ્યનું ભલું કરી શકતા નથી. તેમની મત બેંકની રાજનીતિ માટે તેઓ ઘુસણખોરોને બચાવી રહ્યા છે.

# ટ્રમ્પ G20માં ભાગ લેવા આવશે નહીં માટે 'વિશ્વગુરુ' ચોક્કસપણે રૂબરૂ હાજરી આપશે' : કોંગ્રેસે વડાપ્રધાન મોદી પર કટાક્ષ કર્યો

## કોંગ્રેસે અગાઉ દાવો કર્યો હતો કે મોદીએ ગયા મહિને કુઆલાલંપુરમાં આસિયાન સમિટમાં હાજરી આપી ન હતી કારણ કે તેઓ ત્યાં ટ્રમ્પને મળવાનું 'ટાળી રહ્યા હતા', વડાપ્રધાને તે સમિટને વર્ચ્યુઅલી સંબોધિત કરી હતી

(એજન્સી) તા.૮

કોંગ્રેસે શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કટાક્ષ કર્યો હતો, અને દાવો કર્યો હતો કે તેઓ દક્ષિણ આફ્રિકામાં G20માં 'રૂબરૂ' હાજરી આપશે, કારણ કે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી હતી કે તેઓ આ સમિટનો બહિષ્કાર કરશે. X પર એક પોસ્ટમાં, AICCના જનરલ સેક્રેટરી, કોમ્યુનિકેશન્સ, જયરામ રમેશે જણાવ્યું હતું કે, 'હવે જ્યારે રાષ્ટ્રપતિ ટ્રમ્પે જાહેરાત કરી છે કે તેઓ થોડા દિવસો પછી ૨૨-૨૩ નવેમ્બરે દક્ષિણ આફ્રિકામાં G20 સમિટમાં હાજરી આપશે નહીં, તો આપણે ખાતરીપૂર્વક કહી શકીએ છીએ કે સ્વ-શૈલીના વિશ્વગુરુ પોતે રૂબરૂ હાજરી આપશે.' કોંગ્રેસે અગાઉ દાવો કર્યો હતો કે મોદીએ ગયા મહિને કુઆલાલંપુરમાં આસિયાન સમિટમાં હાજરી આપી ન હતી કારણ કે તેઓ ત્યાં ટ્રમ્પને મળવાનું 'ટાળી રહ્યા હતા'. વડાપ્રધાને તે સમિટને વર્ચ્યુઅલી સંબોધિત કરી હતી. ભારત-પાકિસ્તાન સંઘર્ષને રોકવાના ટ્રમ્પના વારંવારના દાવાઓ પર 'મૌન' રહેવા બદલ કોંગ્રેસે વારંવાર વડાપ્રધાન પર નિશાન સાધ્યું છે. ભારતે સતત કહ્યું છે કે પાકિસ્તાન સાથે દુશ્મનાવટ બંધ કરવા અંગેની સમજૂતી બંને સૈન્યના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (DGMOs) વચ્ચે સીધી વાટાઘાટો બાદ થઈ હતી. ટ્રમ્પે આ શુક્રવારે કહ્યું હતું કે આ મહિનાના અંતમાં દક્ષિણ આફ્રિકામાં G20 યોજાશે તે સંપૂર્ણ શરમજનક છે, તેમણે જાહેરાત કરી હતી કે જ્યાં સુધી દેશમાં આફ્રિકન લોકોના વંશીય લઘુમતી જૂથ સામે 'માનવ અધિકારોનું ઉલ્લંઘન' ચાલુ રહેશે ત્યાં સુધી કોઈ પણ અમેરિકન અધિકારી સમિટમાં હાજરી આપશે નહીં. આ અઠવાડિયાની શરૂઆતમાં, ટ્રમ્પે જાહેરાત કરી હતી કે તેઓ સમિટમાં હાજરી આપશે નહીં અને તેમણે દક્ષિણ આફ્રિકાના મુખ્ય અર્થતંત્રોના જૂથ પર સવાલ ઉઠાવ્યા હતા. ૨૦૧૪માં વડાપ્રધાન બન્યા પછી, મોદીએ તમામ G20 સમિટમાં હાજરી આપી છે, જેમાં બ્રિસ્બેન, અંતાલ્યા, હાંગઝોઉ, હેમ્બર્ગ, બ્યુનોસ આયર્સ, ઓસાકા, રિયાધ



(કોવિડને કારણે વર્ચ્યુઅલ), રોમ, બાલી અને નવી દિલ્હીનો સમાવેશ થાય છે. ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં કહ્યું કે ૨૨ અને ૨૩ નવેમ્બરના રોજ યોજાનારી ગ્રુપ ઓફ ૨૦ સમિટમાં કોઈ પણ યુએસ સરકારી અધિકારી હાજરી આપશે નહીં. આ સંપૂર્ણ શરમજનક છે કે G20 દક્ષિણ આફ્રિકામાં યોજાશે. આફ્રિકન લોકો - ડચ, ફ્રેન્ચ અને જર્મન વસાહતીઓના વંશજને મારી નાખવામાં આવી રહ્યા છે અને તેમની જમીન અને ખેતરો ગેરકાયદેસર રીતે જપ્ત કરવામાં આવી રહ્યા છે. જોકે, રાષ્ટ્રપતિએ કહ્યું કે તેઓ ફ્લોરિડાના મિયામીમાં ૨૦૨૬ G20 સમિટનું આયોજન કરવા માટે ઉત્સુક છે. ટ્રમ્પ વહીવટીતંત્ર લાંબા સમયથી દક્ષિણ આફ્રિકાની શાસક સરકાર પર શ્વેત ખેડૂતો સામે હિંસા અને ભેદભાવને મંજૂરી આપવાનો આરોપ લગાવી રહ્યું છે, આ આરોપને પ્રિટોરિયા દ્વારા ફગાવી દેવામાં આવ્યો છે. દક્ષિણ આફ્રિકાના અધિકારીઓએ જણાવ્યું હતું કે રંગભેદનો અંત આવ્યાના દાયકાઓ પછી પણ, શ્વેત નાગરિકો હજુ પણ મોટાભાગના અશ્વેત દક્ષિણ આફ્રિકનો કરતાં વધુ સારી સ્થિતિમાં છે.

# બરેલી હિંસા બદલ અટકાયતમાં લેવાયેલા મૌલાના તૌકીર રઝાખાન અને અન્ય પાંચની જામીન અરજી નકારી કાઢતી અદાલત

(એજન્સી) બરેલી શરીફ, તા.૮

બરેલીમાં ''આઈ લવ મોહમ્મદ (સ.અ.વ.)'' બેનર સાથેના દેખાવો દરમિયાન હિંસા શરૂ થઈ ગઈ હતી એ કેસમાં અટકાયતમાં લેવામાં આવેલા બરેલી શરીફના ધર્મગુરુ મોલાના તૌકીર રઝા ખાન અને અન્ય પાંચની જામીન અરજી બરેલીની સ્થાનિક અદાલતે નકારી કાઢી હતી. અધિક જિલ્લા સરકારી વકીલે મહેશ પાઠકે અદાલતમાં શનિવારે એવી દલીલ કરી હતી કે આઈએમસીના વડા મૌલાના તૌકીર રઝા ખાન દ્વારા હિંસાના દિવસે ઈસ્લામી એ મેદાનમાં એકઠા થવા માટે મુસ્લિમ સમાજના લોકોને અપીલ કરવામાં આવી



આવ્યા છે. મૌલાના રઝાખાનના વકીલે હિંસાના એક કેસ બાબત મૌલાના માટે જામીનની અરજી રજૂ કરી હતી. જેની સુનાવણી એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ અમૃતા શુક્લાની કોર્ટમાં કરવામાં આવી હતી. તૌકીર રઝાખાન ઉપરાંત ફૈઝાન ચકલાણી, તાકીમ અને મુનીર ઈદ્રીશીની જામીન અરજી પણ રજૂ કરવામાં આવી હતી. અન્ય બે આરોપી હરમન અને નેમતુલ્લાહની પણ અરજીઓ રદ થઈ હતી. છેલ્લા બે આરોપીઓ બિહારના પૂર્ણિયા જિલ્લાના રહેવાસી છે. આઈએમસીના વડાની તોફાનોના બીજા દિવસે ૨૭મી સપ્ટેમ્બરના રોજ ધરપકડ કરી લેવામાં આવી હતી અને

## સરકારી વકીલે અદાલતમાં એવું જણાવ્યું હતું કે તોફાનીઓએ શહેરના એસ.પી.ના અંગરક્ષકની બંદૂક છીનવી લીધી હતી અને પોલીસ જીપમાંથી વાયરલેસ સેટ પણ લૂંટી લીધો હતો

હતી. એ દિવસે શહેરમાં પ્રતિબંધક આદેશો અમલમાં હોવા છતાં તેમણે મુસ્લિમ સમુદાયને એકઠો કરવાનું આહ્વાન કર્યો હતો. પોલીસે જ્યારે બધાને અટકાવ્યા ત્યારે પથ્થરમારો પોલીસ ઉપર શરૂ કરી દેવાયો હતો એટલું જ નહીં તોફાનીઓએ બરેલીના એસપીન ગન છીનવી લીધી હતી અને પોલીસની જીપમાંથી વાયરલેસ સેટની લૂંટ પણ ચલાવી હતી. ૨૬ સપ્ટેમ્બરની તોફાની ઘટનાઓ બારામાં વિવિધ પોલીસ સ્ટેશનમાં કેસ અને ફાયર દાખલ કરવામાં આવ્યા હતા. જેમાં ૧૨૫ જેટલા નામો બતાવવામાં આવ્યા છે અને ૨૫૦૦ અજાણ્યા તોફાનીઓના નામો હોવાનું દર્શાવ્યું છે. અત્યારે મૌલાનાને ફતેહગઢ જેલમાં રાખવામાં આવ્યા છે અને બીજા પાંચને બરેલી જેલમાં રાખવામાં ત્યારથી તેઓ જેલમાં છે અને એમનું નામ દસમાંથી સાત એફઆઈઆરમાં આરોપી તરીકે દર્શાવવામાં આવ્યું છે અને પાછળથી બીજી ત્રણ એફઆઈઆરમાં પણ તેમનું મુખ્ય આરોપી તરીકે નામ દાખલ કરવામાં આવ્યું હતું. ૨૦૧૯ના સીએએ વિરોધી દેખાવો અને આંદોલનના કેસમાં પણ એમનું નામ આરોપી તરીકે છે.

# મળો હરિયાણાની દીકરીને; પરિશ્રમનું ફળ નિશ્ચિત છે

## ઈનકમ ટેક્સની ટ્રેનિંગ દરમિયાન આવ્યું રિઝલ્ટ, 'હુનર'નું ટેલેન્ટ ચમક્યું અને બની ગયાં IAS

(એજન્સી) તા.૮

UPSC સિવિલ સર્વિસની પરીક્ષાને દેશની સૌથી કઠિન પરીક્ષાઓમાંની એક ગણવામાં આવે છે, જેને પાસ કરવામાં ઘણા ઉમેદવારોને વર્ષો લાગી જાય છે. પરંતુ, હરિયાણાની રહેવાસી હુનર કુલારે પોતાના નામ 'હુનર'ને સાર્થક કરતાં સતત બે વાર આ પરીક્ષા પાસ કરીને એક નવો ઈતિહાસ રચ્યો છે. તેમની આ સિદ્ધિ આજે લાખો યુવાનો માટે પ્રેરણારૂપ બની છે.

**કોણ છે હુનર કુલાર ?**

હુનર કુલાર મૂળ હરિયાણાના ગુરૂગ્રામના રહેવાસી છે. તેમનો પ્રારંભિક અભ્યાસ પણ ત્યાં જ થયો હતો. બાળપણથી જ ભણવામાં હોશિયાર હુનરને સામાજિક વિષયોમાં ઊંડો રસ હતો અને આ જ રૂચિએ તેમને સિવિલ સર્વિસમાં જોડાવા માટે પ્રેરણા આપી.

**દિલ્હીની પ્રતિષ્ઠિત કોલેજોમાં કર્યો અભ્યાસ**



શાળાનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી, હુનરે દિલ્હીની પ્રખ્યાત સેન્ટ સ્ટીફન્સ કોલેજમાંથી ગ્રેજ્યુએશન કર્યું. ત્યારબાદ તેમણે જવાહરલાલ નેહરૂ યુનિવર્સિટી (JNU)માંથી માસ્ટર્સની ડિગ્રી મેળવી. ઉચ્ચ શિક્ષણ દરમિયાન જ તેમણે UPSCની પરીક્ષા આપવાનો દૃઢ નિશ્ચય કરી લીધો હતો અને કોલેજ પૂરી થતાં જ તૈયારીમાં લાગી ગયા.

**IRS બન્યા પણ મંઝિલ હતી IAS**

વર્ષ ૨૦૨૩માં, હુનરે પ્રથમ વખત UPSCની પરીક્ષા આપી અને સમગ્ર ભારતમાં ૩૫૮મો રેક્ર મેળવ્યો. આ રેન્ક સાથે તેમની પસંદગી ઈનકમ ટેક્સ ડિપાર્ટમેન્ટમાં (IRS) અધિકારી તરીકે થઈ. પરંતુ હુનરનું લક્ષ્ય IAS બનવાનું હતું, તેથી તેમણે અહીં અટકવાનું યોગ્ય ન સમજ્યું.

**ટ્રેનિંગ સાથે તૈયારી અને ઐતિહાસિક સફળતા**

IRSની ટ્રેનિંગ દરમિયાન જ હુનરે UPSC ૨૦૨૪ માટેની તૈયારી ચાલુ રાખી. તેમની મહેનત રંગ લાવી અને જ્યારે પરિણામ આવ્યું ત્યારે તેઓ ઈનકમ ટેક્સની ટ્રેનિંગ લઈ રહ્યા હતા. આ વખતે તેમણે ૭૨મો રેન્ક મેળવીને પોતાનું IAS બનવાનું સ્વપ્ન સાકાર કર્યું. આમ, IRS અધિકારી તરીકેની તાલીમ લેતા-લેતા જ તેઓ IAS અધિકારી બની ગયા.

# પિતા કોન્સ્ટેબલ અને દીકરી બની કલેક્ટર, MBBS પછી UPSCમાં ૩૦મો રેન્ક લાવીને રચ્યો ઈતિહાસ

(એજન્સી) તા.૮

''મનમાં જો સાચી લગન અને જુસ્સો હોય, તો મંઝિલ સુધી પહોંચતા કોઈ રોકી શકતું નથી.'' આ કહેવતને દિલ્હી પોલીસના એક હવાલદારની દીકરીએ સાચી સાબિત કરી બતાવી છે. મૂળ હરિયાણાના સિરસા જિલ્લાના બુઢક ગામની રહેવાસી ડો.ઈન્દુ રાની જાખડે ડૉક્ટર તરીકેની સફળ કારકિર્દી બાદ દેશની સૌથી અઘરી ગણાતી UPSC પરીક્ષા પાસ કરીને પોતાના પિતાનું સ્વપ્ન સાકાર કર્યું છે. તેમના પિતા વેદ પ્રકાશ દિલ્હી પોલીસમાં હવાલદાર છે, અને આજે તેમની દીકરી મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના કલેક્ટર તરીકે સેવા આપી રહી છે. IAS બનતા પહેલા, ઈન્દુ રાની જાખડ એક અત્યંત પ્રતિભાશાળી ડૉક્ટર હતા.



તેમણે ૨૦૦૮માં MBBSનો અભ્યાસ શરૂ કર્યો હતો અને પોતાના પ્રથમ પ્રયાસમાં જ મેડિકલ ટેસ્ટમાં ૧૭મો રેન્ક મેળવ્યો હતો. દિલ્હીની પ્રતિષ્ઠિત મૌલાના આઝાદ મેડિકલ કોલેજમાંથી MDની ડિગ્રી મેળવ્યા બાદ, તેમણે દિલ્હીની આરએમએલ હોસ્પિટલમાં સીએમઓ (ચીફ મેડિકલ ઓફિસર) તરીકે પણ કામ કર્યું હતું. ડૉક્ટર તરીકે સફળ હોવા છતાં, ઈન્દુ રાનીએ પોતાના પિતાના સ્વપ્નને પૂર્ણ કરવાનો નિશ્ચય કર્યો. તેમના પિતાની ઈચ્છા હતી કે તે IAS અધિકારી બને. પિતાની આ ઈચ્છાને પોતાની મંઝિલ બનાવીને તેમણે સિવિલ સર્વિસ પરીક્ષાની તૈયારી શરૂ કરી. સખત મહેનત અને દૃઢ નિશ્ચયના બળ પર, ઈન્દુ રાની જાખડે ૨૦૧૪માં પોતાના બીજા પ્રયાસમાં જ સિવિલ સર્વિસની પરીક્ષા પાસ કરી. તેમણે સમગ્ર દેશમાં ૩૦મો રેન્ક મેળવીને ઈતિહાસ રચ્યો. આજે તે ૨૦૧૪ બેચના મહારાષ્ટ્ર કેડરના IAS અધિકારી તરીકે પાલઘર જિલ્લાના કલેક્ટર પદે ફરજ બજાવી રહ્યા છે અને લાખો યુવાનો માટે પ્રેરણા સ્ત્રોત બન્યા છે.

Universal Muslim Marriage Bureau Gandhinagar
જીવન સાથીની શોધ માટે ગુજરાતનું એકમાત્ર વિશ્વસનીય પ્લેટફોર્મ એટલે ''યુનિવર્સલ મુસ્લિમ મેરેજ બ્યુરો -ગાંધીનગર''
દેશ વિદેશનાં 8000થી વધુ જેન્યુન પ્રોફાઈલ્સ જોવા અને તેઓનો સંપર્ક સાધવા લખો. WA8980611162
Zulekha Ansari

ZULEKHA ANSARI
Plot : 805, Sectore-21
Panchshil Park
Gandhinagar -21
WA 8980611162

પત્રકારોને રાષ્ટ્રદ્રોહી વિધર્મી પત્રકારો ગણાવતી પોસ્ટ વાયરલ કરતા પત્રકારોમાં ભારે રોષ

# તારાપુરમાં પત્રકારો વિરૂદ્ધ વાંધાજનક ટિપ્પણી સાથેની પોસ્ટ કરનાર વિરૂદ્ધ પગલાં ભરવાની માંગ સાથે આવેદનપત્ર

## ભાજપનાં પૂર્વ તાલુકા પ્રમુખે હોટલમાં સબ્જીનાં અફઘાની અને લાહોરી નામ સામે વાંધો ઉઠાવ્યો હતો

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૮

આણંદના તારાપુરમાં ભાજપના પૂર્વ તાલુકા પ્રમુખ દ્વારા સોશ્યલ મીડિયામાં પત્રકારોને રાષ્ટ્ર દ્રોહી વિધર્મી પત્રકારો કહેતી પોસ્ટ વાયરલ કરવામાં આવતા જેના વિરોધમાં આજે પત્રકારોએ તારાપુર ખાતે મામલતદારને આવેદન પત્ર આવી અયોગ્ય પોસ્ટ કરનાર વિરુદ્ધ પગલા ભરવાની માંગ કરી હતી. મળતી વિગતો અનુસાર તારાપુર તાલુકાના ભાજપનાં પૂર્વ પ્રમુખ પ્રવિણસિંહ વાઘેલા (રહે. ચાંગડા) અને તેમના અન્ય મિત્રો મંગળવારે તારાપુર હાઈવે સ્થિત હોટલમાં જમવા ગયા હતા. જયાં હોટલના બોર્ડ પર હોટલનાં મેનુની વાનગીઓનાં



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

નામ લખ્યા હતા. જેમાં પનીર લાહોરી અને વેજ અફઘાની નામ જોતાં જ તેમણે પિત્તો ગુમાવ્યો હતો. તેમણે ગમે તેમ અપશબ્દ બોલી ત્યાં હાજર રહેલા કેશ કાઉન્ટર પરના વ્યક્તિ સાથે માથાકુટ કરી હતી. મને તો નામ સામે જ વાંધો છે. નોર્મલ વ્યક્તિઓને અફઘાનિસ્તાન શું લેવાદેવા તેમ કહી જીભાજોડી કરી હતી. જોકે, મામલો ગરમાયો હતો અને ગમે તેમ વર્તન કરતા જ લોકોના ટોળાં એકઠાં થઈ ગયા હતા અને ત્યારબાદ સમગ્ર ધટનાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતા અને મિડીયામાં પણ આ ધટનાનાં સમાચારો પ્રકાસિત થતા ભાજપનાં પૂર્વ તાલુકા પ્રમુખ પ્રવિણસિંહએ સોસ્યલ મિડીયામાં રાષ્ટ્રદ્રોહી અને વિધર્મી પત્રકારોનું કાવતરૂ ટીપ્પણી કરતી પોષ્ટ વાયરલ કરી હતી જો કે ઉપરી અધિકારીઓનું દબાણ આવતા જ પ્રવિણસિંહએ આ પોસ્ટ પોતાનાં સોસ્યલ મીડિયા એકાઉન્ટ પરથી ડિલીટ કરી દીધી હતી. ભાજપના પૂર્વ તાલુકા પ્રમુખ પ્રવિણસિંહએ સોશ્યલ મીડિયામાં આ સમાચારના કટીંગ સાથે ખોટા સમાચાર અને રાષ્ટ્રદ્રોહી વિધર્મી પત્રકારોનું કાવત્રુ ટિપ્પણી કરતી પોસ્ટ વાયરલ કરી હતી, ભાજપના પૂર્વ તાલુકા પ્રમુખ દ્વારા કરાયેલી આ પોસ્ટના વિરોધમાં આજે વિવિધ ઈલેક્ટ્રોનિક્સ અને પ્રિન્ટ મીડિયાના પત્રકારોએ તારાપુર ખાતે મામલતદારને આવેદનપત્ર આપી પત્રકારોને રાષ્ટ્રદ્રોહી દર્શાવતી પોસ્ટ કરનાર ભાજપના પૂર્વ તાલુકા પ્રમુખ વિરુદ્ધ કાર્યવાહી કરવાની માંગ કરી હતી. આણંદ પ્રેસ કલબનાં પ્રમુખ ધનશ્યામ પટેલનાં નેતૃત્વમાં વિવિધ ઈલેકટ્રોનિકસ, પ્રીન્ટ અને સોશિયલ મીડિયા માધ્યમોનાં પ્રતિનિધીઓ અને પત્રકારોએ મામલતદાર કચેરી ખાતે જઈને મામલતદાર જે.જે. તળપદાને આવેદનપત્ર આપ્યું હતું,અને પત્રકારોને રાષ્ટ્રદ્રોહી ગણાવતી વાંધાજનક પોષ્ટ કરનાર પ્રવિણસિંહ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની પણ માંગ કરી હતી.

# સુરેન્દ્રનગર : ચુડામાં પ્રેમલગ્નનું મનદુઃખ રાખી ૨૦થી વધુ લોકો ઘાતક હથિયારો સાથે પરિવાર પર ત્રાટક્યા

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૮

સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા ગામમાં પ્રેમલગ્નને લઈને ઊભા થયેલા મનદુઃખે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. યુવતીના પરિવારજનો દ્વારા યુવકના કાકાના ઘર પર ઘાતક હુમલો કરવામાં આવ્યો હોવાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ, ૨૦થી વધુ લોકોના ટોળાએ એકસંપ થઈને, ઘાતક હથિયારો સાથે યુવકના કાકાના ઘર પર હુમલો કર્યો હતો. આ હુમલા પાછળનું મુખ્ય કારણ યુવક અને યુવતીના પ્રેમલગ્ન હોવાનું માનવામાં આવે છે, જે બાબતે યુવતીનો પરિવાર નારાજ હતો અને બદલો લેવાના ઈરાદે આ કૃત્ય આચરવામાં આવ્યું હતું. ચૂડા તાલુકાના નવી મોરવાડ ગામે માત્રાણીયા ફળીમાં રહેતા ૩૫ વર્ષીય ભગવાનભાઈ ઉર્ફે મુકેશભાઈ રણછોડભાઈ કારોલીયા ડ્રાઈવીંગનો વ્યવસાય કરે છે. તા.૧૪-૧૫ સપ્ટેમ્બરના રોજ તેમના કાકાનો દિકરો સંજયભાઈ વિઠ્ઠલભાઈ કારોલીયા ગામની અસ્મીતાબેન ધીરૂભાઈ માત્રાણીયા સાથે પ્રેમસબંધ હોઈ બન્ને ભાગી ગયા હતા. અને તા.૨૫-૯ના રોજ તેઓએ





પ્રેમલગ્ન કર્યા હતા. અને બન્ને તા.૨-૧૦-૨૫ના રોજ પોલીસ મથકે હાજર થયા હતા. બાદમાં અસ્મીતાબેનને તેના પરિવારજનોએ ઘરે જવા સમજાવ્યા હતા. પરંતુ તેઓ ઘરે ગયા ન હતા અને સંજયભાઈની સાથે જ રહેતા હતા. આ વાતનું મનદુઃખ રાખીને ધીરૂભાઈ માત્રાણીયા સહિતનો પરિવાર ભગવાનભાઈના પરિવારને હેરાન કરતો હતો. આથી પરિવારના સભ્યો વઢવાણના મઢાદ ગામે ભાગવી રાખેલ વાડીએ જતા રહ્યા હતા. પરંતુ નવી મોરવાડ શાળામાં બાળકો અભ્યાસ કરતા હોય અને તા.૬-૧૧ના રોજ બાળકોની શાળા શરૂ થતી હોઈ તા.૫-૧૧ના રોજ ભગવાનભાઈ સહિતનાઓ ઘરે પરત આવ્યા હતા. ત્યારે તા.૬-૧૧ના રોજ સાંજે અજીત માત્રાણીયા સહિતનાઓ તેમના ઘરે આવ્યા હતા અને અપશબ્દો કહી તારો ભાઈ અમારા સમાજની દિકરીને ભગાડી ગયો છે, અમારી દિકરીને પરત આપી દેજો તેમ કહ્યું હતું. આથી ભગવાનભાઈએ ૧૧૨ જનરક્ષકમાં ફોન કરતા તે જતો રહ્યો હતો. બાદમાં રાત્રે ૧૦ કલાકે ૨૦ શખ્સોનું ટોળુ હાથમાં લોખંડનો પાઈપ, લાકડી અને પથ્થરો લઈને આવ્યુ હતુ. આથી ભગવાનભાઈએ ઘરનો દરવાજો બંધ કરી દીધો હતો. જેમાં આ શખ્સોએ તોડફોડ કરી પથ્થરોના ઘા કરી ઘરના સભ્યોને મારવાની તથા સળગાવવાની ધમકી આપી હતી અને બહાર પડેલ કારના કાચ ફોડી નાંખ્યા હતા. આ અંગે ભગવાનભાઈએ ચુડા પોલીસ મથકે ૨૦ શખ્સોના ટોળા સામે ફરિયાદ નોંધાવતા વધુ તપાસ ઈન્ચાર્જ પીઆઈ એન.એ.ડાભી ચલાવી રહ્યા છે.

# જામનગર જિલ્લા પોલીસની અધ્યક્ષતામાં યોજાયેલા સમારોહમાં વિજેતાઓને રોકડ પુરસ્કાર-શિલ્ડ આપી પુરસ્કૃત કરાયા

(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા.૮

જામનગર જિલ્લા પોલીસ તથા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત ભારત સરકારના ત્રણ નવા ફોજદારી કાયદા (૧) ભારતીય ન્યાય સંહિતા (૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા અને (૩) ભારતીય સાક્ષય અધિનિયમની થીમ ઉપર વિવિધ સ્પર્ધાનું આયોજન ઓનલાઈન કરવામાં આવ્યું હતું. જેના પ્રથમ ત્રણ વિજેતાઓ જાહેર કર્યા બાદ તેઓને સન્માનિત કરવા માટેનો એક કાર્યક્રમ જિલ્લા પોલીસવડાની કચેરીના કોન્ફરન્સ હોલમાં યોજાયો હતો. આ સમારોહમાં જિલ્લા પોલીસ વડા ડો. રવી મોહન સૈની, જામનગરના એસ.સી.એસ.ટી. સેલના ડી.વાય.એસ.પી. અને સમગ્ર સ્પર્ધાના નિરીક્ષક તરીકે રહેલા મીત રુદલાલ, ઉપરાંત ત્રણેય સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપનારા પત્રકાર જગતભાઈ રાવલ તેમજ સુરક્ષા સેતુ સોસાયટીના કો.ઓર્ડિનેટર પૂર્વ પીએસઆઇ હસમુખભાઈ ગોહિલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. જામનગર જિલ્લા સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા ત્રણ સ્પર્ધાઓ જાહેર કરવામાં આવી હતી, જેમાં ઈ-મેઈલ આઈ.ડી.માં સ્પર્ધકોએ પોતાની કૃતિઓની નોંધણી કરાવવા જણાવાયું હતું. જેની કમિટી દ્વારા ચકાસણી કરવામાં આવી હતી, અને ત્રણેય સ્પર્ધાના પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં ચિત્ર સ્પર્ધામાં આશિષ ઉપેન્દ્ર મહેતા પ્રથમ સ્થાને, ધર્મેશ ઈન્દુલાલ લીયા બીજા સ્થાને અને રાજવીર અજય ચૌહાણ ત્રીજા ક્રમે વિજેતા થયા હતા. આ ઉપરાંત ઓડીઓ સ્પર્ધામાં રચના દિનેશભાઈ ત્રિવેદી પ્રથમ સ્થાને, અપેક્ષા પ્રવીણભાઈ જોશી બીજા સ્થાને અને સ્નેહા સંજયભાઈ ચોપડા ત્રીજા સ્થાને વિજેતા જાહેર થયા છે. ઉપરાંત વિડીયો સ્પર્ધામાં જય વિપુલભાઈ પ્રથમ સ્થાને, કરણ લાલચંદ્રા ચાંગલાણી બીજા સ્થાને અને મીતાબેન સંજયભાઈ દોશી ત્રીજા સ્થાને વિજેતા થયા છે. જે તમામ વિજેતાઓને પુરસ્કૃત કરવા માટેનો એક સમારોહ યોજાયો હતો. જેમાં ચિત્ર સ્પર્ધામાં અનુક્રમે ૫,૦૦૦, ૩,૦૦૦ અને ૨,૦૦૦નો રોકડ પુરસ્કાર અને શિલ્ડ વગેરે જિલ્લા પોલીસવડા ડો. રવિ મોહન સૈની ના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ઓડિયો સ્પર્ધામાં અનુક્રમે ૧૫,૦૦૦, ૧૦,૦૦૦ અને ૫,૦૦૦ તેમજ મોમેન્ટો અને વીડિયો સ્પર્ધામાં અનુક્રમે ૨૦,૦૦૦, ૧૫,૦૦૦ અને ૧૦,૦૦૦ હજાર નો રોકડ પુરસ્કાર અને મોમેન્ટો એનાયત કરાયા હતા. જામનગર જિલ્લાના પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની દ્વારા દરેક ભાગ લેનાર અને વિજેતા થનાર સ્પર્ધકની કૃતિને નિહાળીને વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા. ભારત સરકારના નવા ત્રણ કાયદાઓની લોકોને જાણકારી મળી રહે અને લોકોમાં અવેરનેશ અને લોક જાગૃતિ કેળવાય તેવા ઉદ્દેશ્યથી યોજાયેલી આ સ્પર્ધાઓમાં લોકોએ ખૂબ જ ઉત્સાહ દાખવ્યો છે, તે સંદર્ભે પણ સર્વેને બિરદાવ્યા હતા.

# જામનગર : વિદ્યાર્થિનીનો પોતાની માતાના વિયોગમાં ગળાફાંસા દ્વારા આપઘાત

## એક મહિના પહેલાં બીમારીના કારણે માતાનું અવસાન થયા બાદ પોતે ગુમસુમ રહેતી હતી

(સંવાદદાતા દ્વારા) જામનગર, તા.૮

જામનગરના લાલવાડી અટલ આવાસના કંકાવટી બ્લોક નંબર બી ૫૦૫માં રહેતી જેનીશાબેન સંજયભાઈ વારા નામની ૧૭ વર્ષની ભોઈરાજ જ્ઞાતિની તરૂણી વિદ્યાર્થિનીએ પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લેતાં પરિવારમાં ભારે ગમગઈની છવાઈ છે. આ બનાવ અંગે મૃતક તરૂણીના પિતા સંજયભાઈ જયંતીભાઈ વારાએ પોલીસને જાણ કરતાં સિટી એ. ડિવિઝનના પોલીસ હેડ કોન્સ્ટેબલ આર.એ. જાડેજા બનાવના સ્થળે દોડી ગયા હતા અને તરૂણી વિદ્યાર્થિનીના મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ કરાવ્યું હતું, જ્યારે સમગ્ર બનાવ મામલે વધુ તપાસ હાથ ધરી હતી.પોલીસમાં જાહેર કરાયા અનુસાર મૃતક નિશાબેન, કે જે પોતે કોલેજમાં અભ્યાસ કરતી હતી અને તેણીની માતાનું આજથી આઠ મહિના પહેલાં બીમારીના કારણે અવસાન થઈ ગયું હતું, જેથી તેણીના મૃત્યુ બાદ પોતે તણાવમાં રહેતી હતી અને આખરે તેણીએ ગળાફાસો દ્વારા પોતાની જીવન લીલા સંકેલી લીધી હોવાનું પોલીસ સમક્ષ જણાવ્યું છે. જે મામલે પોલીસ ઊંડાણપૂર્વકની તપાસ ચલાવી રહી છે.

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીનો ચમકારો

જૂનાગઢ, તા.૮

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં હવે ધીમે ધીમે ઠંડીનો ચમકારો થઈ રહ્યો છે. જો કે બપોરે ગરમી યથાવત્ છે. આ વખતે ગુજરાતમાં અત્યાર સુધી ભારેથી અતિભારે વરસાદ વરસ્યો છે. ઓક્ટોબરના છેલ્લા સપ્તાહમાં પડેલા અતિભારે વરસાદને કારણે ખેડૂતોનો મોંમાં આવેલો કોળિયો છીનવાઈ ગયો છે. ગુજરાતના ખેડૂતો માટે હવામાન વિભાગે રાહતની આગાહી કરી છે કે, હવે ભારે વરસાદની આગાહી નથી, જયારે આગામી દિવસોમાં હવામાન શુષ્ક રહેશે. આગામી દિવસોમાં ઠંડીમાં વધારો થવાની શકયતા પણ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઉત્તરપૂર્વ અરબી સમુદ્ર અને નજીકના સૌરાષ્ટ્ર પર અપર એર સકર્યુલેશન સર્જાયેલું હતુ જે બાદ હવે લેસ માર્કમાં પરિવર્તિત થયું છે. આગામી ૭ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં ૨-૪ ડિગ્રી સેલસિયસનો ધીમે ધીમે ઘટાડો થવાની સંભાવના છે. આ દિવસોમાં વરસાદની કે ગાજવીજની કોઈ આગાહી નથી. હવામાન નિષ્ણાંતે કડકડતી ઠંડીનું અનુમાન કરતા જણાવ્યું છે કે, તાપમાન ગગડીને ૧૦થી ૧૨ ડિગ્રીએ પહોંચવાનું અનુમાન છે. કેટલાક વિસ્તારમાં ૧૪થી ૧૬ ડિગ્રી તાપમાન પહોંચી શકે છે. આ સાથે તેમણે જણાવ્યું છે કે, મહત્તમ તાપમાન ઘટીને ૨૬-૨૮ ડિગ્રી થવાની સંભાવના છે. શનિવારથી તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થશે. અમદાવાદ, વડોદરામાં ૧૪-૧૬ ડિગ્રી ઠંડીનું અનુમાન છે. રાજકોટમાં ૧૪-૧૬ ડિગ્રી થઈ શકે છે.

સુપ્રિમ કોર્ટનાં સખત આદેશને પગલે સુરત મનપા એક્શન મોડમાં

# સુરતમાં રખડતાં શ્વાનો માટે અલાયદાં શેલ્ટર હોમ બનાવવાની તજવીજ

## શહેરનાં ભેસ્તાન અને વરિવાવ ખાતે આવેલ એબીસી સેન્ટરમાં હાલમાં માત્ર ૧૧૦૦ શ્વાન પુરતી જ સુવિધા ઉપલબ્ધ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૮

સુરત સહિત સમગ્ર દેશમાં રખડતાં શ્વાનનાં આતંક વચ્ચે સુપ્રિમ કોર્ટ દ્વારા આગામી બે સપ્તાહમાં દેશભરમાં શાળાઓ, હોસ્પિટલો, બસ સ્ટેન્ડ, ડેપો અને રેલવે સ્ટેશન સહિતનાં વિસ્તારોમાંથી હટાવી દેવાનો આદેશ કરવામાં આવ્યો છે. ત્રણ જજોની બેન્ચ દ્વારા કરવામાં આવેલ આદેશનું પાલન ન કરનાર વિરૂદ્ધ ગંભીરતાથી કાર્યવાહીની પણ ટિપ્પણી કરવામાં આવી છે. અલબત્ત, સુપ્રિમ કોર્ટનાં આદેશને પગલે હવે સુરત મહાનગર પાલિકા દ્વારા પણ આ દિશામાં તજવીજ હાથ ધરવાની સાથે સાથે સુપ્રિમ કોર્ટનાં ઓર્ડરની કોપી લો-ઓફિસરને અભ્યાસ માટે મોકલવામાં આવી છે. શહેરની તમામ શાળાઓ, કોલેજો અને રમત ગમતનાં સંકુલો સહિત રેલવે સ્ટેશન અને સિવિલ -સ્મીમેર સહિતની હોસ્પિટલોમાં રખડતાં શ્વાનને શેલ્ટર હોમમાં શિફ્ટ કરવા માટેની ગાઈડ લાઈન તૈયાર કરવામાં આવશે. પ્રારંભિક તબક્કામાં આ શ્વાનો માટે શેલ્ટર હોમ બનાવવાની દિશામાં આગળ વધવાની તૈયારી કરવામાં આવી છે અને આગામી દિવસોમાં શહેરમાંથી પકડવામાં આવેલ શ્વાનોને શેલ્ટર હોમમાં શિફ્ટ કરવામાં આવશે. હાલમાં શહેરમાં વરિયાવ અને ભેસ્તાન ખાતે માત્ર ૧૧૦૦ જેટલા શ્વાનો માટે એબીસી સેન્ટરની સુવિધા ઉપલબ્ધ છે. એક અંદાજ મુજબ શહેરભરમાં શેરીઓથી માંડીને જાહેર સ્થળો પર રખડતાં શ્વાનની ૧.૨૫ લાખ જેટલી છે. જો કે, સુપ્રિમ કોર્ટ દ્વારા જે આદેશ કરવામાં આવ્યો છે તે મુજબ શાળા-કોલેજ અને હોસ્પિટલોથી માંડીને રેલવે સ્ટેશન - બસ સ્ટેન્ડ અને ડેપો સહિતનાં સ્થળોએ રખડતાં શ્વાનની સંખ્યા અંદાજે ૫૦ હજાર સુધી પહોંચી શકે છે. જેના માટે સૌથી મોટો યક્ષ પ્રશ્ન શેલ્ટર હોમનો છે. આ માટે હાલ શહેરના છેવાડે આવેલ કોઈ વિસ્તારમાં અલાયદો શેલ્ટર હોમ બનાવવામાં આવી શકે છે. જે સંદર્ભે ટુંક સમયમાં શાસકો અને વહીવટી તંત્ર દ્વારા નિર્ણય લેવામાં આવશે.

# જામનગરમાં ફૂલ ગુલાબી ઠંડીનો પ્રારંભ : ઠંડીનો પારો ૧૭ ડીગ્રી

(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા.૮

જામનગર શહેર અને જિલ્લામાં ધીમે ધીમે શિયાળો જામતો જાય છે અને ફૂલ ગુલાબી ઠંડીનો પ્રારંભ થયો છે. ઠંડીનો પર નીચે સરકીને ૧૭.૦ ડિગ્રી આસપાસ પહોંચ્યો છે. સાથો સાથ વહેલી સવારે ભેજનું પ્રમાણ પણ વધી રહ્યું હોવાથી ઝાકળભીની સવાર થઈ રહી છે. જામનગર શહેર અને જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી ધીમે ધીમે ઠંડી પગ પેસરો કરી રહી હોય તેવું વાતાવરણ બનેલું જોવા મળી રહ્યું છે. જેમાં આજે સવારે ઠંડીનો પારો નીચે સરકીને ૧૭.૦ ડિગ્રી આસપાસ પહોંચ્યો હતો, જેથી વહેલી સવારે ઠંડીનો અહેસાસ થયો હતો અને સાથે ભેજ યુક્ત વાતાવરણ બની જતાં વાતાવરણમાં વધુ ઠંડક પ્રસરી હતી. જોકે પવનની તીવ્રતામાં ઘટાડો જોવા



મળ્યો છે. જામનગર જિલ્લા કલેક્ટર કચેરીના કંટ્રોલરૂમના જણાવાયા અનુસાર ૨૪ કલાક દરમિયાન લઘુતમ તાપમાન ૧૭.૫ ડિગ્રી સેન્ટિગ્રેડ જ્યારે મહત્તમ તાપમાન ૩૨.૦ ડિગ્રી સેન્ટીગ્રેડ નોંધાયું છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૬ ટકા રહ્યું હતું, જ્યારે પવનની ગતિ સરેરાશ પ્રતિ કલાકના ૧૫.૦થી ૨૦.૦ કિ.મી.ની ઝડપે રહી હતી.

# ભેંસાણના ચુડા ગામે દિવાલ પડતાં યુવાનનું મૃત્યુ

## ચોરવાડના સુખપુર ગામે ઈલેકટ્રીક શોર્ટ લાગતાં વૃદ્ધનું મોત

જૂનાગઢ, તા.૮

ભેંસાણના ચુડા ગામે યુવાન પર દિવાલ પડતા મોત નિપજયું જયારે ચોરવાડના સુખપુર ગામે વૃદ્ધને ઈલેકટ્રીક શોર્ટ લાગતા મોત નિપજયાનું પોલીસ ચોપડે નોંધાયું છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ભેંસાણ પોલીસ મથકે મુરેશભાઈ આપસિંહભાઈ અલાવેએ જાહેર કરેલ કે પોતાના મૃતક ભાઈ ઉરેશભાઈ (ઉં.વ.૩૨)એ ચુડા ગામે મકાન પાડવા ભાડે રાખેલ હોય અને મકાન પાડતા સમયે અકસ્માતે દિવાલ પડતા નીચે દબાઈ જતા મરણ ગયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે. જયારે ચોરવાડ પોલીસ મથકે દિપજયકુમાર જસાભાઈ ડોડીયાએ જાહેર કે હમીરભાઈ રણમલભાઈ ડોડીયા (ઉં.વ.૫૫) પોતાની વાડીએ આવેલ ઓરડીમાં મોટરની સ્વીચ ચાલુ કરવા જતા હતા તે દરમ્યાન અકસ્માતે ઈલેકટ્રીક શોક લાગતા શરીરે ઈજાઓ થતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# સુરત : આમલેટની દુકાનમાં ગાંજાનું વેચાણ કરતા બે આરોપીઓની ધરપકડ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૮

શહેરમાં એક બાજુ પોલીસ ગાંજા,એમડી ડ્રગ્સ સહિતના માદક પદાર્થ વેચવા અને હેરફેર સહિતની ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવા માટે સક્રિય થઈને કામગીરી કરી રહી છે, બીજી બાજુ આ પ્રકારની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા તત્ત્વો અવનવી તરકીબો અજમાવી રહ્યા છે. દરમિયાન ઉત્રાણ પોલીસે વીઆઈપી સર્કલ પાસે આમલેટની એક દુકાનમાં રેઈડ કરીને ગાંજાના જથ્થા સાથે બે ઈસમોને ઝડપી પાડ્યા હતા એટલુજ નહીં આશ્ચર્યની વાત એ રહી હતી કે આમલેટની આ દુકાનમાં ગાંજો રાખી વેચાણ કરવામાં આવી રહ્યું હતું.ઉત્રાણ પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.યુ. બારડ તથા સેકન્ડ પીઆઈ એન.જી.પટેલએ સર્વેલન્સ પીએસઆઈ એ.આર. પાટીલ તથા સર્વેલન્સ સ્ટાફના પોલીસ માણસોને એનડીપીએસના કેસો શોધી કાઢવા સારૂ જરૂરી સૂચના અને માર્ગદર્શન આપ્યા હતા. ત્યારે સર્વેલન્સ સ્ટાફના પોલીસ માણસો માદક કેફી દ્રવ્યોની હેરાફેરી તથા પેડલરો શોધી કાઢવા માટે પેટ્રોલિંગમાં હતા ત્યારે એવી બાતમી મળી હતી કે 'ઉત્રાણ, વીઆઈપી સર્કલ, એલીટા સ્ક્વેરની બાજુમાં, પતરાના શેડમાં આવેલ સીએમ આમલેટ નામની દુકાનમાં માદક પદાર્થ ગાંજા રાખી વેચાણ કરવામાં આવે છે.આ બાતમીના આધારે પોલીસે આમલેટની દુકાનમાં રેઈડ કરી હતી અને સ્થળ પરથી બે આરોપીઓ મોહિત નાનેશ્વર મહાજન (રહે.દિવ્યલોક એપાર્ટમેન્ટ, રાજપુત ફળીયુ, ઉત્રાણ ગામ) ચિરાગ સાગરભાઈ સોલંકી (રહે. સુમન સ્વર્ગ આવાસ, કિર્તીનગર પાસે, ઉત્રાણ ગામ)ની ધરપકડ કરી હતી. તેમજ સ્થળ પરથી ગાંજાનો જથ્થો વજન ૬૬.૬૨ ગ્રામ કુલ કિં.રૂ.૩,૩૫૧, મોબાઈલ ફોન ૨ અને રોકડ મળી કુલ રૂ.૧૮,૯૦૧ના મત્તાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પોલીસે બંને આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ગારિયાધાર ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટમાં સાવરકુંડલાની સરે ઈલેવન ચેમ્પિયન

(સંવાદદાતા દ્વારા)

સાવરકુંડલા, તા.૮

ગારિયાધાર ખાતે યોજાયેલ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૧૬ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં સાવરકુંડલાની સરે ઈલેવન અને પાલીતાણા વચ્ચે ફાઈનલ મુકાબલો થયો હતો. સરે ઈલેવન ટોસ જીતી પેહલા બેટિંગ કરતાં ૧૧૬નો સ્કોર બનાવ્યો હતો. તેના જવાબમાં પાલીતાણાની હરીફ ટીમ માત્ર ૫૦ રનમાં ઓલ આઉટ થઈ ગઈ હતી. સાવરકુંડલાની ટીમ વતી અસુ મકવાણાની શાનદાર ઈનિંગ રમી ૬૮ રન ફટકાર્યા જ્યારે અબ્દુલ બાવનકા એ ૩૦ રન બનાવ્યા હતા સાથે શહીદ ઝાંખરા એ ૩ વિકેટ ઝડપી હતી. કપ્તાન રમીઝ મલેક, વાઈસ કપ્તાન એજુ પઠાણ, શહીદ ઝખરા,



(તસવીર : ઈદ્રીશ જાદવ, સાવરકુંડલા)

શબ્બીર મલેક, સોયેબ મલેક, અસુ, અકીલ પઠાણ, તુકેજ બાપુ, મોહસીન ભૂરો રાવત, આકીબ પરિયાનિ, અબ્દુલ બાવનકા, અર્શદ અલીબાપુ અને નદીમ સહિત આખી ટીમે સુંદર પ્રદર્શન કર્યું હતું, જ્યારે કોચ તરીકે ઈરફાન કુરેશી, સરજુ જમાદાર, કબીર મલેક, એજાજ બગી અને તાહેર કુરેશીની મહેનતથી જલવંત વિજય મેળવ્યો હતો.

# બોડેલી : કાર ઝાડ સાથે અથડાતાં રોડ પર બિયરની રેલમછેલ



(તસવીર : સોયેબ ખત્રી, બોડેલી)

બોડેલી, તા.૮

બોડેલી કવાંટ રોડ પર બોડેલી તાલુકાના લોઢણ ગામના સ્ટેન્ડ પાસે બિયર ભરેલી કારનો અકસ્માત થતાં રોડ પર બિયરની રેલમછેલ થઈ હતી બોડેલી પોલીસ કારનો કબજો લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બોડેલી કવાંટ રોડ પર આજ રોજ વહેલી સવારે એક બલેનો કાર ઝાડ સાથે ભટકાઈ પલટી મારી રોડની સાઈડમાં પડી હતી અને ગાડી કુરદો થઈ ગયો હતો, જ્યારે ગાડીમાં ગેરકાયદેસર બિયરનો જથ્થો ભરેલ હોવાથી રોડ પર બિયરના ટીન વિખરાઈ ગયા હતા. બોડેલી પોલીસ ઘટનાસ્થળે આવી ટીન બીયર નંગ-૪૬ જેની કિં.રૂા. કિં.રૂા.૫,૨૯૦/-તથા બલેનો ગાડી કિં. રૂા.૧,૦૦,૦૦૦/- મળી કુલ કિં.રૂા.૧,૦૫,૨૯૦/-નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો, જ્યારે કારનો ચાલક મળી આવ્યો ન હતો.

# પાલીતાણાની પ્રાંત કચેરી ખાતે "વંદે માતરમ્"ના સમૂહગાન સાથે સ્વદેશીના શપથગ્રહણ

(સંવાદદાતા દ્વારા)

પાલીતાણા, તા.૮

ભારતના રાષ્ટ્રગીત "વંદે માતરમ"ના નિર્માણને ૧૫૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સમગ્ર રાજ્યમાં ભવ્ય સમૂહગાન યોજવાનો નિર્ણય કર્યો છે. જેના ઉપલક્ષ્યમાં પાલીતાણામાં પ્રાંત કચેરી પ્રાંત અધિકારી અંકીત પટેલ શીરેસતદાર પુનમબેન સોલંકી સહિતના સ્ટાફે રાષ્ટ્રગીત "વંદે માતરમ"ના મૂળ સ્વરૂપનું સમુહગાન કરવાની સાથે સ્વદેશી વસ્તુઓ ઉપયોગ કરવો તથા અન્યને આ બાબતે પ્રોત્સાહિત કરવાના શપથ ગ્રહણ કર્યા હતા. આ સાથે પાલીતાણા મામલતદાર કચેરી ખાતે મામલતદાર



(તસવીર : આરીફ શેખ, પાલીતાણા)

અર્જુનસિંહ ડોડીયાની અધ્યક્ષતામાં નાયબ મામલતદાર દિનેશભાઈ ચૌહાણ, નાયબ મામલતદાર કુલદીપસિંહ સરવૈયા, સહિતના સ્ટાફ દ્વારા સમૂહ રાષ્ટ્રગીત "વંદે માતરમ"ના મૂળ સ્વરૂપનું સમૂહગાન કરવાની સાથે સ્વદેશીના શપથ લીધાં હતાં. આ ઉપરાંત પાલીતાણા નગરપાલિકા ટાઉન, રૂલર પોલીસ સ્ટેશન ખાતે પણ પોલીસ સ્ટાફ દ્વારા રાષ્ટ્રગીત "વંદેમાતરમ"ના મુળ સ્વરૂપનું સમૂહગાન સાથે સ્વદેશીના શપથ ગ્રહણ કરવામાં આવ્યા હતા.

# આણંદમાં વિઝા કન્સલ્ટન્ટની ઓફિસના સંચાલકોએ વિદેશ મોકલવાના બહાને રૂપિયા ૫૦ લાખ ઉપરાંતની છેતરપિંડી આચરી

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૮

આણંદ શહેરમાં એ.વી. રોડ ઉપર વિઝા કન્સલ્ટન્ટની ઓફિસના સંચાલકોએ ૨૧ જેટલા યુવક -યુવતીઓને વિદેશ મોકલવાના બહાને અલગ-અલગ તારીખે રૂપિયા ૫૦.૯૦ લાખ મેળવી લઈ રૂપિયા મળ્યાં બદલ જુદી જુદી પહોંચી તેમજ એગ્રીમેન્ટ લખી આપી વિદેશ નહી મોકલી, પૈસા પરત નહીં આપી ઓફીસ બંધ કરી નાસી જઈ છેતરપિંડી આચરી હોવાનો બનાવ સામે આવવા પામ્યો છે. આ અંગે આણંદ શહેર પોલીસે ત્રણ વ્યક્તિઓ વિરૂદ્ધ છેતરપિંડીની કલમો હેઠળ ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે. મળતી વિગતો અનુસાર વડોદરા જિલ્લાનાં દસરથ ગામનાં અજયભાઈ જયેશભાઈ પટેલ ખેતી કરે છે. તેમની પત્ની રાગીનીબેન વર્ક પરમિટ ઉપર કેનેડા મુકામે સને ૨૦૨૩માં ગયેલ, ત્યારબાદ ડીપેન્ડન્ટ તરીકે કેનેડાના વિઝા મેળવવા એપ્લાય કરવા છતાં વિઝા મળેલ ના હતા. ૨૦૨૫ મે મહિનામાં સોશિયલ મીડિયાના માધ્યમથી અજયભાઈ આણંદ એ.વી. રોડ ઉપર આવેલ વિઝા સિનર્જી કે જેઓ વિઝા અપાવવાનું કામ કરતાં હોય તેમની જાહેરાત જોઈ હતી. જેમાં તેમના દ્વારા જુદી જુદી જાહેરાતો જોઈને તેઓ આણંદ ખાતે આવ્યાં હતાં. આ વિઝા કન્સલ્ટિંગ ઓફિસમાં દિનેશભાઈ મણીભાઈ પટેલ, કાજલબેન રાવજીભાઈ પટેલ તથા માનસીબેન સીધ્ધાર્થ લીંબાચીયાનાઓ હાજર હોય જેઓએ પોતાની ઓળખ વિઝા સીનર્જીના માલિક તરીકેની આપી કેનેડાના વિઝા તેમજ પીઆર કરી આપવા માટે રૂપિયા ૪૫ લાખ જેટલો ખર્ચ થશે તેમ જણાવ્યું હતું. જે બાદ અજયભાઈએ તેઓને ખેતીની આવક તેમજ બચતમાંથી ભેગા કરેલ રૂપિયા ૧૧ લાખ રોકડા લઈ આ વિઝા સિનર્જી ઓફિસ ઉપર ગયેલ જ્યાં કાજલ બેન, માનસીબેન અને દિનેશભાઈ મણીભાઈ પટેલને આપ્યાં હતાં. આ બાબતમાં ઘણો સમય થઈ જતા પણ ત્રણેય જણાએ વિઝાનું કામ કર્યુ ન હતું. જેથી અજયભાઈએ તપાસ કરતા પોતે છેતરપિંડીનો ભોગ બન્યા હોવાનું જાણવા મળ્યું હતું અને વધુ તપાસ કરતાં આ ત્રણે જણાએ ૨૧ વ્યક્તિઓ પાસેથી જુદા જુદા સમયે રૂપિયા ૫૦.૯૦ લાખ લઈ છેતરપિંડી આચરી હોવાનું બહાર આવવા પામ્યું હતું. આણંદ શહેર પોલીસે દિનેશભાઈ મણીભાઈ પટેલ, કાજલબેન રાવજીભાઈ પટેલ તથા માનસીબેન સીધ્ધાર્થ લીંબાચીયાના વિરૂદ્ધ છેતરપિંડીની કલમો હેઠળ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ૬૩૫ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરાઈ

# યુપીએલ યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી દ્વારા ત્રીજા દિક્ષાંત સમારોહની ઉજવણી કરાઈ

અંકલેશ્વર, તા.૮

યુપીએલ યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજીએ શુક્રવારના રોજ તેનો ત્રીજો દીક્ષાન્ત સમારોહ ઉજવ્યો હતો. આ કાર્યક્રમમાં પદ્મ ભૂષણ પ્રો. જે.બિ. જોશી, ચાન્સેલર, આઈસીટી, મુંબઈ, મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. અરવિંદ અગ્રવાલ, રિટાયર્ડ IAS, સન્માનિત અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે યુપીએલ યુનિવર્સિટીના ચેરમેન એમેરિટસ સાન્દ્રા શ્રોફ, યુપીએલ યુનિવર્સિટીના પ્રમુખ અશોક પંજવાણી, ટ્રસ્ટીઓ, ગવર્નિંગ બોડીના સભ્યો, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યો, એકેડેમિક કાઉન્સિલના સભ્યો, રોટરી ક્લબ ઓફ અંકલેશ્વર સભ્યો, પ્રોવોસ્ટ પ્રો. શ્રીકાંત વાઘ, રજિસ્ટ્રાર ધર્મેશ પટેલ, પરીક્ષા નિયંત્રક ડૉ. પૂર્વી



(તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

નાયક, ડીન્સ હાજર રહ્યા હતા. દીક્ષાન્ત સમારોહમાં માસ્ટર ઓફ એન્જિનિરીંગ, માસ્ટર ઓફ સાયન્સ, બેચલર ઓફ એન્જિનિરીંગ, બેચલર ઓફ સાયન્સ, ડિપ્લોમા, પોસ્ટગ્રેજ્યુએટ ડિપ્લોમાના ૬૩૫ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. તદુપરાંત કાર્યક્રમમાં અસાધારણ પ્રદર્શન કરનાર ૨૦ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ થી સન્માનિત કરવામાં આવ્યા. આ પ્રસંગે પ્રો. જે.બિ. જોશી, અરવિંદ અગ્રવાલ તેમજ મંચ ઉપર બિરાજમાન, સાન્દ્રા શ્રોફ, અશોક પંજવાણીએ તમામ સ્નાતક વિદ્યાર્થીઓને સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી.

# અંકલેશ્વરમાં રાજમાર્ગ ત્રણ લેયરમાં બનશે ઈજારદારની પાંચ વર્ષ સુધીની બાંહેધરી

(સંવાદદાતા દ્વારા)અંકલેશ્વર, તા.૮

અંકલેશ્વર શહેરમાંથી પસાર થતો હાઈવે પાલિકા હસ્તગત આવ્યા બાદ અંતે તેના ૫.૫૦ કરોડ ઉપરાંતના ખર્ચે નવીનીકરણ શરૂ કરાયું છે. ઓએનજીસી થી રોડ પર પ્રથમ ધૂળની સફાઈ તેમજ ખાડાના પેચ વર્ક કામગીરી ત્રણ રસ્તા સર્કલ સુધીની પૂર્ણ થતા જ હવે પ્રથમ ૬ ઈંચનું ડામર લેયર પાથરવામાં આવ્યું છે. જે બાદ વધુ ૪ ઈંચનું લેયર આવશે અને અંતે પ્લાસ્ટિક સિલોકિતનું લેયર આવશે. રોડની કામગીરી શરૂ થતા જ પ્રજાને રાહતના સમાચાર પ્રસારિત કરવામાં આવ્યા છે. જેમાં રોડની કામગીરી ગુણવત્તાસભર કરવામાં આવે તે માટે પાલિકા પદાધિકારીઓ અને અધિકારીઓ નિરીક્ષણ કરતા રહે તેવી ટકોર કરવામાં આવી હતી.


(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

જે ટકોર બાદ આજે પાલિકાના પ્રમુખ લલીતાબેન રાજપુરોહિત. કારોબારી ચેરમેન નિલેશ પટેલ સહીત અધિકારીઓ દ્વારા ડામર વર્ક શરૂ થતા જ પુનઃ સ્થળ નિરીક્ષણ કર્યું હતું. તેમના દ્વારા જણાવ્યું હતું કે આ કામ એક મહિનાના અંત સુધીમાં ૪ ભાગમાં પૂર્ણ થશે અને આ રોડનું ૫ વર્ષ સુધી ઈજારદાર દ્વારા નિભાવન કરશે. ખાસ કરીને વરસાદી પાણી નીકળી જાય એ માટે ધાર આપી તે પાણી કાંસોમાં નિકાલ થાય તેવું આયોજન રોડ સાથે કરવામાં આવ્યું છે.

# ખેડા જિલ્લામાં ખૂલ્લેઆમ ચાલતી દારૂની હાટડીઓ બંધ કરાવવા કોંગ્રેસની DSPને રજૂઆત

## દારૂના બેરોકટોક વેપારથી યુવાનોનું ભવિષ્ય અંધકારમય ! તત્કાળ કાર્યવાહી નહીં થાય તો આંદોલનની ચીમકી ઉચ્ચારી

(સંવાદદાતા દ્વારા)નડિયાદ, તા.૮

ખેડા જિલ્લામાં દારૂનો વેપાર બેફામ બની રહ્યો હોવાની ફરિયાદો વચ્ચે ખેડા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ એ જિલ્લા પોલીસ અધિક્ષકને લેખિતમાં રજૂઆત કરીને દારૂના સરેઆમ ચાલતા વેપાર પર તાત્કાલિક ધોરણે રોક લગાવવા અને કાયદાનું ચુસ્તપણે પાલન કરાવવા માગણી કરી છે.

ખેડા જિલ્લા કોંગ્રેસના પ્રમુખ મહેન્દ્રસિંહ રાણાએ જિલ્લા પોલીસ અધિક્ષકને કરેલી રજૂઆતમાં સ્પષ્ટ જણાવ્યું છે કે, ખેડા જિલ્લામાં દારૂનો વેપાર બેરોકટોક ચાલી રહ્યો હોવાનું લોકોની રજૂઆતના આધારે જાણવા મળે છે. દારૂના ખૂલ્લેઆમ વેપારને કારણે જિલ્લાના નાની ઉંમરના યુવાનોમાં પણ દારૂનું વ્યસન દિવસે દિવસે વધી રહ્યું છે. દારૂના વ્યસનથી અનેક પરિવારોના આશાસ્પદ યુવાનો નાની ઉંમરમાં મરણ પામતા પુત્રવધૂઓ વિધવા બની રહી છે અને નાના દીકરા-દીકરીઓનું ભવિષ્ય અંધકારમય બની રહ્યું છે. યુવાનોમાં દારૂના વ્યસનને કારણે અનૈતિક પ્રવૃત્તિઓ પણ વધી રહી છે.

છેલ્લા બે દિવસમાં જ ખેડા જિલ્લાના ઠાસરા તાલુકામાં ૪૯ લાખનો વિદેશી દારૂ અને કઠલાલ તાલુકાના ગાડવેલમાંથી એક કરોડ રૂપિયાથી વધુનો દારૂ પકડાયો છે. આ ઘટનાઓ પુરવાર કરે છે કે ખેડા જિલ્લામાં દારૂના બુટલેગરો કેટલી હદે બેફામ બન્યા છે. કોંગ્રેસ સમિતિની રજૂઆત છે કે જિલ્લાના તમામ તાલુકા અને શહેરોમાં રેડ કરી આ દારૂની હાટડીઓ ચલાવતા ઠેકેદારોને પકડી તેમની સામે સખત કાનૂની કાર્યવાહી કરવામાં આવે અને ખેડા જિલ્લામાં દારૂબંધીની ચુસ્તપણે અમલવારી કરાવવા સૂચના આપવામાં આવે. જો આ બાબતે તત્કાળ નક્કર કામગીરી કરવામાં નહીં આવે તો ખેડા જિલ્લા કોંગ્રેસ સમિતિ દારૂબંધીની અમલવારી માટે આંદોલનાત્મક કાર્યક્રમો કરશે, તેવી ચીમકી પણ કોંગ્રેસ દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

# ઉકાઈ જમણાકાંઠાની કેનાલ હવે માત્ર ૩૫ દિવસ માટે જ બંધ રહેશે

(સંવાદદાતા દ્વારા) અંકલેશ્વર, તા.૮

ઉકાઈ જમણાકાંઠાની કેનાલ હવે ૯૦ દિવસ નહીં, પરંતુ માત્ર ૩૫ દિવસ માટે જ બંધ રહેશે ! ખેડૂતોના હિતમાં લેવાયેલા આ મહત્ત્વપૂર્ણ નિર્ણયથી અંકલેશ્વર અને હાંસોટ તાલુકાના ૧૪ હજાર હેક્ટર જેટલા વિસ્તારની ખેતીને જીવનદાન મળ્યું છે અને સાથે જ અંકલેશ્વર શહેરના ત્રણ લાખથી વધુ લોકોને પાણી પુરવઠો ચાલુ રહેશે. ઉકાઈ જમણા કાંઠા નહેરને સમારકામ માટે ૯૦ દિવસનું શટડાઉન લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. પરંતુ તાજેતરના માવઠા અને ભારે વરસાદના કારણે ખેડૂતોના બે પાક નિષ્ફળ ગયા હતા અને હવે ત્રીજો પાક લેવાની જરૂરિયાત ઉભી થતા, રાજ્ય સરકારે શટડાઉનનો સમય ઘટાડવાનો નિર્ણય કર્યો છે.

આ અંગે ખેડૂતોના પ્રતિનિધિઓએ હાલમાં જ અંકલેશ્વર હાંસોટના ધારાસભ્ય તેમજ રાજ્યના જળ સંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલને રજૂઆત કરતા તેમાં ધારી સફળતામાં મળી હતી. ઈશ્વર સિંહ પટેલના પ્રયાસોને પગલે રાજ્ય સરકારે પાણી કાપ ૯૦ દિવસોને બદલે ૩૫ દિવસો સુધી કરાતા દક્ષિણ ગુજરાતના ખેડૂતોએ રાહતની લાગણી અનુભવી હતી.

# ધોળકા ફાયર બ્રિગેડને શ્રેષ્ઠ કામગીરી બદલ બ્રેવરી એવોર્ડથી સન્માનિત કરાયું




અમદાવાદ જિલ્લામાં વિભાગીય ફાયર સ્ટેશન ધોળકા દ્વારા છેલ્લા કેટલાક સમયથી બચાવ કામગીરી અને આપત્તિની પરિસ્થિતિઓમાં જીવ જોખમમાં મૂકી માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડ્યું છે. આવી બહાદુરી અને ફરજ પ્રત્યેની અદભૂત નિષ્ઠાને માન આપતા હયાત રેજન્સી, અમદાવાદ ખાતે ભવ્ય સમારંભ યોજાયો હતો. જેમાં રાજ્યના વરિષ્ઠ અધિકારીઓ, અગ્નિશામક વિભાગના પ્રતિનિધિઓ અને વિવિધ શહેરોના ફાયર સર્વિસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સન્માન માત્ર ધોળકા ફાયર બ્રિગેડ માટે જ નહીં પરંતુ સમગ્ર અમદાવાદ જિલ્લાના માટે ગૌરવની વાત છે. આ સિદ્ધિ ફાયર કર્મચારીઓ માટે પ્રેરણારૂપ બની રહેશે અને લોકોની સુરક્ષાના ક્ષેત્રમાં વધુ કાર્યશક્તિ સાથે જોડાવા માટે ઉત્સાહ આપશે. આ બ્રેવરી એવોર્ડ મેળવવા બદલ ધોળકા ફાયરબ્રિગેડની સમગ્ર ટીમ ઉપર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# અમીરગઢમાં યુરિયા ખાતર માટે ખેડૂતોની લાંબી કતારો



(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૮

અમીરગઢ પંથકમાં યુરિયા ખાતરની અછત સર્જાતા ખેડૂતોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સારા વરસાદ બાદ વાવેતર માટે ખાતરની જરૂરિયાત વધતા, ખેડૂતો વહેલી સવારથી જ ખાતર ડેપો પર લાંબી કતારોમાં ઉભા રહેવા મજબૂર બન્યા છે.તાલુકામાં ઘઉં, બટાકા, રાયડો અને એરંડા જેવા પાકોનું મોટા પાયે વાવેતર થયું છે. આ પાકોને વાવણી સમયે અને વાવણી પછી પણ યુરિયા ખાતરની મોટા પ્રમાણમાં જરૂરિયાત રહે છે. જેના કારણે યુરિયા ખાતરની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે.

ખેડૂતોની માંગ છે કે સરકારે અગાઉના વર્ષોની જેમ જ ખાતરની વ્યવસ્થા કરવી જોઈએ. ખેડૂતોએ વિનંતી કરી છે કે યુરિયાનો પુરવઠો ઝડપથી ઉપલબ્ધ કરાવવામાં આવે, જેથી તેમને લાંબી કતારોમાં ઊભા ન રહેવું પડે અને સમયનો બગાડ ટાળી શકાય.

ખેડૂતોના જણાવ્યા અનુસાર, આ વર્ષે સારા વરસાદને કારણે યુરિયા ખાતરની થોડી અછત વર્તાઈ રહી છે. આ સ્થિતિમાં સરકાર દ્વારા તાત્કાલિક પગલાં લેવાય અને અમીરગઢ તાલુકામાં યુરિયાનો પૂરતો પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવે તેવી અપેક્ષા છે.

# અંકલેશ્વર નેશનલ હાઈવેથી શહેરમાં પ્રવેશ કરતાં બિસ્માર રોડની મુલાકાત લેતા તાલુકા વિકાસ અધિકારી



મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમમાં મેં નેશનલ હાઈવે ૪૮થી અંકલેશ્વર શહેર તરફ જવાવાળા અતિ બિસ્માર રોડ જેની રજૂઆત પિરામણ ગામના જાગૃત નાગરિક અસલમ હાંટિયા દ્વારા કરી હતી. આ વાતને ધ્યાનમાં લઈને વહીવટી તંત્ર તરફથી ટીડીઓ અંકલેશ્વર હિરેન બારોટ એ આ રોડની મુલાકાતે આવ્યા હતા અને એમણે આશ્વાસન આપ્યું હતું કે વહેલી તકે આ રોડનું કામ કરી આપવામાં આવશે. આ પ્રસંગે પિરામણ ગામના ડેપ્યુટી સરપંચ ઈમરાન પટેલ તથા તલાટી કમ મંત્રી અસલમભાઈ સરીગત સાથે હતા. આ તબક્કે પિરામણ ગ્રામ પંચાયતના સર્વ વિકાસના કામની ગ્રાન્ટ ના નીકળતા નાણાં વિશે ટીડીઓ સાથે ડેપ્યુટી સરપંચે ચર્ચા કરી હતી. (તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

# શામળાજીમાં નકલી તબીબ ઝડપાયો

મોડાસા, તા.૮

અરવલ્લી એલસીબી પોલીસે શામળાજી તાલુકાના પાલ્લા ગામમાં ધાડ પાડી સ્વઘોષિત તબીબ રમેશ કાંતી બળેવાને ઝડપી પાડ્યો હતો. તે છેલ્લા કેટલાય વર્ષોથી પંથકના લોકોની એલોપેથિક દવાઓ દ્વારા સારવાર કરતો હોવાનું બહાર આવ્યું છે. પોલીસને મળેલી બાતમીના આધારે કરાયેલી કાર્યવાહી દરમિયાન તે બીમાર દર્દીઓની સારવાર કરતો જ હતો ત્યારે રંગેહાથ ઝડપાઈ ગયો હતો.આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે. ગ્રામ્ય વિસ્તારોમાં હજુ પણ આવા નકલી તબીબો ગરીબ અને અભણ લોકોને ખોટી સારવાર આપીને તેમના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા હોવાની ચિંતા ઊભી થઈ છે. સ્થાનિક લોકોમાં રોષની લાગણી ફાટી નીકળી છે અને લોકોની માંગ છે કે આવા નકલી તબીબો સામે સરકાર અને વહીવટીતંત્ર કડક પગલાં ભરે અને આરોગ્ય અંગે જાગૃતિ ફેલાવે.

**ધાર્મિક કાર્યક્રમ**

# અંકલેશ્વર ખાતે સૈયદ યુસુફઅલી કાદરી બરકાતીનાં ૨૦મા ઉર્સની ઉજવણી તા. ૧૧ નવેમ્બરે કરાશે

અંકલેશ્વર ખાતે પીર મુરશીદ સૈયદ યુસુફઅલી અબ્દુલ રહેમાન કાદરી બરકાતી સાહેબ (ર.અ)ના ૨૦મા ઉર્સ મુબારકની ઉજવણી વર્ષોની પરંપરા મુજબ ચાલુ વર્ષે પણ ૨૦ જમાદિ-ઉલ-અવ્વલ અં.તા.૧૧ નવેમ્બર ૨૦૨૫ના રોજ કરાશે જેમાં રાત્રે ૯:૩૦ કાલકે બાગે યુસુફી, સૈયદ અબ્દુલ હલીમ શાહ દાતાર ભંડારી સાહેબની દરગાહ પાસે કુર્આન ખ્વાની કરવામાં આવશે ત્યારબાદ આપના મઝાર શરીફ પર સંદલ શરીફ પેશ કરાશે જેમાં હાજર રહી સવાબે દારૈન હાસલ કરવા સૈયદ સજ્જાદહુસૈન યુસુફઅલી કાદરી તથા સૈયદ અરશદહુસૈન યુસુફ અલી કાદરી દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

### શહેરમાં પ્રાથમિક સુવિધાના અભાવ મામલે

# હિંમતનગર કોંગ્રેસે નગરપાલિકામાં વિરોધ પ્રદર્શન કર્યું પ્રમુખની ચેમ્બર આગળ રામધુન બોલાવી, આવેદનપત્ર ચોંટાડ્યું

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૮

હિંમતનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા શુક્રવારે નગરપાલિકામાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. શહેરમાં ઊભરાતી ગટરો, રસ્તા પરના ખાડા, વરસાદી પાણીના નિકાલની અયોગ્ય વ્યવસ્થા અને બંધ સ્ટ્રીટ લાઈટ જેવી લાંબા સમયથી પ્રવર્તતી સમસ્યાઓ અંગે રજૂઆત કરાઈ હતી. શુક્રવારે સવારે કોંગ્રેસનું પ્રતિનિધિમંડળ રજૂઆત કરવા નગરપાલિકા પહોંચ્યું હતું. જોકે, નગરપાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસર હાજર ન હોવાથી કોંગ્રેસના કાર્યકરોએ સૂત્રોચ્ચાર કર્યા હતા. તેમણે પ્રમુખની ચેમ્બર આગળ બેસીને રામધુન બોલાવી હતી.

કોંગ્રેસે પાલિકાના કર્મચારીને આવેદનપત્ર અને ખરાબ પાણી ભરેલી બોટલો સુપરત કરી હતી. પ્રતીકાત્મક રીતે રામધુન કર્યા બાદ ભાજપ વિરૂદ્ધ સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરાયું હતું. આવેદનપત્ર પાલિકા પ્રમુખની ચેમ્બરના દરવાજા પર ચોંટાડવામાં આવ્યું હતું. કોંગ્રેસે ચેતવણી આપી હતી કે જો શહેરમાં પાલિકાની ખરાબ કામગીરીથી સર્જાતી સમસ્યાઓ દૂર નહીં થાય તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર કાર્યક્રમો આપવામાં આવશે.


(તસવીર : એફ. કે. મનસુરી, હિંમતનગર)

આ કાર્યક્રમમાં સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અશોકભાઈ એન. પટેલ, સંગઠન મહામંત્રી પ્રિયવદનભાઈ પટેલ, વિપક્ષ નેતા ઈમરાનભાઈ બાદશાહ, સાબરકાંઠા જિલ્લા માઈનોરીટી ચેરમેન ટી.વી.પટેલ, પૂર્વ કોર્પોરેટર જ્યોતિબેન દવે, કમળાબેન પરમાર, જયેશભાઈ દવે, ઈશ્વરભાઈ દેસાઈ, કુમારભાઈ ભાટ, મુકેશભાઈ પટેલ, કાંતિભાઈ ગામેતી, કોર્પોરેટર રઝાકભાઈ પુણાસીયા, આસિફભાઈ મેમણ, જાહીદાબેન મનસુરી, મહિલા પ્રમુખ બિંદુબા, હીરા મકવાણા, રણછોડભાઈ પરમાર, ઈશાકભાઈ શેખ સહિતના કાર્યકરો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# MSUનો પદવીદાન સમારોહ, ટેક્નોલોજી ફેકલ્ટીના સિવિલ એન્જિ.ના બીઈના વિદ્યાર્થી ઋષિને સૌથી વધારે નવ ગોલ્ડમેડલ

(સંવાદદાતા દ્વારા)વડોદરા, તા.૮

એમ.એસ.યુનિવર્સિટીના ૭૪મા પદવીદાન સમારોહમાં ટેક્નોલોજી ફેકલ્ટીના સિવિલ એન્જિનિયરિંગના બીઈના વિદ્યાર્થી ઋષિ ચોટાલિયાને સૌથી વધારે નવ ગોલ્ડમેડલ મળ્યા હતા.

ઋષિ ચોટાલીયાએ જણાવ્યું હતું કે, હું સુરત નજીક કોસંબાનો રહેવાસી છું. અભ્યાસ કરતો હતો ત્યારે ભણવામાં મહેનત તો કરતો હતો પણ ગોલ્ડમેડલનો વિચાર નહોતો કર્યો. મને સિવિલ એન્જિનિયરિંગનુ મહત્તમ જ્ઞાન મળે તેના પર જ મારૂં ફોકસ હતું. એમ.એસ.યુનિવર્સિટીની ટેક્નોલોજી ફેકલ્ટીને ગુજરાતની શ્રેષ્ઠ એન્જિનિયરિંગ કોલેજ કહી શકાય તેવો મારો અનુભવ રહ્યો છે. ઋષિએ આગળ જણાવ્યું હતું કે, અભ્યાસમાં હોસ્ટેલમાં મને મિત્રોનો પણ સાથ સહકાર મળ્યો હતો. મારૂં માનવું છે કે, કોઈ પણ વિષયનો અભ્યાસ કરો પણ તેમાં ૧૦૦ ટકા યોગદાન આપીને મહેનત કરો તો સફળતા મળે છે. ગુજરાત સરકારમાં નોકરી કરવી છે એટલે જીપીએસસીની પરિક્ષાની તૈયારી કરી રહ્યો છું. પિતા કોન્ટ્રાક્ટર છે અને માતા ગૃહિણી છે.

### ખેડૂતની દીકરીએ કોચિંગ ક્લાસ વગર પાંચ ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યા

સૌથી મોટી કોમર્સ ફેકલ્ટીમાં એમકોમમાં પાંચ ગોલ્ડમેડલ મેળવનાર પ્રવિણા ધીરૂભાઈ સિસારા મહુઆ નજીકના નાનકડા ગામની રહેવાસી છે અને તેના પિતા ખેડૂત છે. તેણે કહ્યું હતું કે, મારી સ્કૂલના શિક્ષકે મને એમ.એસ.યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા માટે સૂચન કર્યું હતું. મેં બીકોમ પણ અહીંથી જ કર્યું છે. બીકોમ અને એમકોમમાં મેં કોચિંગ ક્લાસ કર્યા નહોતા. હું તમામ લેક્ચર નિયમિત રીતે એટેન્ડ કરતી હતી. અધ્યાપકો તરફથી તમામ પ્રકારનું માર્ગદર્શન મળતું હતું અને મેં પણ અભ્યાસમાં મહેનત કરી હતી. હું આગળ પીએચડી કરવા માગું છે. આર્ટસ ફેકલ્ટીના ગુજરાતી વિભાગમાં એમએની ડિગ્રી સાથે ચાર ગોલ્ડમેડલ પ્રાપ્ત કરનાર હિરેન મૂળે અમરેલીનો છે અને તેના પિતા હીરા ઘસે છે. તેણે કહ્યું હતું કે, પહેલા તો મેં એમ.એસ.યુનિવર્સિટીની ટેક્નોલોજી ફેકલ્ટીમાં ટેક્સટાઈલ એન્જિનિયરિંગમાં પ્રવેશ લીધો હતો. જોકે મારો પહેલો પ્રેમ ગુજરાતી ભાષા હતી. દોઢ વર્ષ પછી મેં એન્જિનિયરિંનો અભ્યાસ છોડીને ગુજરાતી વિષયમાં બીએ કરવા માટે આર્ટસમાં પ્રવેશ લીધો હતો. તે વખતે માતા પિતાને ચિંતા થોડી ચિંતા પણ થઈ હતી. જોકે બીએ બાદ હવે એમએનો અભ્યાસ પૂરો થયા બાદ હું અત્યારે પીએચડી કરી રહ્યો છું. મારી બે નવલકથા પણ પ્રકાશિત થઈ ચૂકી છે. ટૂંકી વાર્તાઓનો સંગ્રહ આગામી વર્ષે પ્રકાશિત થશે. ભવિષ્યમાં અધ્યાપક બનવા માગુ છું. ગુજરાતી ભાષા પર ગ્લોબલાઈઝેશનની અસર દેખાઈ રહી છે.મેડિકલની વિદ્યાર્થિની પ્રાંજલ રાજપૂતને ૬ ગોલ્ડમેડલ એનાયત થયા હતા. મૂળે નડિયાદની વિદ્યાર્થિનીએ કહ્યું હતું કે, મેં મહેનત કરી હતી પણ ગોલ્ડમેડલની આશા નહોતી રાખી. મહેનત કરવાથી સારૂ ફળ મળે જ છે તેવું મારૂં માનવું છે. પ્રાંજલના પિતા નડિયાદમાં પરચૂરણ કામ કરે છે. તેની બહેન એમટેકનો અભ્યાસ કરી રહી છે. ટેક્નોલોજી ફેકલ્ટીના મેટલર્જી વિભાગના બીઈના વિદ્યાર્થી વિનાયક જોષીને પાંચ ગોલ્ડમેડલ મળ્યા છે. તેણે કહ્યું હતું કે, હું પહેલા સેમેસ્ટરથી પહેલી રેન્ક મેળવતો આવ્યો છું. જોકે મારૂં ધ્યેય ગોલ્ડમેડલ મેળવવાનું નહોતું. ટેક્નોલોજી ફેકલ્ટીમાં અભ્યાસનો અનુભવ ઘણો સારો રહ્યો છે.

# દીકરીઓ હવે એટલી આગળ નીકળી ગઈ છે કે છોકરાઓની ચિંતા થાય છે : રાજ્યપાલ આચાર્યદેવવ્રત

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૮

ઉચ્ચ શિક્ષણમાં છોકરાઓની સરખામણીએ છોકરીઓની વધી રહેલી બોલબાલાની નોંધ આજે એમ.એસ.યુનિવર્સિટીના ૭૪મા પદવીદાન સમારોહમાં પણ લેવાઈ હતી. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પોતાના દીક્ષાંત પ્રવચનમાં કહ્યું હતું કે, ૧૦૦માંથી ૮૦ ગોલ્ડ મેડલ છોકરીઓ લઈ જાય છે અને છોકરાઓ તાળીઓ પાડે છે. સરકારનું દીકરીઓ આગળ વધે તે માટેનું અભિયાન સફળ થયું છે. ઉલટાનું હવે છોકરાઓ પાછળ રહી ગયા છે તે ચિંતાનો વિષય છે. છોકરાઓ અને છોકરીઓ વચ્ચે શિક્ષણમાં અંતર વધી રહ્યું છે. તેમણે વિદ્યાર્થીઓને સંદેશ આપતા કહ્યું હતું કે, જીવનમાં કશું પણ બની જાઓ પરંતુ માણસ બનવાનું ભુલતા નહીં અને માણસાઈ છોડતા નહીં. અધિકારોની સાથે સાથે કર્તવ્યનું પાલન કરવાનો ભાવ પેદા કરવો જરૂરી છે. અહીંથી સ્નાતક થયેલા વિદ્યાર્થીઓ પાસે સમાજની અપેક્ષા છે કે, તેઓ પોતાને મળેલી વિદ્યા સમાજના જરૂરિયાતમંદોમાં પણ વહેંચે. શિક્ષણ મંત્રી ડો.પ્રદ્યુમન વાજાએ કહ્યું હતું કે, પદવી મેળવ્યા બાદ વિદ્યાર્થીઓની જવાબદારી વ્યક્તિગત વિકાસની સાથે રાષ્ટ્ર નિર્માણ અને સમાજ કલ્યાણના કામમાં યોગદાન આપવાની પણ છે. ચાન્સેલર શુભાંગિની રાજેએ કહ્યું હતું કે, યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પોતાના ચારિત્ર્ય અને સંસ્કાર થકી યુનિવર્સિટીને અને દેશને ગૌરવ અપાવશે તેવી અપેક્ષા છે.

# SIRના વિશેષ ચૂંટણી અધિકારી તરીકે વડોદરા મ્યુનિ. કમિશનર અરૂણ બાબુની નિમણૂક

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૮

સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રોગ્રામ માટે ખાસ/અતિરિક્ત જિલ્લા ચૂંટણી અધિકારીઓ (DEO)ની નિમણૂકમાં વડોદરાના મ્યુનિસિપલ કમિશનર અરૂણ મહેશ બાબુને સ્થાન આપવામાં આવ્યું છે.

દેશના ચૂંટણી કમિશનરે મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા માટેના કાર્યક્રમની સૂચના આપી છે. તા.૦૧.૦૧.૨૦૨૬, બંધારણની કલમ ૩૨૪, લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની કલમ ૨૧ અને અન્ય લાગુ જોગવાઈઓ હેઠળ લાયકાતની તારીખ તરીકે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન દરમિયાન, ગણતરીના ફોર્મ મતદારોને વિતરિત કરવાના હોય છે, મતદારો પાસેથી મળેલા ફોર્મની ચકાસણી કરવાની હોય છે અને ચકાસણી પછી તેને અપલોડ કરવાની હોય છે. મતદારો પાસેથી મળેલા દસ્તાવેજો પણ ચકાસવા અને અપલોડ કરવાના છે. કાર્યની દેખરેખ અને અમલ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. જેમાં મ્યુનિસિપલ કોર્પોરેશનોના મ્યુનિસિપલ કમિશનરોની ભાગીદારી અને અસરકારક ભૂમિકા અનિવાર્ય છે. તે જોતાં, વડોદરા મ્યુનિસિપલ કમિશનર અરૂણ મહેશ બાબુની તેમના સંબંધિત મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારોમાં વિશેષ/અતિરિક્ત જિલ્લા ચૂંટણી અધિકારીઓ તરીકે નિમણુક કરવામાં આવી છે.

# આમોદ નજીક માતર ગામે અકસ્માતમાં બે મજૂરોનું ઘટનાસ્થળે મોત, અનેક ઈજાગ્રસ્ત

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૮

આમોદ તાલુકાના માતર ગામે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર આજે સવારના સમયે કરૂણ અકસ્માત સર્જાયો હતો. વડોદરા તરફથી ભરૂચ તરફ આવતા ટ્રેલર રોડ સાઈડ પર રેલીનું કામ કરતા ટ્રેક્ટરને જોરદાર ટક્કર મારતા ટ્રેક્ટર બે ભાગમાં વિખૂટી ગયું હતું.આ અકસ્માતમાં રેલીનું કામ કરતા બે મજૂરોનું ઘટના સ્થળે જ દુર્ભાગ્યપૂર્ણ મોત થયું છે, જ્યારે બે કરતા વધુ લોકોને ગંભીર ઈજા પહોંચી છે. અકસ્માત બાદ ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી અને ઈજાગ્રસ્તોને સારવાર માટે નજીકની હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા.

### પત્રકારોને રાષ્ટ્રદ્રોહી વિધર્મી પત્રકારો ગણાવતી પોસ્ટ વાયરલ કરતા પત્રકારોમાં ભારે રોષ

# તારાપુરમાં પત્રકારો વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી સાથેની પોસ્ટ કરનાર વિરુદ્ધ પગલાં ભરવાની માંગ સાથે આવેદનપત્ર

### ભાજપના પૂર્વ તાલુકા પ્રમુખે હોટલમાં સબ્જીનાં અફઘાની અને લાહોરી નામ સામે વાંધો ઉઠાવ્યો હતો

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૮

આણંદના તારાપુરમાં ભાજપના પૂર્વ તાલુકા પ્રમુખ દ્વારા સોશ્યલ મીડિયામાં પત્રકારોને રાષ્ટ્ર દ્રોહી વિધર્મી પત્રકારો કહેતી પોસ્ટ વાયરલ કરવામાં આવતા જેના વિરોધમાં આજે પત્રકારોએ તારાપુર ખાતે મામલતદારને આવેદન પત્ર આવી અયોગ્ય પોસ્ટ કરનાર વિરુદ્ધ પગલા ભરવાની માંગ કરી હતી.

મળતી વિગતો અનુસાર તારાપુર તાલુકાના ભાજપનાં પૂર્વ પ્રમુખ પ્રવિણસિંહ વાઘેલા (રહે. ચાંગડા) અને તેમના અન્ય મિત્રો મંગળવારે તારાપુર હાઈવે સ્થિત હોટલમાં જમવા ગયા હતા. જ્યાં હોટલના બોર્ડ પર હોટલનાં મેનુની વાનગીઓનાં નામ લખ્યા હતા. જેમાં પનીર લાહોરી અને વેજ અફઘાની નામ જોતાં જ તેમણે પિત્તો ગુમાવ્યો હતો. તેમણે ગમે તેમ અપશબ્દ બોલી ત્યાં હાજર રહેલા કેશ કાઉન્ટર



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

પરના વ્યક્તિ સાથે માથાકૂટ કરી હતી. મને તો નામ સામે જ વાંધો છે. નોર્મલ વ્યક્તિઓને અફઘાનિસ્તાન શું લેવાદેવા તેમ કહી જીભાજોડી કરી હતી. જોકે, મામલો ગરમાયો હતો અને ગમે તેમ વર્તન કરતા જ લોકોના ટોળાં એકઠાં થઈ ગયા હતા અને ત્યારબાદ સમગ્ર ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતા અને મિડીયામાં પણ આ ઘટનાનાં સમાચારો પ્રકાશિત થતા ભાજપનાં પૂર્વ તાલુકા પ્રમુખ પ્રવિણસિંહએ સોશ્યલ મિડીયામાં રાષ્ટ્રદ્રોહી અને વિધર્મી પત્રકારોનું કાવતરૂ ટીપ્પણી કરતી પોસ્ટ વાયરલ કરી હતી જે કે ઉપરી અધિકારીઓનું દબાણ આવતા જ પ્રવિણસિંહએ આ પોસ્ટ પોતાનાં સોશ્યલ મીડિયા એકાઉન્ટ પરથી ડિલીટ કરી દીધી હતી. ભાજપના પૂર્વ તાલુકા પ્રમુખ પ્રવિણસિંહએ સોશ્યલ મીડિયામાં આ સમાચારના કટીંગ સાથે ખોટા સમાચાર અને રાષ્ટ્રદ્રોહી વિધર્મી પત્રકારોનું કાવત્રુ ટિપ્પણી કરતી પોસ્ટ વાયરલ કરી હતી, ભાજપના પૂર્વ તાલુકા પ્રમુખ દ્વારા કરાયેલી આ પોસ્ટના વિરોધમાં આજે વિવિધ ઇલેક્ટ્રોનિક્સ અને પ્રિન્ટ મીડિયાના પત્રકારોએ તારાપુર ખાતે મામલતદારને આવેદનપત્ર આપી પત્રકારોને રાષ્ટ્રદ્રોહી દર્શાવતી પોસ્ટ કરનાર ભાજપના પૂર્વ તાલુકા પ્રમુખ વિરુદ્ધ કાર્યવાહી કરવાની માંગ કરી હતી. આણંદ પ્રેસ કલબનાં પ્રમુખ ઘનશ્યામ પટેલનાં નેતૃત્વમાં વિવિધ ઈલેક્ટ્રોનિક્સ, પ્રીન્ટ અને સોશિયલ મીડિયા માધ્યમોનાં પ્રતિનિધીઓ અને પત્રકારોએ મામલતદાર કચેરી ખાતે જઈને મામલતદાર જે.જે. તળપદાને આવેદનપત્ર આપ્યું હતું,અને પત્રકારોને રાષ્ટ્રદ્રોહી ગણાવતી વાંધાજનક પોષ્ટ કરનાર પ્રવિણસિંહ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની પણ માંગ કરી હતી.

### સરકારનું પેકેજ નમક અને ચટણી બરાબર : અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ

# દેવા માફીની માંગ પર અડગ : સોમનાથથી શરૂ થયેલી કોંગ્રેસની કિસાન આક્રોશ યાત્રા અમરેલી પહોંચી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

ગુજરાતમાં માવઠાથી જગતના તાતને થયેલા નુકસાનના સર્વે બાદ ગઈકાલે રાજ્ય સરકારે પ્રભાવિત ખેડૂતો માટે રૂ. ૧૦,૦૦૦ કરોડનું પેકેજ જાહેર કર્યું છે. જોકે, દેવા માફીની માંગ પર કોંગ્રેસ અડગ છે. સોમનાથથી શરૂ થયેલી કોંગ્રેસની આ કિસાન આક્રોશ યાત્રા આજે અમરેલી પહોંચી હતી. છેલ્લા ૬ દિવસથી ચાલી રહેલું ખેતી બચાવો, સત્યાગ્રહ આંદોલન આજે



કોઈ મર્યાદા ન હોવી જોઈએ. જેને જેટલું નુકસાન એટલું વળતર મળવું જોઈએ. અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દૂધાત જણાવ્યું કે, ખેડૂતોના દેવા માફ કરો બાકી બધુ બંધ કરો. ગઈકાલે ભાજપની સરકારે ખેડૂતોની મશ્કરી કરતું પેકેજ આપ્યું. જેમાં ખેડૂતોને પ્રતિ વિઘે ૩૫૦૦ રૂપિયા જ મળે એમ છે. ખેડૂતોને શિંગના બિયારણ કે મજૂરીના પૈસા નથી મળ્યા. આ પેકેજ નમક અને ચટણી બરાબર છે. ખેડૂતોના દેવા માફ થાય એ

### જેને જેટલું નુકસાન એટલું વળતર મળવું જોઈએ : શક્તિસિંહ ગોહિલ

વેગવંતુ બન્યું હતું. જેમાં શક્તિસિંહ ગોહિલ સહિત કોંગ્રેસના નેતાઓએ ખેડૂતોના વિવિધ મુદ્દે સરકારને ઘેરવાનો પ્રયત્ન કર્યો હતો.

અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ શહેરના રાજકમલ ચોકમાં ધરણા યોજાયા છે. કોંગ્રેસની મુખ્ય માંગ ખેડૂતોના પાક નુકસાન અંગે દેવા માફ કરવાની છે. અહીં સભા યોજયા બાદ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પરેશ ધાનાણી, પ્રતાપ દૂધાત, લલિત વસોયા અને પાલ આંબલિયા સહિતના કોંગ્રેસના નેતાઓ સાથે રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલ પણ જોડાયા હતા.

શક્તિસિંહ ગોહિલે જણાવ્યું કે, જીવ સૌથી વ્હાલો હોય છે. જે ખેડૂતોએ આત્મહત્યા કરી એમના પરિવારને સરકાર ૨૫ લાખ રુપિયા આપે અને પરિવારમાંથી એક વ્યક્તિને સરકારી નોકરી આપે એવી અમારી માંગ છે.

શક્તિસિંહ ગોહિલે જણાવ્યું કે, કમોસમી વરસાદના કારણે ખેડૂતો બરબાદ થઈ ગયા, એમને આત્મહત્યા કરવાનો વારો આવ્યો. વિપક્ષ અને મીડિયાએ લગાતાર માંગ કરતાં ગઈકાલે સરકાર જાગી. જો પાક વિમા યોજના હોત તો ખેડૂતોને સહાયની માંગ કરવી જ ન પડી હોત. શક્તિસિંહ ગોહિલે વધુમાં કહ્યું કે, ઓગષ્ટ ૨૦૨૦થી ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારે ગુજરાતના ખેડૂતો માટે વિમો બંધ કરી દીધો એના કારણે ખેડૂતો બરબાદ થઈ ગયા છે. બે હેક્ટરની માંગ સાથે આવનાર સમયમાં ગામેગામ યાત્રાનું આયોજન કરીશું.

અમારે ભાજપની જેમ રાજકારણ નથી કરવું, અમારે રાજધર્મ નિભાવવાનો છે. જેમ પાયલબેનને ન્યાય અપાવ્યો એ રીતે અમે ગામેગામ ફરીને ખેડૂતોને મળીને એમને ન્યાય અપાવીને જ રહીશું. ખેડૂતોના દેવા સરકારે માફ કરવા જ પડશે. અન્ય રાજ્યની સરકાર જો ખેડૂતોના દેવા માફ કરી શકે તો ગુજરાતની સરકાર કેમ દેવા માફ ન કરી શકે.

### AMC દ્વારા લેવાયેલા વોટર સેમ્પલમાં

# અમદાવાદના કુલ ૨૯ વિસ્તારોનું પાણી પીવા માટે અયોગ્ય અને દૂષિત

### મ્યુનિસિપલ કમિશનરે મેડિકલ ઓફિસરને ખખડાવ્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

અમદાવાદમાં સતત વધી રહેલા પાણીજન્ય અને મચ્છરજન્ય રોગના કેસને લઈ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ ઈન્ચાર્જ મેડીકલ ઓફિસરને ગુરૂવારે અધિકારીઓ સાથેની બેઠકમાં ખખડાવી નાંખ્યા હતા. કમિશનરે કહ્યું, તમે ઓછા કેસ બતાવીને રોગચાળો કાબુમાં છે એમ બતાવવાની કોશીશ ના કરતા. આમ કરવાથી તમે પોતે ખોટા સાબિત થશો. શહેરમાં આવેલા ખાનગી પ્રેકટિસનર ઉપરાંત હોસ્પિટલોમાંથી પણ મચ્છર અને પાણીજન્ય રોગના ક્યાં-કેટલા દર્દી નોંધાય છે એ વિગતો જાહેર કરવાનુ રાખજો. ચોમાસુ પુરૂ થયા પછી કમળા અને કોલેરા માટેના ૨૭ હાઈરીસ્ક એરીયા હેલ્થ વિભાગ તરફથી જાહેર કરાયા છે.

અમદાવાદમાં આ વર્ષે ચોમાસાનો સમય દિવાળી પછી પણ લંબાયેલો જોવા મળ્યો હતો. શહેરીજનો શરદી, ખાંસી, તાવ ઉપરાંત વાઈરલ ફિવર જેવા રોગથી મોટી સંખ્યામાં બીમાર પડી રહ્યા છે. આ જ સ્થિતિ પાણીજન્ય રોગમાં પણ જોવા મળી રહી છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના નિયમ મુજબ પાણીના સેમ્પલ ૯૫% સુધી ફીટ આવે તો તેને પીવાયોગ્ય ગણાય છે.

મ્યુનિ.કમિશનરે ઈન્ચાર્જ મેડીકલ ઓફિસર ભાવિન સોલંકી પાસે પાણીના સેમ્પલ પૈકી કેટલા સેમ્પલમાં કલોરીન નીલ આવ્યુ અને કેટલા સેમ્પલ અનફીટ થયા એ વિગત માંગતા મેડીકલ ઓફિસરની સ્થિતિ કફોડી બની હતી. કેમકે અત્યાર સુધી તેઓ વીકલી રિવ્યૂ બેઠકમાં પાણીજન્ય રોગના કેસ વધવા મામલે ઈજનેર વિભાગ ઉપર ઠીકરૂ ફોડતા હતા. તેમણે જ આપેલી વિગત મુજબ વર્ષ-૨૦૨૫માં અત્યારસુધીમાં કુલ ૫.૨૨ લાખ સેમ્પલ હેલ્થ વિભાગે લીધા હતા. આ પૈકી ૭૫૧ એટલે કે ૦.૧૪% સેમ્પલમાં કલોરીન જોવા મળ્યુ નહોતુ. પાણીના સેમ્પલ અનફીટ છે કે કેમ તે તપાસવા આ વર્ષમાં અત્યાર સુધીમાં કુલ ૬૬,૮૫૩ પાણીના સેમ્પલના ટેસ્ટ કરાતા ૫૯૮ એટલે કે માત્ર૦.૯૨% પાણીના સેમ્પલ અનફીટ જાહેર કરાયા છે. જે વિસ્તાર પાણીજન્ય રોગના કેસ માટે હાઈરિસ્ક શ્રેણીમાં મુકાયા છે તે તમામ એરીયામાં હેલ્થ અને ઈજનેર વિભાગને પાણી અને ડ્રેનેજની લાઈનના લીકેજીસ શોધી સમારકામ કરવા માટે મ્યુનિ.કમિશનરે કડક તાકીદ કરી હતી.

### ચાંગોદરમાં પોતાનું સલૂન શરૂ કરનાર કારીગરની પૂર્વશેઠે અદાવત રાખી હત્યા કરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

અમદાવાદ જિલ્લાના ચાંગોદરના મોરૈયા ગામમાં ગરૂવાર મોડી સાંજે ખેલાયેલા ખુની ખેલમાં પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે. હેર સલુનની દુકાનમાં કામ કરતા યુવકે પોતાની નવી દુકાન ચાલુ કરતા અદાવત રાખી હત્યા કરવામાં આવી છે. મહત્વનું છે કે પોલીસે આરોપી હત્યાના કાવતરા સાથે જ મૃતકને મળવા આવ્યો હોવાનું સામે આવ્યું છે.

ચાંગોદર પોલીસની ક્સ્ટડીમાં રહેલા આરોપીનું નામ બંસીલાલ મહેરા છે. જેને એક દિવસ પહેલા હત્યાને અંજામ આપ્યો હતો. ચાંગોદરના મોરૈયા ગામમાં આવેલા મંગલમ શોપીંગ સેન્ટરના ત્રીજા માળે અમરનાથ નાઈ નામના યુવકની હત્યા કરવામાં આવી હતી. ચાંગોદર પોલીસને આ અંગે માહિતી મળતા પોલીસ ઘટનાસ્થળ પર પહોંચી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે મૃતક યુવક અમરનાથ નાઈ મુળ ઉત્તરપ્રદેશનો રહેવાસી હતો અને છેલ્લા કેટલાક સમયથી તેના ભાણેજ સાથે મોરૈયા ગામમાં જ હેર સલુનમાં કામ કરતો હતો. પરંતુ હેર સલુનની પોતાની દુકાન ચાલુ કરતા અદાવત રાખી બંસીલાલે હત્યા નિપજાવી હતી.

હત્યાને લઈને પોલીસે બનાવ સ્થળની આસપાસના સીસીટીવી ફુટેજ તપાસ્યા હતા. જેમાં ચંદ્રભાન ૧૧ વાગ્યાની આસપાસ અમરનાથ નાઈ અને જ્યાં તે નોકરી કરતો હતો તે સાવરિયા હેર સલુનની દુકાનના માલિક રમેશ તેલીનો ભાણીયો બંસીલાલ મહેરા બંને મંગલમ શોપીંગ સેન્ટરમાં પ્રવેશતા જોવા મળે છે. બાદમાં આશરે ૧૧.૧૫ વાગ્યાની આસપાસ બંસીલાલ મહેરા એકલો મંગલમ શોપીંગ સેન્ટરમાંથી દોડીને બહાર જતો જોવા મળે છે. જેના આધારે પોલીસે તેની ધરપકડ કરી પુછપરછ કરતા મૃતકે પોતાની દુકાન કરી હોવાથી હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. અગાઉ પણ બંસીલાલ મહેરાએ અમરનાથને અલગ અલગ દુકાન કરવા બાબતે જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે અને હત્યાના ઈરાદે આવેલા આરોપીએ મૃતકે ફોન મુક્યા બાદ તરત તેની હત્યા નીપજાવી હતી. સાથે જ આરોપી રાજસ્થાન ભાગી જાય તે પહેલા પોલીસે તેની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

### જામનગર સેશન્સ કોર્ટનો ચુકાદો : સંતાનોની હત્યાના કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલી મહિલાને હાઈકોર્ટથી ૧૧ વર્ષ બાદ રેગ્યુલર જામીન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

જામનગરની સેશન્સ કોર્ટે વર્ષ ૨૦૧૮માં એક પરિણીત મહિલા અને તેના પ્રેમી પુરૂષને પોતાના સંતાનોની હત્યા માટે આજીવન કેદની સજા ફટકારી હતી. હવે આ કેસમાં મહિલા આરોપીને ૧૧ વર્ષ બાદ હાઈકોર્ટ દ્વારા રેગ્યુલર જામીન મંજૂર થતાં તેને જેલમાંથી મુક્તિ મળશે.

કેસના વિગતો મુજબ પરિણીત મહિલા આરોપીને ૫ વર્ષ અને ૨ વર્ષના એમ બે પુત્રો હતા. દરમિયાન તે અન્ય એક પરિણીત પુરૂષ સાથે પ્રેમમાં પડી ગઈ હતી. મહિલાના પ્રેમીએ તેને પોતાના બંને બાળકો સાથે રાજકોટ આવી રહેવા કહ્યું હતું પરંતુ સંતાનો સાથે રહેવામાં અડચણ થતી હોવાથી બંનેએ બાળકોની મારવાનું કાવતરૂ ઘડ્યું હતું. બાધલા ગામના વાડી વિસ્તારમાં આવેલા એક કુવામાં બંનેએ મળીને મહિલાના બે પુત્રોને નાખી મારી નાખ્યા હતા. બાળકોના પિતાએ આ અંગે વર્ષ ૨૦૧૪માં લાલપુર પોલીસ મથકે ગુનો નોંધાવ્યો હતો. કેસ જામનગર સેશન્સ કોર્ટમાં ચાલ્યો હતો, જેમાં કુલ ૩૧ સાક્ષીઓ અને ૨૨ પુરાવા રજૂ થયા બાદ કોર્ટએ બંને આરોપીઓને દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી. પોલીસે બનાવની જગ્યાએથી મળેલા બીડીના ઠુંઠા તપાસ માટે કબ્જીમાં મોકલ્યા હતા. તપાસમાં એ ઠુંઠા પર મળેલી લાળ સહ આરોપી રમેશની હોવાનું સાબિત થયું હતું. રમેશ મહિલા આરોપીનો અગાઉનો પાડોશી હતો. મહિલાએ પોતાના પતિને લોનનો હપ્તો ભરવા જવાનું કહીને બે બાળકો સાથે ઘરેથી નીકળી હતી, પરંતુ ત્યારબાદ તેઓ પાછા ફર્યા નહોતા.

આરોપી દંપતી પોતાના ઓળખીતાઓ અને સગાઓ સમક્ષ એકબીજાને "ભાઈ-બહેન" તરીકે ઓળખાવતા હતા. પરંતુ ઘટનાના થોડા સમય પહેલાં પુરૂષ આરોપીએ પોતાના સગાને કહ્યું હતું કે, મહિલા ગર્ભવતી છે. પુરૂષ આરોપી અગાઉ પરિણીત હતો અને પોતાની પહેલી પત્ની પાસેથી છૂટાછેડા લીધેલા હતા. જામનગર સેશન્સ કોર્ટે પુરાવા અને સાક્ષીઓને સુસંગત માનીને વર્ષ ૨૦૧૮માં બંનેને આજીવન કેદની સજા ફટકારી હતી. મહિલા આરોપીએ તે જ વર્ષે હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી હતી. હવે લગભગ ૧૧ વર્ષ બાદ હાઈકોર્ટે તેની રેગ્યુલર જામીન અરજી મંજૂર કરી છે, જેના આધારે તેને જેલમાંથી મુક્તિ મળશે.

### પંચાયતોને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવા સરકારનું કડક વલણ

# રાજ્યની પંચાયતોના કોઈપણ હોદ્દેદાર સામે ભ્રષ્ટાચારનો આરોપ સિદ્ધ થશે તો સીધા ઘરભેગા કરાશે

### ભ્રષ્ટાચારની તપાસ અને પગલાં લેવાની સંપૂર્ણ સત્તા DDO અને ઉપરી અધિકારીને સોંપાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

ગુજરાતમાં પંચાયતોને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવા માટે સરકારે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. પંચાયતી રાજમાં ચૂંટાયેલા હોદ્દેદારો દ્વારા થતા ભ્રષ્ટાચારને ડામવા માટે રાજ્ય સરકારે એક નવું રાજપત્ર જાહેર કર્યું છે. જે અંતર્ગત અધિકારીઓને અભૂતપૂર્વ સત્તાઓ આપવામાં આવી છે. નવી જોગવાઈ અનુસાર, હવેથી ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયતના પ્રમુખ સહિતના કોઈપણ હોદ્દેદાર સામે ભ્રષ્ટાચારનો આરોપ સિદ્ધ થશે, તો જિલ્લા વિકાસ અધિકારી (DDO) તેમને તાત્કાલિક અસરથી 'ઘરભેગા' કરી શકશે, એટલે કે પદ પરથી હટાવી શકશે. ઉલ્લેખનીય છે કે, ભ્રષ્ટાચારની તપાસ અને પગલાં લેવાની સંપૂર્ણ સત્તા DDO અને તેમનાથી ઉપરના અધિકારીઓને સોંપવામાં આવી છે. આનાથી તાલુકા અને જિલ્લા પંચાયતના પ્રમુખ જેવા ઉચ્ચ હોદ્દા પર બેઠેલા પ્રતિનિધિઓ સામે પણ નિષ્પક્ષ તપાસ કરી કડક કાર્યવાહી કરી શકાશે. આ નિર્ણયની સૌથી મોટી અસર એ થશે કે હવે ભ્રષ્ટાચારની ફરિયાદ કરવા માટે જટિલ પ્રક્રિયાની જરૂર રહેશે નહીં. અધિકારીઓ માત્ર સાદી અરજી કે પછી મળેલી મૌખિક બાતમીના આધારે પણ ભ્રષ્ટાચારની તપાસ શરૂ કરી શકશે. પંચાયતી રાજના ઇતિહાસમાં પ્રથમ વખત ચૂંટાયેલા હોદ્દેદારો સામે કાર્યવાહી કરવાની સીધી સત્તા અધિકારીઓને આપતું આ રાજપત્ર ભ્રષ્ટાચાર વિરૂદ્ધની નીતિ સ્પષ્ટ કરે છે.

### બહુમતીથી સત્તાગ્રહણ કરનાર ભાજપના નગરસેવકો બે જૂથમાં વહેંચાઈ આમને-સામને

# પાટણ નગરપાલિકા પ્રમુખે પક્ષના છ કોર્પોરેટરો વિકાસના કામોમાં રોડા નાખતા હોવાનો આક્ષેપ કરી પગલાં ભરવા મુખ્યમંત્રીને રજૂઆત કરી



### ન.પા. પ્રમુખે માનસિક સમતુલન ગુમાવી દીધુ હોય તેમ ભ્રષ્ટાચાર તથા વહીવટી નિષ્ફળતા છુપાવવા અમારા પર આક્ષેપો કરી રહ્યા છે : ભાજપના કોર્પોરેટરો

(સંવાદદાતા દ્વારા)

પાટણ,તા.૮

પાટણ નગરપાલિકાની તાજેતરમાં મળેલી સામાન્ય સભામાં સત્તાધારી ભાજપ પક્ષના જ બહુમતી નગરસેવકોએ ભ્રષ્ટાચારના આક્ષેપો કરી પાલિકા પ્રમુખ દ્વારા મુકવામાં આવેલા એજન્ડા ઉપરના કામો વિપક્ષ કોંગ્રેસનો સાથ લઈ બહુમતીના જોરે નામંજૂર કરાવતા છેલ્લા કેટલાય સમયથી શાસક પક્ષના નગરસેવક (કોર્પોરેટરો)માં ઉકળતો ચરૂ ઉભરાયો હતો અને બહુમતીથી સત્તાગ્રહણ કરનાર ભાજપના નગરસેવકો બે જૂથમાં વહેંચાઈ આમને-સામને આવી ગયા છે ત્યારે આજે નગરપાલિકાના મહિલા પ્રમુખ હિરલબેન પરમારે પક્ષના છ કોર્પોરેટરો વિકાસના કામોમાં રોડા નાખતા હોવાનો આક્ષેપ કરી નામજોગ તેમની સામે પગલાં ભરવા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખી ઈ-મેલ કર્યો છે. તો સામાપક્ષે પ્રમુખ સામે બગાવત પર ઉતરેલા ભાજપના જ કોર્પોરેટરોએ પ્રેસ કોન્ફરન્સ બોલાવી પાલિકા પ્રમુખ હિરલબેન પરમારે કરેલા આક્ષેપોને વખોડી અને ભાજપના વફાદાર સૈનિકો હોવાનું જણાવી તેઓએ આચરેલ ભ્રષ્ટાચારને કારણે આગામી ચૂંટણીમાં હાર દેખાતી હોય પોતાનો ભ્રષ્ટાચાર છુપાવવા અમારા પર દોષારોપણ કરી રહ્યાનો આક્ષેપ કર્યો હતો. શિસ્તબદ્ધ ગણાતી ભાજપના ચૂંટાયેલા કોર્પોરેટરો વચ્ચેના આક્ષેપ પ્રતિઆક્ષેપોને પગલે પક્ષની પ્રતિભા ખરડાઈ હોવાનો મુદ્દો આજે શહેરમાં ટોક ઓફ ધી ટાઉન બન્યો છે. પાટણ નગરપાલિકાના પ્રમુખ હિરલબેન પરમારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખી ભાજપના ચૂંટાયેલા છ કોર્પોરેટરો શૈલેષભાઈ મોહનભાઈ પટેલ, મનોજ ખોડીદાસ પટેલ, મનોજભાઈ નાગરભાઈ પટેલ, ડૉ. નરેશ દવે, મુકેશભાઈ જેઠાભાઈ પટેલ, બિપીનભાઈને વિકાસ વિરોધી ટોળકી ગણાવી તેઓ વિકાસ કામોમાં રોડા નાખતા હોઈ પગલાં ભરવા માગણી કરી છે અને જણાવ્યું છે કે ગત તા. ૩૦/૧૦/૨૦૨૫ની સામાન્ય સભામાં આ ટોળકીએ કોંગ્રેસના પંચ સભ્યોની મદદ લઈ એજન્ડા ઉપરના વિકાસલક્ષી કામો નામંજૂર કરાવ્યા હતા. જ્યારથી મેં પ્રમુખપદ સંભાળ્યું છે ત્યારથી પક્ષના જ આ ૬ કોર્પોરેટરો હંમેશા કામોને મુલતવી કે નામંજૂર કરે છે. પાલિકા પ્રમુખ દ્વારા કરાયેલ રજૂઆત અને આક્ષેપના વિરૂદ્ધમાં શાસક પક્ષ ભાજપના જ ૧૩ કોર્પોરેટરોએ નગરપાલિકાના સભાખંડમાં પત્રકાર પરિષદ યોજી પ્રમુખ દ્વારા કરાયેલા આક્ષેપોને વખોડી કાઢતાં જણાવ્યું અને વોર્ડ નં. ૧ના કોર્પોરેટર તથા પાટણ શહેર ભાજપના પૂર્વ પ્રમુખ મનોજ પટેલે જણાવ્યું હતું કે અમે ભાજપના વફાદાર સૈનિકો છીએ. હું ૩૫ વર્ષથી પક્ષ સાથે જોડાયેલો છું. પાટીદાર વિરોધી માનસિકતા ધરાવતા નગરપાલિકાના પ્રમુખ હિરલબેન પરમારે માનસિક સમતુલન પણ ગુમાવી દીધુ હોય તેમ પોતાનો ભ્રષ્ટાચાર તથા વહીવટી નિષ્ફળતા છુપાવવા અમારા પર આક્ષેપો કરી રહ્યા છે. આગામી મહિનાઓમાં જ પાટણ નગરપાલિકાની ચૂંટણી આવી રહી છે. ત્યારે પાલિકા પ્રમુખ અને તેમના ગુરૂ આવનાર પરિણામ જાણી ગયા છે જેને લઈ અમારા પર દોષારોપણ કરી રહ્યા છે. ભૂતકાળમાં આઈકોનિક રોડના વિકાસલક્ષી કામમાં એકમાત્ર પ્રમુખે જ વિરૂદ્ધમાં બેટીંગ કર્યું હતું. પ્રમુખ પોતાનો ભ્રષ્ટાચાર છુપાવવા ગુરૂજીની સૂચના મુજબ લાજવાને બદલે ગાજી રહ્યા છે. નગરપાલિકામાં છેલ્લા ૩૦ વર્ષથી ભાજપનું શાસન છે. પ્રમુખ જતા જતા પક્ષને ડુબાડવાનું કામ કરી રહ્યા છે. જરૂર પડે તેમના ભ્રષ્ટાચારની કલીપો અને તસવીરો સાથે ભાજપના પ્રદેશ અધ્યક્ષને રજૂઆત કરીશું. પાલિકા પ્રમુખ દ્વારા ૬ કોર્પોરેટરો વિરૂદ્ધ મુખ્યમંત્રીને કરાયેલ રજૂઆતના વળતા ઘા રૂપે ૧૩ જેટલા કોર્પોરેટરોએ પણ પાલિકા પ્રમુખ વિરૂદ્ધ મુખ્યમંત્રીને રજૂઆત કરી છે ત્યારે ભાજપના જ બે જૂથ વચ્ચે આક્ષેપ-પ્રતિઆક્ષેપોને લઈ પાટણનું રાજકારણ ગરમાયું છે અને શહેરીજનોમાં આ મુદ્દો ચર્ચાની એરણે ચડ્યો છે.

### ગુલશને મહેર સ્કૂલ ખાતે ડૉ. અલ્લામા ઈકબાલની જન્મતિથિ નિમિત્તે ભવ્ય કાર્યક્રમ યોજાયો







અમદાવાદ,તા.૮

સરખેજ સ્થિત ગુલશને મહેર હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે ઉર્દૂ અને ફારસીના મહાન કવિ, વિચારક અને ફિલસૂફ ડૉ. અલ્લામા ઈકબાલની જન્મતિથિ નિમિત્તે તેમની યાદમાં ભવ્ય જીવણીનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શાળાના પ્રાથમિક, માધ્યમિક તથા હાયર સેકન્ડરી વિભાગના અંગ્રેજી અને ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ડૉ. અલ્લામા ઈકબાલના જીવન અને વિચારો પર વક્તવ્ય, કવિતાઓ, નઝમ તથા ગઝલો દ્વારા સુંદર રજૂઆતો કરી હતી. કાર્યક્રમ દરમ્યાન શાળાના શિક્ષક મંડળ, હાયર સેકન્ડરીના સુપરવાઈઝર તથા પ્રાથમિક વિભાગના આચાર્યએ પણ વિદ્યાર્થીઓને ડૉ. અલ્લામા ઈકબાલના જીવનચરિત્ર તથા તેમના પ્રેરણાદાયક ઉત્તમ સંદેશાઓ જીવનમાં કઈ રીતે ઉપયોગ કરી શકાય તે વિશે કાવ્ય દ્વારા વિગતવાર રજૂઆત આપી હતી. આ દિવસને વિશેષરૂપે 'યૌમ-એ-ઉર્દૂ' તરીકે પણ ઉજવવામાં આવ્યો હતો. આ અવસરે શાળાના મેનેજિંગ ટ્રસ્ટી ડો. પ્રો. ચાંદબીબી શેખ, સહ સંચાલક સૈયદ ઝેદ, તથા કોર્ડિનેટર સૈયદ ઈરફાનાબેન એ આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ તમામ શિક્ષકભાઈઓ તથા બહેનો પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો. શાળાના આચાર્ય હારૂનભાઈ ધાનાણીએ પણ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આવો કાર્યક્રમ વિદ્યાર્થીઓમાં ઉર્દૂ ભાષા પ્રત્યેનો પ્રેમ અને સાહિત્ય પ્રત્યેની રસજાગૃતિ વધારવામાં મદદરૂપ થાય છે. તેમ એક અખબારી યાદીમાં શાળાના આચાર્યએ જણાવ્યું છે.

### અણધારી આફતમાં ખેડૂતોને ફરી બેઠા કરવા

# મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ ઐતિહાસિક રૂા.૧૦ હજાર કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર દ્વારા ઐતિહાસિક કૃષિ રાહત પેકેજ જાહેર કર્યા બાદ કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના નાંદોલ તેમજ ગાંધીનગર તાલુકાના વીરા તલાવડી ગામના ખેડૂતોની મુલાકાતે પહોંચ્યા હતા. કૃષિ મંત્રીએ નાંદોલ ગામના અસરગ્રસ્ત ખેતરોની મુલાકાત લઈ ખેડૂતો સાથે પ્રત્યક્ષ સંવાદ કરીને તેમને સધિયારો આપ્યા હતા. સાથે જ તેમણે આ અણધારી આફતમાં થયેલા પાક નુકસાન સામે અસરગ્રસ્ત તમામ ખેડૂતોને રાજ્ય સરકાર તરફથી સહાય પૂરી પાડવાનો વિશ્વાસ આપ્યા હતા. નાંદોલ અને વીરા તલાવડી ગામના ખેડૂતોએ ધરતીપુત્રોના હિતમાં ઐતિહાસિક રાહત પેકેજ જાહેર કરવા બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકાર અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીનો આભાર વ્યક્ત કરીને રાહત પેકેજના નિર્ણયને આવકાર્યો હતો. આ વેળાએ મંત્રી શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતના ખેડૂતોએ ઈતિહાસમાં આવા સમયે લગાતાર ૧૦થી ૧૫ દિવસ સુધી કમોસમી વરસાદ ક્યારેય જોયો નથી. આ અણધારી આફતના માર સામે ખેડૂતોને ફરી બેઠા કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારે અત્યાર સુધીનું સૌથી મોટું રૂા.૧૦,૦૦૦ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું છે. મંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતના ઇતિહાસમાં લગભગ પહેલીવાર ૧૬,૦૦૦થી વધુ ગામોમાં ગ્રામ પંચાયત કચેરીમાં બેસીને ખેડૂતોએ જે પાક-જીણસ લખાવી, તે જ પ્રકારે પંચ રોજકામ કરીને તેના આધારે સહાય આપવાનો નિર્ણય કર્યો છે. દુઃખની આ ઘડીમાં રાજ્ય સરકારે ખરા અર્થમાં ખેડૂતોને સધિયારો, સહયોગ અને પડખું આપીને તેમના હિતને પ્રાધાન્ય આપ્યું છે. આ પ્રસંગે ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે જણાવ્યું હતું કે, કમોસમી વરસાદમાં ખેડૂતોને ખૂબ નુકસાન થયું છે. આવા સમયે ખેડૂતોની પીડા સમજીને અને તેમના દુઃખમાં સહભાગી થવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારે રાજ્યના ઇતિહાસનું સૌથી મોટું કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું છે. ખેડૂતોની વ્યથા સમજીને અને તેમની ચિંતા કરીને ઉદારતમ રાહત પેકેજ જાહેર કરવા બદલ ધારાસભ્યએ મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળની સરકાર અને કૃષિ મંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. આ મુલાકાત વેળાએ દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ, ગાંધીનગર જિલ્લા પંચાયત, ગાંધીનગર તાલુકા પંચાયત અને દહેગામ તાલુકા પંચાયતના સદસ્યઓ, ગામના સરપંચઓ, વિવિધ આગેવાનઓ સહિત ગ્રામજનોએ ઉપસ્થિત રહીને રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા કૃષિ રાહત પેકેજને આવકાર્યું હતું.

# યુદ્ધના ખંડેર વચ્ચે ગાઝાના બાળકો ભણવાનું ફરીથી શરૂ કરી રહ્યા છે

(એજન્સી) તા.૮

ગાઝાના તબાહ થયેલા હૃદયમાં, જ્યાં ઘરો, હોસ્પિટલો અને શાળાઓ અવિરત સંઘર્ષના ઘા સહન કરે છે, ત્યાં જીવનના ઝાંખા નિશાન ફરી એકવાર ઉભરી રહ્યા છે. બે વર્ષના અવિરત વિનાશ પછી, આ પેલેસ્ટીની પ્રદેશમાં રોજિંદા દિનચર્યાની નાજુક લય ધીમે- ધીમે પુનઃસ્થાપિત થઈ રહી છે અને યુદ્ધના પડછાયામાં લાંબા સમયથી શાંત રહેલા વર્ગખંડો તેમના ભવિષ્યને ફરીથી મેળવવા માટે દૃઢ નિશ્ચયી વિદ્યાર્થીઓની નવી પેઢી માટે તેમના દરવાજા ખોલી રહ્યા છે.



યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા મધ્યસ્થી કરાયેલ યુદ્ધવિરામના ચાર અઠવાડિયા પછી, યુનાઈટેડ નેશન્સ રિલીફ એન્ડ વર્ક્સ એજન્સી (UNRWA) સમગ્ર પ્રદેશમાં શિક્ષણ પુનઃસ્થાપિત કરવાના પ્રયાસોનું નેતૃત્વ કરી રહી છે. ઓક્ટોબર ૨૦૨૩થી, UNRWAની સંભાળ હેઠળના ૩૦૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ ઔપચારિક શાળાકીય શિક્ષણથી વંચિત રહી ગયા છે, કારણ કે એજન્સીની ૯૭ ટકા શાળા ઈમારતોને નુકસાન થયું છે અથવા નાશ પામ્યો છે. જે એક સમયે શિક્ષણ કેન્દ્રો હતા તે વિસ્થાપિત પરિવારો માટે કામચલાઉ આશ્રયસ્થાનો બની ગયા છે, તેમના ગાદલા અને કામચલાઉ પથારી વર્ગખંડો ભરે છે જ્યાં એક સમયે ડેસ્ક હતા.

દેઈર અલ-બલાહથી રિપોર્ટિંગ કરતા, અલ જઝીરાના તારિક અબુ અઝુમે કાટમાળ વચ્ચે બંધિયાર વર્ગખંડોમાં રહેતા પરિવારોના કરૂણ દૃશ્યો કેદ કર્યા, જેમાં બાળકો અભ્યાસ કરવા માટે ઉત્સુક હતા. શાળાએ પરત ફરતી એક યુવાન વિદ્યાર્થી, ઈનામ અલ-મગહારીએ તેના શિક્ષણમાં થયેલા ગંભીર વિક્ષેપનું વર્ણન કર્યું કે "હું અભ્યાસ કરતી હતી, પરંતુ અમે બે વર્ષથી શાળા છોડી દીધી છે. મેં મારા બીજા અને ત્રીજા ધોરણનો અભ્યાસ પૂર્ણ કર્યો નથી, અને હવે હું ચોથા ધોરણમાં છું, પરંતુ મને એવું લાગે છે કે મને કંઈ ખબર નથી. આજે, અમે બેસીને અભ્યાસ કરવા માટે ડેસ્કને બદલે ગાદલા લાવ્યા છીએ."

આ અંધાધૂંધી છતાં, UNRWA આગળ વધી રહ્યું છે. "અમે ગાઝામાં ૬૨,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને કામચલાઉ સલામત શિક્ષણ સ્થળો દ્વારા રૂબરૂ શિક્ષણ આપવા માટે કામ કરી રહ્યા છીએ," UNRWAના સંદેશાવ્યવહાર કાર્યાલયના વડા એનાસ હમદાને જણાવ્યું. "અમે આ પ્રવૃત્તિઓને ગાઝા પટ્ટીમાં ૬૭ આશ્રય શાળાઓમાં વિસ્તૃત કરી રહ્યા છીએ, તેમજ ૩૦૦,૦૦૦ બાળકો માટે ઑનલાઈન શિક્ષણ ચાલુ રાખી રહ્યા છીએ." ગાઝાના લોકોની સ્થિતિસ્થાપકતા વિસ્થાપિત પરિવારો દ્વારા કરવામાં આવેલા બલિદાનમાં સ્પષ્ટ દેખાય છે. ઉમ મહમૂદ, જેમનો પરિવાર આશ્રયસ્થાનમાં વર્ગખંડમાં રહે છે, તેમણે વર્ણવ્યું કે તેઓ તેમના બાળકો માટે અઠવાડિયામાં ત્રણ વખત અભ્યાસ માટે જગ્યા કેવી રીતે ખાલી કરે છે.

# ઇઝરાયેલે દક્ષિણ લેબેનોન પર હુમલાઓ સમાપ્ત કરવાની જાહેરાત કરી

(એજન્સી) તા.૮

ઇઝરાયેલી સૈન્યએ ગુરુવારે જણાવ્યું કે તેણે દક્ષિણ લેબેનોનમાં હિઝબુલ્લાહ લશ્કરી સ્થળો પર હુમલા પૂર્ણ કરી લીધા છે. સંયુક્ત રાષ્ટ્ર શાંતિ રક્ષા દળોની ટીકા બાદ આ હુમલો કરવામાં આવ્યો હતો. ઇઝરાયેલી સૈન્યના જણાવ્યા અનુસાર, આ કાર્યવાહીમાં હિઝબુલ્લાહના ચુનંદા રાદવાન એકમના શસ્ત્રોના ડેપોને નિશાન બનાવવામાં આવ્યા હતા અને સમૂહ પર યુદ્ધવિરામ કરારનું ઉલ્લંઘન કરીને શસ્ત્રોનો ફરીથી સ્ટોક કરવાનો આરોપ મૂક્યો હતો. તેના નિવેદનમાં, સેનાએ જણાવ્યું કે 'શસ્ત્રોના ડેપો નાગરિક વસ્તીવાળા વિસ્તારોમાં બનાવવામાં આવ્યા હતા.' તેણે દેશના દક્ષિણ ભાગમાં પાંચ સ્થળોએ રહેવાસીઓને ચોક્કસ ઈમારતો અને આસપાસના વિસ્તારો ખાલી કરવા પણ માંગ કરી છે.



લેબેનોનના રાષ્ટ્રપતિ જોસેફ અઉને ગુરુવારે દક્ષિણ લેબેનોનમાં ઇઝરાયેલની કાર્યવાહીને 'સંપૂર્ણ ગુનો અને જઘન્ય રાજકીય ગુનો' ગણાવ્યો હતો.






# જેરૂસલેમ નજીક ઇઝરાયેલી સેનાના ગોળીબારમાં બે પેલેસ્ટીની કિશોરોનાં મોત

(એજન્સી) તા.૮

પેલેસ્ટીની આરોગ્ય મંત્રાલયે શુક્રવારે અહેવાલ આપ્યો કે ઇઝરાયેલી દળોએ કબજાવાળા વેસ્ટ બેંકના જેરૂસલેમના ઉત્તરપશ્ચિમમાં આવેલા અલ-જુદેરા શહેરમાં બે પેલેસ્ટીની કિશોરોને ગોળી મારીને મારી નાખ્યા હતા. સત્તાવાર પેલેસ્ટીની સમાચાર એજન્સી WAFA અનુસાર, મંત્રાલયે પીડિતોની ઓળખ મોહમ્મદ અબ્દુલ્લા તૈમ અને મોહમ્મદ રશાદ ફદલ કાસિમ તરીકે કરી છે, બંને ૧૬ વર્ષના છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે ઇઝરાયેલી સૈનિકોએ 'અલ-જુદેરાના ઉપરના વિસ્તારમાં તેમના પર ભારે ગોળીબાર કર્યો હતો અને પછી તેમના મૃતદેહ કબજે કર્યા હતા.' ઇઝરાયેલી સેનાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે 'ગુરુવારે, અલ-જુદેરા વિસ્તારમાં યુનિટ ૬૩૬ દ્વારા કરવામાં આવેલા એક ઓચિંતા હુમલા દરમિયાન, બે વ્યક્તિઓ મુખ્ય માર્ગ તરફ મોલોટોવ કોકટેલ સળગાવતા અને ફેંકતા જોવા મળ્યા હતા.' નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે 'ઇઝરાયેલી સેનાએ બંને વ્યક્તિઓને મારી નાખ્યા, અને અમારા સૈનિકોને કોઈ ઈજા થઈ ન હતી' ઇઝરાયેલી જાહેર પ્રસારણકર્તા KANએ અહેવાલ આપ્યો કે સેનાએ 'બંને વ્યક્તિઓને મારી નાખ્યા.' જેરૂસલેમ ગવર્નરેટે એક અલગ નિવેદનમાં જણાવ્યું કે ઇઝરાયેલી દળોએ 'રહેણાંક ઘરોની નજીક, અલગ દિવાલ અને વિસ્તરણ દિવાલ બંનેને ભારે ગોળીબારથી નિશાન બનાવ્યા હતા.' ઇઝરાયેલી માનવાધિકાર સમૂહ બી'ત્સેલમ અનુસાર, જેરૂસલેમ કોંક્રિટ અને કાંટાળા તારથી ઘેરાયેલું છે, જે મુખ્યત્વે પશ્ચિમ કાંઠાની અંદર બાંધવામાં આવ્યું છે અને લગભગ ૨૦૨ કિલોમીટર (૧૨૫ માઇલ) સુધી ફેલાયેલું છે. જ્યારે ઇઝરાયેલ દાવો કરે છે કે આ અવરોધ સુરક્ષા કારણોસર બનાવવામાં આવ્યો હતો, ત્યારે પેલેસ્ટીનીઓ



અને સંયુક્ત રાષ્ટ્રોએ તેને કબજે કરેલી જમીનને કબજે કરવાની યોજનાના ભાગરૂપે વર્ણવ્યું છે. ૨૦૦૪માં, આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલત (ICJ)એ દિવાલને ગેરકાયદેસર જાહેર કરતી સલાહકારી અભિપ્રાય જારી કર્યો કારણ કે તે કબજે કરેલા પેલેસ્ટીની પ્રદેશની અંદર બનાવવામાં આવી હતી.

# ઈરાનના રાષ્ટ્રપતિએ ચેતવણી આપી કે પાણીની કટોકટી વધતા તેહરાનને ખાલી કરાવવું પડશે

(એજન્સી) તા.૮

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિઆને ચેતવણી આપી છે કે જો વરસાદ ટૂંક સમયમાં નહીં આવે, તો રાજધાની તેહરાનને પાણીની તીવ્ર અછતનો સામનો કરવો પડી શકે છે અને શહેરને ખાલી કરાવવાની પણ જરૂર પડી શકે છે. ગુરૂવારે પશ્ચિમ ઈરાનના સાનંદજની મુલાકાત દરમિયાન બોલતા, પેઝેશ્કિઆને કહ્યું કે સરકાર આર્થિક, પર્યાવરણીય અને સામાજિક કટોકટીનો સામનો કરી રહી છે. તેમણે જણાવ્યું કે ઊંચા ભાવ અને ફુગાવા એ સ્થાનિક નીતિ નિષ્ફળતાઓ અને આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોનું પરિણામ છે. તેમણે જણાવ્યું કે, 'ઊંચા ભાવ અને ફુગાવા એ સંસદ અને સરકાર બંનેની ભૂલ છે. પ્રયાસો ચાલી રહ્યા છે, પરંતુ મર્યાદિત નાણાકીય સંસાધનોને કારણે પ્રોજેક્ટ્સ અધૂરા રહે છે.' દુષ્કાળને કારણે સર્જાયેલા પાણીના સંકટ તરફ ઈશારો કરતા, પેઝેશ્કિઆને ચેતવણી આપી કે ઈરાન ગંભીર કુદરતી પડકારોનો સામનો કરી રહ્યું છે, જેમાં ઘટી રહેલો વરસાદ અને જળ સંસાધનોનો સમાવેશ થાય છે. તેમણે જણાવ્યું કે, 'જો વરસાદ નહીં પડે, તો આપણે આવતા મહિને તેહરાનને પાણી પુરવઠો મર્યાદિત કરવો પડશે. જો દુષ્કાળ ચાલુ રહેશે, તો પાણી ખતમ થઈ જશે અને અમને શહેર ખાલી કરવાની ફરજ પડશે.' રાષ્ટ્રપતિએ પાણી અને ઉર્જા સંસાધનોના વધુ સારા સંચાલન અને સંરક્ષણની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો અને તેહરાનની પરિસ્થિતિને 'ચિંતાજનક' ગણાવી. તેહરાનનો પાણી પુરવઠો પાંચ મુખ્ય બંધો પર આધાર રાખે છેઃ લાર, મામલુ, અમીર કબીર, તાલેકાન અને લાત્યાન, જેમાંથી અમીર કબીર સૌથી મોટો બંધ છે. જોકે, છેલ્લા પાંચ વર્ષમાં ઈરાનમાં વરસાદમાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને હવામાનશાસ્ત્રીય માહિતી દર્શાવે છે કે આ વર્ષે તેહરાનમાં મોસમી સરેરાશ



કરતા લગભગ ૪૦ ટકા ઓછો વરસાદ પડ્યો છે. ખાસ કરીને વસંત અને ઉનાળામાં વરસાદના અભાવે જળાશયોના સ્તરમાં તીવ્ર ઘટાડો થયો છે, જે સપાટી અને ભૂગર્ભજળના ભંડાર બંનેને અસર કરે છે. તેહરાન વોટર ઓથોરિટીએ ૨૦ જુલાઈના રોજ ચેતવણી આપી કે લાંબા દુષ્કાળને કારણે રાજધાનીને પાણી પૂરું પાડતા જળાશયો એક સદીના સૌથી નીચા સ્તરે પહોંચી ગયા છે. ઉનાળાના મહિનાઓ દરમિયાન સમયાંતરે પાણી કાપ લાગુ કરવામાં આવ્યો છે. ૩ નવેમ્બરના રોજ, તેહરાન વોટર ઓથોરિટીના વડા બેહઝાદ પારસાએ જણાવ્યું કે જો દુષ્કાળની સ્થિતિ ચાલુ રહેશે, તો ડેમના ભંડાર શહેરને ફક્ત બે અઠવાડિયા માટે પાણી પૂરું પાડી શકશે. પેઝેશ્કિયાને ૨૩ જુલાઈના રોજ પહેલેથી જ ચેતવણી આપી કે જો અસરકારક પગલાં વિના કટોકટી આ ગતિએ ચાલુ રહેશે, તો ટૂંક સમયમાં જનતાને પાણી પૂરું પાડવું અશક્ય બની જશે.




નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

# અસંમતિની ચુપકીદી : બાર કાઉન્સિલ દ્વારા એડવોકેટ અસીમ સરોદેનું સસ્પેન્શન પસંદગીયુક્ત ન્યાયનો એક ગંભીર કિસ્સો છે

## પુણે સ્થિત વકીલ અસીમ સરોદેને ન્યાયિક આત્મસંતુષ્ટિ અને રાજકીય અતિરેકની ટીકા કરવા બદલ સજા ફટકારવામાં આવી છે, જ્યારે નફરતભર્યા ભાષણો આપનારા વકીલો ખુલ્લેઆમ ફરે છે. બાર કાઉન્સિલનું પગલું કાનૂની વ્યવસાયમાં વાણી સ્વાતંત્ર્ય માટે એક ભયાનક ક્ષણ દર્શાવે છે.

૧૨ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ, બાર કાઉન્સિલ ઓફ મહારાષ્ટ્ર એન્ડ ગોવાએ ૧૯ પાનાનો આદેશ જારી કરીને એડવોકેટ અસીમ સરોદેને ત્રણ મહિના માટે સસ્પેન્ડ કર્યા અને તેમને ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

તેમના ગુનાની વિગત : ૧૮ માર્ચ, ૨૦૨૪ના રોજ મુંબઈના વરલીમાં શિવસેના (UBT)ના કાર્યક્રમમાં ન્યાયતંત્ર અને કેટલાક બંધારણીય પદાધિકારીઓ વિરુદ્ધ તેમણે ''અપમાનજનક નિવેદનો' આપ્યા હતા.

બે મહિના પછી નવેમ્બર ૨૦૨૫માં સરોદેને કરવામાં આવેલા આદેશમાં જણાવાયું છે કે, ''તેમના શબ્દોથી ન્યાયતંત્રમાં જનતાનો આદર અને વિશ્વાસ ઓછો થયો હતો.

કોર્ટના અધિકારી તરીકે, સરોદેએ તેમના વ્યવસાયની ગરિમાનું ઉલ્લંઘન કર્યું છે અને ન્યાયતંત્ર પ્રત્યે અવિશ્વાસ પેદા કર્યો છે.''

છતાં આદેશ અને પુરાવાઓનું બારીકાઈથી વાંચન કંઈક વધુ ઘેરી બાબત દર્શાવે છે. જે કોઈ વ્યાવસાયિક શિસ્ત નહીં, પરંતુ અસંમતિને લક્ષિત રીતે દબાવવાની ગંધ આવે છે.

**ફરિયાદનું સર્જન**

૧૮ માર્ચ, ૨૦૨૪ના રોજ મુંબઈના વરલી સ્થિત SVP સ્ટેડિયમ ખાતે આયોજિત 'જનતા ન્યાયાલય' કાર્યક્રમ દરમિયાન, એડવોકેટ રાજેશ દાભોલકરે નોંધાવેલી ફરિયાદના આધારે સરોદે પર શિસ્તભંગની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. દાભોલકરે સરોદે પર ન્યાયતંત્ર, મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ અને મહારાષ્ટ્રના રાજ્યપાલ વિરુદ્ધ 'દ્વેષપૂર્ણ ભાષણ' આપવાનો અને કટાક્ષપૂર્ણ અને તિરસ્કારપૂર્ણ ટિપ્પણી કરવાનો આરોપ મૂક્યો હતો.

દાભોલકરે પોતાની ફરિયાદમાં આરોપ લગાવ્યો હતો કે, સરોદેએ સભાને કહ્યું હતું કે, ન્યાયતંત્ર દબાણ હેઠળ છે અને લોકોના પક્ષમાં ચુકાદો આપવા માટે કોઈ ન્યાયતંત્ર બચ્યું નથી અને તેમણે તત્કાલીન રાજ્યપાલને 'ફાલતુ' (નકામા) કહ્યા હતા. ફરિયાદીએ દલીલ કરી હતી કે, આ નિવેદનો માત્ર 'અપમાનજનક અને બદનક્ષીકારક' નહોતા પરંતુ કોર્ટના અધિકારી પાસેથી અપેક્ષિત વ્યાવસાયિક નૈતિકતાનું ઉલ્લંઘન સમાન હતા.

દાભોલકરે ૧૯ માર્ચ, ૨૦૨૪ના રોજ પત્ર લખીને પોતાનો દાવો પાછો ખેંચવાની માંગણી કરી હતી, જેના પર સરોદેએ માફી માંગવાનો ઈનકાર કર્યા પછી, દાભોલકરે બીસીએમજી સમક્ષ ઔપચારિક ફરિયાદ નોંધાવીને પુરાવા તરીકે ભાષણનું વિડિયો રેકોર્ડિંગ રજૂ કર્યુ હતું.

**બાર કાઉન્સિલ સમક્ષ કાર્યવાહી**

BCMG શિસ્ત સમિતિએ, વિડિઓ જોયા પછી અને બંને પક્ષોના લેખિત રજૂઆતોની તપાસ કર્યા પછી, અવલોકન કર્યું કે, સરોદેની ટિપ્પણી નિંદનીય હતી અને એક વકીલને છાજે તેવી ન હતી, અને તેનાથી ન્યાયતંત્ર અને બંધારણીય કચેરીઓમાં જનતાનો આદર અને વિશ્વાસ ઓછો થયો હતો.

આદેશમાંથી ટાંકીને, કાઉન્સિલે નોંધ્યું કે ''પ્રતિવાદી વકીલે જાહેર સભામાં આવા નિવેદનો આપીને અને તેને સોશિયલ મીડિયા પર ફરતા કરીને ન્યાયતંત્ર પ્રત્યે અવિશ્વાસ અને અનાદરનું વાતાવરણ ઊભું કર્યું છે. પ્રતિવાદી વકીલનું વર્તન અત્યંત અયોગ્ય, નિંદનીય, નિંદનીય અને બારના સભ્યને અયોગ્ય હતું.''

સમિતિએ વધુમાં જણાવ્યું હતું કે, ''કોર્ટના અધિકારી તરીકે, એક વકીલની નૈતિક અને વ્યાવસાયિક ફરજ છે કે, તે ન્યાયિક પ્રણાલીમાં વિશ્વાસ જાળવી રાખે, ભલે તે ચુકાદાઓ અથવા બંધારણીય અધિકારીઓની ટીકા કરવાનો અધિકારનો ઉપયોગ કરે.''

સરોદે બે દાયકાથી વધુ સમયથી કાયદાકીય રીતે કામ કરી રહ્યા હતા અને તેમના કાનૂની જાગૃતિ અભિયાન અને સામાજિક કાર્ય માટે જાણીતા હતા તે સ્વીકારતા, કાઉન્સિલે તારણ કાઢ્યું કે, તેમના નિવેદનો કાયદેસર ટીકાથી લઈને જાહેર અપમાન સુધીની હદ ઓળંગી ગયા હતા. ગેરવર્તણૂકનો પ્રથમ નોંધાયેલો કેસ હોવાથી, તેમણે કાયમી પ્રતિબંધ જેવી કડક સજાને બદલે ત્રણ મહિનાનું સસ્પેન્શન લાદીને આ નિર્ણયને 'હળવો' ગણાવ્યો હતો.

આદેશમાં જણાવાયું છે કે, ''અમને ખાતરી છે કે એડવોકેટ સરોદેએ ન્યાયતંત્ર પ્રત્યે કેટલાક અપમાનજનક નિવેદનો આપીને ગેરવર્તણૂક કરી છે. જો કે, તેઓ બે દાયકાથી વધુ સમયથી સામાજિક જાગૃતિ પ્રવૃત્તિઓમાં સામેલ હોવાથી, સમિતિને કાયમી પ્રતિબંધની કડક સજા લાદવી અયોગ્ય લાગે છે.''

**સરોદેનો બચાવ અને પ્રતિક્રિયા**

ફ્રી પ્રેસ જર્નલ મુજબ , તેમના લેખિત જવાબમાં, એડવોકેટ અસીમ સરોદેએ કોઈપણ ગેરવર્તણૂક કરી હોવાનો ઈન્કાર કર્યો હતો અને કહ્યું હતું કે, તેમના નિવેદનો તિરસ્કાર કે બદનક્ષી નહીં. પરંતુ ન્યાયી અને લોકશાહી ટીકા છે.

તેમણે દલીલ કરી હતી કે, તેમણે ન્યાયતંત્ર અથવા બંધારણીય કચેરીઓ વિરુદ્ધ કોઈ ગેરબંધારણીય કે અપમાનજનક ભાષાનો ઉપયોગ કર્યો નથી અને તેમની ટિપ્પણીનું નબળા મનના વ્યક્તિઓ દ્વારા ખોટું અર્થઘટન કરવામાં આવ્યું છે.''

રાજ્યપાલને 'ફાલતુ' કહેવાના ચોક્કસ આરોપ અંગે, સરોદેએ સ્પષ્ટતા કરી હતી કે, આ શબ્દનો ઉપયોગ બોલચાલના, બિન-માનહાનિકારક અર્થમાં કરવામાં આવ્યો હતો અને પૂર્વ રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારી - જે તે સમયે પદ પર નહોતા - જો તેમને બદનક્ષી થઈ હોય તો તેઓ વ્યક્તિગત રીતે કાર્યવાહી શરૂ કરી શક્યા હોત. તેમણે ફરિયાદીના સ્થાન પર પણ પ્રશ્ન ઉઠાવ્યો, અને નિર્દેશ કર્યો કે દાભોલકરને રાજ્યપાલ વતી માનહાનિનો દાવો દાખલ કરવાનો કોઈ અધિકાર નથી.

સરોદેએ વધુમાં જણાવ્યું હતું કે, વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકર પરની તેમની ટિપ્પણી - જેમણે જાન્યુઆરી ૨૦૨૪માં એકનાથ શિંદે જૂથને 'વાસ્તવિક શિવસેના' તરીકે સમર્થન આપ્યું હતું - તે સ્પીકરના આદેશ પર આધારિત વિશ્લેષણાત્મક ટીકા હતી, અપમાન નહીં. તેમણે તેમના સબમિશનમાં કહ્યું, ''બંધારણીય નિર્ણયની ટીકાને તિરસ્કાર સાથે સરખાવી શકાય નહીં.''

હિન્દુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ, બીસીએમજીનો આદેશ મળ્યા પછી, સરોદેએ પુણેમાં પત્રકારોને જણાવ્યું હતું કે, તેઓ દિલ્હીમાં બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા સમક્ષ આ નિર્ણયને પડકારશે.

તેમણે ફરિયાદ પાછળ રાજકીય પ્રેરણા હોવાનો પણ આરોપ લગાવ્યો, દાભોલકરને પક્ષના નેતા આશિષ શેલારના નજીકના ભાજપ સહાનુભૂતિ ધરાવતા ગણાવતા કહ્યું કે, ''હું આ આદેશ સાથે અસંમત છું અને તેને પડકારીશ. બંધારણનો આદર કરનાર વ્યક્તિ તરીકે, હું માનું છું કે, સિસ્ટમમાં રહેલી ખામીઓને ઉજાગર કરવી એ મારી ફરજ છે.''

**રાજકીય અને કાનૂની સંદર્ભ**

આ સસ્પેન્શનથી મહારાષ્ટ્રના કાનૂની અને રાજકીય વર્તુળોમાં વિવાદ થયો છે, ખાસ કરીને ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળના શિવસેના (UBT) જૂથ સાથે સરોદેની નિકટતા જાણીતી છે.

ઉલ્લેખનીય છે કે, એકનાથ શિંદે જૂથને વાસ્તવિક શિવસેના તરીકે માન્યતા આપવા અને તેને 'ધનુષ્ય અને તીર' ચિહ્ન ફાળવવાના ચૂંટણી પંચના નિર્ણયને પડકારતી ઉદ્ધવ ઠાકરેની અરજી પર સુપ્રીમ કોર્ટ દ્વારા ૧૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ યોજાનારી સુનાવણીના થોડા દિવસો પહેલા જ BCMGનો આદેશ સરોદે પાસે પહોંચ્યો હતો.

સરોદેએ દાવો કર્યો હતો કે, તેમણે ઓગસ્ટ અને ઓક્ટોબર વચ્ચે નિર્ણય અંગે પૂછપરછ કરવા માટે બાર કાઉન્સિલનો વારંવાર સંપર્ક કર્યો હતો, પરંતુ સોમવાર સુધી કોઈ સંદેશ મળ્યો ન હતો, જેના કારણે ડિલિવરીના સમય અંગે પ્રશ્નો ઉભા થયા હતા. તેમણે કહ્યું, ''ઘણા લોકોએ શંકા વ્યક્ત કરી છે કે ઓર્ડર હમણાં જ કેમ મોકલવામાં આવ્યો છે.''

**વાણી સ્વાતંત્ર્ય, વ્યાવસાયિક નીતિશાસ્ત્ર અને ન્યાયિક ટીકા**

આ કેસથી વકીલો માટે વાણી સ્વાતંત્ર્ય અને વ્યાવસાયિક નીતિશાસ્ત્ર વચ્ચેના નાજુક સંતુલન પર ચર્ચા ફરી શરૂ થઈ છે. એડવોકેટ્સ એક્ટની કલમ ૩૫ હેઠળ, વ્યાવસાયિક ગેરવર્તણૂકમાં 'વકીલને અયોગ્ય' અથવા કાનૂની વ્યવસાયને બદનામ કરનારા કૃત્યોનો સમાવેશ થાય છે.

જ્યારે સુપ્રીમ કોર્ટે, અરુંધતી રોય (૨૦૦૨) અને પ્રશાંત ભૂષણ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયા (૨૦૨૦) જેવા કેસોમાં વારંવાર ખાતરી આપી છે કે, ''વકીલોને ન્યાયતંત્રની વાજબી ટીકા કરવાનો અધિકાર છે, ત્યારે કોર્ટે એ પણ ભાર મૂક્યો છે કે આવી ટીકા ન્યાય સંસ્થામાં જાહેર વિશ્વાસને ઓછો કરી શકતી નથી.''

બીસીએમજીનો આદેશ તે સિદ્ધાંત પર આધારિત છે, જે સૂચવે છે કે, સરોદેની ટિપ્પણીઓ - ખાસ કરીને રાજકીય પ્લેટફોર્મ પરથી કરવામાં આવી હતી - કાયદેસર અસંમતિથી એવા ક્ષેત્રમાં ઓળંગાઈ ગઈ હતી જે ન્યાયતંત્રની સત્તાને નબળી પાડી શકે છે.



**જ્યારે ટીકા 'ગેરવર્તણૂક' બની જાય છે**

**સમય અને પસંદગીયુક્ત અમલીકરણ :** સસ્પેન્શન ઓર્ડર ૧૨ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ પસાર કરવામાં આવ્યો હતો પરંતુ જ્યારે સારોડેને તે ખૂબ મોડેથી (નવેમ્બર ૨૦૨૫ની શરૂઆતમાં) મળ્યો છે. સારોડે રાજકીય સમયનો ભય વ્યક્ત કરતા નોંધે છે કે, આ ઓર્ડર ૧૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ શિવસેના જૂથો વચ્ચેના વિવાદ (એકનાથ શિંદે વિરુદ્ધ ઉદ્ધવ ઠાકરે પ્રશ્ન) અંગે સુપ્રીમ કોર્ટની સુનાવણી પહેલા મોકલવામાં આવ્યો હતો. જેનો મજબૂત અર્થ છે : એક રાજકીય જૂથ સાથે જોડાયેલા વકીલને તે જૂથના સમર્થનમાં કાર્યક્રમમાં ભાષણ આપવા બદલ શિસ્તબદ્ધ કરવામાં આવે છે, જ્યારે અન્ય વકીલો જે દલીલપૂર્વક વધુ ઉગ્ર જાહેર ભાષણો આપે છે તેમને બહુ ઓછી અથવા કોઈ સજાનો સામનો કરવો પડતો નથી.

**ટીકા અને સજા વચ્ચેનો તફાવત :** વકીલો ખરેખર વકીલાત અધિનિયમ હેઠળ વ્યવસાય અને ન્યાયતંત્રની ગરિમા જાળવવાની ફરજ ધરાવે છે, પરંતુ તેઓ અભિવ્યક્તિની સ્વતંત્રતાનો પણ આનંદ માણે છે (કલમ ૧૯(૧)(a)). સમિતિનો નિર્ણય સરોદેના સામાજિક કાર્ય અને લાંબા કાર્યને સ્વીકારે છે, છતાં રાજકીય ઘટનાના સંદર્ભમાં કઠોર ટિપ્પણી કરવા બદલ તેમને શિસ્તબદ્ધ કરે છે.

પ્રશ્ન એ ઊભો થાય છે : શું આ ખરેખર ગેરવર્તણૂક છે કે માત્ર અપ્રિય રાજકીય ભાષણની સજા? સૈદ્ધાંતિક દૃષ્ટિકોણથી, કાઉન્સિલનો તર્ક સંસ્થાઓની ટીકાને અનાદર સાથે જોડે છે. આમ કરવાથી, ચુકાદો ન્યાયિક સુધારા અને જવાબદારી વિશેની કાયદેસર ચર્ચાને ઠંડુ પાડવાનું જોખમ લે છે.

**અસમાન જવાબદારી :** એવા વકીલો વિશે શું જે નફરત, લૈંગિકતા અથવા ભેદભાવપૂર્ણ ભાષણો આપે છે? અહીં જ વાસ્તવિક અન્યાય સ્પષ્ટ થાય છે. નફરતભર્યા ભાષણ, સ્ત્રી-દ્વેષપૂર્ણ અથવા સાંપ્રદાયિક ટિપ્પણીઓ કરનારા વકીલો અને હિમાયતીઓના સંદર્ભમાં જોવામાં આવે તો સરોદે પર તાત્કાલિક પ્રતિબંધ અપ્રમાણસર લાગે છે, પરંતુ હજુ સુધી સજા પામેલા નથી.

● ૨૦૧૫ના મીડિયા રિપોર્ટ મુજબ, દિલ્હી ગેંગરેપ કેસના દોષિતોનું પ્રતિનિધિત્વ કરનારા વકીલો એ.પી. સિંહ અને એમ.એલ. શર્માએ બીબીસીની એક દસ્તાવેજીમાં કહ્યું હતું કે, ''જો તેમની પુત્રી અયોગ્ય વર્તન કરશે તો તેઓ તેને આગ લગાવી દેશે અને એક સારી છોકરી રાત્રે ૯ વાગ્યા પછી બહાર ફરવા નિકળે નહીં. બાર કાઉન્સિલે કાર્યવાહીનું વચન આપ્યું હતું, છતાં એક દાયકા પછી, બંનેની પ્રેક્ટિસ ચાલુ જ છે.

● ૨૦૨૧માં , સુપ્રીમ કોર્ટના વકીલ અશ્વિની ઉપાધ્યાયને જંતર-મંતર પર મુસ્લિમ વિરોધી સૂત્રોચ્ચાર કૂચનું નેતૃત્વ કરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી પરંતુ એક દિવસમાં જ તેમને જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા; તેમને BCI તરફથી કોઈ શિસ્તભંગનો આદેશ આપવામાં આવ્યો નથી.

**સંસ્થાકીય હિત વિરુદ્ધ વાણી સ્વાતંત્ર્ય તણાવ :** શિસ્તનો આદેશ એવી દલીલ પર આધારિત છે કે, ટિપ્પણીઓ ન્યાયતંત્રમાં 'જાહેર વિશ્વાસને ખતમ કરે છે' અને તેથી તેને મંજૂરી મળવી જોઈએ. પરંતુ આ માપદંડ અસ્પષ્ટ છે અને દુરુપયોગ માટે ખુલ્લો છે. જો ધોરણ કોઈના વ્યાવસાયિક જોખમે ન્યાયતંત્રની જાહેરમાં ટીકા બની જાય, તો જોખમ એ છે કે વકીલો શિસ્તભંગના ડરથી કોઈપણ ટિપ્પણી - અદાલતો અથવા બંધારણીય કચેરીઓની કાયદેસર ટીકા પણ - ટાળશે. તે પરિણામ વ્યાવસાયિક ગૌરવનું રક્ષણ નહીં, પરંતુ વાણી સ્વાતંત્ર્યને નુકસાન પહોંચાડશે.

**નિષ્કર્ષ : સંસ્થાકીય દંભનો અરીસો**

અસીમ સરોદેની સજા નૈતિકતા વિશે નથી; તે તેમને ચૂપ કરવા વિશે છે. તે એવી વ્યવસ્થાને પ્રતિબિંબિત કરે છે જે શિષ્ટાચારના આડમાં અનુરૂપતા લાગુ કરે છે. જ્યારે મહિલાઓ અથવા લઘુમતીઓને રાક્ષસી બનાવનારા વકીલો મુક્તપણે પ્રેક્ટિસ કરવાનું ચાલુ રાખે છે, પરંતુ ન્યાયિક આધીનતા પર સવાલ ઉઠાવતા વકીલને સસ્પેન્ડ કરવામાં આવે છે, ત્યારે શિસ્ત પ્રક્રિયા એક રાજકીય હથિયાર બની જાય છે.

સરોદેનો કેસ એક ચિંતાજનક સત્ય ઉજાગર કરે છે : ભારતની કાનૂની સંસ્થાઓ તેમની પ્રામાણિકતા કરતાં તેમની છબીનો બચાવ કરવામાં વધુ ઝડપી છે. અસંમતિને ગેરવર્તણૂક તરીકે ગણાવીને, મહારાષ્ટ્ર અને ગોવાની બાર કાઉન્સિલે માત્ર એક વકીલ સાથે જ નહીં, પરંતુ બંધારણની ભાવના સાથે પણ દગો કર્યો છે જેને તે સમર્થન આપવાનો દાવો કરે છે.

(સૌ. : સબરંગ ઈન્ડિયા)

# SIR 2.0 : ECIની ઘેલછા માટે મહાદુષ્ટ પદ્ધતિ

## યોગેન્દ્ર યાદવ લખે છે કે, નવા SIR હેઠળ મતદાન એ ફક્ત અધિકાર નથી પરંતુ નાગરિકતા સાબિત કરીને મેળવેલો વિશેષાધિકાર છે

આ રાતોરાત એક ઉન્મત્ત હુકમનામા તરીકે શરૂ થયું હતું તે હવે 'સામૂહિક રીતે કાઢી નાખવાના શસ્ત્ર'માં પરિવર્તિત થઈ ગયું છે અને ભૂતકાળમાં ઉપયોગમાં લેવાયેલા વિનાશક અસર ધરાવતા અન્ય WMDsની યાદ અપાવે છે. મતદાર યાદીઓનું રાષ્ટ્રવ્યાપી 'વિશેષ સઘન સુધારણા' (SIR), એ પહેલા ફેઝમાં નાગરિકોને મતાધિકારથી વંચિત રાખવાનું જોખમ ઉઠાવ્યું હતું, હવે તે સાધન તરીકે કંઈક વધુ કપટી રીતે વિકસિત થઈને મતદારોને પસંદગીપૂર્વક બાકાત રાખી શકે છે.

આ નવું સંસ્કરણ ચૂંટણી અધિકારીઓ અને નાગરિકો માટે થોડું સરળ લાગે છે, પરંતુ તેનો મુખ્ય ઉદ્દેશ્ય મતદારોને દબાવવાનો છે. નાગરિકતાની ચકાસણી કરીને SIR મતદાર યાદીમાંથી મોટા પાયે નામ કાઢી નાખવાનો ભય ફેલાવી રહ્યું છે.

ચૂંટણી પંચે તેની પ્રેસ કોન્ફરન્સમાં એક વાત સ્પષ્ટ કરી છે કે, પંચનો ઈરાદો મતદાર યાદીઓ સાફ કરવાનો નથી, પરંતુ તેમને શુદ્ધ કરવાનો છે.

મતદાર યાદીને 'શુદ્ધ' કરવાની વાત માત્ર હવા છે; તેનો વાસ્તવિક હેતુ લક્ષ્યાંકિત નામોને મનસ્વી રીતે કાઢી નાખવાનો છે. આ પ્રક્રિયા પારદર્શક માપદંડો પર આધારિત નહીં પરંતુ અધિકારીઓના વિવેકબુદ્ધિ (એટલે કે પક્ષપાત) પર આધારિત હશે. નાગરિકતા ચકાસવાના નામે, આપણે રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર (NRC)ની અઘોષિત રચના જોઈ રહ્યા છીએ.

બિહારમાં ગભરાટ અને ઉતાવળ SIR 2.0માં ગેરહાજર છે અને તૈયારીઓ વધુ સારી લાગે છે. બૂથ લેવલ ઓફિસરો (BLO) ને અગાઉથી તાલીમ આપવામાં આવી છે, અને નામો ૨૦૦૨-૦૪ની મતદાર યાદીઓ સાથે મેચ કરવામાં આવી રહ્યા છે.

કાગળ પરના કામનો બોજ પણ થોડો હળવો થયો છે. આ મુક્તિ હવે ફક્ત માતાપિતાને જ લાગુ પડતી નથી, હવે ૨૦૦૨-૦૪ની યાદીમાં સૂચિબદ્ધ કોઈપણ સંબંધી સંદર્ભ બિંદુ તરીકે સેવા આપી શકે છે. ઉપરાંત, ગણતરીના તબક્કામાં કોઈ દસ્તાવેજો સબમિટ કરવાની જરૂર નથી, પરંતુ ફક્ત સૂચના પર જ રજૂ કરવામાં આવે છે.

રસપ્રદ વાત એ છે કે, જ્યારે બિહારમાં ECI ને ખ્યાલ આવ્યો કે માતાપિતાના દસ્તાવેજો માંગવાનો આગ્રહ રાખવાથી લાખો લોકો બચી જશે, ત્યારે તેણે એક પ્રેસ રિલીઝ બહાર પાડીને જણાવ્યું કે, અન્ય સગાં-સંબંધીઓ, કાકા-કાકી, મામા કે અન્ય પૈતૃકના કાગળો પણ જરુરી છે. આ અનૌપચારિક છૂટ હવે સત્તાવાર બનાવી દેવામાં આવી છે.

કમિશને એમ પણ કહ્યું છે કે, કાઢી નાખવામાં આવેલા મતદારોની યાદી જાહેર કરવામાં આવશે. આ પગલાને લીધે પારદર્શિતામાં સુધારો થઈ શકે




છે, અને જો આ યાદીઓ સમયસર, સુલભ અને સ્પષ્ટ કારણો સાથે હોય તો અસરગ્રસ્ત વ્યક્તિઓ, પક્ષો અને નાગરિક જૂથો વાંધા નોંધાવી શકે છે.

બીજા એક ફેરફારમાં, રાજકીય પક્ષોના બૂથ લેવલ એજન્ટો (BLA)ને પણ હવે દિવસમાં ૫૦ જેટલા ગણતરી ફોર્મ સબમિટ કરવાની મંજૂરી આપવામાં આવશે. એમ કહેવું જ જોઈએ કે આ છૂટછાટો સુપ્રીમ કોર્ટ દ્વારા વારંવાર હસ્તક્ષેપ કર્યા પછી જ આપવામાં આવી છે.

છતાં SIRના રાષ્ટ્રવ્યાપી અમલીકરણથી મતદાર યાદીઓને 'શુદ્ધ' કરવામાં ECIને ખરેખર રસ નથી તે છતુ થાય છે. સમગ્ર બિહાર કવાયત દરમિયાન, તેણે ડુપ્લિકેટ એન્ટ્રીઓ દૂર કરવા માટે ન તો પોતાના ડી-ડુપ્લિકેશન સોફ્ટવેરનો ઉપયોગ કર્યો, ન તો નકલી અથવા શંકાસ્પદ ડેટાની સ્વતંત્ર ચકાસણીનો આદેશ આપ્યો, ન તો તેના પોતાના માર્ગદર્શિકામાં સૂચિબદ્ધ ભૌતિક ચકાસણી પ્રક્રિયાઓનું પાલન કર્યું છે. આશ્ચર્યજનક રીતે ECI નિષ્પક્ષતા સુનિશ્ચિત કરવા માટે આ ફરજિયાત તપાસ ચલાવવાનો કોઈ ઈરાદો બતાવતું નથી.

તેમજ તે સ્થળાંતરિત કામદારોના મત ગુમાવવાથી ચિંતિત નથી. એકમાત્ર છૂટ : પરિવારનો સભ્ય હવે અસ્થાયી રૂપે દૂર રહેલા કોઈ વ્યક્તિ વતી ફોર્મ ભરી શકે છે. તેવી જ રીતે, ECI એ બિહારમાં મતદાર યાદીમાંથી અપ્રમાણસર સંખ્યામાં મહિલાઓના નામ કેમ કાઢી નાખવામાં આવ્યા છે તેની તપાસ કરવાની કોઈ ઈચ્છા દર્શાવી નથી.

કોઈ પણ લાયક મતદાર બાકાત ન રહે તેની ખાતરી કરવાને બદલે, જેમ કે ECIને કરવાનું ફરજિયાત છે, તેનો SIR બાકાત રાખવાની પ્રેરણાથી પ્રેરિત છે. તે પુરાવાનો બોજ મતદાર પર નાખે છે. તમારે સમયમર્યાદામાં ગણતરી ફોર્મ ભરવું પડશે અથવા સૂચના, ન્યાયી સુનાવણી અથવા અપીલ વિના તમારો મત ગુમાવવો પડશે. નાગરિકતા ચકાસવાની પ્રક્રિયા ચોક્કસ વ્યક્તિઓ અથવા સમુદાયોના પસંદગીના મતાધિકારથી વંચિત રહેવા માટે પૂરતી જગ્યા બનાવે છે.

૨૦૦૨-૦૪ની મનસ્વી કટ-ઓફ તારીખ પણ અમલમાં રહે છે, ભલે સત્તાવાર રેકોર્ડ દર્શાવે છે કે તે સમયે કોઈ નાગરિકતા ચકાસણી થઈ ન હતી.

સ્વીકાર્ય દસ્તાવેજો એના એ જ છે; પાન કાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ, રેશન કાર્ડ અને મનરેગા જોબ કાર્ડ હજુ પણ સ્વીકાર્ય દસ્તાવેજની શ્રેણીમાં ગણાતા નથી.

પંચ સુપ્રીમ કોર્ટના બારમા પ્રમાણિત દસ્તાવેજ તરીકે આધારનો સમાવેશ કરવાના આદેશને ટાળવાનું ચાલુ રાખીને એવી દલીલ કરી છે કે, આધાર નાગરિકતાનો પુરાવો નથી, પરંતુ તે સમજાવવામાં નિષ્ફળ જાય છે કે શા માટે આ જ તર્ક અન્ય અગિયાર દસ્તાવેજો પર લાગુ પડતો નથી, જેમાંથી મોટાભાગના નાગરિકતા પણ સાબિત કરતા નથી.

ચકાસણી પ્રક્રિયા પોતે જ અપારદર્શક અને વિવેકાધીન રહે છે. આ અર્થમાં, નવો SIR વધુ ખતરનાક છે કારણ કે તે મૂળભૂત રીતે મતદાનને વ્યક્તિની નાગરિકતા 'સાબિત' કરીને મેળવેલા વિશેષાધિકાર તરીકે ફરીથી વ્યાખ્યાયિત કરે છે.

જ્યારે ECIએ SIR શરૂ કરવા માટે આને વાજબી ઠેરવવામાં આવ્યું હતું, ત્યારે બિહારમાં તેને કેટલા 'ગેરકાયદેસર વિદેશીઓ' મળ્યા તે જાહેર કર્યું નથી. આ પ્રશ્નનો જવાબ આપ્યા વિના, તે દેશભરમાં સમાન ખામીયુક્ત કવાયતનો વિસ્તાર કરી રહ્યું છે, જે ઓછામાં ઓછું કહેવા માટે મનસ્વી છે.

જ્યારે ૨૦૦૩ના સઘન પુનરાવર્તન અથવા ૨૦૧૬ના રાષ્ટ્રીય મતદાર યાદી શુદ્ધિકરણ કાર્યક્રમ જેવા સરળ, ન્યાયી, વધુ પારદર્શક વિકલ્પો અસ્તિત્વમાં છે ત્યારે શા માટે આટલી જટિલ, નાગરિક-અમૈત્રીપૂર્ણ પદ્ધતિ પસંદ કરી છે ?

(સૌ.: નેશનલહેરાલ્ડઈન્ડિયા.કોમ)

# દિલ્હી હાઈકોર્ટે ગૂગલને પત્રકાર રજત શર્માના ડીપફેક વીડિયો દૂર કરવાનો આદેશ આપ્યો

## હાઈકોર્ટે ગૂગલને ૩૬ કલાકની અંદર આ ચેનલો દૂર કરવાનો અને એક અઠવાડિયાની અંદર શર્માને ચેનલોની BSI વિગતો, એક્સેસ અને સંપર્ક વિગતો અને મુદ્રીકરણ ડેટા જાહેર કરવાનો આદેશ આપ્યો છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

દિલ્હી હાઈકોર્ટે શુક્રવારે ગૂગલ એલએલસીને પત્રકાર રજત શર્માના વ્યક્તિત્વ અધિકારોનો ઉપયોગ કરીને ડીપફેક અને બનાવટી વીડિયોઝ હોસ્ટ કરતી અને પ્રસારિત કરતી બે યુટ્યુબ ચેનલોને દૂર કરવાનો નિર્દેશ આપ્યો છે. હાઈકોર્ટે ગૂગલને ૩૬ કલાકની અંદર ચેનલો દૂર કરવાનો અને ચેનલોની BSI વિગતો, એક્સેસ અને સંપર્ક વિગતો અને મુદ્રીકરણ ડેટા એક અઠવાડિયાની અંદર શર્માને જાહેર કરવાનો આદેશ આપ્યો. આ ચેનલો પર અપલોડ કરાયેલા વીડિયો નકલી અને AI દ્વારા ઉત્પન્ન થયેલા છે અને ખોટી માહિતી ફેલાવી રહ્યા છે તેવો દાવો કરીને અરજીમાં કરાયેલા નિવેદનોને ધ્યાનમાં રાખીને, કોર્ટ સંતુષ્ટ છે કે, વાદીએ વિનંતી મુજબ નિર્દેશો જારી કરવા માટે કેસ છે. કોર્ટે શર્મા અને ગૂગલને એક પરસ્પર બેઠક કરવાનો નિર્દેશ આપ્યો જ્યાં પત્રકાર ગૂગલનું ધ્યાન ડીપફેક સામગ્રી પર લાવી શકે. આ કાર્યવાહી ફક્ત વાદીના સામાન્ય કાયદાના અધિકારો અને વૈધાનિક અધિકારોનું રક્ષણ કરવા માટે જ જરૂરી નથી, પરંતુ ખોટી માહિતી ફેલાવવાને રોકવામાં પણ મદદ કરવા માટે છે. કોર્ટે શર્માના વ્યક્તિત્વ અધિકારોના રક્ષણ માટે તેમના દાવામાં નવી વચગાળાની અરજીને મંજૂરી આપી હતી. કોર્ટ અનેક પ્રતિવાદીઓ સામે પત્રકારના દાવાની સુનાવણી કરી રહી હતી. આ મુકદમામાં આરોપ મૂકવામાં આવ્યો છે કે, કંપનીઓ ગંભીર ખોટી માહિતી ફેલાવી રહી છે, જેમાં શર્માની વિકૃત, સંશોધિત અને મોડ્યુલેટેડ છબીઓ અથવા અવાજ અને અન્ય વ્યક્તિત્વ લક્ષણો ધરાવતા નકલી વીડિયોઝ બનાવવા માટે AIનો ખોટો ઉપયોગ શામેલ છે. શર્માનું પ્રતિનિધિત્વ કરતા વકીલે રજૂઆત કરી હતી કે, બંને ચેનલો મુખ્યત્વે પત્રકારને સમર્પિત હતી, તેથી તેઓ ફક્ત સામગ્રી જ નહીં પણ ચેનલોને દૂર કરવા માટે વિનંતી કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે, યુટ્યુબ ચેનલોએ શર્માની ન્યૂઝ ચેનલમાંથી અનધિકૃત રીતે કોપીરાઈટ ફૂટેજ ઉપાડી લીધા હતા અને તેમાં ફેરફાર અને સંપાદન કર્યું હતું. વકીલે બંને ચેનલોને ડીપફેક, બનાવટી વીડિયોઝ હોસ્ટ કરવા અને શર્મા તેમજ અન્ય અગ્રણી ભારતીય પત્રકારોનું અનુકરણ કરવા બદલ 'દોષિત' ગણાવ્યા હતા.

# 'લોહીથી તિલક કરો, ગોળીઓથી આરતી કરો' : ડોડા પ્રશાસને 'કટ્ટરપંથી' શિક્ષણ આપવા બદલ શિક્ષકને સસ્પેન્ડ કર્યો

## સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા એક વીડિયોમાં ડોડા જિલ્લામાં એક સરકારી શિક્ષક સવારની પ્રાર્થના સભા દરમિયાન બાળકોને 'લોહીથી તિલક, ગોળીઓથી આરતી'ના નારા લગાવવાની સૂચના આપતા સાંભળી શકાય છે, આ શિક્ષકને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે

(એજન્સી) શ્રીનગર, તા.૮

જમ્મુ અને કાશ્મીરના ડોડા જિલ્લામાં એક સરકારી શિક્ષકને ગુરૂવારે (૬ નવેમ્બર) શાળાના બાળકોને કટ્ટરપંથી શિક્ષણ આપવાના આરોપસર સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. સ્થાનિક કાર્યકર્તા રાજા શકીલે ડોડાના મુખ્ય શિક્ષણ અધિકારી (CEO)ને ફરિયાદ કર્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે, સરકારી માધ્યમિક શાળા (GMS) સિચલના વિદ્યાર્થીઓને કથિત રીતે 'કટ્ટરપંથી અને હિંસક' શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. શકીલ દ્વારા સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા એક વીડિયોમાં આરોપી શિક્ષક જેની ઓળખ ચંદરકુમાર તરીકે થઈ છે, તે નવા શૈક્ષણિક સત્રની શરૂઆતમાં વિદ્યાર્થીઓનું સ્વાગત કરતા પોતાના મોબાઈલ ફોન પર શાળાની સવારની સભા રેકોર્ડ કરતો જોવા મળે છે. ૨૦ સેકન્ડના આ વીડિયોમાં કુમારને એમ કહેતા સાંભળી શકાય છે કે, 'આજે ૬ નવેમ્બર છે અને સરકારી માધ્યમિક શાળા સિચલમાં નવા વર્ગો શરૂ થયા છે. બાળકો શાળાએ પાછા ફર્યા છે અને સવારની સભા ચાલી રહી છે. હું વિદ્યાર્થીઓનું સ્વાગત કરૂં છું. જય હિંદ. જય ભારત.' પૃષ્ઠભૂમિમાં ત્રણ ડઝનથી વધુ નાના છોકરાઓ અને છોકરીઓ શાળાના લૉન પર સવારની સભા માટે લાઈનમાં ઊભા રહીને વિવાદાસ્પદ ગીત ગાતા જોવા મળે છે. કુમાર દ્વારા પોતે રેકોર્ડ કરાયેલા આ વીડિયોમાં બાળકોને 'લોહીથી તિલક, ગોળીઓથી આરતી' ના નારા લગાવતા સાંભળી શકાય છે. આ વીડિયો વાયરલ થયા પછી લોકોમાં રોષ ફાટી નીકળ્યો હતો. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા આ વીડિયોથી આક્રોશ ફેલાયો હતો અને ડોડાના સીઈઓ પાસે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી, જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે, શિક્ષક વિદ્યાર્થીઓને 'ઉગ્રવાદી અને હિંસક શિક્ષણ' આપી રહ્યા છે અને તેમની સામે કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી. શકીલે પોતાની ફરિયાદમાં આરોપ લગાવ્યો છે કે, આવું વર્તન અસ્વીકાર્ય છે અને આપણી શિક્ષણ પ્રણાલીને માર્ગદર્શન આપતા બંધારણીય અને નૈતિક સિદ્ધાંતોનું ગંભીર ઉલ્લંઘન છે. આ ઉપદેશો શાંતિ અને જ્ઞાનને બદલે હિંસા અને નફરતને પ્રોત્સાહન આપે છે જે નિર્દોષ વિદ્યાર્થીઓના માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્ય માટે ગંભીર ખતરો છે. આ ફરિયાદમાં જણાવાયું છે કે, આપણી સરકારી શાળાઓના બાળકોના માર્ગદર્શન માટે છે, આવી વિચારધારા માટે નહીં. ફરિયાદમાં શિક્ષક સામે 'તાત્કાલિક અને પારદર્શક કાર્યવાહી' કરવાની માંગ કરવામાં આવી છે. ગુરૂવારે ઝડપથી કાર્યવાહી કરતા સીઈઓએ જિલ્લાના ચિલી, જક્યાસ અને ચાંટીમાં ઉચ્ચ માધ્યમિક શાળાઓના આચાર્યોની ત્રણ સભ્યોની સમિતિની રચના કરી હતી જે સંપૂર્ણ તપાસ કરે અને ચોક્કસ અવલોકનો અને ભલામણો સાથે બે દિવસમાં આ કાર્યાલયને વાસ્તવિક અહેવાલ સુપરત કરશે. આ આદેશમાં કહેવામાં આવ્યું છે કે, જીએમએસ સિચલના શિક્ષક ચંદ્રકુમારનો પગાર તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી રોકી રાખવામાં આવ્યો છે. શિષ્ટાચાર જાળવવા અને વિદ્યાર્થીઓના કલ્યાણ માટે આ આદેશ જારી કરવામાં આવ્યો છે. નોંધપાત્ર રીતે આ સસ્પેન્શન ઓર્ડર જમ્મુ અને કાશ્મીરના ધાર્મિક નેતાઓએ કેન્દ્રશાસિત પ્રદેશની તમામ શાળાઓને સવારની સભાઓમાં રાષ્ટ્રગીત ગાવાના નિર્દેશ સામે વાંધો ઊઠાવ્યાના થોડા દિવસો બાદ આવ્યો છે. ધ વાયરે સૌપ્રથમ ગયા અઠવાડિયે ડોડા જિલ્લાના મુખ્ય શિક્ષણ અધિકારી દ્વારા જારી કરાયેલા સમાન આદેશ અંગે અહેવાલ આપ્યો હતો.બુધવારે મળેલી બેઠક બાદ જમ્મુ અને કાશ્મીરના ધાર્મિક સંગઠનોના સૌથી મોટા જૂથ, મુત્તાહિદા મજલિસ-એ-ઉલેમા (MMU)એ લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા અને મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાહને 'તાત્કાલિક આ બંધનકર્તા નિર્દેશ પાછો ખેંચવા' વિનંતી કરી છે. એક નિવેદનમાં MMUએ કહ્યું કે, વંદે માતરમ ગાવું અથવા વાંચવું એ બિન-ઈસ્લામિક છે કારણ કે, તેમાં અન્યની ભક્તિની અભિવ્યક્તિઓ સામેલ છે જે અલ્લાહની સંપૂર્ણ એક હોવા (તૌહીદ)માં મૂળભૂત ઈસ્લામિક માન્યતાની વિરુદ્ધ છે. ઈસ્લામ એવા કોઈપણ કાર્યને મંજૂરી આપતું નથી જેમાં સર્જનહાર સિવાય કોઈ પણ વ્યક્તિ અથવા કોઈપણ વસ્તુ માટે પુજા સામેલ હોય.

**હદીસ બોધ**

જો વધારે માલ હોય તો ખૈરાત કરવી સારી છે અને પ્રથમ પોતાના કુટુંબથી શરૂ કરો. (હદીસ બોધ)

**બોધ વચન**

બે આવતીકાલ કરતાં એક આજ વધારે મૂલ્યવાન છે.
- આર્થર હેલ્ટસ

**આજની આરસી**

૯ નવેમ્બર રવિવાર ૨૦૨૫
૧૭ જમાદિલ અવ્વલ હિજરી ૧૪૪૭
કારતક વદ પાંચમ સંવત ૨૦૮૨

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૨૮ |
| ખત્મે ઝવાલ | ૧૨-૨૩ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૪૯ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૫-૫૮ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
- વ્યવસ્થાપક

# ગોપાલગંજમાં દલિતો પર થયેલી મારપીટથી નિરહુઆ ગુસ્સે, કહ્યું, 'આ ગુંડાગીરી છે કારણ કે તેમણે આરજેડીને મત આપ્યો ન હતો !'

(એજન્સી) તા.૮

**આરજેડી દલિત ઘટના :** ગોપાલગંજમાં આરજેડીના સભ્યો દ્વારા દલિતોને માર મારવામાં આવ્યો હતો, જેના પર દિનેશ લાલ યાદવ નિરહુઆએ કહ્યું હતું કે, 'આ લોકોએ ગુંડાગીરીનો આશરો લીધો છે કારણ કે તેમણે આરજેડીને મત આપ્યો ન હતો. બિહારમાં ખૂબ જ સારું મતદાન થયું છે, અને જનતા વિકાસ ઈચ્છે છે.' દિનેશ લાલ યાદવ નિરહુઆએ આરજેડીના સભ્યો દ્વારા દલિતો પર હુમલો કરવા અંગે કહ્યું હતું કે, જનતા આ ચૂંટણીમાં તેમની ગુંડાગીરીનો જવાબ આપશે. તેઓ ભૂતકાળમાં પણ ગુંડાગીરીમાં સામેલ રહ્યા છે અને હજુ પણ એ જ કરી રહ્યા છે. આરજેડી ડરી ગઈ છે. પોતાને ગરીબોનો પક્ષ કહેતી આરજેડી ગરીબોને કેમ મારપીટ કરી



રહી છે ? તેમને બચાવો. તેમણે વધુમાં કહ્યું હતું કે ખેસારી લાલ યાદવ દૂધમાં સ્નાન કરે છે, છતાં રામ મંદિરનો વિરોધ કરે છે. તેમણે ખેસારી લાલને કહ્યું હતું કે ચૂંટણી ખાતર કોઈપણ ધાર્મિક પ્રથાઓનું અપમાન ન કરો. ચૂંટણી લાભ મેળવવા માંગતા ખેસારી લાલે દાવો કર્યો કે તેમનું ઘર તોડી પાડવામાં આવી રહ્યું છે, જોકે તેમના ઘરની બહારનો શેડ દૂર કરવામાં આવ્યો છે. ગેરકાયદેસર બાંધકામ સામાન્ય રીતે ગમે ત્યાં તોડી પાડવામાં આવે છે, પરંતુ ખેસારીએ તેને ચૂંટણીનો મુદ્દો બનાવી દીધો છે. નગરપાલિકાએ તેમને તે દૂર કરવાનું કહ્યું હતું અને કહ્યું હતું કે, 'જો તમે નહીં કરો તો અમે તેને દૂર કરીશું.' બિહારમાં થયેલા બમ્પર મતદાન અંગે, ભાજપ દાવો કરી રહી છે કે મતદાન તેમના પક્ષમાં થયું છે. દરમિયાન, મુકેશ સાહની કહે છે, 'જો તમે થોડા દિવસો માટે ખુશ રહેવા માંગતા હો, તો ચાલો ખુશ રહીએ. ભારતના લોકો ફટાકડા પણ ફોડી શકે છે.' આના જવાબમાં નિરહુઆએ કહ્યું, 'એનડીએ સરકારે બિહારમાં પરિવર્તન લાવ્યું છે. જ્યારે અમે પહેલી વાર અહીં આવ્યા ત્યારે બિહાર કેવું હતું ? લોકો હવે શું થયું છે તે જોઈ રહ્યા છે. જનતાએ હંમેશા વિકાસ પસંદ કર્યો છે અને તે કરવાનું ચાલુ રાખશે.'

# દલિત વ્યક્તિના કસ્ટડીમાં મૃત્યુ બાદ ત્રણ આરપીએફ અધિકારીઓ સામે હત્યાનો ગુનો દાખલ

(એજન્સી) તા.૮

ઉત્તરપ્રદેશના ગોંડા જિલ્લામાં રેલવે પ્રોટેક્શન ફોર્સ (આરપીએફ)ની કસ્ટડીમાં ચોરીના ગુનામાં પકડાયેલા ૩૫ વર્ષીય દલિત વ્યક્તિ મૃત હાલતમાં મળી આવ્યો હતો. આ ઘટનાને કારણે ત્રણ અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા, જેમના પર હત્યાનો પણ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પીડિત સંજય કુમાર સોનકરના પરિવારે દાવો કર્યો છે કે તેનું મૃત્યુ કસ્ટડીમાં ત્રાસ આપવાથી થયું હતું. તેઓએ આરોપ લગાવ્યો છે કે આરપીએફ કર્મચારીઓ દ્વારા તેને ખૂબ માર મારવામાં આવ્યો હતો અને પૂછપરછ દરમિયાન તેને ઈલેક્ટ્રિક શોક આપવામાં આવ્યો હતો. અધિકારીઓએ તેમને જાણ કર્યા વિના મૃતદેહને શબઘરમાં મૂક્યો હોવાનું કહેવાય છે. આરપીએફએ બરુઆ ચક રેલવે સ્ટેશન પર માલગાડીમાંથી તાજેતરમાં થયેલા તેલ ચોરીના કેસમાં તેની અટકાયત કરી હતી. તેના થોડા સમય પછી, આરપીએફ અધિકારીઓ દ્વારા સોનકરને




સરકારી મેડિકલ કોલેજ લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.

**ત્રણ અધિકારીઓ સસ્પેન્ડ**

કોન્સ્ટેબલ અમિત કુમાર યાદવ સહિત સબ-ઈન્સ્પેક્ટર સુરેન્દ્ર કુમાર અને કરણ સિંહ યાદવેને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આરપીએફના સિનિયર કમાન્ડન્ટ ચંદ્ર મોહન મિશ્રાએ પુષ્ટિ આપી કે કસ્ટોડિયલ ડેથના આરોપોમાં વિભાગીય તપાસ શરૂ કરવામાં આવી છે. ગોંડા સિટી કોતવાલી પોલીસ સ્ટેશનના ક્રાઈમ ઈન્સ્પેક્ટર, સભાજીત સિંહે પુષ્ટિ આપી કે ત્રણ અધિકારીઓ સામે હત્યાનો કેસ પણ નોંધવામાં આવ્યો છે. સિંહે જણાવ્યું કે સારવાર આપતા ડૉક્ટરના પ્રાથમિક તબીબી અહેવાલમાં પુષ્ટિ મળી છે કે સોનકર હોસ્પિટલમાં પહોંચ્યા ત્યારે તેનું મૃત્યુ થયું હતું. દરમિયાન, આરપીએફના સિનિયર કમાન્ડન્ટ મિશ્રાએ જણાવ્યું હતું કે તેલ ચોરીના કેસની તપાસ દરમિયાન આરપીએફ ટીમને સોનકર લઈ જવામાં આવી હતી. ચોરાયેલું તેલ તે જ દિવસે આરોપી પીડિતના કબજામાંથી મેળવવામાં આવ્યું હતું. મીડિયા અનુસાર, મિશ્રાએ એવો પણ દાવો કર્યો હતો કે આરોપીની સ્થિતિ રિકવરી પ્રક્રિયા દરમિયાન બગડી ગઈ હતી. તેને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં પાછળથી તેનું મૃત્યુ થયું હતું. ગોંડા સિટીના સર્કલ ઓફિસર (સીઓ)એ જણાવ્યું હતું કે પ્રારંભિક શબપરીક્ષણ અહેવાલ અનિર્ણિત હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે 'મૃત્યુનું કારણ જાણી શકાયું નથી.' જોકે, વધુ તપાસ માટે ફોરેન્સિક પરીક્ષણો માટે વિસેરા સાચવવામાં આવ્યા હતા. સીઓએ એ પણ સ્પષ્ટતા કરી કે શરીરમાં 'એક કે બે ઉઝરડા' સિવાય કોઈ ઈજાના સ્પષ્ટ ચિહ્નો દેખાતા નથી, જે મૃત્યુનું કારણ ન હોઈ શકે.

# 'કોને મત આપીને આવી રહ્યા છો ?' જેનો દલિતોએ જવાબ આપતા દબંગોએ કાળો કેર વર્તાવ્યો, તેમને લાકડીઓથી નિર્દયતાથી માર માર્યો'

**ગોપાલગંજમાં, એક દલિત પરિવારના ત્રણ સભ્યોને ભાજપને મત આપવા બદલ દબંગ માણસોએ લાકડીઓથી માર માર્યો અને ઘાયલ કર્યા, ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે, ભાજપના ઉમેદવારે ઘાયલોની તબિયત જાણવા માટે હોસ્પિટલની મુલાકાત લીધી હતી**

(એજન્સી) ગોપાલગંજ, તા.૮

બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાનું મતદાન શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું, જેમાં કેટલીક છૂટપુટ ઘટનાઓ બની. ગોપાલગંજ જિલ્લાના છ વિધાનસભા મતવિસ્તારોમાં પણ મતદાન થયું. બૈકુંઠપુર વિસ્તારમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં દલિત મતદારો પર કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો. એવો



## ગોપાલગંજ : એક દલિત મતદાર પર દબંગ માણસોએ હુમલો કર્યો હતો

આરોપ છે કે એક જ પરિવારના ત્રણ સભ્યો ભાજપ સમર્થિત ઉમેદવારને મતદાન કરીને તેમના ગામ પરત ફરી રહ્યા હતા. રસ્તામાં, કેટલાક પ્રભાવશાળી ગ્રામજનોએ તેમને અટકાવ્યા અને મતદાન વિશે પૂછપરછ કરી. પીડિતોના જણાવ્યા અનુસાર, ભાજપને મતદાન કરવાની કબૂલાત કરતાં જ તેમના પર લાકડીઓ અને સળિયાથી હુમલો કરવામાં આવ્યો હતો.

**સિધાવલીયાના બુચેયા ગામમાં બનેલી ઘટના**

સિધાવલીયા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવતા બુચેયા ગામમાં આ ઘટના બની હતી. બુચેયા ગામના રહેવાસી ૨૮ વર્ષીય મનીષ રામે જણાવ્યું હતું કે તેઓ બૈકુંઠપુર મતવિસ્તારના સિધાવલીયામાં મતદાન મથક પર મતદાન કર્યા પછી સાંજે ઘરે પરત ફરી રહ્યા હતા. પીડિતોના જણાવ્યા અનુસાર, દલિત વસાહત તરફ જતા હતા ત્યારે ગામના કેટલાક શક્તિશાળી લોકોએ તેમને ઘેરી લીધા અને પૂછ્યું, 'તમે કઈ પાર્ટીને મત આપ્યો ?' તેમણે ભાજપને મત આપવાની કબૂલાત કરતા જ આ દબંગ લોકોએ તેમના પર લાકડીઓ અને સળિયાથી હુમલો કરવાનું શરૂ કરી દીધું. પિતા, છટ્ઠુ રામ અને તેમના બે પુત્રો, મનીષ રામ અને બલમ રામ, હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયા. તેઓ બધા બુચેયામાં દલિત વસાહતના રહેવાસી છે.

**હુમલાનો આરોપી આરજેડી સમર્થકો**

પીડિતોનું કહેવું છે કે અખિલેશ યાદવ, વિશાલ યાદવ, તેમના પિતા અને ગામના લગભગ અડધો ડઝન અન્ય લોકો રસ્તા પર હાજર હતા. તેમનો આરોપ છે કે હુમલો એટલા માટે કરવામાં આવ્યો કારણ કે તેઓએ આરજેડીને મત આપવાનો ઈન્કાર કર્યો હતો. ઘાયલોને માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી. શરૂઆતમાં તેમને સિદ્ધાવલિયા કોમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી, ત્યારબાદ તેમને વધુ સારી સારવાર માટે ગોપાલગંજ સદર હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. ભાજપના ઉમેદવાર મિથિલેશ તિવારીએ મોડી રાત્રે સદર હોસ્પિટલમાં દાખલ દર્દીઓની મુલાકાત પણ લીધી હતી અને તેમની તબિયત પૂછી હતી.

**પોલીસ તપાસ શરૂ**

ગોપાલગંજ એસડીપીઓ-૨ રાજેશ કુમારે ઘટનાની પુષ્ટિ કરતા કહ્યું હતું કે બૈકુંઠપુર વિસ્તારમાં મતદાન પૂર્ણ થયા પછી, ત્રણ અલગ અલગ સ્થળોએ હુમલાની ફરિયાદો દાખલ કરવામાં આવી હતી: બાંગરા (બૈકુંઠપુર પોલીસ સ્ટેશન), દેવકુલી (મુહમ્મદપુર પોલીસ સ્ટેશન) અને બુચેયા (સિદ્ધાવલિયા પોલીસ સ્ટેશન). એસડીપીઓએ જણાવ્યું હતું કે વિવિધ પક્ષો તરફથી હુમલાનો આરોપ લગાવતી અરજીઓ મળી છે. ઘાયલોના લેખિત નિવેદનો લેવામાં આવી રહ્યા છે અને તપાસ પૂર્ણ થયા પછી યોગ્ય કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

# "તેને તો બેટ પકડતાં પણ નથી આવડતું પણ આખું ક્રિકેટ ચલાવે છે" : રાહુલ ગાંધીનો જય શાહ પર સીધો પ્રહાર

નવી દિલ્હી, તા.૮

બિહાર ચૂંટણીના રાજકીય ગરમાવા વચ્ચે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના પુત્ર અને ICCના ચેરમેન જય શાહ પર અત્યંત આક્રમક અને સીધો હુમલો કર્યો છે. ભાગલપુરમાં એક ચૂંટણી રેલીને સંબોધતા રાહુલ ગાંધીએ જય શાહની ક્રિકેટની યોગ્યતા પર સવાલ ઉઠાવતા કહ્યું કે જે વ્યક્તિને બેટ પકડતા પણ નથી આવડતું, તે આજે આખી દુનિયાના ક્રિકેટને નિયંત્રિત કરી રહ્યો છે.

**"પૈસાના જોરે ક્રિકેટ પર રાજ કરે છે" :** રાહુલ ગાંધીએ પોતાના ધારધાર ભાષણમાં કહ્યું, "જો તમે અદાણી, અંબાણી કે અમિત શાહના પુત્ર હોવ તો જ તમે મોટા સપના જોઈ શકો છો. અમિત શાહના દીકરા (જય શાહ)ને તો બેટ પકડતા પણ નથી આવડતું, રન બનાવવાની વાત તો ભૂલી જ જાઓ. પણ આજે તે ક્રિકેટનો વડો છે. તે ક્રિકેટમાં બધું જ નિયંત્રિત કરે છે. શા માટે તે બધું નિયંત્રિત કરે છે ? કારણ કે તેની પાસે પૈસા છે." ડિસેમ્બર ૨૦૨૪થી જય શાહ ક્રિકેટની વૈશ્વિક સંસ્થા ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)ના ચેરમેન છે. આ પહેલા તેઓ ૨૦૨૧થી ૨૦૨૪ સુધી એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC)ના પ્રમુખ અને ૨૦૧૯થી ૨૦૨૧ સુધી ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના સચિવ રહી ચૂક્યા છે.

**NDA સરકાર પર પણ કર્યા આકરા પ્રહાર :** NDA સરકાર પર પોતાનો હુમલો ચાલુ રાખતા રાહુલ ગાંધીએ આક્ષેપ કર્યો કે, "મોદી સરકારે ખેડૂતો, મજૂરો અને નાના વેપારીઓને બરબાદ કરવા માટે GST લાગુ કર્યો. આ સરકાર ગરીબોની જમીન હડપી લે છે અને તેને અંબાણી અને અદાણી જેવા ઉદ્યોગપતિઓને ભેટમાં આપી દે છે." ઉલ્લેખનીય છે કે બિહાર વિધાનસભાની ૨૪૩ બેઠકોમાંથી ૧૨૨ બેઠકો માટે બીજા તબક્કાનું મતદાન ૧૧ નવેમ્બરે યોજાશે અને પરિણામ ૧૪ નવેમ્બરે જાહેર થશે. ચૂંટણીના માહોલ વચ્ચે રાહુલ ગાંધીના આ નિવેદનથી રાજકારણ ગરમાયું છે.

# વરસાદને કારણે ગાબા ખાતે પાંચમી T20I રદ ભારતે ૧૩ વર્ષનો વિજય સિલસિલો જાળવી રાખ્યો

બ્રિસ્બેન, તા.૮

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ T20 આંતરરાષ્ટ્રીય મેચની શ્રેણીની અંતિમ અને પાંચમી મેચ વરસાદના કારણે રદ થઈ જતાં ભારતે ૨-૧થી શ્રેણી જીતી લીધી છે. શનિવાર, ૮ નવેમ્બરના રોજ બ્રિસ્બેનના ગાબા ખાતે રમાયેલી આ મેચમાં ભારે વરસાદે વિલન બનીને માત્ર ૪.૫ ઓવરની રમત થવા દીધી હતી.



આ જીત સાથે ભારતે ઓસ્ટ્રેલિયાની ધરતી પર T20I શ્રેણી જીતવાનો પોતાનો ૧૩ વર્ષનો વિજય સિલસિલો લંબાવ્યો છે. ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પહેલા ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ભારતે જ્યારે ૪.૫ ઓવરમાં વિના વિકેટે ૫૨ રન બનાવ્યા હતા, ત્યારે મેચમાં વરસાદનું વિઘ્ન આવ્યું હતું. શુભમન ગિલ (૨૯★) અને અભિષેક શર્મા (૨૩★) સારી લયમાં જણાતા હતા. શ્રેણીની શરૂઆતની મેચ કેનબેરામાં અને અંતિમ મેચ બ્રિસ્બેનમાં વરસાદને કારણે ધોવાઈ જતાં ભારતે ૫ મેચની શ્રેણી ૨-૧થી પોતાના નામે કરી. ભારતે ૨૦૧૨થી ઓસ્ટ્રેલિયામાં એક પણ દ્વિપક્ષીય T20I શ્રેણી ગુમાવી નથી. અગાઉ, ભારતે ૨૦૧૬માં ૩-૦, ૨૦૨૦માં ૨-૧ અને હવે ૨૦૨૫માં ૨-૧થી શ્રેણી જીતી છે.

**શાનદાર શરૂઆત, નિરાશાજનક અંત**

હજારો ભારતીય ચાહકોની હાજરીમાં ભારતીય ઓપનર શુભમન ગિલ અને અભિષેક શર્માએ આક્રમક શરૂઆત કરી હતી. ગિલ, જેણે શ્રેણીની શરૂઆતમાં પોતાના સ્ટ્રાઈક રેટ માટે ટીકાઓનો સામનો કર્યો હતો, તેણે બેન દ્વારશુઈસની એક જ ઓવરમાં ચાર બાઉન્ડ્રી ફટકારીને આક્રમક વલણ અપનાવ્યું હતું.

બીજી તરફ, યુવા ઓપનર અભિષેક શર્માને બે જીવનદાન મળ્યા હતા (ગ્લેન મેક્સવેલ અને દ્વારશુઈસ દ્વારા) અને તે સેટલ થઈ રહ્યો હતો. જોકે, ૪.૫ ઓવર બાદ જ વીજળીના કડાકા અને ભારે વરસાદને કારણે ખેલાડીઓ ડ્રેસિંગ રૂમમાં પાછા ફર્યા. વરસાદ વધતાં અને પિચ વધુ ભીની થતાં, આખરે ભારતીય સમય મુજબ સાંજે ૪:૨૫ વાગ્યે મેચ સત્તાવાર રીતે રદ જાહેર કરવામાં આવી, જેનાથી પ્રેક્ષકોમાં નિરાશા જોવા મળી.


# ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

**જોઈએ છે**

**જોઈએ છે**
એક્ઝિક્યુટીવ લેડીસ એન્ડ જેન્ટસ ટાઈમનું કોઈ બંધારણ નથી. પગાર 25000-40,000 જુહાપુરા, સરખેજ, પાલડી માટે 9879973833

---

**જોઈએ છે સેલ્સમેન**
અનુભવી/બિનઅનુભવી ગાર્મેન્ટના રિટેલ શો-રૂમ માટે મેન્સ, રેડીમેડ તથા કાપડ અને કિડસવેર, લેડીઝવેર માટે સાકરવાલા જંક્શન દરિયાપુર, અમદાવાદ Mo. 9898292948

---

**U.S.A. માટે જરૂર છે**
ફક્ત વિઝા ધરાવનાર મુસ્લિમ કપલ (ફેમેલી) હાઉસ કીપિંગ, મોટેલ (હોટેલ) માટે 9227504437 9228104437

---

**વેચવાનું છે**

**દુકાન વેચવાની છે**
ચોથો માળ, રોડ સાઈડ, ટાઈટલ ક્લિયર, શીતલવર્ષા કોમ્પ., જમાલપુર ચાર રસ્તા M. 9825067405

---

**ભોંયરૂ વેચવાનું છે**
અમદાવાદ સિટી વિસ્તારમાં ૨૦૦ વારનું ભોંયરૂં ટાઈટલ ક્લિયર રોડ ટચ, બેગ મેન્યુફેક્ચરીંગ, સીટ કવર, ગારમેન્ટ, ગોડાઉનને લાયક 9825527634

---

**Office For Rent/Sale**
West bank/Krupal Pathsala Call Broker 9825415296

---

**દુકાન વેચવાની છે**
પાનકોરનાકા ત્રણ દરવાજા રોડ ટચ, જમ્બો જેટ જમીનથી ત્રણ માળ કિંમત 2-50 બ્રોકર અશોકભાઈ 9825151710

---

**ઢાલગરવાડમાં મકાન વેચવાનું છે**
નવું બાંધકામ ત્રણ માળ મોટી દુકાન સાથે 65 વાર કિંમત/- 50 બ્રોકર અશોકભાઈ 9825151710

---

**ઢાલગરવાડમાં બિલ્ડિંગ વેચવાની છે**
આર.સી.સી.ની નીચે ચાર દુકાન ફુલ કબજા સાથે, નવું બાંધકામ 35 ફૂટ ફ્રન્ટ 1-30 બ્રોકર અશોકભાઈ 9825151710

---

2 લાખ ચાલુ ભાડા સાથે ચાંગોદર એરિયામાં ટાઈટલ ક્લિયર ગોડાઉન વેચવાનું છે 7777999667

---

અલ બુરૂજ રોડ પર 3 BHK ટાઈટલ ક્લિયર ફ્લેટ વેચવાનો છે 7777999667

---

ક્રેસન્ટ સ્કૂલ પાસે 2 BHK જૂની શરતનો ફ્લેટ વેચવાનો છે 7777999667

---

**દુકાન વેચવાની છે**
400 સ્કવેર ફુટની, બે જોઈન્ટ દુકાનો, પહેલા માળે, દરેક ધંધા લાયક, તથા શો રૂમ લાયક, રોડ ટચ, નૂર હોસ્પિટલની બાજુમાં, TP 85, સરખેજ 9374444333 (દલાલ આવકાર્ય)

---

**ગોડાઉન વેચવાની છે**
1350 ચો.ફૂટ એક્સેલ કું.ની સામે, સુએઝ ફાર્મ મો. 9898000474

---

**દુકાન તાત્કાલિક વેચવાની છે**
ચાલુ ભાડાની આવકવાળી આસ્ટોડિયા, રોડ ટચ, પ્રાઈમ લોકેશન Urgent Contact 9327646982

---

**ફ્લેટ વેચવાનું છે**
2 BHK Only 48 લાખ TP 85 સરખેજ બ્રોકર 8320798770

---

**મકાન અને જમીન ભાડે-વેચાણ**

**ટ્રિપ્લેક્ષ વેચાણ આપવાનું છે**
9, અઝીઝા રેસિડેન્સી, મદની મસ્જિદની આગળ, પટેલ મેદાન, દાણીલીમડા, 110 વાર બાંધકામ, ૩ બેડરૂમ, હોલ, કિચન દસ્તાવેજવાળી મિલકત 9228109009

---

**ફ્લેટ જોઈએ છે**
સિટી મુસ્લિમ વિસ્તારમાં ભાડે અથવા હેવી ડિપોઝિટથી બ્રોકર અશોકભાઈ 9825151710

---

**મકાન ભાડે આપવાનું છે**
પાલડી અમદાવાદમાં 7359478176

---

**ડુપ્લેક્ષ વેચાણ આપવાનો છે**
માત્ર 8 લાખમાં ૧૯સી જન્નત ડુપ્લેક્ષ કેનાલ સવેરા પાસે 7359478176

---

**ભાડે આપવાના છે**
દુકાનો/બંગ્લોઝ-ફ્લેટ ફર્નિશ્ડ 2/3/4 BHK તેમજ પેન્ટ હાઉસ મોટી સાઈઝ હોલ નવું જ P.G./બેચલર/નોનવેજ હોટલ/દવાખાનું/કાપડ-રેડીમેડ/મોબાઈલ/બ્યુટી પાર્લર લાયક...જુહાપુરા-સરખેજ 9687750295

---

**બે માળની દુકાન વેચાણ અથવા ભાડે આપવાની છે**
3, અર-રહમાન કોમ્પ્લેક્ષ, નાગોરી કોમ્પ્લેક્ષની બાજુમાં, દાણીલીમડા, BRTSની સામે 9228109009

---

**ગોડાઉન ભાડે આપવાનો છે**
1400 સ્કવેરફુટ 100 ફુટ રોડ, લોખંડવાલા પાર્ટી પ્લોટ પાસે, ફતેહવાડી, સરખેજ M. 7624097876

---

**વેચાણ આપવાનું છે ફ્લેટ**
2 BHK બાગબાન રેસિડેન્સી રઝાક મસ્જિદ પાસે, TP 85 રોડ જુહાપુરા 9619908133

---

**ભાડે આપવાનું છે ટેનામેન્ટ**
ત્રણ બેડ રૂમ, હોલ, કિચન જુહાપુરામાં 9925519490

---

**પાલડીમાં ફ્લેટ ભાડે આપવાનો છે**
ત્રણ બેડરૂમ, હોલ, કિચન 9925519490

---

**બંગલો ભાડે આપવાનો છે**
3 BHK, 1 સ્ટડી રૂમ, ૧ ડ્રોઈંગ રૂમ, કિચન, કમ્પાઉન્ડ, કાર પાર્કિંગ, વિશાલા, માઝીન પાર્ક-૨ સો. જુહાપુરા મો. 9898801126 રેન્ટ - 30,000/-

---

**Apex Property Solution**
જમીન, મકાન, પ્લોટ, ફ્લેટ લે-વેચ તથા ભાડે માટે મળો Akik Farooqui 9099421218 Anis Farooqui 9099521218

---

**વેચાણ આપવાની છે**
દુકાનો 10x10-10x11-10x12 રોડ ટચ, અહેસાન પાર્ક પાસે 8141837313 ગુલુચાચા

---

જમીન-પ્લોટ-ગોડાઉન-દુકાન-બંગ્લોઝ-ટેનામેન્ટ-ફ્લેટ-ડુપ્લેક્ષ-ભાડે-લે-વેચ 8141837313 ગુલુચાચા

---

**ભાડે આપવાના છે**
ટેનામેન્ટ 2 BHK રોડ ટચ સોસાયટી, અલ-ફઝલ પાસે, (25 હજાર) અને ફલકનુમા પાછળ સોસાયટીમાં (28 હજાર) 8141837313 ગુલુચાચા

---

**લગ્ન વિષયક**

મુસ્લિમ શેખ યુવક Very Handsome Age 27 MBBS Doctor માટે યુવતીના વાલી સંપર્ક કરો. 9825091851

---

**નિકાહ નેટવર્ક્સ મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો 9825215334 9904969895

---

પઠાણ યુવતી M.Com. B.ed. Doing Government Job Age 23 માટે Educated only Ahmedabad ના યુવકોના વાલીઓ સંપર્ક કરે 7359478176

---

**ન્યુ 2 BHK/3 BHK ફ્લેટ જોઈએ છે**
અરજન્ટ વેચાણથી, જુહાપુરાથી TP 85 રોડ સુધી. દલાલોએ સંપર્ક કરવો નહીં, સીધા ઓનર કોન્ટેક્ટ કરે 9924205913

---

**સાહારા એસ્ટેટ**
બંગલો, ટેનામેન્ટ, ફ્લેટ, પ્લોટ, ગોડાઉન ભાડે આપવા લેવા માટે મળો 9925519490 બ્રોકર-ઈખ્તીયારભાઈ

---

**ઈન્ડસ્ટ્રીયલ શેડ ભાડે આપવાના છે**
ચાંગોદર, ખેડામાં ચાલુ ભાડાની આવક સાથે Broker 9825415296

---

**અગત્યની સૂચના**
લગ્ન વિષયકની તેમજ અન્ય કોઈપણ યોજનાની જાહેરખબરમાં વિજ્ઞાપન દાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતાં પહેલા વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. જેની ખાસ નોંધ લેવી. - વ્યવસ્થાપક

**વ્યવસાયીલક્ષી/અન્ય**

**OLD NAME :** KIDAWALA MOHAMEDRAMJANI GULAMRASUL **NEW NAME :** KIDAWALA RAMJANI GULAMRASUL **ADD :** 2534/7, TAJPUR MOMNAWAD, JATKAN POLE, JAMALPUR, AHMEDABAD-380001

---

**ગુજરાત ટુડે**
આપની ટચૂકડી જાxખ નીચેના સેન્ટર ઉપર પણ આપી શકો છો

**ગુજરાત ટુડે બ્યુરો સીટી ઓફિસનું સરનામું ઉસ્માની મંઝીલ, ખાનપુર ચકલા, અમદાવાદ**

---

**કિસ્મત બુક સ્ટોર**
૧૯૦/એ/૩, બાવરચી એસ્ટેટ, બુખારીસાહબ દરગાહ, જમાલપુર ક્રોસ રોડ, અમદાવાદ. મો.૯૮૨૫૦૭૫૬૮૯

---

**જુહાપુરા ઓફિસ ફિરદોસ સિમેન્ટ**
બેંક ઓફ બરોડાની સામે, સરખેજ જુહાપુરા રોડ, મો.૯૯૯૮૮૮૦૩૩૦

# પગાર સ્લીપ સહિતની તમામ વિગતો માંગતા રાજ્ય સરકારના આદેશ સામે કાશ્મીરના પત્રકારોએ ભારે વિરોધ વ્યક્ત કર્યો, ચિંતા દર્શાવી

## પ્રેસ ક્લબ ઓફ કાશ્મીરના એક નિવેદનમાં સરકારના આદેશ અંગે ચિંતા કરવામાં આવી છે અને તેને એક તરફી લેખ સમાન ગણાવ્યો છે અને ચેતવણી આપી છે કે આ પ્રકારના હુકમથી કાશ્મીર ખીણના મીડિયા જગતમાં અવિશ્વાસનું વાતાવરણ ઊભું થશે

(એજન્સી) શ્રીનગર, તા.૮

કાશ્મીરમાં કામ કરતા પત્રકારોની છેલ્લા છ મહિનાની પગાર સ્લીપ સહિતની એમની તમામ જીવન અને કારકિર્દી રીતે લક્ષી વિગતો રજૂ કરવા માટેના જમ્મુ અને કાશ્મીર સરકારના માહિતી વિભાગના આદેશથી કાશ્મીરના પત્રકારોએ ચિંતાની લાગણી વ્યક્ત કરી છે. સંખ્યાબંધ જિલ્લાઓમાં ફરજ બજાવી રહેલા મીડિયા કર્મીઓ માટે આવો આદેશ આપવામાં આવ્યો છે જેને ઘણા આ પ્રદેશમાં અખબારી આઝાદી પર થઈ રહેલા સતત આક્રમણના ભાગરૂપે માને છે.

એક અંગ્રેજી ભાષી અખબારના અહેવાલ મુજબ ૩૧ ઓક્ટોબરના રોજ કાશ્મીરના માહિતી વિભાગના જોઈન્ટ ડાયરેક્ટર દ્વારા આદેશ બહાર પાડવામાં આવ્યો હતો જેમાં ફિલ્ડ અધિકારીઓ તરફથી મળી રહેલી ઘણી બધી ફરિયાદોનો ઉલ્લેખ કરીને એક્રેડિટેડ અને ખરેખર આ સાચા પત્રકારોની યાદીની ચકાસણી કરતા રહેવા અને યાદી બનાવવા માટે અને વધુ જાગૃતિ અને સાવધાની રાખવા માટે તમામ જિલ્લા માહિતી અધિકારીઓને આદેશ આપવામાં આવ્યું હતું.

દુનિયામાં રહીને કોઈ પોતાની પાસેના ઓળખ પત્રનો દુરુપયોગ કરતું હોય અથવા તો સરકારના અધિકારીઓને બદનામ કરવાના કે સરકારની સંસ્થાઓને પોતાના અંગત કે નાણાકીય લાભ માટે બદનામ કરવાના પ્રયાસો કરતું હોય તો એવી ઘટનાઓની તાત્કાલિક જાણ કરવા પણ જિલ્લા માહિતી અધિકારીઓને સુચના અપાય છે.

પત્રકારોએ મકતુબ મીડિયાને જણાવ્યું હતું કે સરકારનો આદેશ મીડિયાના સ્વતંત્ર અવાજને નિશાન બનાવી શકે છે. એક સ્વતંત્ર ફ્રિલાન્સ પત્રકારે નામ નહીં આપવાની શરતે જણાવ્યું હતું કે અધિકારીઓએ અમારો સંપર્ક શરૂ પણ કરી દીધો છે અને અમારી કચેરીઓ રજા કામ કરીએ છીએ જગ્યાઓ વિશે તથા આવકના સાધનો વિશે અમારી પાસે પૂછપરછ કરીને



વિગતો માનવામાં આવી રહી છે અને રાષ્ટ્ર વિરોધી કથિત અહેવાલ લેખન અંગે પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. અધિકારીઓ મને પૂછતા હતા કે તમે રાષ્ટ્ર વિરોધી લેખો કેમ લખો છો? તો એ અંગે મેં કહ્યું કે જે હકીકત છે એ જ હું રજૂ કરી રહ્યો છું. શ્રીનગરમાં કામ કરતા આદિલ હુસેન નામના પત્રકારે જણાવ્યું હતું કે આવી વિગતો એ લોકો એકત્ર કરે છે તેમાં કશું નવું નથી અને સોશિયલ મીડિયાના પત્રકારો ઉપર ખાસ ધ્યાન આપવાનું કહેવાયું છે. સરકારના પગલાથી જે નોંધાયેલા નથી એવા અને ચકાસણીની બહાર છે એવા પોર્ટલની ઓળખ કરવામાં મદદ મળી શકે છે અને ઓછું ચુકવણી કરતા મીડિયા સંગઠનોની પણ ઓળખ થઈ શકે છે પરંતુ આ પ્રકારની કાર્યવાહીથી સ્વતંત્ર રીતે કામ કરતા પત્રકારો પર નિશાન લગાવી શકાય તેમ છે અને એમને હેરાન કરવાનું વધુ સરળ બનશે.

બીજા એક પત્રકારે કહ્યું હતું કે નિયમિત રીતે પત્રકારોની ચકાસણી અને તપાસ તો થતી જ રહે છે અને નવા હુકમથી એમનામાં ફરીથી ભારે ભયની લાગણી ઉભી થવા પામી છે. એક મહિલા પત્રકાર કહે છે કે અનેક સ્વતંત્ર રીતે કામ કરતા પત્રકારોને ફિક્સ પગાર હોતો નથી પરંતુ ફેલોશીપ અથવા તો ગ્રાન્ટ ઉપર એમને કામ કરવું પડે છે. નવા આદેશથી એવો અર્થ કાઢવામાં આવશે કે એ લોકો નાણાકીય લાભ માટે જ રાજ્યની વિરુદ્ધમાં કામ કરી રહ્યા છે અને વિદેશી પ્રકાશનો પાસેથી જે વળતર મળે છે તેને પણ રાષ્ટ્ર વિરોધી ગણાવી દેવામાં આવશે એવું દેખાય છે. પત્રકારોને નિયમિત રીતે આધાર અને પાનકાર્ડ પણ બતાવતા રહેવા તથા એમના નિમણૂક પત્રો તેમજ બેંકના સ્ટેટમેન્ટ અને લાયકાતના સર્ટિફિકેટ તથા સોશિયલ મીડિયાના એમના જોડાણની વિગતો પણ માંગવામાં આવી રહી છે. પ્રેસ ક્લબ ઓફ કાશ્મીરનના એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે આવો હુકમ ચિંતાજનક છે અને એકતરફી લેખ સમાન છે કે નથી કાશ્મીર ખીણના મીડિયા જગતમાં અવિશ્વાસનું વાતાવરણ ઊભું થઈ જવાનો ડર છે.

# ‘ગેરકાયદેસર પરમાણુ પ્રવૃત્તિઓ પાકિસ્તાનના ઈતિહાસનો ભાગ છે’ : ભારતે ટ્રમ્પની ટિપ્પણીની નોંધ લીધી

## પાકિસ્તાન ગુપ્ત રીતે પરમાણુ શસ્ત્રોનું પરીક્ષણ કરી રહ્યું છે તેવી ટ્રમ્પની તાજેતરની ટિપ્પણી પરના પ્રશ્નના જવાબમાં રણધીર જયસ્વાલે આ ટિપ્પણી કરી હતી

(એજન્સી) તા.૮

ભારતે પાકિસ્તાન પર તેના કથિત પરમાણુ શસ્ત્રોના પરીક્ષણ પર પ્રહાર કરતા કહ્યું હતું કે ‘ગુપ્ત અને ગેરકાયદેસર પરમાણુ પ્રવૃત્તિઓ’ ઈસ્લામાબાદના ઈતિહાસ સાથે સુસંગત છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સાપ્તાહિક બ્રીફિંગને સંબોધતા કહ્યું હતું કે પાકિસ્તાનનો પરમાણુ ઈતિહાસ ‘દશકોની દાણચોરી, નિકાસ નિયંત્રણ ઉલ્લંઘન, ગુપ્ત ભાગીદારી અને એક્યુ ખાન નેટવર્ક’ પર કેન્દ્રિત છે. પાકિસ્તાન ગુપ્ત રીતે પરમાણુ શસ્ત્રોનું પરીક્ષણ કરી રહ્યું છે તેવી ટ્રમ્પની તાજેતરની ટિપ્પણી પરના પ્રશ્નના જવાબમાં જયસ્વાલે આ ટિપ્પણી કરી હતી. જયસ્વાલે પ્રેસ બ્રીફિંગમાં કહ્યું કે,‘ગુપ્ત અને ગેરકાયદેસર પરમાણુ પ્રવૃત્તિઓ પાકિસ્તાનના ઈતિહાસ સાથે સુસંગત છે, જે દાયકાઓથી દાણચોરી, નિકાસ નિયંત્રણ ઉલ્લંઘન, ગુપ્ત ભાગીદારી, એક્યુ ખાન નેટવર્ક અને વધુ પ્રસાર પર કેન્દ્રિત છે,’. તેમણે કહ્યું કે નવી દિલ્હી હંમેશા પાકિસ્તાનના રેકોર્ડના આ પાસાઓ પર આંતરરાષ્ટ્રીય સમુદાયનું ધ્યાન દોરતું આવ્યું છે. તેમણે ઉમેર્યું કે,‘આ પૃષ્ઠભૂમિમાં, અમે પાકિસ્તાનના પરમાણુ પરીક્ષણ વિશે રાષ્ટ્રપતિ ટ્રમ્પની ટિપ્પણીની નોંધ લીધી છે,’. ગયા રવિવારે, ટ્રમ્પે મેડીયા સાથેની ૬૦ મિનિટ્સ સાથેની એક મુલાકાતમાં કહ્યું હતું કે જ્યારે અમેરિકા ત્રણ દાયકાથી વધુ સમયથી પરીક્ષણ કરવાથી દૂર રહ્યું છે, ત્યારે પાકિસ્તાન સહિત ઘણા દેશો ભૂગર્ભ



પરમાણુ પરીક્ષણો કરવાનું ચાલુ રાખે છે. ટ્રમ્પે કહ્યું કે,‘અમે પરીક્ષણ કરવા જઈ રહ્યા છીએ કારણ કે તેઓ પરીક્ષણ કરે છે. અને ચોક્કસપણે ઉત્તર કોરિયા પરીક્ષણ કરી રહ્યું છે. પાકિસ્તાન પરીક્ષણ કરી રહ્યું છે. તેઓ જઈને તમને તેના વિશે કહેતા નથી. તેઓ ભૂગર્ભમાં પરીક્ષણ કરે છે, જ્યાં લોકોને ખબર નથી હોતી કે શું થઈ રહ્યું છે. તમને ફક્ત થોડીક ધ્રુજારી અનુભવાય છે,’. જોકે, પાકિસ્તાને ટ્રમ્પના દાવાને ફગાવી દીધો અને કહ્યું કે તે ‘પરમાણુ પરીક્ષણો કરનાર પ્રથમ દેશ નહોતો અને તેને ફરીથી શરૂ કરનાર પ્રથમ દેશ નહીં હોય.’ યુએસ રાષ્ટ્રપતિએ ઉમેર્યું હતું કે રશિયા અને ચીન જેવા અન્ય દેશો પણ જાહેર ચર્ચા ટાળીને ગુપ્ત રીતે પરીક્ષણો કરી રહ્યા હતા.

# ઝોહરાન મામદાનીને ન્યૂ યોર્કના મેયર બનતા રોકવા માટે ૨૬ અબજોપતિઓએ ૨.૨૦ કરોડ ડૉલરનો ખર્ચ કર્યો પરંતુ તેઓ તેમની જીતને રોકી શક્યા નહીં

(એજન્સી) તા.૮

ડેમોક્રેટ સમાજવાદી ઝોહરાન મમદાની, જેમણે શહેર સંચાલિત કરિયાણાની દુકાનો, મફત જાહેર પરિવહન અને સાર્વત્રિક બાળ સંભાળ જેવી નીતિઓ સાથે જીવનનિર્વાહના ખર્ચને પહોંચી વળવા માટે ઝુંબેશ ચલાવી હતી, તેઓ ન્યૂ યોર્કના મેયર તરીકે ચૂંટાયા છે. તેમના પ્રગતિશીલ પ્લેટફોર્મ હોવા છતાં મમદાનીની અમેરિકાના કેટલાક ધનિક વ્યક્તિઓ માટે મુખ્ય લક્ષ્ય હતા. ફોર્બ્સ અનુસાર, ઓછામાં ઓછા ૨૬ અબજોપતિઓ અને સમૃદ્ધ પરિવારોએ તેમના વિરોધીઓને ટેકો આપવા અને તેમની વિરૂદ્ધ જાહેરાતો ચલાવવા માટે સામૂહિક રીતે $૨૨ મિલિયનથી વધુ ખર્ચ કર્યા હતા. તેમાં ઉલ્લેખનીય યોગદાન આપનારાઓમાં બ્લૂમબર્ગ ન્ના સહ-સ્થાપક માઈકલ બ્લૂમબર્ગ, હેજ ફંડ મેનેજર બિલ એકમેન, Airbnb સહ-સ્થાપક જો ગેબિયા અને લોડર પરિવારના સભ્યો, એસ્ટી લોડરના વારસદારોનો સમાવેશ થાય છે. દરેકે એન્ડ્રુ કુઓમોને ટેકો આપતી સ્વતંત્ર ખર્ચ સમિતિઓ અને સુપર પોલિટિકલ એક્શન સમિતિઓને ઓછામાં ઓછા $૧,૦૦,૦૦૦નું યોગદાન આપ્યું છે.

ડેમોક્રેટિક પ્રાઈમરીમાં કુઓમોને ટેકો આપવા માટે માઈકલ બ્લૂમબર્ગે $૮ મિલિયનનું યોગદાન આપ્યું, જ્યારે એકમેને $૧.૭૫ મિલિયનનું દાન આપ્યું અને લોડરે $૭૫૦,૦૦૦ આપ્યા હતા. અન્ય અગ્રણી દાતાઓમાં Netflixના સહ-સ્થાપક રીડ હેસ્ટિંગ્સ અને મીડિયા ઉદ્યોગસાહસિક બેરી ડિલરનો સમાવેશ થાય છે, દરેકે $૨૫૦,૦૦૦ આપ્યા હતા. રૂઢિચુસ્ત દાતાઓ પણ મેદાનમાં ઉતર્યા, જેમ કે ઓક્ટોબરમાં $૫૦૦,૦૦૦ સાથે



કેસિનો મેગ્નેટ સ્ટીવ વિન અને કેટલાક મહિનાઓ સુધી $૧ મિલિયનનું યોગદાન આપ્યું હતું. ફોર્બ્સ અનુસાર, ૧૩ ઓક્ટોબરના રોજ એક રેલીમાં વિપક્ષને સંબોધતા, મામદાનીએ કહ્યું કે, "બિલ એકમેન અને રોનાલ્ડ લોડર જેવા અબજોપતિઓએ આ સ્પર્ધામાં લાખો ડોલર આપ્યા છે કારણ કે તેઓ કહે છે કે તેમના અસ્તિત્વ માટે હું ખતરો છું. હું અહીં એ સ્વીકારવા આવ્યો છું કેઃ તેઓ સાચા છે."

ફોર્બ્સ દ્વારા જાહેર ૨૬ અબજોપતિ દાતાઓમાંથી સોળ ન્યુ યોર્ક શહેરના રહેવાસી છે. મમદાની વિરોધી ઝુંબેશને સમર્થન આપનાર અબજોપતિઓ

માઈકલ બ્લૂમબર્ગ : $૮.૩ મિલિયન
જો ગેબિયાઃ $૩ મિલિયન
વિલિયમ લોડર અને પરિવારઃ $૨.૬ મિલિયન
બિલ એકમેનઃ $૧.૭૫ મિલિયન
જોનાથન ટિશ અને પરિવારઃ $૧.૨ મિલિયન
જોન હેસઃ $૧ મિલિયન
ડેનિયલ લોએબઃ $૭૭૫,૦૦૦
બેરી ડિલરઃ $૫૦૦,૦૦૦
સ્ટીવ વિનઃ $૫૦૦,૦૦૦
માર્સેલા ગુઆરિનોહાયમોવિટ્ઝઃ $૪૦૦,૦૦૦
ડેવિડ વોલેન્ટાસઃ $૩૫૦,૦૦૦
રીડ હેસ્ટિંગ્સઃ $૨૫૦,૦૦૦
જોન ફિશઃ $૨૫૦,૦૦૦
ડેવિડ લિક્ટેનસ્ટીનઃ $૨૫૦,૦૦૦
એલિસ વોલ્ટનઃ $૨૦૦,૦૦૦
ડેબોરાહ સિમોનઃ $૨૦૦,૦૦૦
જેરી સ્પાયરઃ $૧૫૦,૦૦૦
સ્ટેફની કોલમેનઃ $૧૫૦,૦૦૦
ડર્સ્ટ પરિવારઃ $૧૧૦,૦૦૦
ફિશર પરિવારઃ $૧૧૦,૦૦૦
ડેનિયલ ઓચઃ $૧૦૦,૦૦૦
કેન લેંગોનઃ $૧૦૦,૦૦૦
જેમ્સ અને કેથરીન મર્ડોકઃ $૧૦૦,૦૦૦
બ્રુસ અને સુઝી કોવનરઃ $૧૦૦,૦૦૦
રિચાર્ડ કટ્ર્ઝઃ $૧૦૦,૦૦૦
એલ્ઘાનયન પરિવારઃ $૧૦૦,૦૦૦

રસપ્રદ વાત એ છે કે, શરૂઆતમાં મમદાનીની વિરુદ્ધ બોલતા વોલ સ્ટ્રીટના કેટલાક વ્યક્તિઓએ તેમની જીત પછી ટેકો આપ્યો છે. એકમેને ઠ પર એક પોસ્ટમાં મમદાનીને અભિનંદન આપતા લખ્યું કે, "હવે તમારી પાસે મોટી જવાબદારી છે. જો હું NYCને મદદ કરી શકું છું, તો મને જણાવો કે હું શું કરી શકું છું."

CEO જેમી ડિમોને અગાઉ કહ્યું હતું કે મમદાની "સમાજવાદી કરતાં વધુ માર્ક્સવાદી" છે. મમદાનીની જીત બાદ, ડિમોને ૫ નવેમ્બરના રોજ CNNને આપેલા એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે તેઓ વાતચીત કરવા માટે ઈચ્છુક છે અને તેઓ "કોઈપણ મેયર, કોઈપણ ગવર્નર"ને મદદ કરવા તૈયાર છે. ઉલ્લેખનીય છે કે, મમદાની ૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ પદ સંભાળશે.

# ૨૦૧૪થી ભારતમાં ખ્રિસ્તીઓ વિરુદ્ધ અત્યાચારોમાં ૫૦૦ ટકાનો વધારો : ખ્રિસ્તી અધિકાર કાર્યકરો

## ખ્રિસ્તી અધિકાર કાર્યકરો અનુસાર ૨૦૧૪થી ખ્રિસ્તીઓને નિશાન બનાવતા નફરતના ગુનાઓમાં ૫૦૦% વધારો નોંધાયો છે, છેલ્લા દાયકામાં ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ ગુના નોંધાયા છે, ૨૦૨૫ના પ્રથમ નવ મહિનામાં ખ્રિસ્તીઓ વિરુદ્ધ ૫૭૯ ગુનાઓની ઘટનાઓ નોંધાઈ હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

ભારતમાં ખ્રિસ્તી અધિકાર કાર્યકરોએ તાજેતરમાં પ્રેસ ક્લબ ઓફ ઈન્ડિયા ખાતે ભારતમાં ધાર્મિક લઘુમતીઓ વિરુદ્ધ વધતી હિંસા અંગે એક અહેવાલ બહાર પાડ્યો હતો. પ્રેસ કોન્ફરન્સમાં જારી કરાયેલા એક નિવેદનમાં દાવો કરવામાં આવ્યો છે કે, ૨૦૧૪થી ખ્રિસ્તીઓને લક્ષ્ય બનાવતા નફરતના ગુનાઓમાં ૫૦૦% વધારો થયો છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ૨૦૧૪થી ૨૦૨૪ની વચ્ચે ખ્રિસ્તીઓ વિરુદ્ધ હિંસાની ઘટનાઓ ૧૩૯થી વધીને ૮૩૪ થઈ છે, જે ફક્ત દસ વર્ષમાં ૫૦૦%નો વધારો છે. આ ૧૨ વર્ષોમાં કુલ ૪૯૫૯ ઘટનાઓ નોંધાઈ છે, જે દેશભરમાં ખ્રિસ્તી વ્યક્તિઓ, પરિવારો અને સંસ્થાઓને અસર કરે છે. આ દર વર્ષે સરેરાશ ૬૯.૫ ઘટનાઓનો વધારો દર્શાવે છે, જે એકલ દોકલ ઘટનાને બદલે સુસંગત અને સંગઠિત પેટર્ન દર્શાવે છે. સંમેલનમાં બોલતા સિસ્ટર મીનાક્ષીએ હિન્દુત્વ જૂથો દ્વારા ખ્રિસ્તીઓ પર હુમલાના ઘણા ઉદાહરણો ટાંક્યા. તેમણે કહ્યું, ધર્મના આધારે લોકોને વિભાજિત કરવાનો એક સંગઠિત પ્રયાસ ચાલી રહ્યો છે. માનવ અધિકાર કાર્યકર્તા માઈકલ વિલિયમ્સે કહ્યું કે, ધર્મ પરિવર્તનનો મુદ્દો... દરેક ચૂંટણી પહેલાં સરકાર દ્વારા રાજકીય હથિયાર તરીકે ઉપયોગ થાય છે.

વકીલ તેહમીના અરોરાએ આદિવાસી ખ્રિસ્તીઓ પર થઈ રહેલા અત્યાચારોનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ખ્રિસ્તી ધર્મ અપનાવવાને કારણે તેઓ અત્યાચાર અને સામાજિક બહિષ્કારનો સામનો કરે છે. તેમણે સમજાવ્યું, ભારતમાં આશરે ૭૦ લાખ આદિવાસી ખ્રિસ્તીઓ છે. આ લોકો દેશના સૌથી દૂરના વિસ્તારોમાં રહે છે અને અત્યંત સંવેદનશીલ છે, જેના કારણે તેમને અનુસૂચિત જનજાતિ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. છત્તીસગઢનું ઉદાહરણ આપતા અરોરાએ કહ્યું, ત્યાં આદિવાસી સમુદાયના ખ્રિસ્તીઓ પર અત્યાચાર કરવાનો રીતસર પ્રયાસ થઈ રહ્યો છે. તેમણે કહ્યું, જાન્યુઆરી ૨૦૨૫માં બસ્તરની એક મહિલા કનિકા કશ્યપ પર હુમલો કરવામાં આવ્યો કારણ કે, તેણે ધર્માંતરણ કર્યું હતું. તે ગર્ભવતી હતી અને હુમલામાં તેનો ગર્ભપાત થયો હતો. તેણે પોલીસ ફરિયાદ નોંધાવી, પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી નહીં. પછી જુલાઈ ૨૦૨૫માં જમશેદપુરમાં એક ઘર પર હુમલો કરવામાં આવ્યો જ્યાં લોકો ભોજન કરી રહ્યા હતા. તેઓ ત્યાં ભેગા થયા હતા. કોઈએ અફવા




ફેલાવી કે ધાર્મિક ધર્માંતરણ થઈ રહ્યું છે, જેના કારણે ટોળાએ ઘર પર હુમલો કર્યો. બાદમાં પોલીસ તપાસમાં બહાર આવ્યું કે તે ફક્ત એક સાદી રાત્રિભોજન પાર્ટી હતી.

અરોરાએ કહ્યું, આજે પરિસ્થિતિ એવી છે કે, ટ્રેનમાં મુસાફરી કરવાથી, સાથે જમવાથી અથવા ફક્ત સાધ્વી બનવાથી પણ ધાર્મિક પરિવર્તનના આરોપો લાગી શકે છે. તેથી જ આજે અમે અહીં ચા પણ પીધી ન હતી, જેથી કોઈ એવું ન વિચારે કે અમે ધાર્મિક પરિવર્તનને પ્રોત્સાહન આપી રહ્યા છીએ. તેમણે ઉમેર્યું કે આદિવાસી ખ્રિસ્તીઓનો પણ સામાજિક બહિષ્કાર થાય છે, જે ભેદભાવનો એક ખૂબ જ અસરકારક પ્રકાર છે. અરોરા કહે છે, લોકોને તેમની સાથે વાત કરવા અને તેમનો બહિષ્કાર કરવાની મનાઈ છે. જે લોકો ખ્રિસ્તીઓ સાથે વાત કરે છે અથવા તેમને સામાજિક કાર્યક્રમોમાં આમંત્રણ આપે છે તેમને દંડ કરવામાં આવે છે. ખ્રિસ્તી ઘરો બાળી નાખવામાં આવે છે, ખેતરોનો નાશ કરવામાં આવે છે, પ્રાણીઓને લઈ જવામાં આવે છે, તેમને રોજગાર આપવાનો ઈન્કાર કરવામાં આવે છે અને તેમને તેમના મૃતકોને દફનાવવાની પણ મંજૂરી નથી. તેમણે ઉમેર્યું કે, આ કેસ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. પરંતુ કોર્ટે કહ્યું કે, તેના હાથ બાંધેલા છે અને સમાજને આગળ વધવા કહ્યું. અરોરાએ કહ્યું, આજે સામાજિક બહિષ્કાર એક મોટો સંકટ બની ગયો છે. ‘ઘર વાપસી’ દ્વારા લોકો પર તેમના જૂના ધર્મમાં પાછા ફરવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. પરંતુ શ્રદ્ધા કોઈ હળવી વાત નથી; તે એક ઊંડી પ્રતિબદ્ધતા છે. સાચું ‘બળજબરીથી ધર્માંતરણ’ ત્યારે થાય છે જ્યારે કોઈને તેમના પસંદ કરેલા ધર્મનો ત્યાગ કરવાની ફરજ પાડવામાં આવે છે. એક અખબારી નિવેદન મુજબ ૨૦૨૫ના પ્રથમ નવ મહિનામાં ખ્રિસ્તીઓ વિરુદ્ધ ૫૭૯ ઘટનાઓ નોંધાઈ હતી, પરંતુ ફક્ત ૩૯ કિસ્સાઓમાં FIR દાખલ કરવામાં આવી હતી. આમાં ધાકધમકી આપવાના ૭૧ કેસ, પ્રાર્થનામાં અવરોધ લાવવાના ૫૧ કેસ, શારીરિક હુમલાના ૯ કેસ અને મિલકતને નુકસાન પહોંચાડવાના ૭ કેસનો સમાવેશ થાય છે. રિપોર્ટમાં જણાવાયું છે કે, છેલ્લા દાયકામાં વાર્ષિક સરેરાશ ૬૯.૫ નવા નફરતના ગુનાઓમાં વધારો થયો છે, જેમાંથી ૭૬% કેસ ફક્ત પાંચ રાજ્યોમાંથી આવ્યા છે. ઉત્તરપ્રદેશમાં આવી સૌથી વધુ ઘટનાઓ નોંધાઈ છે, જે કુલ ઘટનાઓના ૩૧.૬% છે. કાર્યકર્તાઓએ આરોપ લગાવ્યો હતો કે, પોલીસ અધિકારીઓ ખ્રિસ્તી પીડિતોની અવગણના કરી રહ્યા છે. તેઓ ફરિયાદો નોંધવાનો ઈન્કાર કરી રહ્યા છે, જેનાથી ગુનેગારો માટે સજામાંથી મુક્તિનું વાતાવરણ ઊભું થઈ રહ્યું છે. તેમણે કહ્યું કે, ૨૦૧૬થી ૨૦૨૦ની વચ્ચે, નફરતના ગુનાઓમાં ઓછામાં ઓછા ૨૧ ખ્રિસ્તીઓની હત્યા કરવામાં આવી હતી, જેમાં રાજસ્થાનમાં એક પુરૂષને ઈરાદાપૂર્વક વીજળીનો કરંટ લાગવાનો પણ સમાવેશ થાય છે. ઘણા ખ્રિસ્તી અધિકાર સંગઠનોએ હવે કેન્દ્ર સરકાર સમક્ષ આ મુદ્દાઓ ઊઠાવવા માટે રાષ્ટ્રીય ખ્રિસ્તી સંમેલનનું આયોજન કરવાનું નક્કી કર્યું છે, જે ૨૯ નવેમ્બરના રોજ દિલ્હીના જંતર-મંતર ખાતે યોજાશે. કોન્ફરન્સના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આ કોઈ રાજકીય આંદોલન નથી, પરંતુ ખ્રિસ્તી નાગરિકો વચ્ચે તેમના લોકશાહી અધિકારોનો ઉપયોગ કરીને બંધારણીય સંવાદ છે. વધતી જતી હિંસા, પોલીસની નિષ્ક્રિયતા અને ન્યાયની પહોંચના અભાવના ઉકેલો શોધવા હવે ખૂબ જ જરૂરી છે.

# આફ્રિકન રાષ્ટ્ર અલ-કાયદા અને ISIS બળવાનો સામનો કરી રહ્યું છે ત્યારે માલીમાં પાંચ ભારતીયોનું અપહરણ

## અધિકારીઓએ જણાવ્યું હતું કે, જનતાના નેતૃત્વ હેઠળનું રાષ્ટ્ર જેહાદી હિંસા અને વધતી જતી અસ્થિરતા સામે લડી રહ્યું છે ત્યારે પશ્ચિમ માલીમાં કોબરી નજીક વીજળીકરણ પ્રોજેક્ટ પર કામ કરતા પાંચ ભારતીય નાગરિકોનું અપહરણ કરવામાં આવ્યું હતું

(એજન્સી) તા.૮

પશ્ચિમ આફ્રિકન રાષ્ટ્ર અલ-કાયદા અને ISIS સાથે જોડાયેલા આતંકવાદી જૂથ દ્વારા સંચાલિત વધતી હિંસા સામે લડી રહ્યું છે ત્યારે માલીમાં પાંચ ભારતીય નાગરિકોનું અપહરણ કરવામાં આવ્યું હોવાની અધિકારીઓએ પુષ્ટિ આપી હતી. સમાચાર એજન્સી અનુસાર, પશ્ચિમ માલીમાં કોબરી નજીક કેટલાક સશસ્ત્ર માણસોએ ભારતીયોનું અપહરણ કર્યું હતું. તેઓ સ્થાનિક વીજળીકરણ પ્રોજેક્ટ્સમાં સામેલ એક કંપનીમાં કાર્યરત હોવાનું સુરક્ષા સૂત્રએ જણાવ્યું હતું. કંપનીના એક પ્રતિનિધિએ મીડિયાને જણાવ્યું હતું કે ત્યારથી અન્ય તમામ ભારતીય કામદારોને રાજધાની બામાકો ખસેડવામાં આવ્યા છે. કોઈ જૂથે હજુ સુધી અપહરણની જવાબદારી સ્વીકારી નથી. પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, અમે પાંચ ભારતીય નાગરિકોના અપહરણની પુષ્ટિ કરીએ છીએ. કંપની માટે કામ કરતા અન્ય ભારતીયોને રાજધાની બામાકો ખસેડવામાં આવ્યા છે,’. લશ્કરી જનતા દ્વારા શાસિત માલી વર્ષોથી અસ્થિરતા અને વધતી જતી ઉગ્રવાદી હિંસાનો સામનો કરી રહ્યું છે. અલ-કાયદા સાથે જોડાયેલા ગ્રુપ ફોર ધ સપોર્ટ ઓફ ઈસ્લામ એન્ડ મુસ્લિમ્સ (JNIM) એ તાજેતરમાં ખનીજતેલની આયાત પરના અવરોધ વધુ કડક બનાવ્યા છે, જે પહેલાથી જ ગંભીર આર્થિક સંકટને વધુ ખરાબ કરી રહ્યો




છે. માલીમાં વિદેશી નાગરિકોના અપહરણ અસામાન્ય નથી, જ્યાં ૨૦૧૨થી વારંવાર થયેલા બળવા અને જેહાદી હુમલાઓએ રાજ્ય નિયંત્રણ ગુમાવ્યું છે. આ વર્ષે સપ્ટેમ્બરમાં, JNIM લડવૈયાઓએ બામાકો નજીક બે અમીરાતી નાગરિકો અને એક ઈરાનીનું અપહરણ કર્યું હતું. લગભગ USD ૫૦ મિલિયનની ખંડણી ચૂકવ્યા બાદ તેમને ગયા અઠવાડિયે મુક્ત કરવામાં આવ્યા હતા. ૨૦૧૨માં તુઆરેગ બળવાથી જન્મેલા, JNIM એ ઉત્તરી માલીથી દેશના કેન્દ્ર અને સરહદો પાર બુર્કિના ફાસો અને નાઈજર સુધી સતત તેની પહોંચ વિસ્તરી છે. માલીના જનતા નેતા, અસિમી ગોઈતા, બળવાખોરીને કચડી નાખવાના શપથ સાથે સત્તામાં આવ્યા હતા, પરંતુ ફ્રાન્સ અને યુનાઈટેડ સ્ટેટ્સ સાથે સંરક્ષણ સંબંધો તોડી નાખવા અને રશિયા તરફ વળવાના તેમના નિર્ણયને બહુ ઓછી સફળતા મળી છે. જ્યારે બામાકો સરકારના નિયંત્રણ હેઠળ રહે છે, ત્યારે JNIM રાજધાની તરફ આગળ વધવાની સંભાવના ઘણા માલીવાસીઓને ચિંતા છે. જે વિસ્તારોમાં તેનું વર્ચસ્વ છે, ત્યાં જૂથે કડક નિયમો લાદ્યા છે, હિલચાલ પર પ્રતિબંધ મૂક્યો છે અને મહિલાઓને જાહેર પરિવહનમાં હિજાબ પહેરવાનો આદેશ આપ્યો છે.

### સુરતના વૃદ્ધની જિંદગીભરની કમાણીના રૂા.૨૯.૦૬ લાખ પડાવી લીધા હતા

# ગુજરાત સહિત દેશભરમાંથી લોકો પાસેથી કરોડો રૂપિયાનું ફુલેકું ફેરવનાર રેકેટનો પર્દાફાશ

## સુરત સાયબર ક્રાઈમ સેલે મુંબઈથી ઠગની ધરપકડ કરી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૮

સુરત શહેરમાં રહેતા અને જમીન દલાલીના વ્યવસાય સાથે સંકળાયેલા ૬૦ વર્ષીય સિનિયર સિટીઝનને રાતોરાત લખપતિ બનાવવાની લાલચ આપવી સાયબર ગઠિયાઓને ભારે પડી છે. HYFIN Markets Ltd. નામની બોગસ ફોરેક્ષ ટ્રેડિંગ કંપનીમાં વાર્ષિક ૭૦%ના ઊંચા વળતરની લાલચ આપી ગઠિયાઓએ સિનિયર સિટીઝન પાસેથી તેમની જિંદગીભરની કમાણીના રૂા. ૨૯,૦૬,૨૮૩ પડાવી લીધા હતા. આ કેસમાં સુરત સાયબર ક્રાઇમ સેલે નવી મુંબઈ ખાતે ધમધમતા એક કોલ સેન્ટર પર દરોડો પાડી તેના મેનેજરની ધરપકડ કરી છે. આ ગેંગ માત્ર સુરત જ નહીં, પરંતુ દેશભરમાંથી લોકો પાસેથી કરોડો રૂપિયાનું ફુલેકું ફેરવી ચૂકી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. આ કેસની મોડસ ઓપરેન્ડી ખૂબ જ ચોંકાવનારી છે. ગઠિયાઓએ પહેલા ભોગ બનનારનો વિશ્વાસ જીતવા માટે એક આખીયે યોજના ઘડી હતી.

ઓક્ટોબર ૨૦૨૪માં ભોગ બનનાર સિનિયર સિટીઝનને એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ HYFIN Markets Ltd.ના પ્રતિનિધિ તરીકે આપી અને ફોરેક્ષ ટ્રેડિંગમાં રોકાણ કરવા પર વાર્ષિક ૭૦ ટકા જેટલું માતબર વળતર મળશે તેવી લાલચ આપી હતી. ફરિયાદીએ શંકા સાથે માત્ર ૩ લાખ રૂપિયાનું નાનું રોકાણ કર્યું. ગઠિયાઓએ તેમને એક પોર્ટલનું લોગ-ઇન આઈડી અને પાસવર્ડ પણ આપ્યું, જ્યાં તેમના પૈસાનું રોકાણ અને નફો થતો દેખાતું હતું. થોડા જ દિવસોમાં, પોર્ટલ પર તગડો નફો જોઈને ફરિયાદીને લાલચ જાગી, પરંતુ સાવચેતીના ભાગરૂપે તેમણે પહેલા પૈસા ઉપાડવાનો પ્રયાસ કર્યો હતો. આ ગઠિયાઓની જાળ અહીં જ હતી. તેમણે ફરિયાદીને વિશ્વાસમાં લેવા માટે તરત જ તેમના પૈસા પરત આપી દીધા. આ એક જ ઘટનાએ સિનિયર સિટીઝનનો તમામ શક દૂર કરી દીધો અને તેમને ખાતરી થઈ ગઈ કે આ કંપની અસલી છે. આ વિશ્વાસનો ફાયદો ઉઠાવી, તેમણે જાન્યુઆરી ૨૦૨૫માં પોતાની જિંદગીભરની જમાપૂંજી કુલ રૂ. ૨૯,૦૬,૨૮૩ અલગ-અલગ બેંક ખાતાઓમાં અને રોકડ મારફતે જમા કરાવી દીધા. પૈસા જમા થતાં જ ગઠિયાઓએ પોતાનો અસલી રંગ બતાવ્યો. પોર્ટલ પરથી વિડ્રો ઓપ્શન બંધ કરી દેવામાં આવ્યું અને જે નંબર પરથી ફોન આવતા હતા તે પણ બંધ થઈ ગયા. પોતે છેતરાયા હોવાનું જણાતા, વૃદ્ધે તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર સંપર્ક કર્યો હતો. ફરિયાદ મળતા જ સુરત સાયબર ક્રાઈમ સેલના પીઆઈ સહદેવસિંહ પઢેરિયા અને તેમની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો. HYFIN Markets Ltd.ના પોર્ટલ અને જે બેંક ખાતાઓમાં પૈસા ટ્રાન્સફર થયા હતા, તેના ટેકનિકલ એનાલિસિસ અને મની ટ્રેઈલના આધારે પોલીસના હાથ નવી મુંબઈ સુધી પહોંચ્યા હતા. પોલીસ ટીમે નવી મુંબઈના ઉલ્વે વિસ્તારમાં દરોડો પાડી, શાહબાઝ શબ્બીર અબ્દુલા શેખ (ઉં.વ.૩૩) નામના યુવકની ધરપકડ કરી હતી. શાહબાઝની પૂછપરછમાં જે વિગતો ખુલી તે આશ્ચર્યજનક હતી. તે આ સમગ્ર કૌભાંડનો મુખ્ય સૂત્રધાર નહોતો, પરંતુ નવી મુંબઈમાં એક ઘરમાં ચાલતા આખા કોલ સેન્ટરનો મેનેજર હતો. આ કોલ સેન્ટરનો માસ્ટરમાઈન્ડ અન્ય કોઈ છે, જે શાહબાઝને વોટ્સએપ પર લોકોનો લીક થયેલો ડેટા-નામ, મોબાઈલ નંબર, ઈમેલ મોકલતો હતો. શાહબાઝનું કામ આ ડેટાને વર્ગીકૃત કરવાનું હતું. તેની નીચે ૫-૬ ટેલીકોલર કામ કરતા હતા. તે રાજ્ય અને ભાષાના આધારે ડેટા વહેંચતો. જેમ કે, ગુજરાતના ટાર્ગેટ માટે તે ગુજરાતી જાણતા કોલરને ડેટા આપતો અને મહારાષ્ટ્રના ટાર્ગેટ માટે મરાઠી જાણતા કોલરને. આ કારણે પીડિતોને સહેલાઈથી વિશ્વાસમાં લઈ શકાતું હતું. આ કામ માટે શાહબાઝને માસિક રૂા.૩૦,૫૦૦ પગાર અને રૂા.૭,૦૦૦ કમિશન મળતું હતું. તેણે ઠગાઈના પૈસા મેળવવા માટે Ms.Falcon Tradingના નામે પોતાની માલિકીની પેઢીનું RBL બેંકમાં કરંટ એકાઉન્ટ પણ ખોલાવ્યું હતું. સુરતના ફરિયાદીના ૨૯ લાખમાંથી રૂા.૩,૬૧,૨૮૦ સીધા શાહબાઝના આ ખાતામાં જમા થયા હતા. પોલીસે જ્યારે આ ગેંગ દ્વારા ઉપયોગમાં લેવાયેલા બેંક ખાતાઓ જેમ કે, એચ.એમ. મલ્ટીમીડિયા ટ્રેડ, એચ.એફ.સી. ટેક્નોલોજી વગેરેને નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ પર ચકાસ્યા, ત્યારે આ જ ખાતાઓ વિરૂદ્ધ દેશભરમાંથી અન્ય ૯ ફરિયાદો નોંધાયેલી મળી આવી હતી. આ તમામ ફરિયાદો મળીને, આ ગેંગ અત્યાર સુધીમાં કુલ રૂા.૧,૧૧,૧૭,૫૮૬ની રકમની છેતરપિંડી કરી ચૂકી છે. સુરત સાયબર ક્રાઈમે શાહબાઝની ધરપકડ કરી, તેને કોર્ટમાં રજૂ કરી ૭ દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવ્યા છે. હવે પોલીસ આ આંતરરાજ્ય ગેંગના મુખ્ય સૂત્રધાર અને અન્ય સાગરીતોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ભાવનગરના થર્ડ રીવાઈઝ ડેવલોપમેન્ટ પ્લાન વિઝન-૨૦૪૧ કાર્યક્રમ યોજાયો

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૮

ભાવનગરના થર્ડ રીવાઇઝ ડેવલોપમેન્ટ પ્લાન વિઝન-૨૦૪૧ કાર્યક્રમ ઈસ્કોન ક્લબ, જવેલર્સ સર્કલ, ભાવનગર ખાતે કેન્દ્રીય રાજયમંત્રી નિમુબેન બાંભણિયાની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

આ પ્રસંગે કેન્દ્રીય રાજયમંત્રી નિમુબેન બાંભણિયાએ જણાવ્યું હતું કે, ભાવનગર તથા ભાવનગરની આસપાસ આવનાર સમયમાં વિકાસની નવી ક્ષિતિજો ખૂલવાની છે. તેમણે કહ્યું વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ૨૦૦૫માં શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવણી કરવામાં આવી હતી, જેના પરિણામે ગુજરાત આજે શહેરી વિકાસમાં સમગ્ર દેશમાં રોલ મોડલ બન્યું છે. ૨૦ વર્ષ બાદ ગુજરાત સરકારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ૨૦૨૫ને 'શહેરી વિકાસ વર્ષ' તરીકે ઉજવવાનો નિર્ણય લીધો છે. ભાવનગર શહેર માટે ભાવિ વિકાસલક્ષી વિકાસકાર્યોને ધ્યાને લઈને વિચાર વિમર્શનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

ભવિષ્યમાં વિકાસની ઉજળી તકો જોતા સૌરાષ્ટ્ર પૂર્વમાં સુખ-સુવિધા, આરોગ્ય, શૈક્ષણિક, રોજગારી, સુરક્ષા, ટ્રાન્સપોર્ટેશન, કુદરતી રિ-સોર્સની જાળવણી, જરૂરી કુદરતી વોટરબોડી માટે આયોજન, ગીર નેશનલ પાર્કનું પ્રોટેક્શન, એક્સટેન્શન, કુદરતી ડીઝાસ્ટર વગેરે અનેક પરિબળો ધ્યાને લઈ ભાવનગર શહેરનું સુ-આયોજન અત્યારથી કરવું ઘણું જરૂરી છે.

સરકાર દ્વારા બી.એમ.સી. / બાડાના પ્લેટફોર્મથી ડી.પી./ ટી.પી. ની રીતે આયોજનબદ્ધ જાહેર સુવિધાઓ તમામ નાગરિકોને મળી રહે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે. વર્ષ-૨૦૨૫નું વર્ષ 'શહેરી વિકાસ વર્ષ' તરીકે ગુજરાત સરકાર દ્વારા ઉજવી સમગ્ર ભારતમાં વિકાસ ક્ષેત્રે અગ્રેસર રહી ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડ્યુ છે. ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ (બાડા) દ્વારા સૌરાષ્ટ્ર પૂર્વ ગુજરાત રાજ્ય, ભારત દેશના વિકાસ લક્ષી આયોજનો/ સંભાવનાઓ ધ્યાને લઇ આ વિસ્તારમાં ભાવનગર શહેર તમામ રીતે સક્ષમ રહે તે માટે ભાવનગર શહેર માટે થર્ડ ડેવલપમેન્ટ પ્લાન બનાવવા જઈ રહી છે. જેમાં તજજ્ઞઓ દ્વારા સૂચનો આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં મેયર ભરતભાઈ બારડ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન રાજુભાઈ રાબડીયા, ડેપ્યુટી મેયર મોનાબેન પારેખ, ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળના ચેરમેન અને મ્યુનિસિપલ કમિશનર ડૉ. એન. કે. મીના, જિલ્લા વિકાસ અધિકારી હનુલ ચૌધરી, ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળના મુખ્ય કારોબારી અધિકારી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જયશ્રીબેન જરૂ, આગેવાન દિગ્વિજયસિંહ ગોહિલ સહિત શહેરના આગેવાનો, અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સુરત જિલ્લામાં પોલીસ કર્મીઓની ઘટ વચ્ચે ગુનાહિત કૃત્યો વધી ગયા : દર્શન નાયક

### પ્રદેશ કોંગેસ મહામંત્રી દર્શન નાયક દ્વારા મુખ્યમંત્રી સહિત ઉચ્ચ કક્ષાએ રજૂઆત

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૮

સુરત શહેર અને જિલ્લામાં વધતી ગુનાહિત પ્રવૃત્તિઓ, પોલીસ વિભાગમાં કર્મચારીઓની ઘટ,ફરિયાદોના નોંધણીમાં વિલંબ અને અન્ય સંબંધિત સમસ્યાઓ અંગે પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયક દ્વારા મુખ્યમંત્રી તથા ઉપમુખ્યમંત્રી હર્ષ સંઘવીને કરાયેલી લેખિત ફરિયાદમાં જણાવાયું છે કે, સુરત શહેર અને જિલ્લો, કે જે ગુજરાતનું આર્થિક કેન્દ્ર તરીકે જાણીતું છે, ત્યાં તાજેતરના સમયમાં ગુનાહિત પ્રવૃત્તિઓમાં વધારો થયો છે, જેના કારણે સામાન્ય નાગરિકોમાં ભય અને અસુરક્ષાની ભાવના વ્યાપી રહી છે. અમો આ પત્ર દ્વારા આપના ધ્યાનમાં આવતી ઘટનાઓ અને સમસ્યાઓની રજૂઆત કરીએ છીએ, જેથી તાત્કાલિક અને અસરકારક કાર્યવાહી થઈ શકે છે.

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના પરીયા ગામ ખાતે એક મહિલાની હત્યાંની ઘટના બનેલ હતી તેમજ કોસંબા ખાતે એક મહિલાની હત્યાનો ભેદ તાજેતરમાં ઉકેલાયો છે, જે ગુનાહિતોની બેફામ બનતી જવાનું સૂચન કરે છે. તે જ સમયે, બારડોલી નજીકથી બીજી મહિલાની લાશ મળી આવી છે, જેની તપાસ હજુ ચાલુ છે. વધુ ગંભીર બાબત એ છે કે પાંચ વર્ષના પુત્ર સાથે ગાડીમાં જતા એક મહિલા RFO (રેન્જ ફોરેસ્ટ ઓફિસર) પર માથામાં ગોળીથી હુમલો કરવામાં આવ્યો છે. આવી ઘટનાઓથી સ્પષ્ટ થાય છે કે, સરકારી અધિકારીઓ પર પણ હુમલાઓ વધી રહ્યા છે, જે કાયદા વ્યવસ્થાની નબળાઈને દર્શાવે છે. સુરતમાં વાંકલ ખાતે એક બંધ મકાનને નિશાન બનાવીને ચોરીની ઘટના બની છે. આવી ચોરીઓના બનાવો વારંવાર બની રહ્યા છે અને રાત્રી દરમ્યાન પોલિસ પેટ્રોલિંગ જી. આર.ડી.નાં ભરોસે છોડી દેવામાં આવ્યું હોવાની ચર્ચાઓ ચાલી રહેલ છે.જે નાગરિકોની સંપત્તિ અને સુરક્ષાને જોખમમાં મુકે છે. સુરત જિલ્લા અને શહેરી વિસ્તારોમાં દારૂ, ડ્રગ્સ અને કેફી પદાર્થોનું મોટા પાયે વેચાણ થઈ રહ્યું છે, જે યુવા વર્ગને નશાને લગાવી રહ્યું છે અને અન્ય ગુનાહિત પ્રવૃત્તિઓને વેગ આપી રહ્યું છે. આ તમામ ઘટનાઓથી સ્પષ્ટ થાય છે કે, ગુનેગારોમાં પોલીસ અને કાયદાનો કોઈ ડર રહ્યો નથી. તેઓ બેફામ બની ગયા છે, જે સમાજ માટે ચિંતાજનક છે. વધુમાં જણાવવાનું કે સુરત શહેર અને જિલ્લા પોલીસ ક્રાઈમ રેટ ઓછો બતાવવા માટે ચોરી, ઠગાઈ અને ઘર કંકાસ જેવી ફરિયાદો તુરંત નોંધતી નથી. અરજદારોને માત્ર અરજી લઈને ઘરે મોકલી દેવામાં આવે છે. જ્યારે કોઈ કડી મળે, ત્યારે જ રાતોરાત FIR દાખલ કરીને કેસનો ભેદ ઉકેલીને ઉપરી અધિકારીઓ અને નેતાઓને ખુશ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. આનાથી અરજદારો ખૂબ હેરાન-પરેશાન થઈ રહ્યા છે.

સુરત જિલ્લા અને શહેર પોલીસ વિભાગમાં મહેકમમાં અનેક અધિકારીઓની જગ્યાઓ ખાલી છે અને પૂરતા પોલીસ સ્ટાફની ઘટ છે, જેથી પોલિસ ઉપર કાર્યભાર વધી રહ્યો છે.

## ભાવનગર પોલીસ પર એસિડ એટેકનો પ્રયાસ કરનાર આરોપીઓનું કરાયું રિકન્ટ્રક્શન

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૮

ભાવનગર એલ.સી.બી. પોલીસે ગુરૂવારે મોડી રાત્રે ચાવડીગેટ દેવીપુજકવાસ વિસ્તારમાં દારૂ તેમજ બુટલેગરોને ઝડપી લેવા બાતમી આધારે દરોડા કરતા પોલીસની ટીમ પહોંચી તે વેળાએ નવ જેટલા બુટલેગરો તેમજ તેમના મળતીયાઓ દ્વારા પોલીસની ટીમ ઉપર હુમલો કરી એસિડ ફેંકવાનો પ્રયાસ કર્યો હતો. આ બનાવમાં ઝડપાયેલા આરોપીઓને સાથે રાખી પોલસ દ્વારા આજે ઘટના સ્થળે લઈ જઈ ઘટનાનું રિ-કન્ટ્રક્શન કરાવાયું હતું.

# હિટ એન્ડ રનઃ સુરતમાં સીસીટીવી કેમેરાની માયાજાળ છતાં ૨૧૦ કેસ ઉકેલવામાં પોલીસનો પનો ટૂંકો પડ્યો

### વળતર માટે કલેક્ટર કચેરીને ૩૨૧ અરજીઓ મળી, અત્યાર સુધી માત્ર ૨૫ કેસમાં સહાય ચૂકવાઈ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૮

ભારત સરકાર દ્વારા વ્હીકલ એક્ટની જોગવાઈ મુજબ હિટ એન્ડ રન કેસમાં વળતર ચૂકવવામાં આવે છે, પહેલા સોલેશ્યમ ફંડ યોજના અંતગત ઈજાગ્રસ્તને રૂપિયા ૧૨૫૦૦ અને મૃતકને ૫૦૦૦૦ વળતર ચુકવવામાં આવતું હતું. ત્યારબાદ આ જોગવાઈમાં ફેરફાર કરી હિટ એન્ડ રન વિકટીમ કંમ્પીશન (વળતર) યોજના નામ કરી આવા કેસમાં મૃતકને બે લાખ અને ઈજાગ્રસ્તોને પચાસ હજારનું વળતર સરકાર તરફથી ચુકવવામાં આવે છે.

પ્રાપ્ત માહિતી મુજબ, આ વળતર એવા કેસોમાં ચૂકવવામાં આવે છે કે જેમાં અકસ્માત સર્જનાર વાહન મળી આવતું ન હોય અને પોલીસ દ્વારા કોર્ટમાં વર્ગ અ-સમરી દાખલ કરવામાં આવી હોય. કલેક્ટર કચેરી દ્વારા આ હિટ એન્ડ રન વિકટીમ કંમ્પીશન (વળતર) યોજનાની પ્રક્રિયા કરવામાં આવે છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા આ નવી જોગવાઈ મુજબ સુરત જિલ્લા કલેકટર કચેરીને સુરત શહેર પોલીસ તરફથી ૨૧૦ અને જિલ્લા પોલીસ તરફથી ૧૧૧ મળી કુલ ૩૨૧ જેટલા હિટ એન્ડ રન વિકટીમ કંમ્પીશન યોજના માટેની અરજી મળી હોવાનું જાણવા મળ્યું છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધી માત્ર ૨૫ જેટલા કેસોમાં વળતર ચૂકવવામાં આવ્યું છે બાકીના કેસો પર પ્રક્રિયા ચાલુ છે. આ યોજના અંતર્ગત કરોડો રૂપિયાનાં ફંડની જોગવાઈ કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે, આ યોજના અંતર્ગત વિકટીમને સહાય ચૂકવવા માટે ૬૦ દિવસની મર્યાદા રાખવામાં આવી છે. આ હિટ એન્ડ રન કેસમાં મુદ્દાની વાત એ છે કે, સુરત શહેરમાં ચોતરફ સીસીટીવી કેમેરાની માયાજાળ પથરાયેલી હોવા છતાં પણ ઘણા કિસ્સામાં અજાણ્યા વાહનને શોધવામાં પોલીસનો પન્નો ટૂંકો પડે છે. સુરત શહેરમાં ૨૧૦ જેટલા હિટ એન્ડ રન કેસમાં સ્થાનિક પોલીસ આરોપી અજાણ્યા વાહન ચાલકને શોધી શકી નથી, એ સ્પષ્ટ થાય છે.

# દીકરીઓ હવે એટલી આગળ નીકળી ગઈ છે કે છોકરાઓની ચિંતા થાય છે : રાજ્યપાલ આચાર્ય દેવવ્રત

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૮

ઉચ્ચ શિક્ષણમાં છોકરાઓની સરખામણીએ છોકરીઓની વધી રહેલી બોલબાલાની નોંધ આજે એમ.એસ.યુનિવર્સિટીના ૭૪મા પદવીદાન સમારોહમાં પણ લેવાઈ હતી. રાજયપાલ આચાર્ચ દેવવ્રતે પોતાના દીક્ષાંત પ્રવચનમાં કહ્યું હતું કે, ૧૦૦માંથી ૮૦ ગોલ્ડ મેડલ છોકરીઓ લઈ જાય છે અને છોકરાઓ તાળીઓ પાડે છે. સરકારનું દીકરીઓ આગળ વધે તે માટેનું અભિયાન સફળ થયું છે. ઉલટાનું હવે છોકરાઓ પાછળ રહી ગયા છે તે ચિંતાનો વિષય છે. છોકરાઓ અને છોકરીઓ વચ્ચે શિક્ષણમાં અંતર વધી રહ્યું છે. તેમણે વિદ્યાર્થીઓને સંદેશ આપતા કહ્યું હતું કે, જીવનમાં કશું પણ બની જાઓ પરંતુ માણસ બનવાનું ભુલતા નહીં અને માણસાઈ છોડતા નહીં. અધિકારોની સાથે સાથે કર્તવ્યનું પાલન કરવાનો ભાવ પેદા કરવો જરૂરી છે. અહીંથી સ્નાતક થયેલા વિદ્યાર્થીઓ પાસે સમાજની અપેક્ષા છે કે, તેઓ પોતાને મળેલી વિદ્યા સમાજના જરૂરિયાતમંદોમાં પણ વહેંચે. શિક્ષણ મંત્રી ડો.પ્રદ્યુમન વાજાએ કહ્યું હતું કે, પદવી મેળવ્યા બાદ વિદ્યાર્થીઓની જવાબદારી વ્યક્તિગત વિકાસની સાથે રાષ્ટ્ર નિર્માણ અને સમાજ કલ્યાણના કામમાં યોગદાન આપવાની પણ છે. ચાન્સેલર શુભાંગિની રાજેએ કહ્યું હતું કે, યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પોતાના ચારિત્ર્ય અને સંસ્કાર થકી યુનિવર્સિટીને અને દેશને ગૌરવ અપાવશે તેવી અપેક્ષા છે.

# જીએમઈઆરએસ જનરલ હોસ્પિટલ, જૂનાગઢ ખાતે પાંચમું અંગદાન



(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૮

જૂનાગઢના જોશીપુરા નિવાસી વિનોદભાઈ મોહનભાઈ જોટાણીયા (ઉંમર : વર્ષ ૬૦) બ્રેઈન ડેડ થતાં તેઓના પરિવારજનો એ અંગદાનની સંમતિ આપતા (તા.૮/૧૧/૨૫)ના રોજ તેઓની બંને કિડની, લીવર તથા બંને કોર્નિયાનું દાન મળ્યું છે. આ અંગોને ઈન્સ્ટિટયૂટ ઓફ કિડની ડીસીઝ અમદાવાદની ટીમ દ્વારા ગ્રીન કોરિડોર મારફતે જૂનાગઢથી અમદાવાદ લઈ જવામાં આવ્યા હતા. આ અંગદાન દ્વારા અંદાજિત છ વ્યક્તિઓને નવું જીવન મળશે. જીએમઈઆરએસ જનરલ હોસ્પિટલએ જૂનાગઢ પરિવાર સ્વ.વિનોદભાઈના સમસ્ત પરિવારજનો તથા તેઓના સમસ્ત પ્રજાપતિ સમાજનો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

# ડિંડોલીમાં સાયકલ પંચરની દુકાનમાં ગાંજાનો વેપલો, એકની ધરપકડ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૮

સુરત પોલીસ દ્વારા શહેરમાં ડ્રગ્સ અને ગાંજાનું વેચાણ કરતા અનેક અસામાજિક તત્વોને જેલ પાછળ ધકેલવામાં આવે છે. પરંતુ શહેરમાં હજુ પણ સતત ડ્રગ્સ અને ગાંજાનું વેચાણ કરતા લોકો પોલીસની ઝપટે ચઢે છે. આ દરમિયાન ગતરોજ ડિંડોલી, નવાગામ, મણીનગર રેલવે પટરી પાસે આવેલ સાયકલ પંચરની ટપરીમાં પોલીસે રેડ પાડી રૂા.૪૦ હજારના ગાંજાના જથ્થા સાથે એકને ઝડપી પાડ્યો છે. ડિંડોલી પોલીસના જણાવ્યા મુજબ સર્વલન્સ સ્ટાફના માણસોએ બાતમીના આધારે નવાગામ, મણીનગર રેલવે પટરી પાસે આવેલ સાયકલ પંચરની ટપરીમાં રેડ પાડી હતી. જેમાં તપાસ દરમિયાન ટપરીમાંથી રૂપિયા ૪૦ હજારની કિંમતનો ૦.૮૦૪ કિ.ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સાયકલ પંચરની દુકાન ચલાવતા અને સાથે ગાંજાનું વેચાણ કરતા રાધાકાંતા ભોલા પ્રસાદ મહતો (રહે, ગણેશનગર, મણીનગર પાસે ડિંડોલી)ની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વલસાડના યુવકને રૂા. ૨.૧૫ લાખના, પાંચ કરોડ બનાવી આપવાની લાલચ આપી પૈસા લઈ તાંત્રિક ફરાર

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૮

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના એક ગામના યુવક સાથે લાખો રૂપિયાની છેતરપીંડી થઈ છે. આ યુવકને રાતોરાત કરોડપતિ થવાની લાલચ ભારે પડી હતી. આ યુવકે રાતોરાત કરોડપતિ બનવા માટે એક તાંત્રિકને વિધિ કરવા માટે ૨.૧૫ લાખ રૂપિયા આપ્યા હતા. જે લઈને તાંત્રિક ફરાર થઈ ગયો હતો. આ મામલે ફરિયાદ નોંધાતા પારડી પોલીસે ઠગ ભુવાને ગણતરીના કલાકોમાં જ ઝડપી લીધો હતો.વલસાડના પારડીના પરીયા ગામમાં રહીને ગેરેજ ચલાવતા એક યુવક સાથે અન્ય એક યુવકે છેતરપિંડી કરી હોવાની ઘટના સામે આવી છે. આ યુવકના એક સગાએ અનવર ઠેબા નામના વ્યક્તિ સાથે મુલાકાત કરાવી હતી. અનવરભાઈએ પોતે તાંત્રિક વિદ્યામાં નિષ્ણાત હોવાનું જણાવી યુવકને રૂપિયા ૧૧ લાખના બદલે રૂપિયા ૫ કરોડ બનાવી આપવાની લોભામણી લાલચ આપી હતી.

રાતોરાત કરોડપતિ થવાની લાલચમાં આવેલા યુવક પાસેથી તાંત્રિક અનવરે ૨.૧૫ લાખ રુયિયાની છેતરપિંડી આચરી હતી. આ અંગે યુવકે પારડી પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરાવી હતી. જે બાદ પારડી પોલીસ દ્વારા ગણતરીની કલાકોમાં જ ઠગ તાંત્રિક અનવરની મોરબીથી ધરપકડ કરી લેવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, આ ઠગ તાંત્રિક અનવર દ્વારા ફરિયાદી યુવકનો વિશ્વાસ કેળવવા માટે એક વિધિ દરમિયાન પાણીની ટાંકીમાં શેમ્પુ અને પાવડર નાખી ફીણ બનાવવામાં આવ્યું હતું. જે બાદ તેમાં કાગળના બંડલો નાંખ્યા અને પછી તેમાંથી રૂપિયા ૨૦ અને ૫૦૦ની અસલી નોટોના બંડલ બહાર કાઢી બતાવ્યા હતા. જે જોઈને યુવકે તેના પર વિશ્વાસ કરી લીધો હતો. જે બાદ આ યુવકે સમયાંતરે રોકડ અને ગુગલ-પેના માધ્યમથી કુલ ૨.૧૫ લાખ રૂપિયા તાંત્રિક અનવરને આપ્યા હતા. રૂપિયાના બદલામાં અનવરે પીડિત યુવકને એક કોથળી આપી હતી. જેમાં તેને રૂપિયા ૫૦૦ની નોટોના બંડલો હોવાનુ જણાવ્યું હતું. આ કોથળી આપી તેણે તેને બીજા દિવસે ખોલવા માટે કહ્યું હતું. જ્યારે બીજા દિવસે યુવકે આ કોથળી ખોલી, તો તેમાંથી માત્ર તેમાં પહેલી અને છેલ્લી નોટ અસલી અને વચ્ચેની નોટ નકલી હતી. જ્યારે બાકીના તમામ બંડલો પર 'ભારતીય મનોરંજન બેંક' લખેલું હતું. આ રીતે તેની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થતા તેમણે પારડી પોલીસ મથકે ફરિયાદ દાખલ કરાવી હતી. પારડી પોલીસ દ્વારા આરોપી તાંત્રિક અનવરની ધરપકડ કરી લેવામાં આવી છે. આ સાથે આરોપીએ આ પહેલા અન્ય કોઈ સાથે આવા પ્રકારની ઠગાઈ કરી છે કે કેમ પોલીસે આ અંગે તપાસ હાથ ધરી છે.

# ફેક આઈડી બનાવી યુવાન સાથે પ્રેમ સંબંધ કેળવી રૂા.૪૭ હજારની ઠગાઈ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૮

વાંસદા તાલુકાના લાખાવાડીના યુવાન સાથે એક યુવકે ફેક એકાઉન્ટ થકી મહિલાના અવાજમાં સંપર્ક કરી પ્રેમ સંબંધ કેળવી તેની પાસેથી ટુકડે ટુકડે રૂા.૪૭,૮૫૦/- ઓળવી લીધા હતા. બાદમાં પોતે છેતરાયા હોવાની જાણ થતાં ભોગ બનનાર યુવાને તેની સાથે છેતરપીંડી આચરનાર ફેક એકાઉન્ટ બનાવનાર વિરૂદ્ધ વાંસદા પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી. જેને આધારે પોલીસે કાર્યવાહી કરી ફેક એકાઉન્ટ બનાવી લાખાવાડીના યુવાન પાસે પૈસા પડાવનાર સોનગઢના યુવાનને ઝડપી લઈ તેની પાસેથી પૈસા રિકવર કરી લીધા હતા.વાંસદા તાલુકાના લાખાવાડી ખાતે રહેતા, ૨૦ વર્ષીય કૃણાલભાઈ નિતેશભાઈ પટેલના ફેસબુક એકાઉન્ટ પર ત્રણેક માસ પહેલા જીએમટી કીંજુ નામથી કોઈ છોકરીનો પ્રોફાઈલ ફોટો-પોસ્ટ મુકી ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલતા, કૃણાલે આ રિકવેસ્ટ સ્વીકારી હતી. બાદમાં આ અજાણી આઈડી ધારક સાથે મેસેજ થકી વાતો કરતાં કૃણાલને તેની સાથે પ્રેમ થઈ જતા, બંને વોટ્સએપ થકી રોજ વાતો કરતા હતા. બાદમાં જીએમટી કીંજુના નામે વાતો કરતા આરોપીએ પોતે બિમાર હોવાનું અને તેના પિતાનું અવસાન થયું હોવાનું જણાવી મદદના નામે ગુગલ પે દ્વારા થોડા થોડા કરી કુલ રૂા.૪૭,૮૫૦/- ઓળવી લીધા હતા.બાદમાં છેતરાયેલ કૃણાલે ફેક આઈડી ધારક વિરૂધ્ધ વાંસદા પોલીસમાં ફરીયાદ નોંધાવતા, વાંસદા પોલીસના પીઆઈ આહીર અને તેમની ટીમે ટેકનીકલ એનાલિસિસ અને બેંકમાંથી મેળવેલ માહિતીના આધારે આરોપી એવા સોનગઢના મલંગદેવના ૨૫ વર્ષીય અજીત નાઈકને ઝડપી લીધો હતો. અને તેની પાસેથી તેણે ઓળવી લીધેલ તમામ રૂપિયા રીકવર કરી લીધા હતા.


**CHANGE OF NAME**

I have Changed my name from **KHARVA PRAKASH KANUBHAI** to new name **KHARVA PRAKASHKUMAR KANUBHAI**

Address : Tadiya hanuman, Machhivad, Jambusar, Bharuch

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ કાપડીયા હનીફાબીબી ગુલામ રસુલ હતુ જે બદલીને નવું નામ **શેખ હનીફા બીબી ગુલામ રસુલ** કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.

સરનામું : ડી-૪૪૨, ગલી ધુસવાડ, ઓલીયા મસ્જિદ પાસે, ભરૂચ-૩૯૨૦૦૧.

**CHANGE OF NAME-SURNAME**

I HAVE CHANGE MY OLD FULL NAME-SURNAME FROM **KAPADIA SAJID MOHMED** TO NEW FULL NAME-SURNAME **KAPADIYA SAJID MAHAMMAD**

I WILL BE KNOWN AS NEW FULL NAME-SURNAME WHICH PLEASE NOTE.

ADD:- 14 VANTIYA FALIYU. AT&PO.SAROD. TAL.JAMBUSAR. DIST.BHARUCH. PIN.392180 GUJARAT.

**CHANGE OF NAME-SURNAME**

I HAVE CHANGE MY OLD NAME-SURNAME FROM **HANIFABEN SADIK MOHMED** TO NEW NAME-SURNAME **MAY HANIFA SADIK** & I WILL BE KNOWN AS NEW NAME-SURNAME WHICH PLEASE NOTE.

ADD:- 82 (2) NAWKANDI PO.SAROD TAL-JAMBUSAR DIST.BHARUCH PIN.392180 GUJARAT.

**CHANGE OF NAME-SURNAME**

I HAVE CHANGE MY OLD NAME-SURNAME FROM **PATEL IKBAL AHMED** TO NEW NAME-SURNAME **BUX IQBAL AHMED** & I WILL BE KNOWN AS NEW NAME-SURNAME WHICH PLEASE NOTE.

ADD:- MACHHIWAD NEAR NANI MASJID AT&PO.SAROD TAL-JAMBUSAR DIST.BHARUCH PIN.392180 GUJARAT.

**જાહેર નોટિસ**

મે. ભરૂચના મામલતદાર સાહેબની કોર્ટમા.
મરણ નોં. અ. નં.૧૩૬/૨૦૨૫

અરજદાર : **પાવડીયા મુહંમદ અબ્દુલ્લાહ ના કુ.મુ. તરીકે લુકમાન મુસા પાવડીયા**
રહે. કડીયા સ્ટ્રીટ, નાના પાદર, ટંકારિયા તા. જી. ભરૂચ. ૩૯૨૨૪૦

વિરૂદ્ધ

સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ટંકારીયા

આથી જાહેર જનતાને નોટિસ આપી જણાવવાનું કે અરજદારે ઉપરોકત નંબરથી સદરહું કોર્ટમાં અબ્દુલ્લાહ મુસા પાવડીયા, મરણ તા.૨૬/૦૪/૨૦૧૯ના રોજ ટંકારીયા, તા. જી. ભરૂચ. મુકામે અવસાન પામેલા જે મરણની નોંધણી ગ્રામ પંચાયત, ટંકારીયા, તા. જી. ભરૂચ જન્મ-મરણ દફતરે થયેલ ન હોય તે બાબતની અરજી અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે. જેની સામે કોઈને કોઈ પણ જાતનો વાંધો, તકરાર કે વિરોધ હોય તો નોટિસ પ્રસિદ્ધ થયેથી એક માસમાં તેઓ જાતે અથવા તેઓના પ્રતિનિધિ મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું જો મુદતમાં વાંધો રજુ કરવામાં નહીં આવે તો નિયમ અનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સ્થળ : ભરૂચ.
તારીખ : ૭/૧૧/૨૦૨૫

**અરજદાર તર્ફે**
**સહી**
**રફીક એચ. સૈયદ** (એડવોકેટ)
એ/૧, જહાંગીર પાર્ક, પાલેજ,
તા.જી. ભરૂચ. મો. નં.૯૮૨૫૭૨૮૦૫૪

**CHANGE OF NAME**

I HAVE CHANGE OF MY OLD NAME **SINDHA YASINKHAN AJITBHAI** TO NEW NAME **SANDHA YASINBHAI AJITBHAI** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.

ADD:- VANTA VISTAR MASJID KHADKI. AT&PO.NOBAR. TAL.JAMBUSAR. DIST.BHARUCH.PIN.392150 GUJARAT.

**નામ બદલેલ છે**

મારું જૂનું નામ **કાબુજવાલા રજીયા મોહમદસલીમ** હતું તે બદલીને નવું નામ **કાબુજી રજીયા મોહમ્મદસલીમ** કરેલ છે. જેની નોંધ લેવી.

સરનામું : સી/૭ આદીલ બંગલોઝ ઈકરા આઈ.ટી.આઈ.કોલેજ સામે, મુ.પો.દહેગામ, તા.જિ.ભરૂચ-૩૯૨૦૦૧

**નામ બદલેલ છે**

: જૂનું નામ :
**નસીમબેન નોમાનભાઈ સુણસરા**
: નવું નામ :
**નસીમબેન નૌમાનભાઈ સુણસરા**
**એડ્રેસ : ૨-૧૭૮, ખળી સિધ્ધપુર, ગુજરાત-૩૮૪૧૫૧**

**શિક્ષકો જોઈએ છે. ઓપન ઈન્ટરવ્યું**

**બચ્ચો કા ઘર - આમોદ**
**(અંગ્રેજી - ગુજરાતી માધ્યમ)**

| વિભાગ | વિષય | જગ્યાની સંખ્યા | લાયકાત |
|---|---|---|---|
| અંગ્રેજી માધ્યમ | ગણિત વિજ્ઞાન | 1 | B.SC/ M.SC B.ed. |
| ગુજરાતી માધ્યમ | ગણિત વિજ્ઞાન | 1 | B.SC/ M.SC B.ed. |

ઈન્ટરવ્યુંની તારીખ : ૧૯-૧૧-૨૦૨૫, બુધવાર
સમય : સવારે ૧૦:૦૦ કલાકે

ઉપરોકત લાયકાત ધરાવતા ઉમેદવારો પોતાના તમામ અસલ પ્રમાણપત્રો અને ઝેરોક્ષ તથા અરજી સાથે તારીખ ૧૯-૧૧-૨૦૨૫ ને બુધવારે સવારે ૧૦:૦૦ કલાકે નીચે જણાવેલ સરનામે રૂબરૂ સ્વેખર્ચે ઓપન ઈન્ટરવ્યુંમાં હાજર રહેવું.

સરનામું :
બચ્ચો કા ઘર - આમોદ
ચાર રસ્તા, મુ.પો. આમોદ
તા. આમોદ, જિ. ભરૂચ.

લિ. મોહતમીમ
મો. બસીરસાબ રાણા
બચ્ચો કા ઘર - આમોદ
તા. આમોદ, જી. ભરૂચ.

મો. ૯૭૨૨૪ ૪૬૭૬૮, ૯૪૨૬૧ ૨૦૦૨૪

### પત્રકારોને રાષ્ટ્રદ્રોહી વિધર્મી પત્રકારો ગણાવતી પોસ્ટ વાયરલ કરતા પત્રકારોમાં ભારે રોષ

# તારાપુરમાં પત્રકારો વિરૂદ્ધ વાંધાજનક ટિપ્પણી સાથેની પોસ્ટ કરનાર વિરૂદ્ધ પગલાં ભરવાની માંગ સાથે આવેદનપત્ર

## ભાજપના પૂર્વ તાલુકા પ્રમુખે હોટલમાં સબ્જીનાં અફઘાની અને લાહોરી નામ સામે વાંધો ઉઠાવ્યો હતો

(સંવાદદાતા દ્વારા)
આણંદ, તા.૮

આણંદના તારાપુરમાં ભાજપના પૂર્વ તાલુકા પ્રમુખ દ્વારા સોશ્યલ મીડિયામાં પત્રકારોને રાષ્ટ્ર દ્રોહી વિધર્મી પત્રકારો કહેતી પોસ્ટ વાયરલ કરવામાં આવતા જેના વિરોધમાં આજે પત્રકારોએ તારાપુર ખાતે મામલતદારને આવેદન પત્ર આવી અયોગ્ય પોસ્ટ કરનાર વિરુદ્ધ પગલા ભરવાની માંગ કરી હતી. મળતી વિગતો અનુસાર તારાપુર તાલુકાના ભાજપનાં પૂર્વ પ્રમુખ પ્રવિણસિંહ વાઘેલા (રહે. ચાંગડા) અને તેમના અન્ય મિત્રો મંગળવારે તારાપુર હાઈવે સ્થિત હોટલમાં જમવા ગયા હતા. જયાં હોટલના બોર્ડ પર હોટલનાં મેનુની વાનગીઓનાં



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

નામ લખ્યા હતા. જેમાં પનીર લાહોરી અને વેજ અફઘાની નામ જોતાં જ તેમણે પિત્તો ગુમાવ્યો હતો. તેમણે ગમે તેમ અપશબ્દ બોલી ત્યાં હાજર રહેલા કેશ કાઉન્ટર પરના વ્યક્તિ સાથે માથાકુટ કરી હતી. મને તો નામ સામે જ વાંધો છે. નોર્મલ વ્યક્તિઓને અફઘાનિસ્તાન શું લેવાદેવા તેમ કહી જીભાજોડી કરી હતી. જોકે, મામલો ગરમાયો હતો અને ગમે તેમ વર્તન કરતા જ લોકોના ટોળાં એકઠાં થઈ ગયા હતા અને ત્યારબાદ સમગ્ર ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતા અને મિડીયામાં પણ આ ઘટનાનાં સમાચારો પ્રકાસિત થતા ભાજપનાં પૂર્વ તાલુકા પ્રમુખ પ્રવિણસિંહએ સોસ્યલ મિડીયામાં રાષ્ટ્રદ્રોહી અને વિધર્મી પત્રકારોનું કાવતરૂ ટીપ્પણી કરતી પોષ્ટ વાયરલ કરી હતી જો કે ઉપરી અધિકારીઓનું દબાણ આવતા જ પ્રવિણસિંહએ આ પોસ્ટ પોતાનાં સોસ્યલ મીડિયા એકાઉન્ટ પરથી ડિલીટ કરી દીધી હતી. ભાજપના પૂર્વ તાલુકા પ્રમુખ પ્રવિણસિંહએ સોશ્યલ મીડિયામાં આ સમાચારના કટીંગ સાથે ખોટા સમાચાર અને રાષ્ટ્રદ્રોહી વિધર્મી પત્રકારોનું કાવત્રુ ટિપ્પણી કરતી પોસ્ટ વાયરલ કરી હતી, ભાજપના પૂર્વ તાલુકા પ્રમુખ દ્વારા કરાયેલી આ પોસ્ટના વિરોધમાં આજે વિવિધ ઈલેક્ટ્રોનિક્સ અને પ્રિન્ટ મીડિયાના પત્રકારોએ તારાપુર ખાતે મામલતદારને આવેદનપત્ર આપી પત્રકારોને રાષ્ટ્રદ્રોહી દર્શાવતી પોસ્ટ કરનાર ભાજપના પૂર્વ તાલુકા પ્રમુખ વિરુદ્ધ કાર્યવાહી કરવાની માંગ કરી હતી. આણંદ પ્રેસ કલબનાં પ્રમુખ ધનશ્યામ પટેલનાં નેતૃત્વમાં વિવિધ ઈલેકટ્રોનિકસ, પ્રીન્ટ અને સોશિયલ મીડિયાા માધ્યમોનાં પ્રતિનિધીઓ અને પત્રાકારોએ મામલતદાર કચેરી ખાતે જઈને મામલતદાર જે.જે. તળપદાને આવેદનપત્ર આપ્યું હતું,અને પત્રકારોને રાષ્ટ્રદ્રોહી ગણાવતી વાંધાજનક પોષ્ટ કરનાર પ્રવિણસિંહ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની પણ માંગ કરી હતી.

# બાલાસિનોર મુસ્લિમ વકફ કમિટીની રચના

(સંવાદદાતા દ્વારા)
બાલાસિનોર, તા.૮

તા.૭-૧૧-૨૦૨૫ની રાત્રે ૧૦ કલાકે બાલાસિનોર મુસ્લિમ વકફ કમિટીની નવી રચના નવાબ સુલતાન સલાઉદ્દીનખાન સલાબતખાન બીબી અને શેખ મુસ્તાકભાઈ હાજી હુસેનભાઈ (કોન્ટ્રાક્ટર)ની અધ્યક્ષતામાં ગાર્ડન પેલસ, બાલાસિનોર ખાતે કરવામાં આવી જેમાં મુસ્લિમ સમાજના આગેવાનો તથા બાલાસિનોર ગામની પંચો (૧) પીરબડા પંચ (૨) મીરઝાંવાડા પંચ (૩) કસ્બા મોહલ્લા પંચ (૪) ખતીબવાડા પંચ (૫)કાજીવાડા પંચ (૬) ટીંમ્બા મોહલ્લા પંચ (૭) ઈચ્છુટોલા પંચ (૮) કડીયાવાડ પંચ (૯) કીરકીટવાડા પંચ (૧૦) કુરેશી પંચ (૧૧)બાવરચી પંચ (૧૨) મેમણ જમાત (૧૩) દિવાન જમાત (૧૪) મુલતાની જમાત (૧૫) શેખ ઘાંચી સમાજ પંચ (રાજપુરી દરવાજા) (૧૬) શેખઘાંચી સમાજ પંચ (તલાવ દરવાજા)ના તમામ પંચ દ્વારા મોકલવામાં આવેલ સભ્યો મળી કુલ (૬૫) સભ્યોની નવ નિયુક્ત કમિટી બનાવવામાં આવી જેમા પ્રમુખ અને ઉપ પ્રમુખ, સેક્રેટરી, જો.સેક્રેટરી અને કારોબારી પ્રમુખ અને ઉપ પ્રમુખની વરણી કરવામાં આવી તેમા તમામ સભ્યોએ એક સાથે રહી અને નક્કી કરી અને



બાલાસિનોરના નવાબ સુલતાન સલાઉદ્દીનખાન બાબીને બિન હરીફ સર્વાનુમતે પ્રમુખ બનાવવામાં આવ્યા તથા ઉપપ્રમુખ તરીકે શેખ હાજી સમીરભાઈ અયાઝભાઈની બિનહરીફ વરણી થઈ સેક્રેટરી શેખ અલતાફહુસેન હાજી યાસીનભાઈ (તારન પાનવાળા) અને જો.સેક્રેટરી શેખ સબ્બીરભાઈ (ચેરમેન)ની બિન હરિફ વરણી કરવામાં આવી તથા કારોબારી પ્રમુખ તરીકે શેખ મુસ્તાકભાઈ હાજી હુસેનભાઈ (કોન્ટ્રાક્ટર)અને ઉપ પ્રમુખ તરીકે શેખ અબ્દુલરશીદ નુર મહંમદ (હાસમવાળા)ની બિન હરિફ વરણી કરવામાં આવી જેમા તમામ પંચોના સભ્યો તથા ગામના આગેવાનો પઠાણ ઈરફાનખાન રમજાનખાન (૨) પઠાણ નવાબખાન હબીબુલ્લાખાન (૩)પઠાણ લીયકખાન હબીબખાન (એડવોકેટ) (૪) શેખ ગુલામનબી ( સવાળા) (૫) શેખ ઈકબાલભાઈ લાલાભાઈ દુધવાળા (૬) સૈયદ ઝુલફીકારઅલી લાલુભાઈ (૭) મલેક હાજી રેહાનમીયાં રફીકમીયાં (૮)શેખ હાજી શકીલલાલા (૯) મીરઝાં સલીમબેગ હાજી મહંમદબેગ (૧૦) પઠાણ મકસુદખાન મહંમદહનીફખાન (૧૧) મલેક ઈરફાનમયાં હબીબમીયાં (ફૂટવાળા) (૧૨)પઠાણ ઈબાદતખાન રસુલખાન (૧૩) પઠાણ ઈદરીશખાન હબીબખાન તથા તમામ પંચોમાંથી આવેલ સભ્યોની ઉપસ્થિતિમાં બાલસિનોર મુસ્લિમ વકફ કમિટીની રચના કરવામાં આવી.

# વડોદરાની સયાજી હોસ્પિટલમાં ચોંકાવનારી ઘટના દર્દીએ પહેલા માળની બારીમાંથી લગાવી છલાંગ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૮

વડોદરાની સયાજી હોસ્પિટલમાં અકસ્માતના દર્દીએ આપઘાતનો પ્રયાસ કરતા દોડધામ મચી ગઈ હતી. પગમાં ફેક્ચરની સારવાર લઈ રહેલા ૬૫ વર્ષીય વૃદ્ધે સર્જીકલ બિલ્ડિંગના પહેલા માળેથી બારીમાંથી કૂદીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જોકે, સદ્નસીબે તેમનો બચાવ થયો હતો અને હોસ્પિટલના સ્ટાફે તાત્કાલિક તેમને ફરીથી સારવાર માટે દાખલ કર્યા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર વડોદરા શહેરના ન્યુ વીઆઈપી રોડ પર ખોડીયારનગર નજીક આવેલી વ્રજધામ સોસાયટીમાં રહેતા ૬૫ વર્ષીય દયાનંદભાઈ બાબુરાવ પવાર ગત તા.૫મી નવેમ્બરે પોતાની બાઈક પર જઈ રહ્યા હતા. તે દરમિયાન એક અજાણ્યા ફોરવ્હિલર ચાલકે તેમને ટક્કર મારી હતી, જેના કારણે તેમને પગમાં ગંભીર ઈજા અને ફેક્ચર થયું હતું. આ અકસ્માત બાદ દયાનંદભાઈને તાત્કાલિક સારવાર અર્થે તે જ દિવસે સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેઓ સર્જીકલ બિલ્ડિંગમાં સારવાર હેઠળ હતા. આ દરમિયાન તા.૮ નવેમ્બર (શનિવાર)ના રોજ વહેલી સવારે ૬:૦૦ વાગ્યાની આસપાસ તેમણે અચાનક બિલ્ડિંગના પહેલા માળે આવેલી બારીમાંથી નીચે ભૂસકો મારીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ ઘટના જોઈને હાજર સ્ટાફ અને અન્ય દર્દીઓ ચોંકી ઉઠ્યા હતા. હોસ્પિટલના સ્ટાફે તાત્કાલિક દોડી જઈને દયાનંદભાઈને બચાવી લીધા હતા અને તેમને ફરીથી હોસ્પિટલમાં દાખલ કરી તેમની સારવાર શરૂ કરી દીધી હતી. દયાનંદભાઈએ કયા કારણોસર આ પગલું ભર્યું તે હજુ સુધી જાણી શકાયું નથી. આ ઘટના અંગે હોસ્પિટલ પ્રશાસન દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# વડોદરામાં મંગળ બજાર, પદ્માવતી શોપિંગ સેન્ટર અને ચાંપાનેર ખાતેથી હંગામી દબાણો દૂર કરાયા

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૮

વડોદરા પાલિકાની વોર્ડ નંબર ૧૪ની કચેરી દ્વારા ચાર દરવાજા વિસ્તારમાં નડતરરૂપ હંગામી દબાણો દૂર કરવામાં આવ્યા હતા. જેમાં બે ટ્રક જેટલો સામાન કબજે લેવા સાથે રૂપિયા ૫૦૦૦ વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવી હતી.

વડોદરા શહેરની મધ્યમાં આવેલ મંગળ બજાર, પદ્માવતી શોપિંગ સેન્ટર પાસે તથા ચાંપાનેર દરવાજાને અડીને આડેધડ હંગામી દબાણ કરતા પોતાના લારી, ગલ્લા, પથારા લગાવી દેતા હોય છે. જેના કારણે ટ્રાફિકની ગંભીર સમસ્યા ઊભી થાય છે. ખાસ કરીને સાંજના સમયે તો અહીં ટ્રાફિકની સમસ્યાથી ઘણીવાર અકસ્માત સર્જાતા આવ્યા છે. આ તમામ બાબતોના પગલે આજે વોર્ડ નંબર ૧૪ની ટીમે મંગળ બજાર, પદ્માવતી શોપિંગ સેન્ટરની આસપાસ તથા ચાપાનેર રોડ પર નડતરરૂપ દબાણો દૂર કરવાની કામગીરી શરૂ કરી હતી. જેમાં બે ટ્રક જેટલો સામાન કબજે કરવા સાથે રૂપિયા ૫૦૦૦ વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો. ઘણા લાંબા સમયથી આ પ્રશ્ન નાગરિકો માટે માથાનો દુઃખાવો સમાન છે. તો અધિકારીઓએ અહીં આટલી બહોળી સંખ્યામાં હંગામી દબાણ ઊભું થવા કેમ દીધું એ પ્રજા લોકોમાં ઉઠી રહ્યો છે.

### બેઠકમાં થયેલ ચર્ચા મુજબ પરિપત્રમાં અમલ કરાયો ન હોવાનો આક્ષેપ

# સરકારે એકતરફી રીતે નવો પરિપત્ર બહાર પાડી વિશ્વાસઘાત કર્યો : પ્રહલાદ મોદી

## નવો પરિપત્ર પાછો નહીં ખેચાય તો ફરી આંદોલનની ચીમકી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૮

ગુજરાતની વાજબી ભાવની દુકાનદારોની બે એસોસિયેશનોએ સરકાર પર ગંભીર આક્ષેપો કર્યા છે. દુકાનદારોએ જણાવ્યું છે કે ૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ પુરવઠા મંત્રી, રાજ્ય કક્ષાના બન્ને મંત્રી, અગ્ર સચિવ, નિયામક અને અન્ય ટોચના અધિકારીઓ સાથે થયેલી બેઠકમાં કરાયેલી મહત્ત્વપૂર્ણ સમજૂતીનો ભંગ કરીને ૭ નવેમ્બર ૨૦૨૫ના રોજ નવી શરતો સાથેનો પરિપત્ર બહાર પાડવામાં આવ્યો. જેમાં થયેલ ચર્ચા મુજબ પરિપત્રમાં અમલ કરવામાં આવ્યો ન આવ્યો હોવાનો આક્ષેપ કર્યો છે.

સસ્તા અનાજની દુકાનના સંચાલકો સાથે સરકારે કરેલી છેતરપિંડીના વિરોધમાં પ્રહલાદ મોદીએ ફરી એકવાર આંદોલનનો હુંકાર કર્યો છે. તેમણે જણાવ્યું છે કે સરકારે તાત્કાલિક નવો પરિપત્ર પાછો ખેંચવો પડશે, નહીં તો દુકાનદારોને આંદોલન કરવાની ફરજ પડશે. તેમનું કહેવું છે કે દુકાનદારો સાથે ૪ નવેમ્બરના રોજ સમજૂતી થઈ હોવા છતાં, સરકારે એકતરફી રીતે નવો પરિપત્ર બહાર પાડીને વિશ્વાસઘાત કર્યો છે.

ફેર પ્રાઈસ એસોસિયેશનના પ્રમુખ પ્રહલાદ મોદીએ જણાવ્યું હતું કે, આ પરિપત્ર બે દિવસમાં સુધારીને આપવાનું નક્કી થયું તે મુજબ આપે પરિપત્ર આપ્યો, પરંતુ એમા થયેલી ચર્ચાથી વિપરિત વસ્તુ રજૂ કરવામાં આવી છે. તેનો સખત વિરોધ છે. એમાં કલમ નં. ૨માં લખ્યું છે કે, કે વ્યવસ્થા મામલતદાર અથવા કલેક્ટર ઓફિસના કર્મચારી કરશે. એમાં કોઈ જગ્યાએ એવો સ્પષ્ટ નથી લખેલું કે દર મહિને પ્રતિનિધિઓને હાજર રાખવાની જવાબદારી મામલતદાર કે કલેક્ટરના કર્મચારીઓની રહેશે. માટે એ લખવું જોઈએ એવું અમારૂં માનવું છે.

એસોસિયેશન મુજબ, ૪ નવેમ્બરની બેઠકમાં દુકાન પર જથ્થો ઉતારતી વખતે માત્ર બે તકેદારી સમિતિના સભ્યોના બાયોમેટ્રિક ઓથન્ટિકેશન લેવાનો નિર્ણય લેવાયો હતો. પરંતુ નવા પરિપત્રમાં ૧ એપ્રિલ ૨૦૨૬થી પચાસ ટકા સભ્યો અંદાજે ૫થી ૬ સભ્યોના બાયોમેટ્રિક ઓથન્ટિકેશન ફરજિયાત કરાયું છે.

એસોસિએશનોનું કહેવું છે કે, આ નિર્ણય સમજૂતીના મૂળ ભાવને ખંડિત કરે છે અને દુકાનદારો માટે ભારે મુશ્કેલી ઊભી કરે છે. દુકાનદારોના જણાવ્યા મુજબ રાજ્યના લગભગ ૭૦ હજાર વાજબી ભાવના દુકાનદારોમાં ભારે નારાજગી ફેલાઈ છે.

દુકાનદારોનો આક્ષેપ છે કે, કહેવાતી સંવેદનશીલ સરકાર અધિકારીઓના દબાણમાં આવી ગઈ છે અને ટોચના અધિકારીઓએ મંત્રીઓને સાચી માહિતી આપ્યા વિના મનપસંદ નિર્ણયો દબાવી દીધા છે. એસોસિએશનના આગેવાનોએ તો આક્ષેપ કર્યો કે અધિકારીઓએ સરકારથી ઉપર જઈને નિર્ણય લઈને પોતાની સર્વોપરીતા સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

તેમણે વધુમાં કહ્યું કે, ગરીબ, વંચિત અને જરૂરિયાતમંદ રેશનકાર્ડધારકો તથા દુકાનદારોની વાસ્તવિક પરેશાનીઓ સમજવાના બદલે અધિકારીઓએ જટિલ પ્રક્રિયા લાદી છે, જેનાથી ૪ નવેમ્બરે જન્મેલી આશાઓ પર પાણી ફરી વળ્યું છે. રાજ્ય સરકાર તરફથી આ મુદ્દે સત્તાવાર પ્રતિક્રિયા મળવાની બાકી છે.

# થરાદી મેમણ કાઉન્સિલ દ્વારા ૨૨મો સમૂહલગ્ન સમારોહ માહી મુકામે યોજાયો

## ૨૫ યુગલો નિકાહના બંધનમાં જોડાયા

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૮

થરાદી મેમણ કાઉન્સિલ દ્વારા ૨૨મો સમૂહલગ્ન સમારંભ માહી એસ્ટેટ મેમણ હોલ ખાતે યોજાયો હતો જેમાં ૨૫ યુગલો નિકાહના બંધનમાં જોડાયા હતા. આ પ્રસંગે પધારેલ મહેમાનોમાં જનાબ મુફતી અબ્દુલ રહેમાન (રતનપુર), મોલાના સલાઉદીન (વિરમગામ), અધ્યક્ષ બશીરભાઈ વકીલ (મહેસાણા), ફઝલભાઈ પ્રમુખ (વિસનગર), ઈકબાલભાઈ સેક્રેટરી (પાલનપુર), એફ વી કેસરાણી (હિંમતનગર), સલીમ ભાઈ રોનક વાળા(હિંમતનગર), હાજી શબ્બીરભાઈ ((દિયોદર), હાજી ઈસ્માઈલભાઈ (હિંમતનગર), હાજી ગફફારભાઈ (મહેસાણા), હાજી હનીફભાઈ (ડીસા), રફીકભાઈ (કલોલ), સફીભાઈ (ઈડર), જાફરભાઈ સાંચોરા (પાલનપુર), ઈકબાલભાઈ (પાટણ), ડો. ઈમરાન પીપલાવાળા (સિદ્ધપુર), સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સેક્રેટરી ઈકબાલભાઈએ સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે જનાબ મુફતી અબ્દુલ રહેમાનએ બાળકોને સાદગીથી નિકાહ કરાવી સમાજમાંથી કુર રિવાજો દૂર કરવા માતા-પિતાને જણાવ્યું હતું અને સમાજમાં લખાવેલ રકમ આપી સમાજને મજબૂત બનાવી એક્તા બનાવી એક અને નેક બનવા પર ભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે મૌલાના સલાઉંદિન તથા મુફતી અબ્દુલ રહેમાનએ નિકાહ પઢાવી ૨૫ યુગલોને નિકાહના બંધનમાં




(તસવીર : જમીલ મેમણ, ડીસા)

જોડ્યા હતા. આ પ્રસંગે થરાદી મેમણ કાઉન્સિલના સખી દાતાઓ તરફથી ૩૩થી વધુ ભેટ સોગાદો આપવામાં આવી હતી. આ પ્રસંગે કાર્યકમનું સફળ સંચાલન ફારૂકભાઈ માસ્ટર તથા યુનુસભાઈ માસ્તરે કર્યું હતું. જ્યારે આ પ્રસંગને સફળ બનાવવા સમૂહલગ્ન કમિટીના ઑબજરવર કાસમભાઈ કામાં વાળા તથા ફારૂકભાઈ તથા સમસ્ત સમૂહલગ્ન કમિટીએ ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે છાપી યુથ વિંગ કમિટી તથા પાલનપુર યુંગ કમિટીએ પણ ભારે જેહમત ઉઠાવી હતી.

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીનો ચમકારો

જૂનાગઢ, તા.૮

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં હવે ધીમે ધીમે ઠંડીનો ચમકારો થઈ રહ્યો છે. જો કે બપોરે ગરમી યથાવત્ છે. આ વખતે ગુજરાતમાં અત્યાર સુધી ભારેથી અતિભારે વરસાદ વરસ્યો છે. ઓક્ટોબરના છેલ્લા સપ્તાહમાં પડેલા અતિભારે વરસાદને કારણે ખેડૂતોનો મોંમાં આવેલો કોળિયો છીનવાઈ ગયો છે. ગુજરાતના ખેડૂતો માટે હવામાન વિભાગે રાહતની આગાહી કરી છે કે, હવે ભારે વરસાદની આગાહી નથી, જયારે આગામી દિવસોમાં હવામાન શુષ્ક રહેશે. આગામી દિવસોમાં ઠંડીમાં વધારો થવાની શકયતા પણ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઉત્તરપૂર્વ અરબી સમુદ્ર અને નજીકના સૌરાષ્ટ્ર પર અપર એર સર્ક્યુલેશન સર્જાયેલું હતુ જે બાદ હવે લેસ માર્કમાં પરિવર્તિત થયું છે. આગામી ૭ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં ૨-૪ ડિગ્રી સેલસિયસનો ધીમે ધીમે ઘટાડો થવાની સંભાવના છે. આ દિવસોમાં વરસાદની કે ગાજવીજની કોઈ આગાહી નથી. હવામાન નિષ્ણાંતે કડકડતી ઠંડીનું અનુમાન કરતા જણાવ્યું છે કે, તાપમાન ગગડીને ૧૦થી ૧૨ ડિગ્રીએ પહોંચવાનું અનુમાન છે. કેટલાક વિસ્તારમાં ૧૪થી ૧૬ ડિગ્રી તાપમાન પહોંચી શકે છે. આ સાથે તેમણે જણાવ્યું છે કે, મહત્તમ તાપમાન ઘટીને ૨૬-૨૮ ડિગ્રી થવાની સંભાવના છે. શનિવારથી તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થશે. અમદાવાદ, વડોદરામાં ૧૪-૧૬ ડિગ્રી ઠંડીનું અનુમાન છે. રાજકોટમાં ૧૪-૧૬ ડિગ્રી થઈ શકે છે.

# ડિંડોલીમાં સાયકલ પંચરની દુકાનમાં ગાંજાનો વેપલો, એકની ધરપકડ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૮

સુરત પોલીસ દ્વારા શહેરમાં ડ્રગ્સ અને ગાંજાનું વેચાણ કરતા અનેક અસામાજિક તત્વોને જેલ પાછળ ધકેલવામાં આવે છે. પરંતુ શહેરમાં હજુ પણ સતત ડ્રગ્સ અને ગાંજાનું વેચાણ કરતા લોકો પોલીસની ઝપટે ચઢે છે. આ દરમિયાન ગતરોજ ડિંડોલી, નવાગામ, મણીનગર રેલવે પટરી પાસે આવેલ સાયકલ પંચરની ટપરીમાં પોલીસે રેડ પાડી રૂા.૪૦ હજારના ગાંજાના જથ્થા સાથે એકને ઝડપી પાડ્યો છે. ડિંડોલી પોલીસના જણાવ્યા મુજબ સર્વલન્સ સ્ટાફના માણસોએ બાતમીના આધારે નવાગામ, મણીનગર રેલવે પટરી પાસે આવેલ સાયકલ પંચરની ટપરીમાં રેડ પાડી હતી. જેમાં તપાસ દરમિયાન ટપરીમાંથી રૂપિયા ૪૦ હજારની કિંમતનો ૦.૮૦૪ કિ.ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સાયકલ પંચરની દુકાન ચલાવતા અને સાથે ગાંજાનું વેચાણ કરતા રાધાકાંતા ભોલા પ્રસાદ મહતો (રહે, ગણેશનગર, મણીનગર પાસે ડિંડોલી)ની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વડોદરાના તાપમાનમાં સતત ઘટાડો ૨૪ કલાકમાં પારો એક ડિગ્રી ગગડ્યો

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૮

વડોદરા શહેરમાં હવે ઠંડીએ દિવસે ને દિવસે મજબૂત પકડ બનાવવા હેઠળ તેની અસર વર્તાવવા લાગી છે. જે અંતર્ગત છેલ્લા ત્રણ દિવસમાં તાપમાનનો પારો સતત ઘટી રહ્યો છે. નવેમ્બર મહિનાના પ્રથમ સપ્તાહમાં ધીરે ધીરે ઠંડીએ ચમકારો બતાવવા લાગ્યો છે. જે પ્રમાણે છેલ્લા કેટલાક દિવસોથી લઘુત્તમ તાપમાનનો પારો સતત ઘટી રહ્યો છે, તેને કારણે હવે લોકોને ફૂલ ગુલાબી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. ખાસ કરીને મોડી રાત્રે અને વહેલી સવારે નાગરિકો સ્વેટર વગર ઘરની બહાર નીકળી શકતા નથી. આ સાથે શહેરમાં લઘુત્તમ તાપમાનનો પારો પણ સતત ઘટી રહ્યો છે. ગઈકાલે લઘુત્તમ તાપમાનનો પારો જે ૧૬.૬ ડિગ્રી હતો તે વધુ એક ડિગ્રી ગગડતા આજે લઘુત્તમ તાપમાનનો પારો ૧૫.૬ ડિગ્રી નોંધાયો છે. તો તેવી રીતે મહત્તમ તાપમાનમાં પણ ધીરે ધીરે ઘટાડો નોંધાઈ રહ્યો છે. આગામી દિવસોમાં ઠંડીનો ચમકારો હજુ વધુ અનુભવાય અને તેની જનજીવન પર અસર થાય તેવું અનુમાન મનાઈ રહ્યું છે.

# ભેંસાણના ચુડા ગામે દિવાલ પડતાં યુવાનનું મૃત્યુ

## ચોરવાડના સુખપુર ગામે ઈલેકટ્રીક શોર્ટ લાગતાં વૃદ્ધનું મોત

જૂનાગઢ, તા.૮

ભેંસાણના ચુડા ગામે યુવાન પર દિવાલ પડતા મોત નિપજયું જયારે ચોરવાડના સુખપુર ગામે વૃદ્ધને ઈલેકટ્રીક શોર્ટ લાગતા મોત નિપજયાનું પોલીસ ચોપડે નોંધાયું છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ભેંસાણ પોલીસ મથકે મુરેશભાઈ આપસિંહભાઈ અલાવેએ જાહેર કરેલ કે પોતાના મૃતક ભાઈ ઉરેશભાઈ (ઉ.વ.૩૨)એ ચુડા ગામે મકાન પાડવા ભાડે રાખેલ હોય અને મકાન પાડતા સમયે અકસ્માતે દિવાલ પડતા નીચે દબાઈ જતા મરણ ગયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે. જયારે ચોરવાડ પોલીસ મથકે દિપજયકુમાર જસાભાઈ ડોડીયાએ જાહેર કે હમીરભાઈ રણમલભાઈ ડોડીયા (ઉ.વ.૫૫) પોતાની વાડીએ આવેલ ઓરડીમાં મોટરની સ્વીચ ચાલુ કરવા જતા હતા તે દરમ્યાન અકસ્માતે ઈલેકટ્રીક શોક લાગતા શરીરે ઈજાઓ થતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# પાક નુકસાની જેવા કપરા સમયે સરકાર ખેડૂતોની પડખે : હિંમતનગર એપીએમસી ચેરમેન

(સંવાદદાતા દ્વારા)
હિંમતનગર, તા.૮

રાજ્યના ખેડૂતોને તાજેતરના કમોસમી વરસાદથી થયેલા પાક નુકસાન સામે રાજ્ય સરકાર દ્વારા કમોસમી વરસાદની નુકસાનીની સ્થિતિ બાદ ખેડૂતોની પડખે રહી રૂા.૧૦,૦૦૦ કરોડનું રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે.

આ અંગે હિંમતનગર એપીએમસી ચેરમેન જયેશભાઈ પટેલએ સરકારનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે કમોસમી વરસાદના કારણે પાકને



વ્યાપક નુકસાન થયું છે. જેના કારણે સરકાર રાહત પેકેજ આપે તેવી ખેડૂતોની આશા હતી. જેના પગલે રાજ્ય સરકાર દ્વારા સર્વે કરી રૂા.૧૦,૦૦૦ કરોડનું રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. તેમજ રૂા.૧૫,૦૦૦ કરોડના ટેકાના ભાવે મગફળી, સોયાબીન, મગ અને અડદની ખરીદી શરૂ કરવામાં આવશે.

કુદરતી આફત થકી ખેડૂતોના ઊભા પાકમાં ઘણું નુકસાન થવા પામ્યુ છે ત્યારે આવા કપરા સમયે પણ સરકાર ખેડૂતોની પડખે છે. ખેડૂતોને સહાય પેકેજ જાહેર કરીને સરકારે ખેડૂતોના હિતને સર્વોપરી ગણી પ્રજા વાત્સલ્યની ભાવના વ્યક્ત કરી છે. જે બદલ હિંમતનગર તાલુકાના ખેડૂતો વતી સરકારનો અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો.


**CHANGE OF NAME**

I have Changed my name from **KHARVA PRAKASH KANUBHAI** to new name **KHARVA PRAKASHKUMAR KANUBHAI**

**Address : Tadiya hanuman, Machhivad, Jambusar, Bharuch**

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ કાપડીયા હનીફાબીબી ગુલામ રસુલ હતુ જે બદલીને નવું નામ **શેખ હનીફા બીબી ગુલામ રસુલ** કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.

સરનામું : ડી-૪૪૨, ગલી ધુસવાડ, ઑલીયા મસ્જિદ પાસે, ભરૂચ-૩૯૨૦૦૧.

**CHANGE OF NAME-SURNAME**

I HAVE CHANGE MY OLD FULL NAME-SURNAME FROM **KAPADIA SAJID MOHMED** TO NEW FULL NAME-SURNAME **KAPADIYA SAJID MAHAMMAD**
I WILL BE KNOWN AS NEW FULL NAME-SURNAME WHICH PLEASE NOTE.

**ADD:- 14 VANTIYA FALIYU. AT&PO.SAROD. TAL.JAMBUSAR. DIST.BHARUCH. PIN.392180 GUJARAT.**

**CHANGE OF NAME-SURNAME**

I HAVE CHANGE MY OLD NAME-SURNAME FROM **HANIFABEN SADIK MOHMED** TO NEW NAME-SURNAME **MAY HANIFA SADIK** & I WILL BE KNOWN AS NEW NAME-SURNAME WHICH PLEASE NOTE.

**ADD:- 82 (2) NAWKANDI PO.SAROD TAL-JAMBUSAR DIST.BHARUCH PIN.392180 GUJARAT.**

**CHANGE OF NAME-SURNAME**

I HAVE CHANGE MY OLD NAME-SURNAME FROM **PATEL IKBAL AHMED** TO NEW NAME-SURNAME **BUX IQBAL AHMED** & I WILL BE KNOWN AS NEW NAME-SURNAME WHICH PLEASE NOTE.

**ADD:- MACHHIWAD NEAR NANI MASJID AT&PO.SAROD TAL-JAMBUSAR DIST.BHARUCH PIN.392180 GUJARAT.**

**CHANGE OF NAME**

I HAVE CHANGE OF MY OLD NAME **SINDHA YASINKHAN AJITBHAI** TO NEW NAME **SANDHA YASINBHAI AJITBHAI** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.

**ADD:- VANTA VISTAR MASJID KHADKI. AT&PO.NOBAR. TAL.JAMBUSAR. DIST.BHARUCH.PIN.392150 GUJARAT.**

**નામ બદલેલ છે**

મારું જૂનું નામ **કાબુજવાલા રજીયા મોહમદસલીમ** હતું તે બદલીને નવું નામ **કાબુજી રજીયા મોહમ્મદસલીમ** કરેલ છે. જેની નોંધ લેવી.

સરનામું : સી/૭ આદીલ બંગલોઝ ઈકરા આઈ.ટી.આઈ.કોલેજ સામે, મુ.પો.દહેગામ, તા.જિ.ભરૂચ-૩૯૨૦૦૧

**નામ બદલેલ છે**

: જૂનું નામ :
**નસીમબેન નોમાનભાઈ સુણસરા**
: નવું નામ :
**નસીમબેન નૌમાનભાઈ સુણસરા**
**એડ્રેસ : ૨-૧૭૮, ખળી સિધ્ધપુર, ગુજરાત-૩૮૪૧૫૧**

**જાહેર નોટિસ**

મે. ભરૂચના મામલતદાર સાહેબની કોર્ટમા.
મરણ નોં. અ. નં.૧૩૬/૨૦૨૫

અરજદાર : **પાવડીયા મુહંમદ અબ્દુલ્લાહ ના કુ.મુ. તરીકે લુકમાન મુસા પાવડીયા** રહે. કડીયા સ્ટ્રીટ, નાના પાદર, ટંકારિયા તા. જી. ભરૂચ. ૩૯૨૨૪૦

વિરૂદ્ધ

સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ટંકારીયા

આથી જાહેર જનતાને નોટિસ આપી જણાવવાનું કે અરજદારે ઉપરોકત નંબરથી સદરહું કોર્ટમાં અબ્દુલ્લાહ મુસા પાવડીયા, મરણ તા.૨૬/૦૪/૨૦૧૯ના રોજ ટંકારીયા, તા. જી. ભરૂચ. મુકામે અવસાન પામેલા જે મરણની નોંધણી ગ્રામ પંચાયત, ટંકારીયા, તા. જી. ભરૂચ જન્મ-મરણ દફતરે થયેલ ન હોય તે બાબતની અરજી અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે. જેની સામે કોઈને કોઈ પણ જાતનો વાંધો, તકરાર કે વિરોધ હોય તો નોટિસ પ્રસિદ્ધ થયેથી એક માસમાં તેઓ જાતે અથવા તેઓના પ્રતિનિધિ મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું જો મુદતમાં વાંધો રજુ કરવામાં નહીં આવે તો નિયમ અનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સ્થળ : ભરૂચ.
તારીખ : ૭/૧૧/૨૦૨૫

**અરજદાર તર્ફે**
**સહી**
**રફીક એચ. સૈયદ** (એડવોકેટ)
એ/૧, જહાંગીર પાર્ક, પાલેજ,
તા.જી. ભરૂચ. મો. નં.૯૮૨૫૭૨૮૦૫૪

**શિક્ષકો જોઈએ છે. ઓપન ઈન્ટરવ્યું**

**બચ્ચો કા ઘર - આમોદ**
**(અંગ્રેજી - ગુજરાતી માધ્યમ)**

| વિભાગ | વિષય | જગ્યાની સંખ્યા | લાયકાત |
|---|---|---|---|
| અંગ્રેજી માધ્યમ | ગણિત વિજ્ઞાન | 1 | B.SC/ M.SC B.ed. |
| ગુજરાતી માધ્યમ | ગણિત વિજ્ઞાન | 1 | B.SC/ M.SC B.ed. |

ઈન્ટરવ્યુંની તારીખ : ૧૯-૧૧-૨૦૨૫, બુધવાર
સમય : સવારે ૧૦:૦૦ કલાકે

ઉપરોકત લાયકાત ધરાવતા ઉમેદવારો પોતાના તમામ અસલ પ્રમાણપત્રો અને ઝેરોક્ષ તથા અરજી સાથે તારીખ ૧૯-૧૧-૨૦૨૫ ને બુધવારે સવારે ૧૦:૦૦ કલાકે નીચે જણાવેલ સરનામે રૂબરૂ સ્વેખર્ચે ઓપન ઈન્ટરવ્યુંમાં હાજર રહેવું.

સરનામું :
બચ્ચો કા ઘર - આમોદ
ચાર રસ્તા, મુ.પો. આમોદ
તા. આમોદ, જિ. ભરૂચ.

લિ. મોહતમીમ
મો. બસીરસાબ રાણા
બચ્ચો કા ઘર - આમોદ
તા. આમોદ, જી. ભરૂચ.

મો. ૯૭૨૨૪ ૪૬૭૬૮, ૯૪૨૬૧ ૨૦૦૨૪

બેઠકમાં થયેલ ચર્ચા મુજબ પરિપત્રમાં અમલ કરાયો ન હોવાનો આક્ષેપ

# સરકારે એકતરફી રીતે નવો પરિપત્ર બહાર પાડી વિશ્વાસઘાત કર્યો : પ્રહલાદ મોદી

## નવો પરિપત્ર પાછો નહીં ખેંચાય તો ફરી આંદોલનની ચીમકી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

ગુજરાતની વાજબી ભાવની દુકાનદારોની બે એસોસિયેશનોએ સરકાર પર ગંભીર આક્ષેપો કર્યા છે. દુકાનદારોએ જણાવ્યું છે કે ૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ પુરવઠા મંત્રી, રાજ્ય કક્ષાના બન્ને મંત્રી, અગ્ર સચિવ, નિયામક અને અન્ય ટોચના અધિકારીઓ સાથે થયેલી બેઠકમાં કરાયેલી મહત્વપૂર્ણ સમજૂતીનો ભંગ કરીને ૭ નવેમ્બર ૨૦૨૫ના રોજ નવી શરતો સાથેનો પરિપત્ર બહાર પાડવામાં આવ્યો. જેમાં થયેલ ચર્ચા મુજબ પરિપત્રમાં અમલ કરવામાં આવ્યો ન આવ્યો હોવાનો આક્ષેપ કર્યો છે.

સસ્તા અનાજની દુકાનના સંચાલકો સાથે સરકારે કરેલી છેતરપિંડીના વિરોધમાં પ્રહલાદ મોદીએ ફરી એકવાર આંદોલનનો હુંકાર કર્યો છે. તેમણે જણાવ્યું છે કે સરકારે તાત્કાલિક નવો પરિપત્ર પાછો ખેંચવો પડશે, નહીં તો દુકાનદારોને આંદોલન કરવાની ફરજ પડશે. તેમનું કહેવું છે કે દુકાનદારો સાથે ૪ નવેમ્બરના રોજ સમજૂતી થઈ હોવા છતાં, સરકારે એકતરફી રીતે નવો પરિપત્ર બહાર પાડીને વિશ્વાસઘાત કર્યો છે.

ફેર પ્રાઇસ એસોસિયેશનના પ્રમુખ પ્રહલાદ મોદીએ જણાવ્યું હતું કે, આ પરિપત્ર બે દિવસમાં સુધારીને આપવાનું નક્કી થયું તે મુજબ આપે પરિપત્ર આપ્યો, પરંતુ એમાં થયેલી ચર્ચાથી વિપરિત વસ્તુ રજૂ કરવામાં આવી છે. તેનો સખત વિરોધ છે. એમાં કલમ નં. ૨માં લખ્યું છે કે, કે વ્યવસ્થા મામલતદાર અથવા કલેક્ટર ઓફિસના કર્મચારી કરશે. એમાં કોઈ જગ્યાએ એવો સ્પષ્ટ નથી લખેલું કે દર મહિને પ્રતિનિધિઓને હાજર રાખવાની જવાબદારી મામલતદાર કે કલેક્ટરના કર્મચારીઓની રહેશે. માટે એ લખવું જોઈએ એવું અમારું માનવું છે.

એસોસિયેશન મુજબ, ૪ નવેમ્બરની બેઠકમાં દુકાન પર જથ્થો ઉતારતી વખતે માત્ર બે તકેદારી સમિતિના સભ્યોના બાયોમેટ્રિક ઓથન્ટિકેશન લેવાનો નિર્ણય લેવાયો હતો. પરંતુ નવા પરિપત્રમાં ૧ એપ્રિલ ૨૦૨૬થી પચાસ ટકા સભ્યો અંદાજે ૫થી ૬ સભ્યોના બાયોમેટ્રિક ઓથન્ટિકેશન ફરજિયાત કરાયું છે.

એસોસિએશનોનું કહેવું છે કે, આ નિર્ણય સમજૂતીના મૂળ ભાવને ખંડિત કરે છે અને દુકાનદારો માટે ભારે મુશ્કેલી ઊભી કરે છે. દુકાનદારોના જણાવ્યા મુજબ રાજ્યના લગભગ ૭૦ હજાર વાજબી ભાવના દુકાનદારોમાં ભારે નારાજગી ફેલાઈ છે.

દુકાનદારોનો આક્ષેપ છે કે, કહેવાતી સંવેદનશીલ સરકાર અધિકારીઓના દબાણમાં આવી ગઈ છે અને ટોચના અધિકારીઓએ મંત્રીઓને સાચી માહિતી આપ્યા વિના મનપસંદ નિર્ણયો દબાવી દીધા છે. એસોસિએશનના આગેવાનોનો આક્ષેપ છે કે અધિકારીઓએ સરકારથી ઉપર જઈને નિર્ણય લઈને પોતાની સર્વોપરિતા સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

તેમણે વધુમાં કહ્યું છે કે, ગરીબ, વંચિત અને જરૂરિયાતમંદ રેશનકાર્ડધારકો તથા દુકાનદારોની વાસ્તવિક પરેશાનીઓ સમજવાના બદલે અધિકારીઓએ જટિલ પ્રક્રિયા લાદી છે, જેનાથી ૪ નવેમ્બરે જન્મેલી આશાઓ પર પાણી ફરી વળ્યું છે. રાજ્ય સરકાર તરફથી આ મુદ્દે સત્તાવાર પ્રતિક્રિયા મળવાની બાકી છે.

શંકર ચૌધરીની વિરોધીઓને ચેતવણી

# મર્યાદાને કારણે નથી બોલતો; બાકી તમને આવડે એના કરતાં મને વધુ આવડે છે

(સંવાદદાતા દ્વારા)

ડીસા, તા.૮

વાવ-થરાદ જિલ્લાના મલુપુર ગામમાં યોજાયેલા સ્નેહમિલન કાર્યક્રમમાં થરાદના ધારાસભ્ય અને વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ જાહેરમંચ પરથી વિરોધીઓને ચેતવણી આપી હતી. તેમણે જણાવ્યું કે, કંઈક સારૂં થાય તો કરો, નહીં તો ચૂપ રહો અને મારા વિસ્તારના લોકોને હેરાન કરશો તો હું ચુપ નહીં બેસું. અત્યારે મર્યાદાના કારણે હું નથી બોલતો બાકી તમને જેટલું આવડે છે એના કરતાં અનેકગણુ મને પણ આવડે છે. આ કાર્યક્રમમાં શંકર ચૌધરીએ વાવ-થરાદમાં આવેલા પૂરની વાત કરતાં નામ લીધા વગર સાંસદ ગેનીબેન ઠાકોર પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, પુર વખતે અમારો નાનામાં નાનો કાર્યકર્તા સેવામાં લાગેલો હતો. જે પાણી ભરાયેલા લોકોની મદદમાં કરતો હતો ને પેલા લોકો ખામીઓ ગોતતા હતા. ક્યાં ખામી રહી ગઈ છે એ જોઈને ટોણા મારતા હતા. આ ઉપરાંત શંકર ચૌધરીએ ભૂતકાળમાં કોંગ્રેસે આ વિસ્તારમાં બાવળિયા લાવ્યાની વાત કરી હતી.પ્રજાના વિકાસમાં કોઈ આડા ન આવતાં નહીં તો મારે બોલવું પડશે' અધ્યક્ષ શંકર ચૌધરીએ તેમના સંબોધનમાં સ્પષ્ટ ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, પ્રજાના વિકાસમાં કોઈ આડા ન આવતા, નહીં તો મારે બોલવું પડશે. તેમણે ખાસ કરીને બાગાયતી ખેતીના પાકો અને ખેડૂતોને થયેલા નુકસાનના મુદ્દે વાત કરી હતી. તેમણે કહ્યું કે, વરસાદી આફત સમયે સરકારે ખેડૂતોને સહાય આપવાનું કામ કર્યું હતું. મોટી સંખ્યામાં સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ વાવ-થરાદ જિલ્લાના મલુપુર ખાતે આયોજિત સ્નેહમિલન સમારોહમાં હાજરી આપી હતી. આ સમારોહમાં તેમણે પ્રજાના વિકાસના મુદ્દે આડે આવતા લોકો પર આકરા પ્રહાર કર્યા હતા.

# અમદાવાદના SG હાઈવે પર અકસ્માત, બંધ ટ્રકમાં કાર ઘૂસી જતા યુવકનું મોત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

અમદાવાદના થલતેજ અંડરબ્રિજ પર કાર અને ટ્રકનો અકસ્માત થતાં એક યુવકનું મોત નીપજ્યું છે, જ્યારે કારમાં સવાર અન્ય બે યુવતીને ઈજા પહોંચતાં સારવાર માટે ખસેડાઈ છે. એક યુવક પોતાની કિયા સેલ્ટોસ કાર લઈને પૂરઝડપે આવી રહ્યો હતો, ત્યારે બંધ પડેલી ટ્રકના પાછળના ભાગે તેની ટક્કર થતાં કારચાલક યુવકનું કરુણ મોત થયું હતું. આ મામલે એસ. જી. ૧ ટ્રાફિક-પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. તા.૮ નવેમ્બર સવારે ૫ વાગ્યાના અરસામાં એસ. જી. હાઈવે પરના ગુરૂદ્વારા પાસેના અંડરબ્રિજમાં એક આઈસર ટ્રક પસાર થતા સમયે બંધ પડી ગઈ હતી. આ દરમિયાન થલતેજથી ઈસ્કોન તરફ કાળા કલરની કિયા સેલ્ટોસ કાર પૂરઝડપે જઈ રહી હતી. કારની સ્પીડ એટલી હતી કે અંડરબ્રિજમાં બંધ પડેલી આઈસર ટ્રક કારચાલકને દેખાઈ નહીં અને પાછળથી ટક્કર મારી દીધી હતી. ધાડાકાભેડ કાર ટ્રકમાં અથડાવતાં કારચાલક યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. જ્યારે તેની સાથે બેઠેલી બે યુવતીએ પણ ઈજાગ્રસ્ત થઈ હતી. આ અકસ્માત થતાંની સાથે જ આઈસર ટ્રકનો ચાલક ફરાર થઈ ગયો હતો. જ્યારે ઈજાગ્રસ્ત યુવક અને યુવતીઓને સારવાર માટે સોલા સિવિલ હોસ્પિટલ લઈ ગયાં હતાં. ઘટનાની જાણ ટ્રાફિક- પોલીસને થતાં તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, કારચાલકનું નામ આર્યન બત્રા છે અને તે આંબલી પાસે આવેલા આર્યન ઓપ્યુલન્સ ફ્લેટમાં રહે છે. અકસ્માતના કારણે આર્યનને શરીર પણ ગંભીર ઈજાઓ પહોંચતાં તેનું સારવાર દરમિયાન મોત થયું છે. આર્યનની સાથે તેની બે મહિલા મિત્ર પણ હતી, જેમને શરીર પર ઈજા પહોંચતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. બંને યુવતી નવરંગપુરાના પીજી હોસ્ટેલમાં રહે છે. આ મામલે ટ્રાફિકના ડીસીપી ભાવના પટેલે જણાવ્યું કે, આંબલી ખાતે રહેતો આર્યન અને પીજી હોસ્ટેલમાં રહેતી બંને યુવતીઓ ક્યાથી આવી રહ્યા હતા, તે દિશામાં ટ્રાફિક પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. વહેલી પરોઢે યંગસ્ટ એસજી હાઈવેથી કઈ જગ્યાએ જઈ રહ્યા હતા, તે દિશામાં પણ તપાસ ચાલુ છે. યુવતીઓ હાલ સ્ટેબલ છે અને તેમના નિવેદન નોંધીને તપાસ શરૂ કરાશે.

# SIRની પ્રક્રિયામાં નાગરિકોને પડતી હાલાકી દૂર કરવા અમદાવાદ કોંગ્રેસની પહેલ




અમદાવાદ, તા.૮

આજરોજ સાંજે ૫ વાગ્યે અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલ રાજીવ ગાંધી ભવન ખાતે અમદાવાદ કોંગ્રેસ સમિતિ પ્રમુખ સોનલ બેન પટેલ દ્વારા SIRની પ્રક્રિયામાં પડતી હાલાકી દૂર કરી મતદારોના નામ સહેલાઈથી મતદાર યાદીમાં દાખલ થઈ શકે અને નાગરિકોને SIRનું ફોર્મ ભરવામાં પડતી મુંઝવણ અને મુશ્કેલી દૂર કરવા અંગેનો માર્ગદર્શન આપવા મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ શહેરના કાઉન્સિલરો, વૉર્ડ પ્રમુખ, મંડળ પ્રમુખ, સેક્ટર પ્રમુખ, હોદેદારોની મીટીંગમાં અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ સોનલ બેન પટેલ, AMC વિરોધ પક્ષના નેતા શહેઝાદ ખાન પઠાણ પંકજ શાહ, જુનેદ શેખ સહિત આગેવાનોએ SIR મતદાર યાદી સુધારણા બાબતે માર્ગદર્શન આપ્યું હતું મિટિંગમાં મોટી સંખ્યામાં આગેવાનો અને કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહી SIR પ્રક્રિયા બાબતના તમામ જરૂરી પાસાઓ બાબતે સઘન ચર્ચા વિચારણા કરી અમદાવાદ શહેરના મતદારોના નામ નોંધણી કાર્યમાં મદદરૂપ થવા આયોજન કર્યું હતું.

# વડોદરાની સયાજી હોસ્પિટલમાં ચોંકાવનારી ઘટના દર્દીએ પહેલા માળની બારીમાંથી લગાવી છલાંગ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૮

વડોદરાની સયાજી હોસ્પિટલમાં અકસ્માતના દર્દીએ આપઘાતનો પ્રયાસ કરતા દોડધામ મચી ગઈ હતી. પગમાં ફ્રેક્ચરની સારવાર લઈ રહેલા ૬૫ વર્ષીય વૃદ્ધે સર્જીકલ બિલ્ડિંગના પહેલા માળેથી બારીમાંથી કૂદીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જોકે, સદ્‌નસીબે તેમનો બચાવ થયો હતો અને હોસ્પિટલના સ્ટાફે તાત્કાલિક તેમને ફરીથી સારવાર માટે દાખલ કર્યા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર વડોદરા શહેરના ન્યુ વીઆઈપી રોડ પર ખોડીયારનગર નજીક આવેલી વ્રજધામ સોસાયટીમાં રહેતા ૬૫ વર્ષીય દયાનંદભાઈ બાબુરાવ પવાર ગત તા.૫મી નવેમ્બરે પોતાની બાઈક પર જઈ રહ્યા હતા. તે દરમિયાન એક અજાણ્યા ફોરવ્હિલર ચાલકે તેમને ટક્કર મારી હતી, જેના કારણે તેમને પગમાં ગંભીર ઈજા અને ફેક્ચર થયું હતું. આ અકસ્માત બાદ દયાનંદભાઈને તાત્કાલિક સારવાર અર્થે તે જ દિવસે સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેઓ સર્જીકલ બિલ્ડિંગમાં સારવાર હેઠળ હતા. આ દરમિયાન તા.૮ નવેમ્બર (શનિવાર)ના રોજ વહેલી સવારે ૬:૦૦ વાગ્યાની આસપાસ તેમણે અચાનક બિલ્ડિંગના પહેલા માળે આવેલી બારીમાંથી નીચે ભૂસકો મારીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ ઘટના જોઈને હાજર સ્ટાફ અને અન્ય દર્દીઓ ચોંકી ઉઠ્યા હતા. હોસ્પિટલના સ્ટાફે તાત્કાલિક દોડી જઈને દયાનંદભાઈને બચાવી લીધા હતા અને તેમને ફરીથી હોસ્પિટલમાં દાખલ કરી તેમની સારવાર શરૂ કરી દીધી હતી. દયાનંદભાઈએ કયા કારણોસર આ પગલું ભર્યું તે હજુ સુધી જાણી શકાયું નથી. આ ઘટના અંગે હોસ્પિટલ પ્રશાસન દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

AMCમાં અનેકવાર કરાયેલી રજૂઆત બાદ નવીનીકરણની કામગીરી થઈ

# ગોમતીપુરમાં આધુનિક ડિઝાઈન સાથે ફરી કાર્યરત થયો ફુવારો



અમદાવાદ, તા.૮

શહેરના ગોમતીપુર વિસ્તારમાં આવેલ વીર ભગતસિંહ હોલ પાસેનો ફુવારો છેલ્લા ઘણા વર્ષોથી બંધ હાલતમાં હતો તથા તેની આસપાસ મોટા ઝાડોના ધાંકલિયાં અને ગંદકીના કારણે તેનો પૂરતો ઉપયોગ થતો ન હતો. આ અંગે ગોમતીપુરના તમામ કાઉન્સિલરો તેમજ સ્થાનિક જવાબદાર અધિકારીઓ દ્વારા વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી. આ મુદ્દો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના બોર્ડમાં પણ અનેક વખત ઉઠાવવામાં આવ્યો હતો, પરંતુ લાંબા સમય સુધી આ કાર્ય નિયમિત પ્રક્રિયામાં અટવાયેલું રહ્યું. આ સંદર્ભમાં પશ્ચિમ ઝોન અને પૂર્વ ઝોન વચ્ચેના વિકાસના અંતરને પણ રજૂઆતમાં ખાસ ધ્યાન દોરવામાં આવ્યું હતું.

અંતે ગોમતીપુરની જનતાની લાંબી માંગણીને માન આપવા તા.૧૮/૧૦/૨૦૨૪ના રોજ ફુવારા નવીનીકરણ માટે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. જેમાં શકુંતલ બિલ્ડર્સ દ્વારા અંદાજિત રૂપિયા આશરે ૧૪ લાખના ખર્ચે આ કાર્ય મંજૂર કરવામાં આવ્યું છે.

ફુવારાનું નવીનીકરણ, રંગરોગાન અને આધુનિક ડિઝાઈન સાથે ફરી કાર્યરત થવાથી ગોમતીપુર વિસ્તારમાં સૌંદર્યવર્ધન સાથે લોકોએ એક સુંદર આકર્ષણરૂપ સ્થળ મળી રહેશે. ઘણા વર્ષો પછી ગોમતીપુર વોર્ડની પ્રજાને આ એક ખાસ ભેટરૂપ સુવિધા પ્રાપ્ત થઈ રહી છે. આ કાર્ય માટે ખાસ સહયોગ અને પ્રદાન બદલ ગોમતીપુરના કોર્પોરેટર ઈકબાલ શેખ, કોર્પોરેટર જુલ્ફી ખાન, કોર્પોરેટર રૂકસાના બેન ઘાંચી, કોર્પોરેટર કમળાબેન ચૌહાણ તેમજ અન્ય આગેવાનો દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર અને સંબંધિત વિભાગના અધિકારી-કર્મચારીઓને આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

# ગુજરાત સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સે મોટા "મ્યુલ એકાઉન્ટ" નેટવર્કનો પર્દાફાશ કર્યો

## મ્યુલ એકાઉન્ટનો પાકિસ્તાન સાથે સીધો નાણાકીય સંબંધ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

ગુજરાત સાયબર ક્રાઈમ સેન્ટર ઓફ એક્સેલન્સે મોરબી, સુરેન્દ્રનગર, સુરત અને સાવરકુંડલા સહિત અનેક જિલ્લાઓમાં કાર્યરત એક મોટા 'મ્યુલ એકાઉન્ટ' નેટવર્કનો પર્દાફાશ કર્યો છે, જે પાકિસ્તાન સાથે સીધા નાણાકીય સંબંધો ધરાવે છે. ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ ટ્વીટ કરીને આ સૌથી મોટી કાર્યવાહીની જાણકારી આપી છે. તેમણે એક્સ પર લખ્યું છે કે, આ નેટવર્કે સમગ્ર ભારતમાં ૩૮૬ સાયબર ક્રાઈમ કેસ સાથે જોડાયેલા ૧૦૦થી વધુ મ્યુલ એકાઉન્ટ્સનું સંચાલન કર્યું હતું, જેમાં કુલ રૂ.૨૦૦ કરોડથી વધુની છેતરપિંડીનો સમાવેશ થાય છે.

ગુજરાત સાયબર ટીમે શરૂઆતના ભારતીય ખાતાઓથી લઈને ક્રિપ્ટોકરન્સી (USDT) વ્યવહારો સુધીના સાત સ્તરે નાણાંના વ્યવહારોને નજીકથી શોધી કાઢ્યા હતા. તપાસમાં જાણવા મળ્યું કે રૂ.૧૦ કરોડ પાકિસ્તાની Binance USDT એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા, જેને ભારતીય ખાતાઓમાંથી કુલ રૂ.૨૫ કરોડથી વધુ પ્રાપ્ત થયા હતા. આ નેટવર્ક ગેંગ માટે ભંડોળના મુખ્ય સ્ત્રોતોમાંનું એક છે. તેમણે કહ્યું હતું કે, આ નિર્ણાયક કાર્યવાહી સાયબર ગુના પ્રત્યે ગુજરાતના શૂન્ય-સહિષ્ણુતાના અભિગમ અને સરહદ પાર નાણાકીય છેતરપિંડીનો સામનો કરવા માટે અદ્યતન સાયબર ગુપ્તચર ક્ષમતાઓના નિર્માણમાં રાજ્યના નેતૃત્વને રેખાંકિત કરે છે.

ઉલ્લેખનીય છે કે, મ્યુલ એકાઉન્ટ સાયબર માફિયાઓ માટે ખૂબ જ મહત્ત્વનું છે. મોટાભાગના કેસમાં છેતરપિંડી કરનાર સાયબર ક્રિમીનલ કમિશન પર કામ કરે છે. આ માટે તેઓ બેંક એકાઉન્ટને રેન્ટ પર લે છે અને એ માટે તે એકાઉન્ટધારકને પૈસા ચૂકવે છે. આ દરમ્યાન તે આ રેન્ટ પર લીધેલા ખાતામાં પૈસા જમા કરાવે છે અને ત્યારબાદ બીજા ખાતામાં ટ્રાન્સફર કરી દે છે. આથી પોતાની ઓળખ છુપી રહે છે અને પોલીસથી બચી શકાય છે પણ હવે સાયબર ક્રાઈમ પોલીસ પણ વધુ હોશિયાર થઈ ગઈ છે જે આ કિસ્સા પરથી દેખાઈ આવે છે.

# અમદાવાદમાં USDTના નામે ઠગાઈના બે કિસ્સા સામે આવ્યા

## સોશિયલ મીડિયાથી યુવતીના સંપર્કમાં આવી રોકાણના બહાને વેપારીએ રૂા.૩૧ લાખ ગુમાવ્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

અમદાવાદમાં USDTના નામે ઠગાઈના બે કિસ્સા સામે આવ્યા છે. એક કિસ્સામાં વેપારીએ સોશિયલ મીડિયાના માધ્યમથી યુવતીનો સંપર્ક થતા ૧૦ ટકા કમિશનની લાલચ આપી USDTમાં રોકાણ કરવાના બહાને રૂા.૩૧ લાખ પડાવ્યા, જ્યારે અન્ય એક વેપારીને પરિચિત વ્યક્તિએ ૧ ડોલર પર ૧ રૂપિયા કમિશન આપવાનું કહીને ૧૦ લાખ રૂપિયાના USDT મેળવીને પૈસા આપ્યા ન્હોતા. બંને મામલે પોલીસે અલગ અલગ ગુના નોંધી તપાસ હાથ ધરી છે.

સોલામાં રહેતા શૈલેષ પટેલે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે કે, તેઓ બિલ્ડિંગ મટીરીયલ સપ્લાયનો વેપાર કરે છે. થોડા સમય અગાઉ તેમને ફેસબુક પર યુવતીનો સંપર્ક થયો હતો. યુવતીએ તેમની સાથે વાતચીત કરીને તેમને ડોલરમાં ઈન્વેસ્ટ કરવાનું જણાવ્યું હતું. શૈલેષભાઈએ યુવતી પર વિશ્વાસ રાખીને વધારે વાતચીત કરી હતી. ત્યારે યુવતીએ ડોલરમાં ઈન્વેસ્ટમેન્ટ કરવાથી ૧૦% નફો મળશે તેવી લાલચ આપી હતી. શૈલેષભાઈ યુવતીની વાતોમાં આવી ગયા હતા. ત્યારબાદ યુવતીએ એક લિંક મોકલી હતી, જેમાં શૈલેષભાઈએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. શૈલેષભાઈને એક કંપનીમાંથી કોલ આવ્યો હતો. પોતે કસ્ટમર કેરમાંથી હોવાનું જણાવીને અલગ અલગ બેન્ક એકાઉન્ટનો નંબર આપ્યા હતા, જેમાં આરટીજીએસ કરવાનું કહ્યું હતું.

શૈલેષભાઈએ ટુકડે-ટુકડે અલગ-અલગ બેન્ક એકાઉન્ટમાં ૩૧ લાખ રૂપિયા ટ્રાન્સફર કરીને ડોલર માટે ઈન્વેસ્ટમેન્ટ કર્યું હતું. આ પૈસા ભર્યા બાદ તેમને ૧૦%થી વધુનો નફો બતાવવામાં આવ્યો હતો, પરંતુ તેમણે પૈસા ઉપાડવાનો પ્રયત્ન કરતા પૈસા ઉપડ્યા ન હતા અને તેમને વધારે ઈન્વેસ્ટમેન્ટ કરવાનું કહ્યું હતું. શૈલેષભાઈને વિશ્વાસ આવે તે માટે તેમને ૯૯૦૦ રૂપિયા નફામાંથી ઉપાડવા દીધા હતા, પરંતુ બીજી રકમ ના ઉપાડતા શૈલેષભાઈને શંકા ગઈ હતી. જેથી તેમને વેબસાઈટ પર તપાસ કરી ત્યારે તેમની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થઈ હતી. આ અંગે તેમણે સાયબર ક્રાઈમ હેલ્પલાઇનની મદદ મેળવી હતી. બાદમાં અમદાવાદ સાયબર ક્રાઈમમાં અજાણી વ્યક્તિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

બીજા કિસ્સામાં નરોડામાં રહેતા રાજેશ કટકમે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, તેઓ ફોરેક્સ ટ્રેડિંગ અને સ્ટોક માર્કેટનું કામ કરે છે. ચાર મહિના અગાઉ તેમના દુબઈમાં રહેતા મિત્ર સતીશભાઈ દ્વારા તેમનો સંપર્ક સતિષભાઈના મિત્ર અખિલ સાથે થયો હતો. અખિલે તેમને જણાવ્યું હતું કે, USDTનું કામ કરો મારી પાસે ઘણા ગ્રાહક છે, પરંતુ સગવડ હોવાથી રાજેશભાઈએ ના પાડી હતી. ત્યારબાદ તા.૧૨ ઓગસ્ટના રોજ અખિલે રાજેશભાઈને વ્હોટ્સએપ કોલ કરીને કહ્યું હતું કે, મારે એક પાર્ટીને દસ લાખ રૂપિયાનું USDT કરવાનું છે તમે કરશો તો ભારતીય એક રૂપિયા કમિશન પેટે આપીશ. જેથી રાજેશભાઈએ તેમના મિત્ર સતીષભાઈને કહ્યું હતું કે, મારી સ્થિતિ હાલ ખરાબ છે અને મારા બાઈનેન્સ બ્લોક થઈ ગયા છે. જેથી તમે મારા મિત્ર સાગર જાનીના બાઈનાન્સ વોલેટમાં USDT કરી આપો. સતિષભાઈએ રાજેશભાઈના મિત્ર સાગરના વોલેટમાં ૧૦.૬૨ લાખ રૂપિયાના USDT કરી આપ્યા હતા.

USDT આવ્યા બાદ રાજેશભાઈએ અખિલનો સંપર્ક કર્યો હતો.અખિલે રાજેશભાઈને સી.જી રોડ પર ઈસ્કોન આર્કેડ ખાતે મળવા માટે બોલાવ્યા હતા. અખિલ અને તેની સાથે એક્ટિવા લઈને આવેલા વ્યક્તિએ રાજેશભાઈને એક્ટિવાની ડેકીમાં દસ લાખ રૂપિયા બતાવ્યા પણ હતા. રાજેશભાઈએ તેમના મિત્રના વોલેટમાંથી ૯૦.૮૦ રૂપિયાના ભાવે ૧૧,૦૧૩ USDT અખિલના વોલેટમાં ટ્રાન્સફર કર્યા હતા. ટ્રાન્સફર કર્યા બાદ અખિલે કહ્યું કે, મારા વોલેટમાં હજુ પૈસા આવ્યા નથી જોકે રાજેશભાઈએ સ્ક્રીનશોટ પણ મોકલ્યા છતાં અખિલ માનતો ન હતો. મારા વોલેટમાં આવ્યા નથી જેથી ૧૦ લાખ રૂપિયા નહીં આપું તેમ કહીને રાજેશભાઈ સાથે બોલાચાલી અને ઝઘડો કરી ત્યાંથી નીકળી ગયો હતો. રાજેશભાઈએ વારંવાર ફોન કરતા અખિલ જવાબ આપતો ન હતો. રાજેશભાઈએ અખિલ અને અન્ય વ્યક્તિ વિરૂદ્ધમાં નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## ક્રાઈમ ડાયરી

### ઘરનું તાળું તોડી રૂા.૧.૬૧ લાખની મત્તાની ચોરી

રીટાબેન રાજુભાઈ પરમાર (ઉ.વ.૫૦, રહે. સુરેખાપાર્ક નક્ષત્ર મોલ પાસે આઈઓસી રોડ, ચાંદખેડા) એ તા.૭/૧૧/૨૦૨૫ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે કે તા.૪/૧૧/૨૦૨૫ સાંજના ૫/૦૦થી તા.૫/૧૧/૨૦૨૫ સવારના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું અને નકુચો તોડી, અજાણી વ્યકિત ઘરમાં પ્રવેશ કરી, તિજોરી તથા પેટી પલંગમાંથી સોના-ચાંદીના દાગીના રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૬૧,૬૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે.

### અમદાવાદમાં ટ્રેનની અડફેટે વિવિધ સ્થળે બે યુવકોનાં મોત

અનિલ અજમલભાઈ દેસાઈ (ઉ.વ.૨૭, રહે. સીફોન સોસાયટી, ગોદરેજ ગાર્ડન સીટી ચાંદખેડા) તા.૭/૧૧/૨૦૨૫ બપોરના ૧/૨૦ વાગ્યાના સુમારે ઉમા ભવાની ફાટક પાસે આવેલ રેલવે થાંભલા નંબર-૭૭૪/૨૫થી ૭૭૪/૨૩ વચ્ચે ટ્રેનની અડફેટે આવી જતા, ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હાથ ધરી છે. જયારે બીજા બનાવમાં રામચરન શિવપ્રકાશ વિશ્વકર્મા (ઉ.વ.૩૫, રહે. પરભાવર મહિલા ઉપરહાર મહિલા કોસંબા ઉત્તરપ્રદેશ) તા.૭/૧૧/૨૦૨૫ સાંજના ૪/૪૫ વાગ્યા પહેલા વટવા ગેરતપુર રેલવે થાંભલા નંબર-૪૮૪/૧ અને ૪૮૩/૩૫ની વચ્ચે ટ્રેનની અડફેટે આવી જતા, ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હાથ ધરી છે.

### ગળેફાંસો ખાઈ આધેડે આપઘાત કર્યો

ચાંદખાન શબ્બીરખાન પઠાણ (ઉ.વ.૫૫, રહે. ઈટાલીયન કોમ્પલેક્ષ નુરે અહેમદી મસ્જિદ પાસે જુહાપુરા ચાર રસ્તા પાસે)એ અગમ્ય કારણસર તા.૭/૧૧/૨૦૨૫ સવારના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હાથ ધરી છે.

### યુવકે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યો

મહાવીરસિંગ ઉર્ફે સોનું રામલાલ યાદવ (ઉ.વ.૩૨, રહે. ચાંદાભાઈની ચાલી, સંજયનગરના છાપરાં બાપુનગર)એ અગમ્ય કારણસર તા.૭/૧૧/૨૦૨૫ બપોરના ૩/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હાથ ધરી છે.

# ગોતા, ચાંદલોડિયા અને થલતેજમાં AMCની દબાણ હટાવ ઝુંબેશ

## ગેરકાયદેસર પાર્કિંગ અને દબાણ બદલ રૂા.૫૬ હજારનો દંડ વસૂલ કરવામાં આવ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના મુખ્ય માર્ગોને પહોળા કરવાના હેતુથી ગોતા, ચાંદલોડિયા અને થલતેજ જેવા પશ્ચિમ ઝોનના વિસ્તારોમાં દબાણ હટાવવાની સઘન કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશના કારણે રોડ પરના ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવ્યા છે. AMCની દબાણ હટાવ ટુકડીએ જાહેર માર્ગો પર અને ફૂટપાથ પર થયેલા વિવિધ પ્રકારના ગેરકાયદેસર દબાણોને તોડી પાડ્યા હતા. કામગીરી દરમિયાન, ઓટલા, ઝૂંપડા, દુકાનોના આગળના શેડ અને બાલ્કની/ગેલેરી સહિતના અનેક બાંધકામો તોડી પાડવામાં આવ્યા હતા. આ દબાણોના કારણે રાહદારીઓ અને વાહનચાલકોને અવરજવરમાં મુશ્કેલી પડતી હતી. ગેરકાયદેસર બાંધકામો તોડવા ઉપરાંત, AMC દ્વારા રોડ પરના અન્ય અવરોધોને પણ દૂર કરવામાં આવ્યા હતા; રોડ પર દબાણ કરીને ઊભા રહેતા લારી-ગલ્લાને પણ હટાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત જાહેર માર્ગો પર ગેરકાયદેસર રીતે પાર્ક કરાયેલા વાહનોને લોક કરવામાં આવ્યા હતા. દબાણ હટાવવાની આ ઝુંબેશ દરમિયાન, ગેરકાયદેસર પાર્કિંગ અને દબાણ બદલ નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ પાસેથી કુલ રૂા.૫૬,૦૦૦નો દંડ સ્થળ પર જ વસૂલ કરવામાં આવ્યો હતો. AMC દ્વારા હાથ ધરાયેલી આ કાર્યવાહીથી રોડ વધુ ખુલ્લા અને પહોળા બનશે, જેનાથી ટ્રાફિકની સમસ્યામાં આંશિક રાહત મળવાની અપેક્ષા છે. ભવિષ્યમાં પણ આ પ્રકારની ઝુંબેશ ચાલુ રાખીને શહેરને દબાણમુક્ત બનાવવાનો AMCનો લક્ષ્યાંક છે.


## જાહેર નોટિસ

આથી અમો (૧) સૈયદ અન્નુબી બાનું (૨) સૈયદ સરફરાજ, (૩) સૈયદ શાહનવાઝનાઓ આ જાહેર નોટિસ આપી જણાવીએ છીએ કે, અમો નં.(૧)ના પતી તથા નં.(૨), (૩)ના પિતા સૈયદ પીરમહંમદ રમજાનભાઈ નાઓ અમારા કહ્યામાં નથી અને ઘણા સમયથી ઘર છોડી જતા રહેલ છે અને તેઓ અમારી જાણ બહાર અવાર-નવાર લોકો પાસેથી અમારા નામે આર્થિક- બિનઆર્થિક વ્યવહાર કર્યા કરે છે જેથી આ નોટિસથી જણાવવાનું કે, આજ પછી અમો નં.(૧)ના પતિ તથા નં.(૨), (૩) પિતા સાથે કોઈએ આર્થિક કે બિનઆર્થિક વ્યવહાર કરવો નહીં અને જો કોઈ આવો કોઈ વ્યવહાર કરશે તો તેની તમામ જવાબદારી વ્યવહાર કરનારની રહેશે અને તેઓના આવા વ્યવહાર અંગે અમારી કોઈ જવાબદારી રહેશે નહીં જેની નોંધ લેશો.

તા.૮-૧૧-૨૦૨૫

સહી

મારી મારફતે

**આઈ.બી.પઠાણ** (એડવોકેટ)

**ઠે.ઓજી-ટેબલ નં.૫, મેટ્રો કોર્ટ બિલ્ડીંગ, ઘી કાંટા, અમદાવાદ, મો.નં.૯૮૨૪૦ ૮૩૮૫૬**

## જાહેર નોટિસ

અમો હબીબભાઈ અબ્દુલ્લાભાઈ શેખ, ઉ.વ.આ. ૭૫, સરનામું:૦૪/૦૫, ગ્રાઉન્ડ ફલોર, અમન એપાર્ટમેન્ટ, જે.પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ આથી તમામ લાગતા વળગતા, સગા સંબંધીઓ અને તમામ નાગરિકોને સદર નોટિસ આપી જાહેર કરીએ છીએ કે, અમારા પુત્ર મોહંમદઆસીફ શેખનાઓની વિધવા સમીના મોહંમદઆસીફ શેખનાઓ સાથે અમારો હાલમાં કોઈ સંબંધ રહ્યો નથી. આથી કોઈએ તેઓની સાથે અમારા તરફથી કોઈપણ નાણાકીય વ્યવહાર કરવા નહી કે કોઈ સામાજીક સંબંધો રાખવા નહીં અને જો કોઈ કરશે તો તેનાથી આર્થિક કે કોઈપણ અન્ય પ્રકારના નુકસાનની જવાબદારી અમારી રહેશે નહીં. તેની તમામે નોંધ લેવી. તેમજ ડિસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ અમદાવાદ શહેરમાં શાહપુર-૨ની સીમમાં આવેલ સિટી સર્વે નંબર : ૩૬૨૮/બ, શીટ નંબર : ૫૭ વાળી અમન એપાર્ટમેન્ટ, ખાનપુરમાં આવેલ ફ્લેટ નંબર : ૧૦૧ વાળી મિલકત અમારી સ્વપાર્જીત મિલકત છે. આથી સદર મિલકત કોઈએ ગીરો, વેચાણ અથવા અન્ય કોઈ રીતે રાખવી નહીં કે સદરહું મિલકત અંગે કોઈપણ નાણાકીય વ્યવહાર અમારી સંમતિ વિના કરવો નહીં અને જો કરવામાં આવશે તો તેઓની વિરૂદ્ધ દિવાની તથા ફોજદારી રાહે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૦૧/૧૧/૨૦૨૫

**હબીબભાઈ એ. શેખ**
**એડવોકેટ**
**૦૪/૦૫, ગ્રાઉન્ડ ફલોર, અમન એપાર્ટમેન્ટ, જે.પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧**
**મોબાઈલ નંબર : ૯૮૨૫૭૨૦૯૨૮**

## જાહેર નોટીસ

જત ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૩ (મેમનગર)ના સાબરમતી તાલુકાના મોજે ગામ શેખપુર-ખાનપુરની સીમના સર્વે નં. ૩૧૮/૧, ટી.પી.સ્કીમ નં. ૩ના ફા. પ્લોટ નં. ૨૯૪, ૨૯૫, ૨૯૬ની જમીન ઉપર રશ્મિ કો.ઓ.હા.સો.લિ.ના સબ પ્લોટ નં. ૮ની જમીન ઉપર સુર્યરથ વિહાર ઓનર્સ એસોસીએશન દ્વારા બાંધવામાં આવેલ અર્થ નામની સ્કીમમાં ફસ્ટ ફલોરે આવેલ ઓફીસ નં. ૧૦૨ની આશરે ૧૯૦.૨૫ ચો.મી.ના બાંધકામ વાળી મિલકત (૧) રીના ભરતભાઈ દેસાઈ (વગર વહેચાયેલ ૨૫% હિસ્સાના માલિક) (૨) નંદાબા અજીતસિંહ હડીયોલ (વગર વહેચાયેલ ૨૫% હિસ્સાના માલિક), (૩) અનીતા કાન્તી પાટીદાર (વગર વહેચાયેલ ૨૦% હિસ્સાના માલિક), (૪) યશવંતબેન ખુમાનસિંહ અહાડા (વગર વહેચાયેલ ૧૫% હિસ્સાના માલિક), અને (૫) નાગપાલસિંહ વિરેન્દ્રસિંહ રાજાવત (વગર વહેચાયેલ ૧૫% હિસ્સાના માલિક)નાઓએ પોતાની સંયુક્ત માલિકી કબજા ભોગવટાની હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી અમારા અસીલે અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદરહું મિલકત ઉપર કોઈપણ વ્યક્તિ, પેઢી, સંસ્થા કે બેંકનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત-હિસ્સો, સંબંધ, બોજો યા ચાર્જ પોંશાતો હોય તો દિન-૭માં પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. તેમાં કસુર થયેથી મુદત વિત્યે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે, ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી. **અમદાવાદ તા. ૭-૧૧-૨૦૨૫**

**ઝૈદ એમ. મનસુરી (એડવોકેટ), ૨૨૨૯, દુર્ગામાતાની પોળ પાસે, પાંચ પકી, કાલુપુર, અમદાવાદ. મો.: 7777997037**

# ટ્રમ્પનું નવું ફરમાન, ડાયાબિટીસ અને મેદસ્વિતા ધરાવતા દર્દીઓને અમેરિકામાં પ્રવેશ માટેનો વિઝા નહીં મળે : નવા આરોગ્ય નિયમોની ભારે ટીકા

**ટ્રમ્પ વહીવટીતંત્રની નવી માર્ગદર્શિકા હેઠળ ડાયાબિટીસ જેવી સ્વાસ્થ્ય સ્થિતિ ધરાવતા લોકોને યુએસ વિઝા નકારી શકાય છે. નિષ્ણાતોએ કહ્યું કે આ ક્રોનિક રોગો ધરાવતા લોકોનું અપમાન છે અને સમાન તકના સિદ્ધાંતને નબળું પાડે છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે આ અઠવાડિયાની શરૂઆતમાં તેના દૂતાવાસો અને કોન્સ્યુલેટ્સને નવા સ્ક્રીનીંગ માપદંડોની જાણ કરી છે**

(એજન્સી) તા.૮

અમેરિકાએ તેના આરોગ્ય-આધારિત વિઝા સ્ક્રીનીંગ માપદંડમાં ફેરફાર કર્યો છે, અને ડાયાબિટીસ, સ્થૂળતા, હૃદય રોગ અને ચોક્કસ ન્યુરોલોજીકલ અથવા માનસિક સ્વાસ્થ્ય સ્થિતિઓ જેવી ક્રોનિક બીમારીઓ ધરાવતા અરજદારો માટે કડક તપાસ શરૂ કરી છે. આ મહિનાની શરૂઆતમાં યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટ તરફથી તેના દૂતાવાસો અને કોન્સ્યુલેટ્સને નવા આંતરિક માર્ગદર્શન દ્વારા જણાવવામાં આવેલા આ પગલાનો હેતુ વિઝા અધિકારીઓને એ મૂલ્યાંકન કરવામાં મદદ કરવાનો છે કે શું આવા અરજદાર અમેરિકન આરોગ્ય સંભાળ પ્રણાલી પર લાંબા ગાળાના તબીબી અથવા નાણાકીય બોજ લાવી શકે છે.

નવેમ્બર ૨૦૨૫ ની શરૂઆતમાં બહાર આવેલ અપડેટેડ માર્ગદર્શન, ચેપી રોગો અને રસીકરણ સ્થિતિ પર પરંપરાગત ધ્યાન કેન્દ્રિત કરવાથી એક પરિવર્તન દર્શાવે છે. નવા અભિગમ હેઠળ, કોન્સ્યુલર અધિકારીઓને ધ્યાનમાં લેવાનું કહેવામાં આવે છે કે શું ક્રોનિક રોગો ધરાવતા અરજદારો ભવિષ્યમાં આરોગ્યસંભાળ ખર્ચ ઉઠાવી શકે છે અથવા જાહેર સંસાધનો પર આધાર રાખે છે અને આ માપદંડો હવે ખાસ કરીને ઈમિગ્રન્ટ અને કાયમી રહેઠાણ શ્રેણીઓ માટે વિઝા મંજૂરીઓને પ્રભાવિત કરી શકે છે.

ઈમિગ્રેશન વકીલો અને હિમાયતી જૂથોએ ચિંતા વ્યક્ત કરી છે કે આ નીતિ અસંગત અને ભેદભાવપૂર્ણ નિર્ણયો તરફ દોરી શકે છે, કારણ કે અધિકારીઓને તબીબી તાલીમ વિના જટિલ આરોગ્ય મૂલ્યાંકન કરવાનું કહેવામાં આવી રહ્યું છે. તેઓ ચેતવણી આપે છે કે આ નિયમ




ડાયાબિટીસ જેવી વ્યવસ્થાપિત પરિસ્થિતિઓ ધરાવતા લોકોને અન્યાયી રીતે દંડ કરી શકે છે, ખાસ કરીને વિકાસશીલ દેશોમાં જ્યાં આવી બીમારીઓ વધુ પ્રચલિત છે. વિઝા શ્રેણીઓમાં વિઝા અને ઈમિગ્રેશન અધિકારીઓ તરફથી વિવેકાધીન નિર્ણયો લેવાની બધી શક્યતાઓ છે કારણ કે તેઓ તબીબી નિષ્ણાતો નથી. અગ્રણી ઈમિગ્રેશન એડવોકેસી ગ્રુપના અને ગ્લોબલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ એલએલસીના સિનિયર એક્ઝિક્યુટિવ ઉમર બાવપ્પાએ જણાવ્યું હતું કે, ડાયાબિટીસ ધરાવતા અરજદારોને હવે ઈન્ટરવ્યુ દરમિયાન વધારાના પ્રશ્નોનો સામનો કરવો પડી શકે છે અને તેમને યુએસમાં તબીબી રેકોર્ડ, સારવાર ઈતિહાસ અને નાણાકીય સાધનો અથવા આરોગ્ય વીમા કવરેજનો પુરાવો આપવા માટે કહેવામાં આવી શકે છે. કાનૂની નિષ્ણાતો ભલામણ કરે છે કે અરજદારો તાજેતરના તબીબી અહેવાલો રજૂ કરે જેમાં સ્થિર બ્લડ સુગર નિયંત્રણ, સારવાર કરનારા ચિકિત્સકોના પત્રો અને ચાલુ સારવાર માટે ચૂકવણી કરવાની તેમની ક્ષમતાના દસ્તાવેજો રજૂ કરવા કહેવામા આવી શકે છે. આ માર્ગદર્શન મુખ્યત્વે ઈમિગ્રન્ટ વિઝા શોધનારાઓને લાગુ પડે છે, ત્યારે નિરીક્ષકો કહે છે કે તે વિદ્યાર્થી અને કાર્યકારી વિઝા સહિત અન્ય શ્રેણીઓમાં વિવેકાધીન નિર્ણયોને પ્રભાવિત કરી શકે છે. કેટલીક ઈમિગ્રેશન કાયદા કંપનીઓએ પહેલાથી જ ગ્રાહકોને વધુ વ્યાપક તબીબી અને નાણાકીય દસ્તાવેજો તૈયાર કરવાની સલાહ આપવાનું શરૂ કરી દીધું છે.

જાહેર આરોગ્ય નિષ્ણાતોએ આ પગલાની ટીકા કરી છે. ટ્રમ્પ વહીવટીતંત્રની નવી માર્ગદર્શિકા હેઠળ ડાયાબિટીસ જેવી સ્વાસ્થ્ય સ્થિતિ ધરાવતા લોકોને યુએસ વિઝા નકારી શકાય છે. નિષ્ણાતોએ કહ્યું કે આ ક્રોનિક રોગો ધરાવતા લોકોનું અપમાન છે અને સમાન તકના સિદ્ધાંતને નબળું પાડે છે. તેઓ દલીલ કરે છે કે ડાયાબિટીસ અને સમાન પરિસ્થિતિઓને અસ્વીકાર્યતાના આધાર તરીકે ગણવી જોઈએ નહીં, ખાસ કરીને જ્યારે અરજદારો સ્વ-સંભાળ માટે પૂરતા સંસાધનો ધરાવતા હોય છે.

આ નીતિએ વિઝા અધિકારીઓ નિયમ કેવી રીતે લાગુ કરે છે તેમાં વધુ પારદર્શિતા અને તબીબી સ્પષ્ટતા માટે હાકલ કરી છે. આગામી અઠવાડિયામાં કાનૂની પડકારો અને હિમાયતી પ્રયાસો વધુ તીવ્ર બનવાની અપેક્ષા છે કારણ કે અસરગ્રસ્ત અરજદારો અને નાગરિક અધિકાર જૂથો નવા આરોગ્ય-આધારિત સ્ક્રીનીંગ ધોરણોની સમીક્ષા માંગે છે.

નજીકના ભવિષ્યમાં આ નીતિના પરિણામે ક્રોનિક સ્વાસ્થ્ય સમસ્યાઓ ધરાવતા વિઝા અરજદારો માટે પ્રક્રિયા સમય લાંબો થઈ શકે છે, વધારાના પુરાવા આપવા માટે કહેવામા આવી શકે છે અને વિઝા નામંજૂર થવાની શક્યતા વધી શકે છે. જો તે હાલના ઈમિગ્રેશન અને અપંગતા કાયદાઓ સાથે વિરોધાભાસી જણાય તો તેને વહીવટી સમીક્ષા અથવા ન્યાયિક હસ્તક્ષેપનો પણ સામનો કરવો પડી શકે છે.

# આ ધર્મનિરપેક્ષતાનું અપમાન છે : કેરળના મુખ્યમંત્રીએ વંદે ભારત કાર્યક્રમમાં RSSનું ગીત ગાવા બદલ રેલવેની ટીકા કરી

**એર્નાકુલમ-બેંગ્લુરૂ વંદે ભારત સેવાના ઉદ્ઘાટન પ્રસંગે વિદ્યાર્થીઓને RSSનું ગીત ગાવા માટે મજબૂર કરવામાં આવ્યા બાદ કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને દક્ષિણ રેલવેની ટીકા કરી છે તેમણે આ કૃત્યને બંધારણીય સિદ્ધાંતોનું ઉલ્લંઘન ગણાવ્યું અને રેલવે પર સાંપ્રદાયિક રાજકારણને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો છે**

(એજન્સી) તા.૮

કેરળના મુખ્યમંત્રી પિનરાયી વિજયને શનિવારે એર્નાકુલમ-બેંગ્લુરૂ વંદે ભારત ટ્રેન સેવાના ઉદ્ઘાટન દરમિયાન વિદ્યાર્થીઓને RSSનું ગીત ગાવા માટે મજબૂર કરવા બદલ દક્ષિણ રેલ્વેની ટીકા કરી હતી. સરકારી કાર્યક્રમમાં બનેલી આ ઘટનાની વિજયન દ્વારા તીવ્ર ટીકા કરવામાં આવી હતી, જેમણે સત્તાવાર કાર્યક્રમોમાં ધાર્મિક અને રાજકીય તટસ્થતા જાળવવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. એર્નાકુલમ-બેંગ્લુરૂ વંદે ભારત સેવાના ઉદ્ઘાટન દરમિયાન વિદ્યાર્થીઓને RSS ગણગીત ગાવા માટે મજબૂર કરનાર દક્ષિણ રેલવેનું કૃત્ય અત્યંત નિંદનીય છે, વિજયને તેને 'અસ્વીકાર્ય' ગણાવતા તેનો વિરોધ કરવાનું આહ્વાન કર્યું હતું. તેમણે કહ્યું કે, સરકારના સત્તાવાર કાર્યક્રમમાં RSSના ગીતનો સમાવેશ, જે



## દક્ષિણ રેલવેએ વ્યાપક વિરોધ થયા પછી સોશિયલ મીડિયા પરથી પોતાની પોસ્ટ પાછી ખેંચી લીધી

સતત અન્ય ધર્મો અને સાંપ્રદાયિક વિભાજનકારી રાજકારણ સામે નફરત ફેલાવે છે, તે બંધારણીય સિદ્ધાંતોનું ઉલ્લંઘન છે.

વિજયને કહ્યું કે આવી ક્રિયાઓ સરકારી કાર્યક્રમોના ધર્મનિરપેક્ષ પાત્રને નબળું પાડે છે. વંદે ભારતના ઉદ્ઘાટન સમારોહમાં ઉગ્ર હિન્દુત્વ રાજકારણનો પ્રવેશ જોવા મળ્યો. આની પાછળ ધર્મનિરપેક્ષતાને નષ્ટ કરવાનો હેતુ ધરાવતી સંકુચિત રાજકીય માનસિકતા છે. તેમણે જાહેર વિરોધનું આહ્વાન કરતા કહ્યું કે, એ અસ્વીકાર્ય છે કે સંઘ પરિવાર દેશના સૌથી મોટા જાહેર ક્ષેત્રના સાહસ, રેલવેનો પણ તેમના સાંપ્રદાયિક રાજકીય પ્રચાર માટે ઉપયોગ કરી રહ્યું છે. આ ગણગીતને 'દેશભક્તિ ગીત' કેપ્શન સાથે સોશિયલ મીડિયા પર શેર કરીને, દક્ષિણ રેલવેએ માત્ર પોતાની મજાક જ નહીં પરંતુ ભારતીય રાષ્ટ્રીય ચળવળની પણ મજાક ઉડાવી છે. સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન ભારતના ધર્મનિરપેક્ષ રાષ્ટ્રવાદના પાયા તરીકે સેવા આપનાર રેલવે હવે એ આરએસએસના સાંપ્રદાયિક એજન્ડાને સમર્થન આપી રહી છે, જેણે સ્વતંત્રતા સંગ્રામ સાથે દગો કર્યો હતો.

આ દરમિયાન, રાજ્યસભાના સાંસદ જોન બ્રિટાસે નવી વંદે ભારત સેવાના ઉદ્ઘાટન સમયે બાળકો RSS ગીત ગાતા દર્શાવતો એક વીડિયો શેર કર્યો હતો અને કહ્યું કે, RSS ગણગીથમ એર્નાકુલમ અને બેંગ્લુરૂ વચ્ચેના અત્યંત રાજકીયકરણનો એક અભિન્ન ભાગ હતો. ભારતીય રેલ્વે નવા ઊંડાણમાં પ્રવેશી ગયું છે, કારણ કે નવી સેવાઓની જાહેરાત પણ હવે રાજકીય ધામધૂમ દ્વારા થાય છે અને લોકોના પ્રતિનિધિઓને અવગણવામાં આવે છે.

ગયા મહિને, મુખ્યમંત્રી વિજયને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) અને ઈઝરાયલમાં ઝાયોનિસ્ટ્સ વચ્ચે સમાનતા દર્શાવતા તેમને 'જોડિયા ભાઈઓ' કહ્યા હતા. તેમણે કન્નુરમાં એક સ્મૃતિ સભામાં આ ટિપ્પણી કરી હતી. RSS શતાબ્દી ઉજવવાના કેન્દ્રના નિર્ણયના જવાબમાં, વિજયને સોશિયલ મીડિયા પર આ પગલાની ટીકા કરતા કહ્યું હતું કે ટપાલ ટિકિટ અને ૧૦૦ રૂપિયાનો સિક્કો જારી કરવો એ આપણા બંધારણનું ગંભીર અપમાન છે.

# મધ્યપ્રદેશની મધ્યાહ્ન યોજના અંગે વડાપ્રધાન અને મુખ્યમંત્રીની સખત ટીકા કરતા રાહુલ ગાંધી

**અખબારની નકલો બિછાવીને મધ્યપ્રદેશમાં શાળાના બાળકો મધ્યાહ્ન ભોજન આરોગી રહ્યા હોવાનો ખૂબ જ આઘાતજનક વીડિયો કોંગ્રેસના નેતાએ જાહેર કર્યો છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ પક્ષના સોશિયલ હેન્ડલ પર એક ચોંકાવી દેનારો વીડિયો જાહેર કર્યો છે જેમાં મધ્યપ્રદેશમાં શાળાના બાળકો જમીન ઉપર અખબારી નકલો પાથરીને તેના ઉપર મધ્યાહન ભોજન લઈ રહ્યા હોવાનું દેખાઈ આવે છે. રાહુલ ગાંધીએ દેશના સૌથી નાની વયના નાગરિકોની આવી દશા માટે ઊંડા દુઃખની અને આઘાતની લાગણી વ્યક્ત કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ દેશના ભવિષ્યની આવી દયાજનક હાલત જોઈને એ બંનેને શરમ થવી જોઈએ. ભારતના આવતીકાલનું જે ભવિષ્ય છે અને તેનો જે સ્તંભ છે એવા બાળકોની આવી અપમાનજનક દશાનો વીડિયો તેમણે જાહેર કરીને દુઃખ વ્યક્ત કર્યું હતું. રાહુલ ગાંધીએ આગળ ઉમેર્યું હતું કે ભૂતકાળમાં ભાજપની સરકારે વિકાસનો ભ્રમ ઊભો કર્યો હતો કેમકે સત્તા ઉપર ટકી રહેવાની એમની ખરેખરી ફોર્મ્યુલા તો સાચો વિકાસ કરવાની બદલે માત્ર વ્યવસ્થામાં સમાયેલી છે. હું મધ્ય પ્રદેશ જઈ રહ્યો છું અને જ્યારથી મેં આ વીડિયો અને સમાચાર જોયા છે અને ત્યાંના બાળકોને જે રીતે અખબારી કાગળ ઉપર મધ્યાહન ભોજન રાખીને એમને ભોજન લેવાની ફરજ પાડવામાં આવી છે



તે જોઈને મારૂં દિલ તૂટી ગયું છે. એ નિર્દોષ બાળકો ઉપર જે દેશના ભવિષ્યની ઈમારત અને સપના નિર્ધારીત છે અને એમને સન્માન સાથે ભોજનની પ્લેટ પણ મળી રહી નથી. ભાજપ સરકારના બે દાયકાના શાસનની ટીકા કરતા તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે હવે તો એ લોકોએ બાળકોના ભોજનની પ્લેટ પણ છીનવી લીધી છે અને આવા નેતાઓએ આ બાબતે શરમ અનુભવી જોઈએ કેમકે તેઓ દેશના ભાવિ નાગરિક બાળકોનું સન્માન તથા ગરિમા અને ઉત્કર્ષનું પણ ધ્યાન રાખી શક્યા નથી.

# કાશ્મીરમાં 'વંદે માતરમ્' પર વિવાદ : સરકારી આદેશને હિન્દુત્વનો એજન્ડા ગણાવી મૌલવીઓએ પાછો ખેંચવાની માંગ કરી

(એજન્સી) શ્રીનગર, તા.૮

જમ્મુ અને કાશ્મીરના અગ્રણી ઈસ્લામિક વિદ્વાનો અને ધાર્મિક સંગઠનોના ગઠબંધન 'મુત્તાહિદા મજલિસ-એ-ઉલેમા' (MMU)એ સરકારના એ આદેશની સખત નિંદા કરી છે, જેમાં શાળાઓને 'વંદે માતરમ્'ની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણી કરવા માટે નિર્દેશ આપવામાં આવ્યો છે. મીરવાઈઝ ઉમર ફારૂકના નેતૃત્વ હેઠળના આ સંગઠને આ પગલાને સાંસ્કૃતિક ઉજવણીના નામે મુસ્લિમ બહુમતીવાળા પ્રદેશ પર "RSS-પ્રેરિત હિન્દુત્વ વિચારધારા" લાદવાનો પ્રયાસ ગણાવ્યો છે.

શ્રીનગરમાં જારી કરાયેલા એક નિવેદનમાં, MMUએ જણાવ્યું હતું કે સાંસ્કૃતિક વિભાગ દ્વારા શાળાઓમાં 'વંદે માતરમ્' દર્શાવતા સંગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવાનો આદેશ "દબાણયુક્ત, અન્યાયી અને ગેર-ઈસ્લામિક" છે. સંગઠને લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હા અને મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાને લોકોની વ્યાપક ચિંતાને ધ્યાનમાં રાખીને આ આદેશ તાત્કાલિક પાછો ખેંચવા વિનંતી કરી છે. નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, "આ નિર્દેશથી પ્રદેશના મુસ્લિમોમાં ઊંડી વેદના થઈ છે, જેઓ આ ગંભીર મામલો ઉઠાવવા માટે ધાર્મિક નેતૃત્વનો સંપર્ક કરી રહ્યા છે. મુસ્લિમ વિદ્યાર્થીઓ અથવા સંસ્થાઓને તેમની આસ્થા સાથે વિરોધાભાસી કૃત્યોમાં જોડાવા માટે દબાણ કરવું અન્યાયી અને અસ્વીકાર્ય છે."

સરકારી પરિપત્રમાં જમ્મુ અને કાશ્મીરની શાળાઓને રાષ્ટ્રીય ગીતની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે ૩૧ ઓક્ટોબરથી ૭ નવેમ્બર દરમિયાન સભાઓ અને કાર્યક્રમોનું આયોજન કરવા માટે આહ્વાન કરવામાં આવ્યું હતું. આ પહેલા, મુખ્ય સચિવે કેન્દ્રશાસિત પ્રદેશની શાળાઓની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે એક બેઠકની અધ્યક્ષતા કરી હતી અને વિદ્યાર્થીઓની સંડોવણીને "વ્યાપક પહોંચ માટે નિર્ણાયક" ગણાવી હતી.

MMUએ દલીલ કરી હતી કે 'વંદે માતરમ્'માં એવી અભિવ્યક્તિઓ છે જે 'તૌહીદ' (ઈશ્વરના એકત્વ)ની ઈસ્લામિક માન્યતાની વિરૂદ્ધ છે. નિવેદનમાં કહેવામાં આવ્યું કે, 'વંદે માતરમ્'નું પઠન કરવું કે ગાવું એ ભક્તિમય કૃત્યોમાં સામેલ છે જેની ઈસ્લામમાં



પરવાનગી નથી. ઈસ્લામ સેવા, કરૂણા અને નૈતિક અખંડિતતા દ્વારા રાષ્ટ્રપ્રેમ શીખવે છે, નહીં કે એવા અનુષ્ઠાનો દ્વારા જે આસ્થા સાથે સમાધાન કરે." ધાર્મિક સંગઠને આરોપ લગાવ્યો કે આ આદેશ પ્રદેશની સાંસ્કૃતિક અને ધાર્મિક ઓળખને બદલવાના મોટા વૈચારિક અભિયાનને પ્રતિબિંબિત કરે છે. હાલમાં, જમ્મુ અને કાશ્મીર પ્રશાસને MMUના નિવેદન પર કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપી નથી. ઉલ્લેખનીય છે કે, 'વંદે માતરમ્' ૧૮૭૦ના દાયકામાં બંકિમચંદ્ર ચેટર્જી દ્વારા લખવામાં આવ્યું હતું અને બાદમાં તેમની ૧૮૮૨ની નવલકથા 'આનંદમઠ'માં સામેલ કરવામાં આવ્યું હતું, જે ૧૯૫૦માં રાષ્ટ્રીય ગીત તરીકે અપનાવવામાં આવ્યું.

# ટ્રમ્પે દક્ષિણ આફ્રિકામાં G20ના આયોજનને 'અપમાનજનક' ગણાવતા કહ્યું કે, કોઈ પણ યુએસ અધિકારી સમિટમાં હાજરી આપશે નહીં

**આ અઠવાડિયાની શરૂઆતમાં ટ્રમ્પે જાહેરાત કરી હતી કે તેઓ દક્ષિણ આફ્રિકામાં G20 સમિટમાં ભાગ લેશે નહીં અને તેમણે મુખ્ય અર્થતંત્રોના જૂથમાં દેશના સભ્યપદ પર પ્રશ્ન ઉઠાવ્યો હતો**

(એજન્સી) તા.૮

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે G20 આ મહિનાના અંતમાં દક્ષિણ આફ્રિકામાં યોજાશે, તે "સંપૂર્ણ અપમાનજનક" છે. તેમણે જાહેરાત કરી કે જ્યાં સુધી દેશમાં આફ્રિકન લોકોના વંશીય લઘુમતી જૂથ સામે "માનવ અધિકારોનું ઉલ્લંઘન" ચાલુ રહેશે ત્યાં સુધી કોઈ પણ અમેરિકન અધિકારી સમિટમાં હાજરી આપશે નહીં. આ અઠવાડિયાની શરૂઆતમાં, ટ્રમ્પે જાહેરાત કરી હતી કે તેઓ દક્ષિણ આફ્રિકામાં G20 સમિટમાં ભાગ લેશે નહીં અને તેમણે મુખ્ય અર્થતંત્રોના જૂથમાં દેશના સભ્યપદ પર પ્રશ્ન ઉઠાવ્યો હતો.

તેમણે કહ્યું કે, "આ સંપૂર્ણ શરમજનક છે કે G20 દક્ષિણ આફ્રિકામાં યોજાશે. આફ્રિકન લોકો (જે લોકો ડચ વસાહતીઓમાંથી આવે છે, અને ફ્રેન્ચ અને જર્મન ઈમિગ્રન્ટ્સ પણ)ને મારી નાખવામાં આવી રહ્યા છે અને તેમની જમીન અને ખેતરો ગેરકાયદેસર રીતે જપ્ત કરવામાં આવી રહ્યા છે. ટ્રમ્પે શુક્રવારે ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં કહ્યું કે, જ્યાં સુધી આ માનવાધિકાર ઉલ્લંઘન ચાલુ રહેશે ત્યાં સુધી કોઈ પણ યુએસ સરકારી અધિકારી હાજરી આપશે નહીં. હું ફ્લોરિડાના મિયામીમાં ૨૦૨૬માં G20નું આયોજન કરવા માટે આતુર છું !. આ વર્ષે ફેબ્રુઆરીમાં બીજા કાર્યકાળ માટે યુએસ રાષ્ટ્રપતિ તરીકે શપથ



લીધાના થોડા અઠવાડિયા પછી ટ્રમ્પે દક્ષિણ આફ્રિકાની સરકારને વંશીય લઘુમતી આફ્રિકન લોકોની કૃષિ મિલકતને વળતર વિના જપ્ત કરવાની મંજૂરી આપતા કાયદા દ્વારા દક્ષિણ આફ્રિકા દ્વારા તેના નાગરિકોના અધિકારોની "આઘાતજનક અવગણના"ની નિંદા કરતો આદેશ જારી કર્યો હતો. ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકા દક્ષિણ આફ્રિકાને સહાય પૂરી પાડશે નહીં અને સરકાર દ્વારા પ્રાયોજિત જાતિ આધારિત ભેદભાવથી બચી રહેલા આફ્રિકનેર શરણાર્થીઓના પુનર્વસનને પ્રોત્સાહન આપશે. બુધવારે ફ્લોરિડાના મિયામીમાં એક બિઝનેસ ફોરમમાં પોતાની ટિપ્પણીમાં, ટ્રમ્પે કહ્યું કે, હું તેમાં જઈ રહ્યો નથી. દક્ષિણ આફ્રિકામાં જી૨૦ બેઠક છે. દક્ષિણ આફ્રિકા હવે GSમાં પણ ન હોવું જોઈએ કારણ કે ત્યાં જે બન્યું છે તે ખરાબ છે. હું ત્યાં આપણા દેશનું પ્રતિનિધિત્વ કરવાનો નથી. દક્ષિણ આફ્રિકાએ ૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ એક વર્ષ લાંબી G20 પ્રમુખપદ સંભાળ્યું અને ૨૨થી ૨૩ નવેમ્બર દરમિયાન જોહાનિસબર્ગમાં એક સમિટ બેઠક માટે જૂથના નેતાઓનું આયોજન કરશે, જે પહેલી વાર આફ્રિકન ભૂમિ પર જી૨૦ સમિટ યોજાશે. અમેરિકા દક્ષિણ આફ્રિકાથી G20નું પ્રમુખપદ સંભાળશે અને ૧ ડિસેમ્બર, ૨૦૨૫ થી ૩૦ નવેમ્બર, ૨૦૨૬ સુધી જૂથનું નેતૃત્વ કરશે. ટ્રમ્પે અગાઉ કહ્યું હતું કે તેઓ મિયામી નજીક તેમના ગોલ્ફ ક્લબમાં ૨૦૨૬ સમિટ માટે G20 નેતાઓનું આયોજન કરશે. ભારત ડિસેમ્બર ૨૦૨૨થી નવેમ્બર ૨૦૨૩ સુધી G20નું પ્રમુખ હતું અને સપ્ટેમ્બર ૨૦૨૩માં નવી દિલ્હીમાં ૧૮મી G20 સમિટનું આયોજન કર્યું હતું. તત્કાલીન યુએસ રાષ્ટ્રપતિ જો બાઈડેન સમિટમાં હાજરી આપવા માટે ભારત આવ્યા હતા. G20માં ૧૯ દેશોનો સમાવેશ થાય છેઃ આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચીન, ફ્રાન્સ, જર્મની, ભારત, ઈન્ડોનેશિયા, ઈટાલી, જાપાન, દક્ષિણ કોરિયા, મેક્સિકો, રશિયા, સઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, તુર્કી, યુનાઈટેડ કિંગડમ અને યુનાઈટેડ સ્ટેટ્સ, તેમજ યુરોપિયન યુનિયન અને આફ્રિકન યુનિયન સામેલ છે. ભારતના G20 પ્રમુખપદ હેઠળ આફ્રિકન યુનિયન સત્તાવાર રીતે વિશ્વની મુખ્ય અર્થવ્યવસ્થાઓના જૂથમાં કાયમી સભ્ય તરીકે જોડાયું હતું.

# રાષ્ટ્રગીત 'બ્રિટિશોનું સ્વાગત' કરવા માટે લખવામાં આવ્યું હતું : ભાજપના સાંસદનો દાવો તેમના નિવેદન પછી ઉગ્ર રાજકીય પ્રતિક્રિયાઓ

(એજન્સી) તા.૮

ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના સાંસદ વિશ્વેશ્વર હેગડે કાગેરીએ દાવો કર્યો હતો કે ભારતનું રાષ્ટ્રગીત, જન ગણ મન, મૂળરૂપે "બ્રિટિશોનું સ્વાગત" કરવા માટે લખવામાં આવ્યું હતું. વંદે માતરમના ૧૫૦ વર્ષ નિમિત્તે કર્ણાટકના હોન્નાવરમાં એક કાર્યક્રમ દરમિયાન કરવામાં આવેલી આ ટિપ્પણીની વિરોધ પક્ષો દ્વારા નિંદા કરવામાં આવી હતી. કાગેરીએ જણાવ્યું હતું કે 'વંદે માતરમ' એ 'જન ગણ મન' કરતાં વધુ પાત્ર છે. બંને ગીતો સમાન મહત્વ ધરાવે છે, પરંતુ વંદે માતરમને ક્યારેય તે માન્યતા મળી નથી જે તેને ખરેખર મળવી જોઈએ. સ્વતંત્રતા સંગ્રામનો તેનો વારસો ભવિષ્યની પેઢીઓને પ્રેરણા આપતો રહેવો જોઈએ. તે દરેક શાળા, કોલેજ અને ઘર સુધી પહોંચવો જોઈએ. તેમણે દાવો કર્યો કે જન ગણ મન એ "બ્રિટિશરોનાં સ્વાગત માટે રચાયું હતું. આપણા પૂર્વજોએ 'વંદે માતરમ' અને 'જન ગણ મન' બંનેનું સન્માન કરવાનું નક્કી કર્યું હતું, અને અમે તે પરંપરા સ્વીકારી છે.

આ નિવેદન પછી તરત જ વિપક્ષી નેતાઓએ વિરોધ કર્યો અને તેઓએ ભાજપ પર ઈતિહાસને વિકૃત કરવાનો આરોપ લગાવ્યો. કર્ણાટકના મંત્રી અને



બંગાળ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગમાં માહિતી અધિકાર (RTI) અરજી દાખલ કરી છે જેમાં નાગરિક સંસ્થા દ્વારા છેલ્લા ૩૦ દિવસમાં જારી કરાયેલા જન્મ પ્રમાણપત્રોની માહિતી માંગવામાં આવી છે, આ ઘટના એવા સમયે બની રહી છે જ્યારે રાજ્યમાં મતદાર યાદીઓનું ખાસ સઘન સંશોધન ચાલી રહ્યું છે. સુવેન્દુએ આરોપ લગાવ્યો કે, મારા ધ્યાલમાં આવ્યું છે કે, KMC જન્મ પ્રમાણપત્રોના ગેરકાયદેસર, અનૈતિક અને અનૈતિક વિતરણમાં સંડોવાયેલ છે; તે વાસ્તવિક નાગરિકો માટે નથી, પરંતુ ચાલી રહેલા ખાસ સઘન સુધારણા કવાયત દરમિયાન મતદાર યાદીમાંથી દૂર થવાના જોખમમાં રહેલા શંકાસ્પદ વ્યક્તિઓને સુવિધા આપવા અને સમાવવા માટે છે. ભાજપના નેતાએ શહેર મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખીને ૨૦૨૪ અને ૨૦૨૫ બંને માટે ૬ ઓક્ટોબરથી ૫ નવેમ્બર દરમિયાન નાગરિક સંસ્થા દ્વારા જારી કરાયેલા જન્મ પ્રમાણપત્રોની માહિતી માંગી છે. મ્યુનિસિપલ કમિશનર સુમિત ગુપ્તાને લખેલા પોતાના પત્રમાં સુવેન્દુએ પૂછ્યું : ૬ ઓક્ટોબર ૨૦૨૫ અને ૫ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન જારી કરાયેલા જન્મ પ્રમાણપત્રોમાંથી, કૃપા કરીને ૨૦૦૭ પહેલાં જન્મેલા રહેવાસીઓની સંખ્યાનો ઉલ્લેખ કરો. આ માહિતી મ્યુનિસિપલ કામગીરીની તપાસ કરવા અને જાહેર સંસાધનોનો કાર્યક્ષમ અને સમાન રીતે ઉપયોગ થાય તેની ખાતરી કરવા માટે મહત્ત્વપૂર્ણ છે.

# ઉજ્જૈનની ઐતિહાસિક તકીયા મસ્જિદના ડિમોલિશનની કાર્યવાહીને બહાલી આપતી સુપ્રીમ કોર્ટ, પુનઃ બાંધકામનો ઈન્કાર

## સુપ્રીમે યોગ્ય જમીન પ્રાપ્તિ અને વળતરનો ઉલ્લેખ કરતાં મુસ્લિમ સમાજમાં એમના ધર્મસ્થાનો પ્રતિ બતાવવામાં આવતા સંવેદનાવિહીન અભિગમથી રોષ પેદા થયો

(એજન્સી) નવી દિલ્હી, તા.૮



મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં આવેલી ૨૦૦ વર્ષ જૂની તકીયા મસ્જિદને તોડી પાડવાની કાર્યવાહીને સુપ્રીમ કોર્ટે બહાલી આપી હતી અને મસ્જિદમાં નમાઝ પઢતાં ૧૩ સ્થાનિક રહેવાસીઓની અરજીઓ કાઢી નાંખી હતી. સુપ્રીમના ચુકાદાથી મુસ્લિમ સમાજમાં ભારે રોષ અને અસંતોષ જાગ્યો છે. મુસ્લિમ સમુદાયનો આક્ષેપ છે કે મહાકાલ મંદિર માટે વાહન પાર્કિંગની જગ્યા બનાવવા મસ્જિદનો ડિમોલિશન કરવામાં આવી રહ્યો છે. અરજદારોએ દલીલ કરી હતી કે મસ્જિદ વકફ બોર્ડની મિલકત છે અને ધાર્મિકસ્થાન તરીકે તેનો સતત ઉપયોગ થતો રહ્યો છે અને મુસ્લિમોનો મઝહબી વારસો છે. ઉજ્જૈનના પ્રશાસન દ્વારા જાન્યુઆરીમાં મસ્જિદના બાંધકામને વિવાદાસ્પદ રીતે ગેરકાયદે જાહેર કરવામાં આવ્યું હતું અને ડિમોલિશનની નોટિસો આપવામાં આવી હતી. સુપ્રીમના જસ્ટિસ વિક્રમનાથ અને જસ્ટિસ સંદીપ મહેતાએ ઠરાવ્યું હતું કે, કાયદા મુજબ આ જમીનની પ્રાપ્તિ કરવામાં આવી છે અને અસરગ્રસ્તોને એ મુજબ વળતર અપાયું છે. એ જોતા મધ્યપ્રદેશ હાઈકોર્ટના ડિમોલિશન ચુકાદાને અટકાવવાની જરૂર દેખાતી નથી. સુપ્રીમના ચુકાદાએ મુસ્લિમ સમાજમાં ઘેરો રોષ અને અસંતોષ પેદા કર્યો છે અને એમને લાગ્યું છે કે મુસ્લિમોના ધર્મસ્થાનોના મામલે કોઈ જાતની સંવેદના બતાવતા નથી. તકીયા મસ્જિદ મુસ્લિમોના ઈતિહાસનો ભાગ છે.

## સરકારનું પેકેજ નમક અને ચટણી બરાબર : અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ

# દેવા માફીની માંગ પર અડગ : સોમનાથથી શરૂ થયેલી કોંગ્રેસની કિસાન આક્રોશ યાત્રા અમરેલી પહોંચી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૮



ગુજરાતમાં માવઠાથી જગતના તાતને થયેલા નુકસાનના સર્વે બાદ ગઈકાલે રાજ્ય સરકારે પ્રભાવિત ખેડૂતો માટે રૂ. ૧૦,૦૦૦ કરોડનું પેકેજ જાહેર કર્યું છે. જોકે, દેવા માફીની માંગ પર કોંગ્રેસ અડગ છે. સોમનાથથી શરૂ થયેલી કોંગ્રેસની આ કિસાન આક્રોશ યાત્રા આજે અમરેલી પહોંચી હતી. છેલ્લા ૬ દિવસથી ચાલી રહેલું ખેતી બચાવો, સત્યાગ્રહ આંદોલન આજે વેગવંતુ બન્યું હતું. જેમાં શક્તિસિંહ ગોહિલ સહિત કોંગ્રેસના નેતાઓએ ખેડૂતોના વિવિધ મુદ્દે સરકારને ઘેરવાનો પ્રયત્ન કર્યો હતો.

## જેને જેટલું નુકસાન એટલું વળતર મળવું જોઈએ : શક્તિસિંહ ગોહિલ

અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ શહેરના રાજકમલ ચોકમાં ધરણા યોજાયા છે. કોંગ્રેસની મુખ્ય માંગ ખેડૂતોના પાક નુકસાન અંગે દેવા માફ કરવાની છે. અહીં સભા યોજ્યા બાદ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પરેશ ધાનાણી, પ્રતાપ દૂધાત, લલિત વસોયા અને પાલ આંબલિયા સહિતના કોંગ્રેસના નેતાઓ સાથે રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલ પણ જોડાયા હતા. શક્તિસિંહ ગોહિલે જણાવ્યું કે, જીવ સૌથી વ્હાલો હોય છે. જે ખેડૂતોએ આત્મહત્યા કરી એમના પરિવારને સરકાર ૨૫ લાખ રુપિયા આપે અને પરિવારમાંથી એક વ્યક્તિને સરકારી નોકરી આપે એવી અમારી માંગ છે. શક્તિસિંહ ગોહિલે જણાવ્યું કે, કમોસમી વરસાદના કારણે ખેડૂતો બરબાદ થઇ ગયા, એમને આત્મહત્યા કરવાનો વારો આવ્યો. વિપક્ષ અને મીડિયાએ લગાતાર માંગ કરતાં ગઈકાલે સરકાર જાગી. જો પાક વિમા યોજના હોત તો ખેડૂતોને સહાયની માંગ કરવી જ ન પડી હોત. શક્તિસિંહ ગોહિલે વધુમાં કહ્યું કે, ઓગષ્ટ ૨૦૨૦થી ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારે ગુજરાતના ખેડૂતો માટે વિમો બંધ કરી દીધો એના કારણે ખેડૂતો બરબાદ થઇ ગયા છે. બે હેક્ટરની કોઇ મર્યાદા ન હોવી જોઈએ. જેને જેટલું નુકસાન એટલું વળતર મળવું જોઈએ. અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દૂધાતે જણાવ્યું કે, ખેડૂતોના દેવા માફ કરો બાકી બધુ બંધ કરો. ગઈકાલે ભાજપની સરકારે ખેડૂતોની મશ્કરી કરતું પેકેજ આપ્યું. જેમાં ખેડૂતોને પ્રતિ વિઘે ૩૫૦૦ રૂપિયા જ મળે એમ છે. ખેડૂતોને શિંગના બિયારણ કે મજૂરીના પૈસા નથી મળ્યા. આ પેકેજ નમક અને ચટણી બરાબર છે. ખેડૂતોના દેવા માફ થાય એ માંગ સાથે આવનાર સમયમાં ગામેગામ યાત્રાનું આયોજન કરીશું. અમારે ભાજપની જેમ રાજકારણ નથી કરવું, અમારે રાજધર્મ નિભાવવાનો છે. જેમ પાયલબેનને ન્યાય અપાવ્યો એ રીતે અમે ગામેગામ ફરીને ખેડૂતોને મળીને એમને ન્યાય અપાવીને જ રહીશું. ખેડૂતોના દેવા સરકારે માફ કરવા જ પડશે. અન્ય રાજ્યની સરકાર જો ખેડૂતોના દેવા માફ કરી શકે તો ગુજરાતની સરકાર કેમ દેવા માફ ન કરી શકે.

## શંકર ચૌધરીની વિરોધીઓને ચેતવણી

# મર્યાદાને કારણે નથી બોલતો; બાકી તમને આવડે એના કરતાં મને વધુ આવડે છે

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૮

વાવ-થરાદ જિલ્લાના મલુપુર ગામમાં યોજાયેલા સ્નેહમિલન કાર્યક્રમમાં થરાદના ધારાસભ્ય અને વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ જાહેરમંચ પરથી વિરોધીઓને ચેતવણી આપી હતી. તેમણે જણાવ્યું કે, કંઈક સારૂં થાય તો કરો, નહીં તો ચૂપ રહો અને મારા વિસ્તારના લોકોને હેરાન કરશો તો હું ચુપ નહીં બેસું. અત્યારે મર્યાદાના કારણે હું નથી બોલતો બાકી તમને જેટલું આવડે છે એના કરતાં અનેકગણુ મને પણ આવડે છે. આ કાર્યક્રમમાં શંકર ચૌધરીએ વાવ-થરાદમાં આવેલા પૂરની વાત કરતાં નામ લીધા વગર સાંસદ ગેનીબેન ઠાકોર પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, પુર વખતે અમારો નાનામાં નાનો કાર્યકર્તા સેવામાં લાગેલો હતો. જે પાણી ભરાયેલા લોકોની મદદમાં કરતો હતો ને પેલા લોકો ખામીઓ ગોતતા હતા. ક્યાં ખામી રહી ગઈ છે એ જોઈને ટોણા મારતા હતા. આ ઉપરાંત શંકર ચૌધરીએ ભૂતકાળમાં કોંગ્રેસે આ વિસ્તારમાં બાવળિયા લાવ્યાની વાત કરી હતી.પ્રજાના વિકાસમાં કોઈ આડા ન આવતાં નહીં તો મારે બોલવું પડશે' અધ્યક્ષ શંકર ચૌધરીએ તેમના સંબોધનમાં સ્પષ્ટ ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, પ્રજાના વિકાસમાં કોઈ આડા ન આવતા, નહીં તો મારે બોલવું પડશે. તેમણે ખાસ કરીને બાગાયતી ખેતીના પાકો અને ખેડૂતોને થયેલા નુકસાનના મુદ્દે વાત કરી હતી. તેમણે કહ્યું કે, વરસાદી આફત સમયે સરકારે ખેડૂતોને સહાય આપવાનું કામ કર્યું હતું. મોટી સંખ્યામાં સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ વાવ-થરાદ જિલ્લાના મલુપુર ખાતે આયોજિત સ્નેહમિલન સમારોહમાં હાજરી આપી હતી. આ સમારોહમાં તેમણે પ્રજાના વિકાસના મુદ્દે આડે આવતા લોકો પર આકરા પ્રહાર કર્યા હતા.

## બહુમતીથી સત્તાગ્રહણ કરનાર ભાજપના નગરસેવકો બે જૂથમાં વહેંચાઈ આમને-સામને

# પાટણ નગરપાલિકા પ્રમુખે પક્ષના છ કોર્પોરેટરો વિકાસના કામોમાં રોડા નાખતા હોવાનો આક્ષેપ કરી પગલાં ભરવા મુખ્યમંત્રીને રજૂઆત કરી



## ન.પા. પ્રમુખે માનસિક સમતુલન ગુમાવી દીધુ હોય તેમ ભ્રષ્ટાચાર તથા વહીવટી નિષ્ફળતા છુપાવવા અમારા પર આક્ષેપો કરી રહ્યા છે : ભાજપના કોર્પોરેટરો

(સંવાદદાતા દ્વારા) પાટણ,તા.૮

પાટણ નગરપાલિકાની તાજેતરમાં મળેલી સામાન્ય સભામાં સત્તાધારી ભાજપ પક્ષના જ બહુમતી નગરસેવકોએ ભ્રષ્ટાચારના આક્ષેપો કરી પાલિકા પ્રમુખ દ્વારા મુકવામાં આવેલા એજન્ડા ઉપરના કામો વિપક્ષ કોંગ્રેસનો સાથ લઈ બહુમતીના જોરે નામંજૂર કરાવતા છેલ્લા કેટલાય સમયથી શાસક પક્ષના નગરસેવક (કોર્પોરેટરો)માં ઉકળતો ચરૂ ઉભરાયો હતો અને બહુમતીથી સત્તાગ્રહણ કરનાર ભાજપના નગરસેવકો બે જૂથમાં વહેંચાઈ આમને-સામને આવી ગયા છે ત્યારે આજે નગરપાલિકાના મહિલા પ્રમુખ હિરલબેન પરમારે પક્ષના છ કોર્પોરેટરો વિકાસના કામોમાં રોડા નાખતા હોવાનો આક્ષેપ કરી નામજોગ તેમની સામે પગલાં ભરવા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખી ઈ-મેલ કર્યો છે. તો સામાપક્ષે પ્રમુખ સામે બગાવત પર ઉતરેલા ભાજપના જ કોર્પોરેટરોએ પ્રેસ કોન્ફરન્સ બોલાવી પાલિકા પ્રમુખ હિરલબેન પરમારે કરેલા આક્ષેપોને વખોડી અમે ભાજપના વફાદાર સૈનિકો હોવાનું જણાવી તેઓએ આચરેલ ભ્રષ્ટાચારને કારણે આગામી ચૂંટણીમાં હાર દેખાતી હોય પોતાનો ભ્રષ્ટાચાર છુપાવવા અમારા પર દોષારોપણ કરી રહ્યાનો આક્ષેપ કર્યો હતો. શિસ્તબદ્ધ ગણાતી ભાજપના ચૂંટાયેલા કોર્પોરેટરો વચ્ચેના આક્ષેપ પ્રતિઆક્ષેપોને પગલે પક્ષની પ્રતિભા ખરડાઈ હોવાનો મુદ્દો આજે શહેરમાં ટોક ઓફ ધી ટાઉન બન્યો છે. પાટણ નગરપાલિકાના પ્રમુખ હિરલબેન પરમારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખી ભાજપના ચૂંટાયેલા છ કોર્પોરેટરો શૈલેષભાઈ મોહનભાઈ પટેલ, મનોજ ખોડીદાસ પટેલ, મનોજભાઈ નાગરભાઈ પટેલ, ડો. નરેશ દવે, મુકેશભાઈ જેઠાભાઈ પટેલ, બિપીનભાઈને વિકાસ વિરોધી ટોળકી ગણાવી તેઓ વિકાસ કામોમાં રોડા નાખતા હોઈ પગલાં ભરવા માગણી કરી છે અને જણાવ્યું છે કે ગત તા.૩૦/૧૦/૨૦૨૫ની સામાન્ય સભામાં આ ટોળકીએ કોંગ્રેસના પંચ સભ્યોની મદદ લઈ એજન્ડા ઉપરના વિકાસલક્ષી કામો નામંજુર કરાવ્યા હતા. જયારથી મેં પ્રમુખપદ સંભાળ્યું છે ત્યારથી પક્ષના જ આ ૬ કોર્પોરેટરો હંમેશા કામોને મુલતવી કે નામંજુર કરે છે. પાલિકા પ્રમુખ દ્વારા કરાયેલ રજૂઆત અને આક્ષેપના વિરૂદ્ધમાં શાસક પક્ષ ભાજપના જ ૧૩ કોર્પોરેટરોએ નગરપાલિકાના સભાખંડમાં પત્રકાર પરીષદ યોજી પ્રમુખ દ્વારા કરાયેલા આક્ષેપોને વખોડી ખંડન કર્યું હતું અને વોર્ડ નં. ૧ના કોર્પોરેટર તથા પાટણ શહેર ભાજપના પૂર્વ પ્રમુખ મનોજ પટેલે જણાવ્યું હતું કે અમે ભાજપના વફાદાર સૈનિકો છીએ. હું ૩૫ વર્ષથી પક્ષ સાથે જોડાયેલો છું. પાટીદાર વિરોધી માનસિકતા ધરાવતા નગરપાલિકાના પ્રમુખ હિરલબેન પરમારે માનસિક સમતુલન પણ ગુમાવી દીધુ હોય તેમ પોતાનો ભ્રષ્ટાચાર તથા વહીવટી નિષ્ફળતા છુપાવવા અમારા પર આક્ષેપો કરી રહ્યા છે. આગામી મહિનાઓમાં જ પાટણ નગરપાલિકાની ચૂંટણી આવી રહી છે. ત્યારે પાલિકા પ્રમુખ અને તેમના ગુરૂ આવનાર પરિણામ જાણી ગયા છે જેને લઈ અમારા પર દોષારોપણ કરી રહ્યા છે. ભૂતકાળમાં આઈકોનિક રોડના વિકાસલક્ષી કામમાં એકમાત્ર પ્રમુખે જ વિરૂદ્ધમાં બેટીંગ કર્યું હતું. પ્રમુખ પોતાનો ભ્રષ્ટાચાર છુપાવવા ગુરૂજીની સૂચના મુજબ લાજવાને બદલે ગાજી રહ્યા છે. નગરપાલિકામાં છેલ્લા ૩૦ વર્ષથી ભાજપનું શાસન છે. પ્રમુખ જતા જતા પક્ષને ડુબાડવાનું કામ કરી રહ્યા છે. જરૂર પડે તેમના ભ્રષ્ટાચારની કલીપો અને તસવીરો સાથે ભાજપના પ્રદેશ અધ્યક્ષને રજૂઆત કરીશું. પાલિકા પ્રમુખ દ્વારા ૬ કોર્પોરેટરો વિરૂદ્ધ મુખ્યમંત્રીને કરાયેલ રજૂઆતના વળતા ઘા રૂપે ૧૩ જેટલા કોર્પોરેટરોએ પણ પાલિકા પ્રમુખ વિરૂદ્ધ મુખ્યમંત્રીને રજૂઆત કરી છે ત્યારે ભાજપના જ બે જૂથો વચ્ચે આક્ષેપ-પ્રતિઆક્ષેપને લઈ પાટણનું રાજકારણ ગરમાયું છે અને શહેરીજનોમાં આ મુદ્દો ચર્ચાની એરણે ચડયો છે.

# કેરળ હાઈકોર્ટનો મહત્ત્વનો ચુકાદો : મુસ્લિમ પુરુષના બીજા લગ્નની નોંધણી કરાવતા પહેલા પહેલી પત્નીની સુનાવણી ફરજિયાત છે

(એજન્સી) તા.૮

જસ્ટિસ પી.વી. કુન્હીકૃષ્ણને એક સીમાચિહ્નરૂપ ચુકાદામાં બંધારણીય અને લિંગ સમાનતા, પ્રક્રિયાગત ન્યાયીતા અને મુસ્લિમ મહિલાઓની ભાવનાત્મક સત્તા પર ભાર મૂકે છે. બંધારણીય નૈતિકતા સાથે અંગત કાયદાને સુમેળ સાધતા એક મહત્વપૂર્ણ અને ભવિષ્યલક્ષી ચુકાદામાં, કેરળ હાઈકોર્ટે કહ્યું છે કે જ્યારે કોઈ મુસ્લિમ પુરુષ કેરળ લગ્ન નોંધણી (સામાન્ય) નિયમો, ૨૦૦૮ હેઠળ બીજા લગ્નની નોંધણી કરાવવા માંગે છે ત્યારે પહેલી પત્નીને નોટિસ અને સુનાવણીની તક આપવી જોઈએ.

૩૦ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ મુહમ્મદ શરીફ સી એન્ડ એનઆર વિરુદ્ધ કેરળ રાજ્ય અને એનઆર કેસમાં ચુકાદો આપતા, ન્યાયાધીશ પી.વી. કુન્હીકૃષ્ણને જાહેર કર્યું કે જ્યારે ઇસ્લામિક અંગત કાયદો પુરુષને એક કરતા વધુ લગ્ન કરવાની પરવાનગી આપી શકે છે, ત્યારે આવા લગ્નની ઔપચારિક નોંધણી કરાવવા માટે દેશનો કાયદો અને બંધારણ પ્રબળ હોવું જોઈએ.

"મુસ્લિમ પર્સનલ લો ચોક્કસ પરિસ્થિતિઓમાં પુરુષ સાથે બીજા લગ્નની પરવાનગી આપે છે, તેમ છતાં મુસ્લિમ પહેલી પત્ની પોતાના પતિના બીજા લગ્નની નોંધણીમાં મૂક પ્રેક્ષક બની શકતી નથી. જો પર્સનલ લો તેને પરવાનગી આપે તો પહેલી અરજદાર ફરીથી લગ્ન કરી શકે છે. જો કે, જો પહેલો અરજદાર બીજા અરજદાર સાથે પોતાના બીજા લગ્નની નોંધણી કરાવવા માંગતો હોય, તો દેશનો કાયદો પ્રબળ રહેશે અને આવી સ્થિતિમાં, પહેલી પત્ની માટે સુનાવણીની તક જરૂરી છે. આવી પરિસ્થિતિઓમાં, ધર્મ ગૌણ છે અને બંધારણીય અધિકારો સર્વોચ્ચ છે. બીજા શબ્દોમાં કહીએ તો, આ મૂળભૂત રીતે કુદરતી ન્યાયનો મૂળભૂત સિદ્ધાંત છે. આ કોર્ટ પહેલી પત્નીની લાગણીઓને, જો કોઈ હોય તો, અવગણી શકે નહીં. મને ખાતરી છે કે ૯૯.૯૯% મુસ્લિમ મહિલાઓ તેમના પતિ સાથેના સંબંધો અસ્તિત્વમાં હોય ત્યારે તેમના બીજા લગ્નની વિરુદ્ધ હશે. તેઓ સમાજને તે વાત જાહેર કરી શકશે નહીં. જો કે, કોર્ટ દ્વારા તેમની લાગણીઓને અવગણી શકાય નહીં.

**આ કેસની પૃષ્ઠભૂમિ**

પહેલા અરજદાર કણ્ણુરના ૪૪ વર્ષીય મુહમ્મદ શરીફ, પહેલાથી જ બે બાળકો સાથે કાયમી લગ્નજીવનમાં હતા, જ્યારે તેમણે ૨૦૧૭માં મુસ્લિમ રિવાજ મુજબ બીજી અરજદાર આબિદા સાથે બીજા લગ્ન કર્યા હોવાનો દાવો કર્યો હતો. બે બાળકો ધરાવતા આ દંપતીએ ૨૦૦૮ના નિયમો હેઠળ તેમના લગ્નની નોંધણી કરાવવા માટે રજિસ્ટ્રારનો સંપર્ક કર્યો હતો અને જણાવ્યું હતું કે બીજી પત્ની અને તેમના બાળકો માટે મિલકત અને વારસાના અધિકારો સુરક્ષિત કરવા જરૂરી છે. જ્યારે રજિસ્ટ્રારે લગ્નની નોંધણી કરવાનો ઇનકાર કર્યો, ત્યારે અરજદારોએ હાઈકોર્ટનો સંપર્ક કર્યો અને દલીલ કરી કે મુસ્લિમ પર્સનલ લો ચાર પત્નીઓ સુધીની પરવાનગી આપે છે અને તેથી, નોંધણી અધિકારીને ઇનકાર કરવાનો કોઈ અધિકાર નથી.

જસ્ટિસ કુન્હીકૃષ્ણને બે મૂળભૂત પ્રશ્નો ઊભા કર્યા:

૧. કેરળ લગ્ન નોંધણી (સામાન્ય) નિયમો, ૨૦૦૮ હેઠળ મુસ્લિમ પુરુષના બીજા લગ્નની નોંધણી માટે પ્રથમ પત્નીને નોટિસ આપવી જરૂરી છે કે નહીં; અને

૨. જો પહેલી પત્ની અમાન્યતાના આધારે આવી નોંધણીનો વિરોધ કરે તો શું ઉપાય અસ્તિત્વમાં છે?

"બહુપત્નીત્વ એક અપવાદ છે, નિયમ નથી" - કુરાનનો સંદર્ભ

આ ચુકાદો ફક્ત તેના બંધારણીય દૃષ્ટિકોણ માટે જ નહીં પરંતુ ન્યાય અને સમાનતા દ્વારા ઇસ્લામિક કાયદાને વાંચવામાં તેની અર્થઘટનાત્મક ઊંડાણ માટે પણ નોંધપાત્ર છે. જુબૈરિયા વિરુદ્ધ સૈદલવી એન. [illegible] ૨૦૨૫ (૯) [illegible] ૨૨૬નો ઉલ્લેખ કરતા, ન્યાયાધીશ કુન્હીકૃષ્ણને કુરાનમાંથી અવતરણો ટાંક્યા હતા જેથી એ ગેરસમજ દૂર થાય કે મુસ્લિમ પુરુષ પોતાની મરજીથી અનેક વખત લગ્ન કરી શકે છે. કોર્ટે ભાર મૂક્યો કે ન્યાય, ન્યાયીતા અને પારદર્શિતા મુસ્લિમ લગ્ન કાયદાના હૃદયમાં છે - જે સિદ્ધાંતો બંધારણીય મૂલ્યો સાથે સુસંગત છે. કોર્ટે કેરળ લગ્ન નોંધણી (સામાન્ય) નિયમો, ૨૦૦૮ના નિયમ ૧૧ની તપાસ કરી, જે સ્થાનિક રજિસ્ટ્રારને લગ્નના મેમોરેન્ડમમાં આપેલી વિગતો ચકાસવાની ફરજ પાડે છે, જેમાં અગાઉના વૈવાહિક દરજ્જા (ફોર્મ I ના સ્તંભ ૩(ક) અને (જી))નો સમાવેશ થાય છે. ન્યાયાધીશ કુન્હીકૃષ્ણને અવલોકન કર્યું કે આ જરૂરિયાત રજિસ્ટ્રારને સ્પષ્ટતા આપે છે કે શું જીવનસાથી પહેલાથી જ પરિણીત છે - અને તેથી, નોંધણી શરૂ કરતા પહેલા પ્રથમ પત્નીને યોગ્ય સૂચના આપવી જોઈએ કે નહીં.

હુસૈન વિરુદ્ધ કેરળ રાજ્ય [૨૦૨૫ (૪) KHC ૩૧૪]નો ઉલ્લેખ કરીને કોર્ટે સ્પષ્ટ કર્યું કે રજિસ્ટ્રાર પાસે લગ્નની માન્યતા પર નિર્ણય લેવાની કોઈ સત્તા નથી, પરંતુ પ્રક્રિયાગત ન્યાયીતાને અવગણી શકાતી નથી:

"રજિસ્ટ્રાર પાસે લગ્નની માન્યતા નક્કી કરવાની સત્તા નથી. પ્રશ્ન એ છે કે, જ્યારે કોઈ મુસ્લિમ પુરુષ ફરીથી લગ્ન કરે છે, જ્યારે તેની પહેલી પત્ની જીવંત હોય અને તેની સાથે વૈવાહિક સંબંધ અસ્તિત્વમાં હોય, ત્યારે બીજા લગ્ન નિયમો ૨૦૦૮ મુજબ પહેલી પત્નીની પાછળ રજીસ્ટર કરી શકાય છે. પવિત્ર કુર્આન પહેલાના લગ્ન અસ્તિત્વમાં હોય ત્યારે મુસ્લિમ પુરુષ બીજા લગ્ન માટે પહેલી પત્નીની સંમતિ વિશે મૌન છે. જો કે, તે પહેલી પત્નીની પાછળ સંમતિ મેળવવાના વિકલ્પને પ્રતિબંધિત કરતું નથી, અથવા ઓછામાં ઓછું તેને ફરીથી લગ્ન કરતા પહેલા જાણ કરવાનો વિકલ્પ પ્રતિબંધિત કરતું નથી. લિંગમાં સમાનતા એ દરેક નાગરિકનો બંધારણીય અધિકાર છે. પુરુષો સ્ત્રીઓથી શ્રેષ્ઠ નથી. લિંગ સમાનતા એ સ્ત્રીઓનો મુદ્દો નથી, પરંતુ તે એક માનવીય મુદ્દો છે. જેમ મેં પહેલા ઉલ્લેખ કર્યો છે, પવિત્ર કુર્આન અને હદીસમાંથી મેળવેલા સિદ્ધાંતો સામૂહિક રીતે ન્યાયના સિદ્ધાંતોનો આદેશ આપે છે, "બધા વૈવાહિક વ્યવહારોમાં ન્યાયીતા અને પારદર્શિતા" એવો મારો વિચાર છે કે, જો કોઈ મુસ્લિમ પુરુષ નિયમો ૨૦૦૮ અનુસાર પોતાના બીજા લગ્નની નોંધણી કરાવવા માંગે છે, જ્યારે તેનું પહેલા લગ્ન અસ્તિત્વમાં હોય અને પહેલી પત્ની જીવંત હોય, તો નોંધણી માટે પહેલી પત્નીને સુનાવણીની તક આપવી જોઈએ."

ચુકાદામાં ન્યાયાધીશ કુન્હીકૃષ્ણને ભાર મૂક્યો હતો કે પહેલી પત્નીની પાછળ બીજા લગ્નની નોંધણી કુદરતી ન્યાય અને માનવીય ગૌરવના સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરશે: મુસ્લિમ પહેલી પત્ની પોતાના પતિના બીજા લગ્નની નોંધણી માટે મૂક પ્રેક્ષક ન રહી શકે, ભલે મુસ્લિમ અંગત કાયદો ચોક્કસ પરિસ્થિતિઓમાં પુરુષ સાથે બીજા લગ્નની મંજૂરી આપે છે. કોર્ટે અવલોકન કર્યું કે ભલે અંગત કાયદો બહુપત્નીત્વને મંજૂરી આપે છે, તે ન્યાયીતા અને ક્ષમતા નૈતિક અને નાણાકીય બંને પર આધારિત છે કે દરેક પત્ની સાથે સમાન રીતે વર્તવું જોઈએ. પહેલી પત્નીના દૃષ્ટિકોણને અવગણવું એ અન્યાયને કાયદેસર બનાવવા સમાન હશે. લિંગમાં સમાનતા એ દરેક નાગરિકનો બંધારણીય અધિકાર છે. પુરુષો સ્ત્રીઓથી શ્રેષ્ઠ નથી. જાતિ સમાનતા એ સ્ત્રીઓનો મુદ્દો નથી, પરંતુ તે એક માનવીય મુદ્દો છે. મને ખાતરી છે કે ૯૯.૯૯% મુસ્લિમ મહિલાઓ તેમના પતિ સાથેના સંબંધો અસ્તિત્વમાં હોય ત્યારે તેમના બીજા લગ્નની વિરુદ્ધ હશે. તેઓ સમાજને તે જાહેર કરી શકશે નહીં. જોકે, કોર્ટ દ્વારા તેમની લાગણીઓને અવગણી શકાય નહીં, ઓછામાં ઓછું જ્યારે તેમના પતિ નિયમો ૨૦૦૮ અનુસાર બીજા લગ્નની નોંધણી કરવાનો પ્રયાસ કરે છે.

બંધારણની કલમ ૧૪ કહે છે કે રાજ્ય કોઈપણ વ્યક્તિને કાયદા સમક્ષ સમાનતા અથવા ભારતના પ્રદેશમાં કાયદાના સમાન રક્ષણનો ઇનકાર કરશે નહીં.

**જો પહેલી પત્ની વાંધો ઉઠાવે તો શું થાય?**

કોર્ટે રજિસ્ટ્રાર અને અરજદારો માટે સ્પષ્ટ પ્રક્રિયાગત માર્ગદર્શન પૂરું પાડ્યું. જો પહેલી પત્ની બીજા લગ્નની નોંધણી સામે વાંધો ઉઠાવે છે, તો રજિસ્ટ્રારે નોંધણી સાથે આગળ વધવું જોઈએ નહીં અને આ બાબતને સક્ષમ સિવિલ કોર્ટમાં મોકલવી જોઈએ: જો પહેલી પત્ની તેના પતિના બીજા લગ્નની નોંધણી સામે વાંધો ઉઠાવે છે, અને બીજા લગ્નને અમાન્ય ગણાવે છે, તો રજિસ્ટ્રારે બીજા લગ્નની નોંધણી કરાવવી જોઈએ નહીં, અને પક્ષકારોને તેમના ધાર્મિક રિવાજ કાયદા મુજબ બીજા લગ્નની માન્યતા સ્થાપિત કરવા માટે સક્ષમ કોર્ટમાં મોકલવા જોઈએ. જેમ મેં અગાઉ ઉલ્લેખ કર્યો છે, પવિત્ર કુર્આનમાં એવું કંઈ નથી જે પુરુષને તેના બીજા લગ્ન દરમિયાન તેની પહેલી પત્નીની પરવાનગી લેવાનો આદેશ આપે. જો કે, જ્યારે બીજા લગ્નની નોંધણીનો પ્રશ્ન ઊભો થાય છે ત્યારે રિવાજ કાયદો લાગુ પડતો નથી. હું એમ નથી કહેતો કે બીજા લગ્નની નોંધણી થઈ શકતી નથી. પરંતુ જ્યારે મુસ્લિમ પુરુષ બીજા લગ્નની નોંધણી કરાવે છે ત્યારે કાનૂની અધિકારીઓ દ્વારા પહેલી પત્નીને સુનાવણીની તક આપવી જોઈએ.

કદાચ ન્યાયાધીશ કુન્હીકૃષ્ણનના ચુકાદાનું સૌથી ગહન પાસું એ છે કે તે શ્રદ્ધા અને મૂળભૂત અધિકારો વચ્ચેનું સંવેદનશીલ સંતુલન પ્રાપ્ત કરે છે. ઉલ્લેખ મુજબ ઇસ્લામમાં બીજા લગ્ન માટે પહેલી પત્નીની સંમતિ ફરજિયાત નથી તે વાતને સમર્થન આપતા કોર્ટે જણાવ્યું હતું કે જ્યારે ધર્મનિરપેક્ષ કાયદા હેઠળ નોંધણી માંગવામાં આવે છે, ત્યારે બંધારણીય ગેરંટીઓને પ્રાધાન્ય આપવું જોઈએ: બીજા લગ્નની નોંધણીના પ્રશ્ન વખતે રિવાજ કાયદો લાગુ પડતો નથી. હું એમ નથી કહેતો કે બીજા લગ્નની નોંધણી થઈ શકતી નથી. મુસ્લિમ અંગત કાયદો પહેલી પત્ની હોય ત્યારે [illegible] કે એક પુરુષ, જો તેની પાસે એક કરતાં વધુ પત્નીઓ રાખવાનું સાધન હોય અને તે પહેલી પત્નીને ન્યાય આપી શકે તો એક કરતાં વધુ પત્નીઓ રાખી શકે છે. જો પતિ પહેલી પત્નીની અવગણના કરી રહ્યો હોય અથવા પહેલી પત્નીને ન નિભાવી રહ્યો હોય, અથવા પહેલી પત્ની પર ક્રૂરતા આચરતો હોય અને ત્યારબાદ બીજા લગ્ન કરી રહ્યો હોય, તો તેના અંગત કાયદાનો ઉપયોગ કરીને, પહેલી પત્નીને સુનાવણીની તક તેના માટે ફાયદાકારક રહેશે.

**પરિણામ અને વ્યાપક અસરો**

પ્રથમ પત્નીને પક્ષકાર બનાવવામાં ન આવી હોવાથી રિટ અરજી ફગાવી દેવામાં આવી હતી. તેમ છતાં, કોર્ટે એક પરિવર્તનકારી નિર્દેશ જારી કર્યો: "મુસ્લિમ મહિલાઓને પણ તેમના પતિઓ ફરીથી લગ્ન કરે ત્યારે સુનાવણીની તક મળે. આ રીતે આ ચુકાદો મુસ્લિમ મહિલાઓને એક કાયદાકીય માળખામાં પ્રક્રિયાગત રક્ષણ આપે છે.

# 'કોંગ્રેસ 'મોદી સામ્રાજ્ય' સામે એ જ લડાઈ લડી રહી છે જે મહાત્મા ગાંધીએ બ્રિટિશરો સામે લડી હતી,' પ્રિયંકા ગાંધી

**બિહારના કટિહાર, ભાગલપુર અને પૂર્ણિયા જિલ્લામાં રેલીને સંબોધતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ દાવો કર્યો હતો કે રાજ્યમાં ચૂંટણી પ્રચાર દરમિયાન 'કટ્ટા' (દેશી બનાવટની પિસ્તોલ) અને 'ડોનાલી' (ડબલ-બેરલ બંદૂક) જેવા શબ્દોનો ઉપયોગ કરીને નરેન્દ્ર મોદી તેમના પદની ગરિમા જાળવી રહ્યા નથી**

(એજન્સી) કટિહાર/ભાગલપુર/પૂર્ણિયા, તા.૮

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ શનિવારે દાવો કર્યો હતો કે તેમનો પક્ષ હવે 'મોદી સામ્રાજ્ય' સામે એ જ લડાઈ લડી રહ્યો છે જે મહાત્મા ગાંધીએ એક સમયે બ્રિટિશ સામ્રાજ્યવાદીઓ સામે લડી હતી. બિહારના કટિહાર, ભાગલપુર અને પૂર્ણિયા જિલ્લામાં સતત રેલીઓને સંબોધતા, વાડ્રાએ દાવો કર્યો કે રાજ્યમાં ચૂંટણી પ્રચાર દરમિયાન 'કટ્ટા' (દેશી બનાવટની પિસ્તોલ) અને 'ડોનાલી' (ડબલ બેરલ બંદૂક) જેવા શબ્દોનો ઉપયોગ કરીને પીએમ નરેન્દ્ર મોદી તેમના પદની ગરિમા જાળવી રહ્યા નથી. તેણીએ દાવો કર્યો કે, 'મોદી સામ્રાજ્ય સામે કોંગ્રેસ અધિકારો અને સત્ય માટે લડી રહી છે'. આજે ભારતીય બ્લોક અને કોંગ્રેસ જે લડાઈ લડી રહ્યા છે તે એ જ લડાઈ છે જે મહાત્મા ગાંધીએ એક સમયે બ્રિટિશ સામ્રાજ્યવાદીઓ સામે લડી હતી. આજે પણ, અમે તમારા અધિકારો અને સત્ય માટે લડી રહ્યા છીએ. આજે પણ, અમે એક સામ્રાજ્ય સામે લડી રહ્યા છીએ, જે મોદી સામ્રાજ્ય છે. આજે, પીએમ મોદી એ જ રીતે સરકાર ચલાવે છે. તેઓ લોકોને દબાવી દે છે અને તેમના ભાગલા પાડે છે. મહાત્મા ગાંધી જે અધિકારો માટે લડ્યા હતા તે આજે જોખમમાં છે. તે અધિકારોમાં સૌથી મહત્વપૂર્ણ મતદાનનો અધિકાર છે. વાડ્રાએ આરોપ લગાવ્યો કે એક તરફ, મોદી 'વંદેમાતરમ'નું સ્વાગત કરી રહ્યા હતા, જે અહિંસા માટે હતું, તો બીજી તરફ, તેઓ જાહેર રેલીઓમાં 'કટ્ટા' અને 'દોનાલી' જેવા શબ્દોનો ઉપયોગ કરી રહ્યા હતા. જોકે તેઓએ રાષ્ટ્રીય ગીતની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણી કરી હતી, ઈતિહાસમાં એક સમયે, ભાજપ અને આરએસએસ વંદેમાતરમ ગાવામાં ખચકાટ અનુભવતો હતો જે સ્વતંત્રતા ચળવળનું ગીત હતું અને રાષ્ટ્રની એકતા દર્શાવે છે.

વાયનાડના સાંસદે દાવો કર્યો કે, 'ભાજપનો રાષ્ટ્રવાદ નકલી છે' કારણ કે તેઓ ફક્ત ચૂંટણી નજીક આવે ત્યારે જ તેના વિશે વાત કરે છે. તેમની અગ્નિપથ યોજનાએ બિહારના યુવાનોને નિરાશ કર્યા છે, જેઓ એક સમયે ખૂબ જ કઠોરતા અને રાષ્ટ્રવાદી ઉત્સાહથી સેનામાં ભરતી થવાની તૈયારી કરતા હતા. વાડ્રાએ NDA સરકારની ટીકા કરી, અને આરોપ લગાવ્યો કે તે યુવાનોને રોજગાર આપવામાં નિષ્ફળ ગઈ છે અને



તમામ જાહેર ક્ષેત્રના ઉપક્રમો મોદીના 'બે કોર્પોરેટ મિત્રા'ને સોંપી રહી છે. અમે બિહારમાં ઉદ્યોગો અને શિક્ષણ ક્ષેત્ર માટે ૨,૦૦૦ એકર જમીન અનામત રાખવા માંગીએ છીએ, NDA સરકારે ૧ રૂપિયામાં મોટા પાયે જમીન અદાણીને આપી છે. વાડ્રાએ NDA પર અસંખ્ય સરકારી પદો ખાલી રાખવાનો અને 'રોજગારના તમામ રસ્તાઓ બંધ કરવાનો' આરોપ લગાવતા કહ્યું કે, મોદીએ ભારતીય યુવાનોને ૨ કરોડ નોકરીઓનું વચન આપ્યું હતું તેને એક દાયકા વીતી ગયો છે, અને તાજેતરમાં, તેમણે કહ્યું હતું કે તેઓ બિહારના લોકોને ૧ કરોડ નોકરીઓ આપશે. તેમણે છેલ્લા દાયકામાં આ નોકરીઓ કેમ ન આપી. એનડીએના નેતાઓ ભારતમાં કોંગ્રેસના સાત દાયકાના શાસન વિશે વાત કરતા રહે છે. તેમને ખબર હોવી જોઈએ કે ભૂતકાળની કોંગ્રેસ સરકારોએ આઈઆઈટી, આઈઆઈએમ અને એઈમ્સ જેવી સંસ્થાઓ બનાવી છે. વાડ્રાએ આરોપ લગાવ્યો કે, તેનાથી વિપરીત, પીએમ મોદીએ ધર્મ પર આધારિત એક નવા પ્રકારનું રાજકારણ ઘડ્યું છે, જેમાં રાજકારણીઓને કામ કરવાની જરૂર નથી. એનડીએ વિચારે છે કે તેઓ મહિલાઓને ૧૦,૦૦૦ રૂપિયાની લાંચ આપીને મત મેળવશે. કોંગ્રેસના મહાસચિવે આરોપ લગાવ્યો કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપને મળેલા પરાજય બાદ, શાસક પક્ષે 'વોટ ચોરી'નો આશરો લીધો હતો. આ ત્રણ લોકો, જ્ઞાનેશ કુમાર, વિવેક જોશી અને એસએસ સંધુ, આમાં સામેલ છે,' તેણીએ દાવો કર્યો કે એનડીએ સરકારે ચૂંટણી કમિશનરો સાથે મળીને બિહારના લોકો સાથે 'વિશ્વાસઘાત' કર્યો છે, ૬૫ લાખ મતદારોના નામ મતદાર યાદીમાંથી કાઢી નાખ્યા છે.

# બિહારના સમસ્તીપુરમાં રસ્તા પાસે VVPAT મોક સ્લિપ મળી આવ્યા બાદ ચૂંટણીપંચે કાર્યવાહીનો આદેશ આપ્યો; અધિકારીને સસ્પેન્ડ કર્યા

**સમસ્તીપુરના જિલ્લા મેજિસ્ટ્રેટ રોશન કુશવાહાએ જણાવ્યું હતું કે, તેમની ટીમે VVPAT સ્લિપનો કબજો લીધો છે અને આ કેસમાં FIR દાખલ કરવામાં આવી છે**

(એજન્સી) તા.૮

રાષ્ટ્રીય જનતા દળ (RJD) દ્વારા બિહારના સમસ્તીપુર જિલ્લાના સરૈરંજન વિધાનસભા મતવિસ્તારમાં રસ્તા પર અનેક VVPAT સ્લિપ વેરવિખેર મળી આવી હોવાના આરોપ બાદ ચૂંટણી પંચે શનિવારે એક નિવેદન બહાર પાડ્યું હતું. આ નિવેદનમાં ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, આ VVPAT સ્લિપ મોક સ્લિપ હતી, જે મતદાન પહેલાં ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM)નું પરીક્ષણ કરતી વખતે બનાવવામાં આવે છે. ચૂંટણી પંચે એમ પણ કહ્યું કે, સમસ્તીપુરના જિલ્લા મેજિસ્ટ્રેટને ઘટનાસ્થળની મુલાકાત લેવા અને તપાસ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. દરમિયાન, સંબંધિત સહાયક રિટર્નિંગ ઓફિસર (ARO)ને બેદરકારી બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને FIR નોંધવામાં આવી રહી છે.

**RJDનો દાવો શું હતો ?**

તેજસ્વી યાદવની આગેવાની હેઠળના RJDએ X પર એક પોસ્ટમાં એક વીડિયો શેર કર્યો અને આરોપ લગાવ્યો કે સમસ્તીપુરમાં KSR કોલેજ પાસે રસ્તા પર મોટી સંખ્યામાં VVPAT સ્લિપ વેરવિખેર મળી આવી છે. પાર્ટીએ ચૂંટણી પંચ પાસેથી જવાબ માંગ્યો કે, VVPAT સ્લિપ કેવી રીતે અને કોના ઈશારે ફેંકવામાં આવી હતી. સમસ્તીપુરના સરૈરંજન વિધાનસભા મતવિસ્તારમાં KSR કોલેજ નજીક રસ્તા પર EVMમાંથી નીકળતી મોટી સંખ્યામાં VVPAT સ્લિપ વેરવિખેર મળી આવી. આ સ્લિપ ક્યારે, કેવી રીતે અને કોના નિર્દેશ પર ફેંકવામાં આવી ? શું 'ચોર કમિશન' આનો જવાબ આપશે ? શું આ બધું 'લોકશાહીના ડાકુઓ'ના નિર્દેશ પર થઈ રહ્યું છે જેઓ બહારથી આવીને બિહારમાં છાવણી નાખી છે.

આરજેડી સાંસદ મનોજ કે. ઝાએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને પત્ર લખીને વીજળી કટનો ઉલ્લેખ કરીને જ્યાં ઈવીએમ રાખવામાં આવે છે ત્યાં સ્ટ્રોંગ રૂમની સુરક્ષા વધારવાની માંગ કરી છે. સમસ્તીપુરના જિલ્લા મેજિસ્ટ્રેટ રોશન કુશવાહાએ જણાવ્યું હતું કે, તેમની ટીમે VVPAT સ્લિપનો કબજો લીધો છે અને આ કેસમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. સરાયરંજન વિધાનસભા મતવિસ્તાર હેઠળ અમને ડિસ્પેચ સેન્ટર પાસે કેટલીક સ્લિપ મળી આવી હતી. હું, અન્ય અધિકારીઓ સાથે, સ્થળ પર પહોંચ્યો અને ઉમેદવારોની હાજરીમાં અમે તે સ્લિપનો કબજો લીધો. આ મામલે એફઆઈઆર દાખલ કરવામાં આવી રહી છે. કુશવાહાએ કહ્યું કે, બંને અધિકારીઓની વિભાગીય તપાસ માટે ભલામણ કરવામાં આવી છે.

# સંસદમાં હાજરી આપવા માટે પેરોલ ખર્ચ વિરુદ્ધ એન્જિનિયર રાશિદની અરજી પર દિલ્હી હાઈકોર્ટે વિભાજિત ચુકાદો આપ્યો

(એજન્સી) તા.૮

દિલ્હી હાઈકોર્ટે શુક્રવારે જેલમાં બંધ જમ્મુ અને કાશ્મીરના સાંસદ શેખ અબ્દુલ રશીદ (એન્જિનિયર રશીદ) દ્વારા દાખલ કરાયેલી અરજી પર વિભાજિત ચુકાદો આપ્યો છે. તેમણે કસ્ટડીમાં સંસદ સત્રોમાં હાજરી આપવા માટે લાદવામાં આવેલી નાણાકીય શરતોને પડકારી હતી. જસ્ટિસ વિવેક ચૌધરી અને જસ્ટિસ અનુપ જયરામ ભંભાણીની ડિવિઝન બેન્ચે આ મામલે અલગ અલગ મંતવ્યો વ્યક્ત કર્યા, જેમાં જસ્ટિસ ચૌધરીએ રાશિદની અરજી ફગાવી દીધી અને જસ્ટિસ ભંભાણીએ તેમના પક્ષમાં ચુકાદો આપ્યો. હવે આ કેસ મુખ્ય ન્યાયાધીશની બેન્ચને મોકલવામાં આવશે જેથી આ મડાગાંઠ ઉકેલી શકાય. રશીદે ૨૫ માર્ચના રોજ એક સંકલન ખંડપીઠ દ્વારા પસાર કરાયેલા આદેશમાં ફેરફાર કરવા માટે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો, જેમાં તેમને કસ્ટડી પેરોલ દરમિયાન સંસદમાં હાજરી આપવા માટે પૂર્વશરત તરીકે જેલ અધિકારીઓ પાસે લગભગ રૂ.૪ લાખ જમા કરાવવાની જરૂર હતી. રશીદનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ એન. હરિહરને દલીલ કરી હતી કે માંગવામાં આવેલી રકમ ગેરવાજબી રીતે વધુ હતી અને સંસદસભ્યને તેમના બારામુલ્લા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરવાની ક્ષમતામાં અવરોધ ઊભો કરે છે. તેમણે દલીલ કરી હતી કે ખર્ચ ગણતરીમાં એસ્કોર્ટિંગ પોલીસ કર્મચારીઓના પગારનો સમાવેશ દિલ્હી જેલ નિયમો સાથે અસંગત છે અને કોઈપણ વહીવટી સૂચના તે કાયદાકીય જોગવાઈઓને ઓવરરાઈડ કરી શકતી નથી. વકીલે જણાવ્યું હતું કે રશીદ ખોરાક અને લોજિસ્ટિકલ ખર્ચ જેવા કાયદેસરના દૈનિક ખર્ચ કરવા તૈયાર છે પરંતુ સાથેના અધિકારીઓના પગારને નહીં. દિલ્હી પોલીસે, જવાબમાં, આરોપોને ન્યાયી ઠેરવવા માટે વિગતવાર ખર્ચનું વિભાજન રજૂ કર્યું, જ્યારે વરિષ્ઠ વકીલ સિદ્ધાર્થ લુથરા રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) વતી હાજર થયા હતા. બારામુલ્લાથી ૨૦૨૪ની લોકસભા ચૂંટણી જીતનારા શેખ અબ્દુલ રશીદ, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) હેઠળ ૨૦૧૭ના આતંકવાદ-નિવારણ કેસમાં NIA દ્વારા ધરપકડ કરવામાં આવ્યા બાદ ૨૦૧૯થી તિહાર જેલમાં કેદ છે. પૂર્વ ધારાસભ્ય, રશીદને સંસદીય કાર્યવાહીમાં હાજરી આપવા અથવા ચૂંટણી પ્રચારમાં ભાગ લેવા માટે અનેક વખત કામચલાઉ જામીન અને કસ્ટડી પેરોલ આપવામાં આવ્યા છે. આ વર્ષની શરૂઆતમાં, રાશિદના પુત્ર, અબરાર રાશિદે, તેમના પિતાની સતત અટકાયત પર જાહેરમાં નિરાશા વ્યક્ત કરતા કહ્યું હતું કે, "પાંચ વર્ષથી વધુ સમય થઈ ગયો છે. તેઓ એક ચૂંટાયેલા સાંસદ છે અને એટલા માટે જેલમાં છે કારણ કે તેઓ સત્ય બોલતા હતા, લોકશાહીમાં માનતા હતા અને ક્યારેય ચૂંટણી પ્રક્રિયાથી દૂર રહ્યા નથી. એક રાષ્ટ્ર તરીકે, લોકશાહી તરીકે અને એક પ્રજા તરીકે, આપણે તેમની સ્વતંત્રતાના ઋણી છીએ. હાઈકોર્ટના વિભાજિત ચુકાદાને કારણે આ મામલો મુખ્ય ન્યાયાધીશ સમક્ષ વધુ વિચારણા માટે પેન્ડિંગ છે.

# બિહારના LJP સાંસદ શામ્ભવી ચૌધરીનો મતદાન પછી શાહી લગાવેલી બે આંગળીઓનો વીડિયો વાયરલ થતાં વિપક્ષના મત ચોરીના દાવા અંગે ચર્ચા

**પહેલા તબક્કાના મતદાનમાં સાંસદની બન્ને આંગળી પર નિશાનથી ભારે વિવાદ થયો અને બે વાર મતદાનનો આક્ષેપ : વહીવટીતંત્ર કહે છે ચૂંટણી સ્ટાફની ભૂલને કારણે આવું થયું**

(એજન્સી) તા.૮

ગુરુવારે બિહાર વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કામાં મતદાન કર્યા પછી, સમસ્તીપુરથી લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ)ના સાંસદ શામ્ભવી ચૌધરીના બંને હાથ પર શાહીના નિશાન જોવા મળ્યા બાદ તેમનો એક વીડિયો વાયરલ થયો છે. કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે તેમના પર બે વાર મતદાન કરવાનો આરોપ લગાવ્યો હતો, જ્યારે કેટલાક લોકોએ કહ્યું હતું કે બે વાર શાહીના નિશાન સામાન્ય મતદાન ગૂંચવણને કારણે હોઈ શકે છે. દરમિયાન, શામ્ભવીએ તેને "માનવીય ભૂલ" ગણાવી હતી અને કહ્યું કે તેને મુદ્દો ન બનાવવો જોઈએ. પોલીંગ બૂથની બહાર ફિલ્માવવામાં આવેલા આ વીડિયોમાં ૨૭ વર્ષીય શામ્ભવી તેના પિતા, જેડી(યુ) નેતા અશોક ચૌધરી અને તેની માતા નીતા ચૌધરી સાથે કેમેરા સામે પોઝ આપતી જોવા મળે છે. પરિવારે હમણાં જ એક મતદાન મથક પર મતદાન કર્યું હતું અને મીડિયા સમક્ષ શાહીવાળી આંગળીઓ બતાવી રહ્યા હતા. આ ક્લિપમાં, શામ્ભવી પહેલા શાહીવાળી આંગળી બતાવવા માટે પોતાનો જમણો હાથ ઉંચો કરે છે, પછી ઝડપથી તેના ડાબા હાથ પર સ્વિચ કરે છે, જેમાં પણ શાહીનું નિશાન છે. વીડિયોમાં કેદ થયેલી આ ક્ષણ ત્યારથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વ્યાપકપણે શેર કરવામાં આવી રહી છે. આ ચર્ચા વચ્ચે, શામ્ભવી ચૌધરીએ કહ્યું કે એક મતદાન અધિકારીએ ભૂલથી તેના જમણા હાથ પર શાહી લગાવી દીધી હતી, પરંતુ પ્રમુખ અધિકારીએ તરત જ ભૂલ સુધારી અને સ્ટાફને તેના બદલે ડાબા હાથ પર શાહી લગાવવા કહ્યું. તેથી જ મારી બંને આંગળીઓ પર શાહીના નિશાન છે, તેણીએ એક વિડિઓમાં આ સ્પષ્ટતા પણ કરી હતી. આ ક્લિપ પર પ્રતિક્રિયા આપતા, આરજેડીના રાષ્ટ્રીય પ્રવક્તા કંચના યાદવે X પર વિડીયો શેર કર્યો અને હિન્દીમાં લખ્યું: "આ છેતરપિંડીનું એક નવું સ્તર છે. આ એલજેપી સાંસદ શામ્ભવી ચૌધરી છે. તેમના બંને હાથ પર શાહી છે, જેનો અર્થ છે કે તેમણે બે વાર મતદાન કર્યું. જ્યારે આ વાત સામે આવી, ત્યારે તેમના પિતા અશોક ચૌધરી તેમની આંખોથી તેમને ઈશારો કરતાં જોવા મળ્યા. ચૂંટણી પંચ, આ કેવી રીતે થઈ રહ્યું છે? આની તપાસ કોણ કરશે?" કોંગ્રેસે પણ કટાક્ષભર્યા એક-લાઈનર સાથે મત ચોરીનો આરોપ લગાવવા માટે સોશિયલ મીડિયા પર તેમના ફોટા શેર કર્યા. ઘણા



વપરાશકર્તાઓએ આ વિડીયોને કથિત ગેરરીતિના પુરાવા ગણાવ્યા અને કહ્યું કે, તેમની અભિવ્યક્તિ બધું કહી દે છે. એવું લાગે છે કે કોઈએ આકસ્મિક રીતે કેમેરા પર થોડું વધારે પડતું જાહેર કર્યું. બીજા એક વપરાશકર્તાએ પોસ્ટ કર્યું કે, ભારતમાં ચૂંટણી પ્રક્રિયા એક મજાક છે.

કેટલાક લોકોએ તો ચૂંટણી પંચને કટાક્ષમાં ટેગ કરીને તેમની વિશ્વસનીયતા પર સવાલ ઉઠાવ્યા. "વાહ તમારી પારદર્શિતા, અસરકારકતા ખરેખર પ્રશંસનીય છે. દક્ષિણ આફ્રિકાના ચૂંટણી વડા એ જાણવા માટે ઉત્સુક છે કે તમે આવા નોંધપાત્ર પરિણામો કેવી રીતે પ્રાપ્ત કરો છો. આ ટીકા વચ્ચે, ઘણા વપરાશકર્તાઓએ સાંસદનો બચાવ કરતા કહ્યું કે આ વાયરલ દાવો ભ્રામક છે અને મતદાન મથકો પર આવી બેવડી શાહી લગાવવાની ઘટનાઓ સામાન્ય છે. તમે તેમને તમારી બીજી આંગળી પર પણ શાહી લગાવવાનું કહી શકો છો. બીજા એક વપરાશકર્તાએ સ્પષ્ટતા કરી કે: "હાથ અને આંગળી ચૂંટણી માટે નિશ્ચિત છે. તમે ફક્ત બે અલગ અલગ હાથ પર નિશાન રાખીને બે વાર મતદાન કરી શકતા નથી." ઘણા યુઝર્સે સમજાવ્યું કે મતદાન સ્ટાફ ઘણીવાર ભૂલથી ખોટા હાથ અથવા આંગળી પર શાહી લગાવે છે અને પછી તેને સુધારે છે. એવું ત્યારે થાય છે જ્યારે તમે ડાબા હાથને બદલે પહેલા જમણા હાથ પર શાહી લગાવો છો અને મતદાન અધિકારીઓ ધ્યાન આપતા નથી. આ સામાન્ય ભૂલ છે. બે વાર મતદાન અટકાવવા માટે, તેઓ ડાબા હાથ પર ફરીથી શાહી લગાવે છે. તેનો અર્થ એ નથી કે તમે બે વાર મતદાન કર્યું છે. ભારતમાં, મતદાન અધિકારીઓ સામાન્ય રીતે મતદારની ડાબી તર્જની આંગળી પર શાહી લગાવે છે. જો કે, જો કોઈ મતદાર ભૂલથી પહેલા જમણા હાથ પર શાહી લગાવે છે, તો અધિકારીઓ ફરીથી યોગ્ય રીતે ચિહ્ન લગાવી શકે છે, જે એક નાની પ્રક્રિયાગત ભૂલ છે જેને બે વાર મતદાન થયું છે એવું કહી શકતા નથી.

# બિહાર ચૂંટણી : હાજીપુર ખાતેના સ્ટ્રોંગ રૂમ પર શંકાસ્પદ હિલચાલની રાજદએ ફરિયાદ નોંધાવી પરંતુ ચૂંટણી પંચે દાવો નકારી કાઢ્યો

**રાજદ દ્વારા એવી ફરિયાદ કરવામાં આવી છે કે, કેટલાય દિવસોથી બિહારમાં પ્રચારના નામે મત ચોરી કરનારાએ જ ધામો નાખ્યો છે અને સૌથી મોટા વોટ ચોરનો રાજ્યમાં મુકામ છે જેની કામગીરી આસાન બનાવવા માટે મીડિયા મત ચોરી તરફથી ધ્યાન લોકોનું બીજે ખેંચવાના પ્રયાસો કરી રહ્યો છે**

(એજન્સી) પટના, તા.૮

બિહારના વૈશાલી જિલ્લામાં આવેલા હાજીપુર ખાતે સ્ટ્રોંગ રૂમ પર શંકાસ્પદ પ્રવૃત્તિઓ અને હિલચાલ થતી જોવા મળી છે એવી ફરિયાદ રાષ્ટ્રીય જનતા દળ દ્વારા ચૂંટણી પંચ સમક્ષ નોંધાવવામાં આવી છે.

પક્ષના સોશિયલ મીડિયા હેન્ડલ ઉપર પણ હાજીપુર સ્ટ્રોંગ રૂમની આસપાસ થતી હિલચાલ અંગેનો એક વીડિયો પણ અને સીસીટીવી ફૂટેજ પણ જાહેર કરવામાં આવ્યા છે અને એવો દાવો કરવામાં આવ્યો છે કે, વિવિધ વિધાનસભા મતવિસ્તારોના કેમેરા એક પછી એક બંધ કરવામાં આવી રહ્યા છે અને પીકઅપ વેન મોડી રાત્રે ઈમારતમાં પ્રવેશ કરતી દેખાય છે અને બાદમાં થોડા સમય પછી બહાર નીકળતી દેખાય છે. આ વીડિયો પોસ્ટ કરીને રાજદ દ્વારા ખૂબ જ સખત શબ્દોમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે, દેશના સૌથી મોટા મત ચોરનો અત્યારે બિહારમાં છેલ્લા કેટલાય દિવસોથી મુકામ છે અને પ્રચારના નામે વોટ ચોરી થઈ રહી છે અને મીડિયા કથિત મત ચોરી તરફથી લોકોનું ધ્યાન બીજે ખેંચવામાં એ મત ચોરને મદદ કરી રહ્યું છે. પક્ષ દ્વારા સોશિયલ મીડિયા પર એવું પણ દર્શાવવામાં આવ્યું છે કે, આ વખતે બિહાર બે બહારના નેતાઓને તો બરાબરનો પાઠ ભણાવશે. એ બંને બિહારમાં લોકશાહીને ખતમ કરવા માંગે છે કેમ કે, બિહાર તો લોકશાહીની જનની છે અને બિહારીઓ કોઈપણ સંજોગોમાં આવું થવા દેશે નહીં. રાજદની ફરિયાદનો તુરંત જ ચૂંટણી પંચે પ્રતિભાવ આપ્યો હતો અને એવું જાહેર કર્યું હતું કે, પ્રારંભિક તપાસ કરવામાં આવી છે. ચૂંટણી પંચના નિવેદનમાં તુરંત જ જણાવવામાં આવ્યું હતું કે, સ્ટ્રોંગ રૂમના સીસીટીવી કેમેરા બે સ્થળે ચાલુ છે એક તો મુખ્ય કંટ્રોલરૂમ ઉપર છે અને બીજો પક્ષના પ્રતિનિધિઓ માટેનો કેમેરા પોઈન્ટ છે એટલે કંટ્રોલરૂમથી જ્યાં સીસીટીવી છે તેનાથી સતત સ્ટ્રોંગ રૂમ ઉપર નજર રાખવામાં આવી રહી છે. ચૂંટણી પછી એવું પણ જણાવ્યું હતું કે, પાંચ વિધાનસભા મત વિસ્તારમાંથી એક મતવિસ્તારની ડિસ્પ્લે સ્ક્રીન ઓટો ટાઈમ આઉટને કારણે થોડો સમય બંધ થઈ ગઈ હતી અને તાત્કાલિક ફરીથી શરૂ કરી દેવામાં આવી હતી અને અન્ય ડિસ્પ્લે સ્ક્રીન પણ ચાલી રહ્યા છે અને મહાનર વિધાનસભામાં વિસ્તાર માટે જે સીસીટીવી છે તેમાંથી પણ સતત કંટ્રોલ રૂમને ફીડ મળી રહ્યું છે. જે વાહન જોવા મળ્યું છે એ સુરક્ષા જવાનોનું છે જે સ્ટ્રોંગ રૂમ પર ફરજ ઉપર ગોઠવવામાં આવ્યા છે અને એ લોકો વાહનમાં એમની પથારીઓ અને અન્ય જરૂરી પુરવઠો લઈને મોડી રાત્રે આવ્યા હતા અને ૧૫ મિનિટમાં એ વાહન બહાર નીકળી ગયો હતો અને તેની એન્ટ્રી પણ ગાર્ડ રજિસ્ટરમાં છે. ચૂંટણી પછી એવું પણ ઠરાવ્યું હતું કે, સ્ટ્રોંગ રૂમની ત્રિસ્તરીય સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે.

# કલ્યાણ બેનરજી સાથે છેતરપિંડી : ટીએમસી સાંસદના ખાતામાંથી રૂ.૫૬ લાખની ઉચાપત; એક્સેસ મેળવવા માટે બનાવટી KYCનો ઉપયોગ

(એજન્સી) કોલકાતા, તા.૮

તૃણમૂલ કોંગ્રેસના સાંસદ કલ્યાણ બેનરજી કથિત રીતે સાયબર છેતરપિંડીનો ભોગ બન્યા હતા અને આરોપ લગાવ્યો હતો કે વર્ષો પહેલા તેમના ધારાસભ્ય તરીકેના કાર્યકાળ સાથે જોડાયેલા તેમના બેંક ખાતામાંથી લગભગ રૂ.૫૬ લાખની ઉચાપત કરવામાં આવી હતી. સૂત્રો અનુસાર, બેંક સત્તાવાળાઓએ પોતે કોલકાતા પોલીસ સાયબર ક્રાઈમ વિભાગમાં ફરિયાદ નોંધાવી હતી. સૂત્રો અનુસાર, ૨૦૦૧થી ૨૦૦૬ દરમિયાન, બેનરજી આસનસોલ દક્ષિણના ધારાસભ્ય હતા. તે સમય દરમિયાન, અન્ય ધારાસભ્યો સાથે, જાહેર ક્ષેત્રની બેંકની વિધાનસભા પેટા શાખામાં તેમના નામે એક ખાતું ખોલવામાં આવ્યું હતું. ધારાસભ્ય તરીકેના તેમના બધા ભથ્થા આ ખાતામાં જમા કરવામાં આવ્યા હતા. શ્રીરામપોરના સાંસદ બેનરજીએ જણાવ્યું હતું કે લાંબા સમયથી આ જૂના ખાતામાં કોઈ વ્યવહારો થયા નથી, જે તેને 'નિષ્ક્રિય ખાતું' (એક શબ્દ જે બેંકો દ્વારા લાંબા સમય સુધી કોઈ વ્યવહારો ન હોય તેવા ખાતાઓ માટે વપરાય છે) બનાવે છે. એવો આરોપ છે કે છેતરપિંડી કરનારાઓએ તેમની યોજના માટે આ ખાતાનો ઉપયોગ કર્યો હતો. કલ્યાણનું પ્રાથમિક ખાતું હાલમાં SBIની કાલીઘાટ શાખામાં છે. સાંસદનો દાવો છે કે હાઈકોર્ટ શાખાના મેનેજરે તેમને છેતરપિંડી વિશે જાણ કરવા માટે ફોન કર્યો હતો. એવું જાણવા મળ્યું છે કે સાંસદના ફોટા અને મોબાઈલ નંબરનો ઉપયોગ કરીને, નિષ્ક્રિય ખાતા દ્વારા ૫૬ લાખ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા અને ત્યારબાદ આખી રકમ ઉપાડી લેવામાં આવી હતી.

# સોનું ૧૦૦ રૂપિયા ઘટીને ૧૦ ગ્રામના ૧,૨૪,૬૦૦ પર બંધ થયું; દિલ્હીના બજારોમાં ચાંદીની કિંમત સ્થિર રહી

(એજન્સી) તા.૮

નવી દિલ્હી, તા.૭ નવેમ્બર (પીટીઆઈ) ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર શુક્રવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાના ભાવ ૧૦૦ રૂપિયા ઘટીને ૧,૨૪,૬૦૦/- પ્રતિ ૧૦ ગ્રામ થયા છે. ૯૯.૫ ટકા શુદ્ધતા ધરાવતી કિંમતી ધાતુ ગુરૂવારના ૧,૨૪,૧૦૦ રૂપિયાના બંધ ભાવથી ૧૦૦ રૂપિયા ઘટીને ૧,૨૪,૦૦૦/- પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગઈ છે. સ્થાનિક બુલિયન બજારમાં ૯૯.૯ ટકા શુદ્ધતા ધરાવતું સોનું પાછલા બજાર સત્રમાં ૧,૨૪,૭૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર સ્થિર રહ્યું હતું. જો કે, શુક્રવારે ચાંદીના ભાવ બધા કરવેરા સહિત ૧,૫૩,૩૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર સ્થિર રહ્યા. વૈશ્વિક સ્તરે સ્પોટ ગોલ્ડ ૧૯.૮૪ ડૉલર અથવા ૦.૫ ટકા વધીને ૩૯૯૬.૯૩ ડૉલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થઈ રહ્યું હતું જ્યારે સ્પોટ સિલ્વર ૦.૯૬ ટકા વધીને ૪૮.૪૮ ડૉલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થઈ રહ્યું હતું. કોમોડિટી બજારના નિષ્ણાતોના મતે, ઈક્વિટી બજારોમાં સંભવિત AI-સંચાલિત બબલ અને લાંબા સમય સુધી યુએસ સરકારના બંધને લગતી અનિશ્ચિતતા અંગે વધતી ચિંતાઓ વચ્ચે રોકાણકારોએ સલામત સંપત્તિની શોધ કરી હોવાથી શુક્રવારે સોનાના ભાવમાં વધારો થયો હતો.

આ દરમિયાન છ ચલણોની બાસ્કેટ સામે ગ્રીનબેકની મજબૂતાઈનું માપન કરતો ડૉલર ઈન્ડેક્સ ૦.૦૮ ટકા ઘટીને ૯૯.૬૫ પર આવી ગયો. અમેરિકન સરકારનું શટડાઉન ૩૮મા દિવસમાં પ્રવેશી ગયું છે, જેના કારણે આર્થિક ઉત્પાદન પર અસર પડી રહી છે અને મુખ્ય મેક્રોઈકોનોમિક ડેટા રિલીઝ થવામાં વિલંબ થઈ રહ્યો છે. બજારની અનિશ્ચિતતા, ડૉલરની નબળાઈ અને લાંબા બંધના સંયોજનને જોતાં સોનામાં વધુ વૃદ્ધિ થવાની શક્યતા છે.

LKP સિક્યોરિટીઝના VP રિસર્ચ એનાલિસ્ટ જતીન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, બજારના સહભાગીઓ આગામી અઠવાડિયામાં ફેડરલ રિઝર્વ સભ્યોના ભાષણો અને યુએસ અને ભારત બંનેના ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) ડેટા પર નજર રાખશે.

# KMC જન્મ પ્રમાણપત્રોના ગેરકાયદેસર વિતરણમાં સામેલ, જે વાસ્તવિક નાગરિકો માટે નથી : ભાજપના સુવેન્દુ અધિકારી

**બંગાળના વિરોધ પક્ષના નેતાએ RTI વિનંતી દાખલ કરી છે અને શહેર મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખીને ૬ ઓકટોબરથી ૫ નવેમ્બર દરમિયાન ૨૦૨૪ અને ૨૦૨૫ માટે નાગરિક સંસ્થા દ્વારા જારી કરાયેલા જન્મ પ્રમાણપત્રોની માહિતી માંગી છે**

(એજન્સી) તા.૭

બંગાળ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગમાં માહિતી અધિકાર (RTI) અરજી દાખલ કરી છે જેમાં નાગરિક સંસ્થા દ્વારા છેલ્લા ૩૦ દિવસમાં જારી કરાયેલા જન્મ પ્રમાણપત્રોની માહિતી માંગવામાં આવી છે, આ ઘટના એવા સમયે બની રહી છે જ્યારે રાજ્યમાં મતદાર યાદીઓનું ખાસ સઘન સંશોધન ચાલી રહ્યું છે. સુવેન્દુએ આરોપ લગાવ્યો કે, મારા ખ્યાલમાં આવ્યું છે કે, KMC જન્મ પ્રમાણપત્રોના ગેરકાયદેસર, અનૈતિક અને અનૈતિક વિતરણમાં સંડોવાયેલ છે; તે વાસ્તવિક નાગરિકો માટે નથી, પરંતુ ચાલી રહેલા ખાસ સઘન સુધારણા કવાયત દરમિયાન મતદાર યાદીમાંથી દૂર થવાના જોખમમાં રહેલા શંકાસ્પદ વ્યક્તિઓને સુવિધા આપવા અને સમાવવા માટે છે. ભાજપના નેતાએ શહેર મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખીને ૨૦૨૪ અને ૨૦૨૫ બંને માટે ૬ ઓકટોબરથી ૫ નવેમ્બર દરમિયાન નાગરિક સંસ્થા દ્વારા જારી કરાયેલા જન્મ પ્રમાણપત્રોની માહિતી માંગી છે. મ્યુનિસિપલ કમિશનર સુમિત ગુપ્તાને લખેલા પોતાના પત્રમાં સુવેન્દુએ પૂછ્યું : ૬ ઓકટોબર ૨૦૨૫ અને ૫ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન જારી કરાયેલા જન્મ પ્રમાણપત્રોમાંથી, કૃપા કરીને ૨૦૦૭ પહેલાં જન્મેલા રહેવાસીઓની સંખ્યાનો ઉલ્લેખ કરો. આ માહિતી મ્યુનિસિપલ કામગીરીની તપાસ કરવા અને જાહેર સંસાધનોનો કાર્યક્ષમ અને સમાન રીતે ઉપયોગ થાય તેની ખાતરી કરવા માટે મહત્ત્વપૂર્ણ છે.

# શું એ માત્ર ઔપચારિકતા છે ? ટૂંકા શિયાળુ સત્ર અંગે કોંગ્રેસના પ્રશ્નો અને મોદી સરકારની ભારે ઝાટકણી

**વિપક્ષની સંસદ સત્ર માટેની એકંદરે પ્રાથમિકતાઓ અને ખાસ કરીને કોંગ્રેસ પક્ષની પ્રાથમિકતાઓ વિશે વાત કરતા કોંગ્રેસના નેતા જયરામ રમેશે જણાવ્યું હતું કે ચૂંટણી પંચ દ્વારા અત્યારે ચાલી રહેલી મતદાર યાદી ખાસ સઘન રિવિઝનની કવાયત સંસદ સત્રમાં ચર્ચાનો મુખ્ય મુદ્દો બનશે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

શનિવારે વિરોધ પક્ષોએ સંસદનું શિયાળુ સત્ર યોજવામાં વિલંબ કરવા બદલ નરેન્દ્ર મોદી સરકારને પ્રશ્નો પૂછ્યા હતા. શિયાળુ સત્રની તારીખો જાહેર થયાની થોડી કલાકોમાં જ કોંગ્રેસના નેતા જયરામ રમેશે સંસદના શિયાળુ સત્રની જાહેરાતમાં વિલંબ તેમજ ટૂંકા સત્રની જાહેરાત અંગે ભારે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. તેમણે સરકારને સવાલ પૂછ્યો હતો કે શું આ સરકાર કોઈ મુદ્દાથી કે હકીકતથી દૂર ભાગી રહી છે અને શું સરકાર માટે સંસદનું શિયાળુ સત્ર માત્ર ઔપચારિકતા છે? તેમણે કહ્યું હતું કે આ સરકાર એવું ઈચ્છે છે કે ઔપચારિક રીતે સત્ર બોલાવી અને તાત્કાલિક પૂરું કરી નાખવું. આપણે પહેલીવાર આવું થતું જોઈ રહ્યા છીએ. સામાન્ય રીતે એવું થતું હોય છે કે લોકસભાની ચૂંટણી આવી રહી હોય તો જ તેની પહેલાંનું સત્ર ટૂંકું રાખવામાં આવે છે. સરકાર કઈ ચીજથી ભાગી રહી છે ? તો શું આનો સંકેત એવો સમજવો કે લોકસભાની ચૂંટણીઓ વહેલી આવી રહી છે ? તેમણે આવનારા સત્રની એકંદર વિપક્ષી પ્રાથમિકતા અને ખાસ કરીને કોંગ્રેસની પ્રાથમિકતા અંગે કહ્યું હતું કે ચૂંટણી પંચની દેશ વ્યાપી એસઆઈઆર એ ચર્ચાનો મુખ્ય મુદ્દો બનશે.

# ધોરણ ૧૦-૧૨ની બોર્ડ પરીક્ષાઓનું ટાઈમ ટેબલ જાહેર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી શરૂ થવાની છે. બોર્ડની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. ધોરણ-૧૦ની પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી ૧૬ માર્ચ સુધી યોજાશે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી ૧૩ માર્ચ સુધી યોજાશે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી ૧૬ માર્ચ સુધી યોજાશે. વિદ્યાર્થીઓ ૭ નવેમ્બર ૨૦૨૫ના બપોરે ૧૨:૦૦ કલાકથી ૬ ડિસેમ્બર ૨૦૨૫ની રાત્રે ૧૨:૦૦ કલાક સુધી રેગ્યુલર ફી સાથે બોર્ડની અધિકૃત વેબસાઈટ www.gseb.org પર ફોર્મ ભરી શકશે. ગત વર્ષની જેમ આ વર્ષે પરીક્ષા ૧૦ દિવસ વહેલા શરૂ થશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬માં યોજાનારી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષાના આવેદનપત્રો ભરવાની તારીખો જાહેર કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ ૭ નવેમ્બર, ૨૦૨૫થી ૬ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકશે. બોર્ડ દ્વારા જણાવાયું છે કે, રેગ્યુલર ફી સાથેના ઓનલાઈન આવેદનપત્રો ૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકથી ૬ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ રાત્રીના ૧૨:૦૦ કલાક સુધી બોર્ડની વેબસાઈટ gseb.org પર ભરી શકાશે.

દરેક પ્રશ્ન પત્રમાં ૧૫ મિનિટનો સમય વધુ ફાળવવામાં આવશે. વિદ્યાર્થીને ઉત્તરવહી ઉપરની વિગતો ભરવા માટેની શરૂઆતની પાંચ મિનિટ અને પ્રશ્નપત્ર વાંચવા માટે ૧૦ મિનિટ ફાળવવામાં આવશે અને જવાબ લખવા માટે નિયમ મુજબ ૧ કલાકથી ૩ કલાક સુધીનો સમય રહેશે. પ્રથમ પરીક્ષાના દિવસે વિદ્યાર્થીઓએ પરીક્ષા સેન્ટર પર શરૂ થવાની ૩૦ મિનિટ પહેલાં પહોંચવાનું રહેશે, બાકીના દિવસોએ ૨૦ મિનિટ અગાઉ રહેવાનું રહેશે.

### ગુજકેટ ૨૦૨૬ની પરીક્ષા ૨૯ માર્ચે લેવાશે

આ સાથે જ ગુજકેટ ૨૦૨૬ની પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી છે. જેમાં આગામી ૨૯ માર્ચ, ૨૦૨૬ના રવિવારે સવારે ૧૦ વાગ્યાથી બપોરે ૪ વાગ્યા સુધી જિલ્લા કક્ષાના કેન્દ્રો ખાતે પરીક્ષા યોજાશે. GUJCET ૨૦૨૬ની પરીક્ષા માટે ફોર્મ ભરવાની તારીખ આગામી સમયમાં જાહેર કરાશે. ઓનલાઈન ફોર્મ ભરવાની તારીખ સહિતની માહિતી પુસ્તિકા બોર્ડની સત્તાવાર વેબસાઈટ gseb.org પર જાહેર કરવામાં આવશે. પરીક્ષા ગુજરાતી, અંગ્રેજી અને હિંદી ત્રણ માધ્યમમાં આપી શકાશે.

# ‘ખેડૂતો સાથે ક્રૂર મજાક’: ગુજરાતની કૃષિ રાહતથી રાજકીય ક્ષેત્રે ગુસ્સો ફેલાયો

## ગુજરાતના ૧૦,૦૦૦ કરોડ રૂપિયાના કૃષિ રાહત પેકેજનો રાજકીય વિરોધ થયો છે, જેમાં આરએસએસ સાથે જોડાયેલા ભારતીય કિસાન સંઘે પણ તેની ન્યાયીતા પર સવાલ ઉઠાવ્યા છે

અમદાવાદ,તા.૮

ગુજરાત સરકારના બહુચર્ચિત ૧૦,૦૦૦ કરોડ રૂપિયાના કૃષિ રાહત પેકેજ, પક્ષો વચ્ચે રાજકીય અસંતોષ ભડક્યો છે. આ વિવાદ વધ્યો છે, જેમાં વિરોધ પક્ષો, ભાજપના પોતાના નેતાઓ અને ભારતીય કિસાન સંઘે પણ આ પગલાને અપૂરતી અને જમીની વાસ્તવિકતાઓ પ્રત્યે અસંવેદનશીલ ગણાવી છે. આરએસએસની ખેડૂત પાંખ, ભારતીય કિસાન સંઘે ખુલ્લેઆમ સરકારના વળતર મોડેલની વિશ્વસનીયતા અને માપદંડો પર પ્રશ્ન ઉઠાવ્યો છે. તેના રાજ્ય મહાસચિવ, આર.કે. પટેલે કોઈ શબ્દ બોલ્યા નહીં. તેમણે મીડિયાને કહ્યું, ‘‘આ રાહતની ગણતરી કયા આધારે કરવામાં આવી છે તે સ્પષ્ટ નથી. ખેડૂતોને થયેલા વાસ્તવિક નુકસાનની સરખામણીમાં જાહેર કરાયેલી રકમ કંઈ નથી.’’ તેમણે ચેતવણી આપી કે જો ખેડૂતોનો ગુસ્સો વધુ તીવ્ર બનશે, તો ‘‘કિસાન સંઘ તેમના સંઘર્ષમાં જોડાશે.’’ પટેલે એકસમાન રાહત ફોર્મ્યુલામાં આગળ કહ્યું, ‘‘૨૫% અને ૧૦૦% પાકના નુકસાન માટે સમાન વળતર કેવી રીતે હોઈ શકે?’’ મોટા પાયે સહાય આવકાર્ય છે તે સ્વીકારતા, તેમણે માંગ કરી કે સરકાર ‘‘પેકેજની રચના અને ન્યાયીતા પર પુનર્વિચાર કરે.’’ તેમણે ભાર મૂક્યો કે ખેડૂતોનું પ્રતિ હેક્ટર વાસ્તવિક રોકાણ રૂ. ૧૮,૦૦૦ થી રૂ. ૨૮,૦૦૦ ની વચ્ચે હતું, જ્યારે વર્તમાન સહાય ભાગ્યે જ સપાટી પર ખંજવાળ લાવે છે.

‘‘જો સરકાર આને ઐતિહાસિક પેકેજ કહે છે, તો પછી ખેડૂતના હાથમાં ખરેખર શું પહોંચ્યું છે?’’ ભાજપ નેતા ચેતન માલાણી, જે સાવરકુંડલા તાલુકાના પૂર્વ મહામંત્રી અને APMCના ડિરેક્ટર છે, તેમણે અમરેલી જિલ્લાના તમામ પક્ષના હોદ્દા પરથી રાજીનામું આપી દીધું અને પેકેજને "ખેડૂતો પર ક્રૂર મજાક" ગણાવ્યું. તેમના રાજીનામા પત્રમાં રાજ્ય પર ચોમાસાના નુકસાનથી બરબાદ થયેલા ખેડૂતોની દુર્દશા પ્રત્યે "ઉદાસીનતા" દાખવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. માલાણીએ જાહેર કર્યું હતું કે તેઓ "ખેડૂતના પુત્ર તરીકે નૈતિક ધોરણે" કાર્ય કરી રહ્યા છે, તેમણે કહ્યું હતું કે સરકારની ૧૦,૦૦૦ કરોડ રૂપિયાની સહાય "ખેડૂતોના નુકસાનના માપને પણ સ્પર્શતી નથી." માલાણીના રાજીનામાથી ભાજપ જિલ્લા એકમમાં લહેર ફેલાઈ ગઈ છે, જે પક્ષના એકતાના ચહેરામાં તિરાડો દર્શાવે છે. તેમણે સરકાર પર કપાસ, મગફળી, ડુંગળી અને સોયાબીનના પાકમાં ભારે રોકાણ કરનારા ખેડૂતોના વધતા નાણાકીય બોજને અવગણવાનો આરોપ મૂક્યો છે. સરકારને "પુનર્વિચાર કરવા અને પૂરતો ટેકો આપવા" માટેના તેમના આહ્વાનથી સ્થાનિક અસંતોષ વધ્યો છે. ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાએ રાજકીય ગરમાવો ઉમેરતા ભાજપ સરકાર પર "ઉદારતાનો દાવો કરતી વખતે ખેડૂતોના દુ:ખની મજાક ઉડાવવાનો" આરોપ લગાવ્યો. તેમણે આરોપ લગાવ્યો કે રાજ્યના ખેડૂતો સરેરાશ રૂ. ૫૬,૦૦૦ ના દેવા નીચે દબાયેલા છે, છતાં સરકારે તેમને "રાહતના નામે માત્ર કાગળનો ટુકડો" આપ્યો છે. અમિત ચાવડાએ ચેતવણી આપી હતી કે જો સરકાર કૃષિ દેવા માફ કરવામાં નિષ્ફળ જાય, તો કોંગ્રેસ ખેડૂતો સાથે રસ્તા પર ઉતરશે. "ભાજપ તેને ઐતિહાસિક પેકેજ કહે છે, પરંતુ ખેડૂતો માટે, તે એક ઐતિહાસિક વિશ્વાસઘાત છે," તેમણે ઉમેર્યું હતું કે પાક વીમાના અભાવે ખેડૂતોને "જીવવા માટે ભીખ માંગવા" મજબૂર કર્યા છે. તેમણે ગ્રામીણ ગુજરાતમાં કટોકટી વધુ ઘેરી બની રહી છે તેના પુરાવા તરીકે દ્વારકામાં એક ખેડૂત દ્વારા તાજેતરમાં કરાયેલી આત્મહત્યા તરફ ધ્યાન દોર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારે આ પેકેજને ૪૨ લાખ અસરગ્રસ્ત ખેડૂતો માટે જીવનરેખા તરીકે ગણાવ્યું હોવા છતાં, રાજકીય વાસ્તવિકતા કંઈક અલગ જ સૂચવે છે. ભાજપના પાયાના સ્તરથી લઈને કોંગ્રેસ હાઈકમાન્ડ સુધી, આ વાતનો વિરોધ એક જ છે - સહાય ખૂબ ઓછી, ખૂબ મોડી છે.

### ગાંધીનગરના બોરીસણા ગામની ઘટના

# ત્રણ પેટ્રોલ પંપના માલિકે બે દીકરીઓ સાથે નર્મદા કેનાલમાં ઝંપલાવી કર્યો આપઘાત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૮

ગાંધીનગરમાં બોરીસણા ગામના ધીરજભાઈ ભલાભાઈ રબારી ગઈકાલે(૭ નવેમ્બર) સવારે પોતાની બે દીકરીનાં આધારકાર્ડ કઢાવવાનું કહીને ઘરેથી ગાડી લઈને નીકળ્યા હતા. તેઓ મોડી સાંજ સુધી ઘરે પરત નહીં ફરતાં પરિવારજનોએ ગઈકાલે સાંતેજ પોલીસ સ્ટેશનમાં બે દીકરી સાથે ધીરજભાઈ ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. એના પગલે પોલીસની વિવિધ ટીમોએ ધીરજભાઈની તપાસ હાથ ધરી હતી. આજે સવારે બંને દીકરી જહાન્વી અને જીયાના મૃતદેહ કલોલ તાલુકા પોલીસ મથકની હદ વિસ્તારની મુખ્ય કેનાલમાંથી મળી આવતાં રબારી સમાજમાં શોકનું મોજું ફરી વળ્યું છે. કલોલ રેફરલ હોસ્પિટલમાં બંને બાળકીના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. પિયજ કેનાલ ખાતે ધીરજની શોધખોળ માટે સર્ચ-ઓપરેશન ચાલી રહ્યું છે. પ્રાથમિક વિગતો મુજબ ધીરજભાઈ સુખી સંપન્ન પરિવાર ધરાવે છે, જેમને કલોલના વડસર ઉપરાંત અન્ય બે સ્થળે પેટ્રોલ પંપ હોવાનું પણ સામે આવ્યું છે. ઘટના અંગે સૂત્રોએ જણાવ્યું કે ધીરજે ઘરેથી નીકળ્યા પછી પિતાને ફોન કરી પંદર મિનિટમાં ઘરે આવું છું તેમ કહ્યું હતું. જેની થોડીવારમાં તેના મિત્રના મોબાઈલમાં એક મેસેજ મોકલ્યો હતો. જેમાં ધીરજે પોતાનું શેરીસા કેનાલનું લોકેશન અને પોતાના મોબાઈલનો પાસવર્ડ મોકલ્યો હતો. પોલીસ તપાસમાં ધીરજની ગાડી શેરીસા નર્મદા કેનાલથી મળી હતી. જેના પગલે તરવૈયા અને ફાયરબ્રિગેડ દ્વારા કેનાલમાં શોધખોળ શરૂ કરાઈ હતી. આ અંગે સાંતેજ પોલીસ મથકના પીઆઈએ જણાવ્યું કે ધીરજ રબારી કલોલ શહેર પોલીસ મથકની હદમાં આવેલા બોરીસણા ગામમાં રહે છે. તેમના પરિવારમાં પત્ની માતા-પિતા અને બે નાની દીકરી છે. ગઈકાલે સવારે ધીરજ તેમની બંને દીકરીને આધારકાર્ડ કઢાવવાનું કહીને ઘરેથી ગાડી લઈને નીકળ્યા હતા. આજે બંને દીકરીના મૃતદેહ કલોલ તાલુકા પોલીસ મથકના પિયજ ગામની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી મળ્યા છે, જ્યારે ધીરજની હજી સુધી કોઈ ભાળ મળી નથી. ધીરજને વડસર ઉપરાંત અન્ય બે જગ્યાએ પેટ્રોલ પંપ હોવાનું પણ જાણવા મળ્યું છે. નર્મદા કેનાલમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. તે દરમિયાન કેનાલની બહાર સગા-સંબંધીઓ અને સમાજના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા, જેને પગલે કેનાલની બહાર ગાડીઓની લાઈન અને લોકોના ટોળા જોવા મળ્યા હતા. બોરીસણા ગામના ધીરજભાઈ ભલાભાઈ રબારીએ બંને દીકરીઓ સાથે આપઘાત કરતા સમાજમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ઘટનાની જાણ થતાં જ મોટી સંખ્યામાં સગા-સંબંધીઓ કલોલમાં બલરામ પાર્ક સોસાયટી ખાતે પહોંચી ગયા હતા.

### સૌથી ઠંડુ શહેર નલિયા રહ્યું

# ગુજરાતમાં ગુલાબી ઠંડીની શરૂઆત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૮

ગુજરાતમાં ધીમે ધીમે ગુલાબી ઠંડીની શરૂઆત થઈ ગઈ છે. મોટા ભાગના શહેરોમાં વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. જો કે, દિવસ દરમ્યાન તાપમાન ઊંચુ રહેતા બેવડી ઋતુનો અહેસાસ થઈ રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં રાજ્યમાં ઠંડીને લઈને આગાહી કરવામાં આવી છે, જેમાં ગઈકાલે સૌથી ઠંડુ શહેર નલિયા રહ્યું હતું. સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નલિયા ખાતે ૧૬.૩ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૩૩.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે ભૂજમાં મહત્તમ તાપમાન ૩૪.૫ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૧૮.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આમ સૌથી ઓછું ઠંડુ ભૂજ અને સૌથી વધુ ઠંડુ નલિયા શહેર નોંધાયું હતું.

### આગામી દિવસોમાં ઠંડીનું જોર વધશે

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં ઠંડીની આગાહી કરવામાં આવી છે, જેમાં પવનની દિશા ઉત્તર પૂર્વથી પૂર્વની થતા ઠંડીનો અનુભવ થશે. ઉત્તર તરફથી પવન આવતા તાપમાન ઘટવાની આગાહી કરવામાં આવી છે. મોટાભાગના જિલ્લાઓમાં ૨-૩ ડિગ્રી તાપમાન ઘટવાની શક્યતા છે. અમદાવાદમાં પણ ઠંડીનો ચમકારો અનુભવાય તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. કચ્છ જિલ્લામાં તાપમાનનો મોટો વિરોધાભાસ જોવા મળ્યો હતો. કચ્છના ચાર મથકો પર મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં વધઘટનો દોર યથાવત રહ્યો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, આગામી દિવસોમાં રાજ્યમાં ઠંડીનું જોર વધશે. મોટા ભાગના જિલ્લાઓમાં આવનારા દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો ઘટાડો થવાની આગાહી કરવામાં આવી છે.

### ગોધરા કોર્ટે ત્રણ આરોપીઓને નિર્દોષ છોડયા હતા

# ૨૦૦૨ રમખાણોના એક કેસ મામલે ગોધરા ફાસ્ટટ્રેક કોર્ટે આપેલા ચુકાદાને હાઈકોર્ટે યોગ્ય ઠેરવ્યો

## જેના નામ આપ્યા તેને આરોપી ન બનાવાયાની પીડિતની રજૂઆત હતી; રાજ્ય સરકાર દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરાઈ હતી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૮

ગોધરા ફાસ્ટ ટ્રેક સેશન્સ કોર્ટે વર્ષ ૨૦૦૩માં અપાયેલા ચુકાદામાં નિર્દોષ છૂટેલા ત્રણ વ્યક્તિઓ જગદીશ ત્રિવેદી, રમેશ ડામોર અને મોહન પંચાલ સામે ગુજરાત હાઈકોર્ટમાં વર્ષ ૨૦૦૪માં રાજ્ય સરકાર દ્વારા અપીલ દાખલ કરવામાં આવી હતી. જો કે હાઈકોર્ટે સરકારની અપીલ નકારીને ત્રણેય વ્યક્તિઓને નિર્દોષ છોડ્યા છે અને ફાસ્ટ ટ્રેક કોર્ટના ચુકાદાને યોગ્ય ઠેરવ્યો છે. કેસની વિગતો વર્ષ ૨૦૦૨ના ગુજરાત રમખાણો દરમિયાન ફરિયાદી આરજુબેન શેખે ખાનપુર પોલીસ મથક ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ જે ગામમાં રહેતા હતા તે ગામના ભરવાડ સમાજ દ્વારા મુસ્લિમોને જાણ કરાઈ હતી કે તેમની ઉપર હુમલો થવાની શક્યતા છે. તેથી તેઓએ પોતાના સગાઓ સાથે ગામ છોડીને સુરક્ષિત સ્થળે જતા રહેવું જોઈએ. આથી ફરિયાદી પોતાના પરિવાર અને ગામના ૩૦ થી ૩૫ પરિવારો કરાતાં ગામ જવા નીકળ્યા હતા. જેમાં એક ટેમ્પોમાં ૪૦ જેટલા લઘુમતી સમુદાયના લોકો હતા. ટેમ્પો જ્યારે લીંબડીયા ચાર રસ્તાથી ડાબી તરફ વળ્યો, ત્યારે તે તૂટી ગયો હતો. આ દરમિયાન ૧૦૦ જેટલા લોકોના ટોળા મારોકાપો કહી ટેમ્પો ઉપર હુમલો કર્યો હતો. જેથી ટેમ્પોમાંથી બધા કૂદીને દોડવા લાગ્યા હતા. જેમાંથી ચારથી પાંચ લોકો ફરિયાદી મહિલાની પાછળ પણ પડ્યા જેઓએ ફરિયાદીને હાથમાં તલવારોના ઘા માર્યા હતા. ફરિયાદી મહિલા રોડની એક બાજુમાં કેબિનની પાછળ મૃત્યુ પામ્યા હોવાનું નાટક કરતાં પડ્યા રહ્યા. ત્યારે તેમને સાંભળ્યું કે ટોળામાંથી એક જણે કહ્યું કે, ટેમ્પો ઉપર કેરોસીન નાખીને તેને સળગાવી નાખો અને તે પ્રમાણેનું કૃત્ય કરવામાં આવ્યું. ત્યારબાદ પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી. પોલીસ ફરિયાદીને ઊભા કરીને લુણાવાડા ખાતે હોસ્પિટલે સારવાર માટે લઈ ગઈ બાદમાં ખાનપુર પોલીસ મથકે મહિલાની ફરિયાદ નોંધવામાં આવી હતી. પોલીસે આરોપીઓ સામે કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરી. જ્યારે ભાગેડુ આરોપીઓ સામે પુરવણી ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી હતી. જેમાં બે કેસ નંબર પડ્યા હતા. હાઈકોર્ટમાં સરકાર તરફથી રજૂઆત કરાઈ હતી કે ઉપરોક્ત સમયગાળામાં બે અલગ અલગ ઘટનાઓ બની હતી. જે બંનેને એક સાથે નોંધવામાં આવી છે. પરંતુ ખરેખરમાં બે અલગ અલગ પોલીસ ફરિયાદ નોંધવાની જરૂર હતી. બંનેના સાહેદ અને પીડિતો પણ અલગ અલગ છે. આથી હાઈકોર્ટે કોઈ સિનિયર ઓફિસરને આ કેસમાં ફરીથી તપાસના આદેશ આપવા જોઈએ. કોર્ટે પોતાના ચુકાદામાં તપાસમાં રહેલી ખામીઓ અને પીડિતોના આક્ષેપો અંગે નોંધ કરી છે. તેમજ સિનિયર ઓફિસરને તપાસ સોંપવા અંગે સલાહ આપી છે. પીડિતાએ કહ્યું કે તેઓએ જે જેના નામ આપ્યા તે વ્યક્તિઓને આરોપી બનાવાયા નથી. પોલીસે પંચનામામા જે વ્યક્તિઓ પાસેથી હથિયાર મેળવ્યા છે, તેમનું નામ આરોપીઓમાં નથી. કેસમાં ૬૫ પુરાવા અને ૧૫ સાહેદ રજૂ કરવામાં આવ્યા હતા. ફરિયાદી પોતે ઘાયલ અને આંખો દેખ્યા સાક્ષી હતા. તેમણે આરોપીના નામ આપ્યા છે. વળી આરોપીઓ એક લઘુમતી સાહેદને ત્યાંથી જ કેરોસીન લઈને ગયા હતા. બે મૃતકોને ધારિયા મારતા ફરિયાદીના પતિએ સંતાઈને જોયા છે. કેટલાક સાહેદો તપાસાયા નથી. પોલીસે ઘટના સ્થળનું પંચનામું પણ કર્યું હતું. જેથી ફરી તપાસ કરાય અને ફરી ટ્રાયલ કરવામાં આવે. એક સાહેદે કહ્યું હતું કે ટોળામાં જગદીશ ત્રિવેદી, મોહન અને રમેશ ડામોર નહોતા. રમેશભાઈ ટ્રેક્ટરમાં કેરોસીન લઈને ગયા તે ઘર સળગાવ્યાનો બનાવ અને લીંબડીયા આગળ ટેમ્પો સળગાવવાનો બનાવ અલગ અલગ છે. એક સાહેદે કહ્યું કે, ૫૦૦ થી ૭૦૦ નું ટોળું ટેમ્પા બાજુ આવ્યું હતું. એકે કહ્યું કે ૧૫૦ થી ૨૦૦ નું ટોળાએ ઘરને આગ લગાડી હતી. મોહસીને કહ્યું હતું કે, સોથી ૨૦૦થી ૩૦૦ ના ટોળાએ તેના પિતા અને માતાને મારી નાખ્યા. તેમની પાસે પેટ્રોલ અને તલવાર જેવા ઘાતક હથિયારો હતા. ત્યારે તેને ત્રણ જ વ્યક્તિઓને ઓળખી બતાવ્યા હતા. યુનુસે કહ્યું હતું કે તેના ઘરે ૧૫૦ થી ૨૦૦ ના ટોળાએ આગ લગાવી હતી. ઘટના સ્થળે ૮ વ્યક્તિઓના મૃત્યુ નીપજ્યા હતા. કોર્ટે નોંધ્યું હતું કે, આ કેસમાં મોટાભાગના સાક્ષીઓ ફરી ગયા છે. કેસ શંકા રહિત પુરવાર કરવામાં પ્રોસિક્યુશન નિષ્ફળ નિવડતા ત્રણ નિર્દોષ છૂટેલા આરોપીઓને શંકાનો લાભ અપાયો છે. જ્યાં મોટાભાગના સાક્ષીઓ ફરી ગયા છે. ફરિયાદીએ ફરિયાદ અને તપાસના સ્થળે નહીં પરંતુ ટ્રાયલ સમયે આરોપીઓના નામ આપ્યા છે. વળી ફરિયાદીએ પ્રોસિક્યુશનાના કેસને સપોર્ટ કર્યો નથી. તેને કોઈ આરોપીનું નામ આપ્યું નથી. ફરિયાદીના પતિએ બીજા આરોપીઓના નામ આપ્યા છે. આ કેસમાં જે ત્રણ લોકો છૂટ્યા છે, તેના નામ આપ્યા નથી. હાઈકોર્ટે શંકાથી રહિત કેસ પુરવાર કરવામાં નિષ્ફળતા અને સાહેદોના હોસ્ટાઈલ થવાને લઈને રાજ્ય સરકારની અપીલ નકારી નાખી હતી અને ગોધરા ફાસ્ટટ્રેક કોર્ટના હુકમને યોગ્ય ઠેરવ્યો હતો.

### અખબારી કાગળના ભાવમાં સતત અસહ્ય વધારો

| તારીખ | કિલોગ્રામ દીઠ ભાવ | |
|---|---|---|
| ૫ એપ્રિલ-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૬ ડિસેમ્બર-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૫ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૨૪ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૧૦ જૂન-૨૦૧૩ | રૂા. | ૨૬.૫૦ |
| ૧૦ ઓગસ્ટ-૨૦૧૩ | રૂા. | ૨૮.૦૦ |
| ૧૯ ઓક્ટોમ્બર-૨૦૧૩ | રૂા. | ૨૮.૭૫ |
| ૨૫ માર્ચ-૨૦૧૪ | રૂા. | ૩૧.૦૦ |
| ૧૦ માર્ચ ૨૦૨૦ | રૂા. | ૩૪.૨૫ |
| ૧૬ એપ્રિલ૨૦૨૧ | રૂા. | ૪૯.૫૦ |
| ૩૦ માર્ચ ૨૦૨૨ | રૂા. | ૭૦.૦૦ |
| ૫ એપ્રિલ ૨૦૨૨ | રૂા. | ૭૨.૦૦ |
| ૩૦ ડિસેમ્બર-૨૦૨૩ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૮ એપ્રિલ-૨૦૨૪ | રૂા. | ૫૨.૦૦ |
| ૯ નવેમ્બર-૨૦૨૫ | રૂા. | ૪૯.૦૦ |


પહેલી નજરમાં જ ગમી જાય તેવા ફ્લેટ

30 મહિનાના સરળ હપ્તેથી ૭૦% ઓપન સ્પેસ

૨-૩ બેડરૂમ, હોલ, કીચન

ટીપી-૮૫, સરખેજ, અમદાવાદ

Call : 8000 742 000


## મતદાર યાદીમાં નામ રાખવા માટે આ ૧૨ પુરાવા માન્ય છે

- આધાર કાર્ડ
- ડ્રાઈવિંગ લાયસન્સ
- પાસપોર્ટ
- પેનકાર્ડ
- મનરેગા જોબકાર્ડ
- બેંક કે પોસ્ટઓફિસની ફોટો સાથેની પાસબુક
- શ્રમ વિભાગની સ્કીમમાં ઈસ્યુ થયેલા હેલ્થ ઈન્સ્યોરન્સ સ્માર્ટ કાર્ડ
- એનપીઆર (નેશનલ પીપલ રજિસ્ટર) હેઠળ આઈજીઆ દ્વારા ઈસ્યુ થયેલા સ્માર્ટ કાર્ડ
- ફોટો સાથેના પેન્શનના ડોક્યુમેન્ટસ
- ફોટા સાથેનું નોકરીનું ઓળખપત્ર (કેન્દ્ર, રાજ્ય સરકાર, પબ્લિક સેક્ટર અંડરટેકિંગ અથવા પબ્લિક લિમિટેડ કંપનીઓ દ્વારા ઈસ્યુ કરાયેલા હોવા જોઈએ.)
- સાંસદો-ધારાસભ્યોએ ઈસ્યુ કરેલા સત્તાવાર ઓળખપત્રો
- સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા ઈસ્યુ કરાયેલા યુનિક ડિસેબિલિટી ઓળખપત્ર

## ‘સર’ની જોગવાઈઓ શું છે ?

| મતદારની ઉંમર/જન્મતારીખ | મતદાર પાસેથી મેળવવાના થતાં આધાર પુરાવા |
|---|---|
| A ઉંમર ૩૮ વર્ષ કે તેથી વધુ હોય, ૨૦૦૨ની મતદાર યાદીમાં હોય તેવા મતદારો | કોઈ આધાર પુરાવા નથી આપવાના |
| B ઉંમર ૩૮ વર્ષ કે તેથી વધુ હોય, ૨૦૦૨ની મતદાર યાદીમાં ન હોય તેવા મતદારો | ૧૨ માન્ય પુરાવામાંથી મતદારે પોતાના એક પુરાવો આપવાનો |
| C ૦૧/૦૭/૧૯૮૭થી ૨/૧૨/૨૦૦૪ વચ્ચે જન્મેલા હોય, મતદારના માતા અથવા પિતાનું નામ ૨૦૦૨ની મતદાર યાદીમાં હોય તેવા મતદારો | ૧૨ માન્ય પુરાવાઓમાંથી મતદારે પોતાનો એક પુરાવો આપવાનો |
| D ૦૧/૦૭/૧૯૮૭થી ૨/૧૨/૨૦૦૪ વચ્ચે જન્મેલા હોય, મતદારના માતા-પિતા બંનેનું નામ ૨૦૦૨ની મતદાર યાદીમાં ન હોય તેવા મતદારો | મતદારનો પોતાનો એક + તેના માતા અથવા પિતાનો માન્ય ૧૨ પુરાવામાંથી એક એમ કુલ ૨ પુરાવા આપવાના |
| E ૨/૧૨/૨૦૦૪ પછી જન્મેલા મતદાર, તેના માતા-પિતા બંનેનું નામ ૨૦૦૨ની મતદાર યાદીમાં હોય તેવા મતદારો | ૧૨ માન્ય પુરાવામાંથી મતદારે પોતાનો એક પુરાવો આપવાનો |
| F ૨/૧૨/૨૦૦૪ પછી જન્મેલ મતદાર, તેના માતા-પિતા બંનેનું નામ ૨૦૦૨ની મતદાર યાદીમાં ન હોય તેવા મતદારો | મતદારનો પોતાનો એક + તેના માતા અને પિતાનો માન્ય ૧૨ પુરાવામાંથી એક-એક એમ કુલ ૩ પુરાવા આપવાના |


ગુજરાત ટુડે **ચિંતા કરવાની જરૂર નથી... ‘સર’ સરળ છે...**

**બસ સમયસર સાવધાન રહો અને કામગીરી સંપન્ન કરો**

આપણા ગુજરાતમાં હાલ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન-(સર) મતદારયાદી સુધારણા કાર્યક્રમ ચાલી રહ્યો છે ત્યારે તમારૂં અને સ્વજનોનું નામ મતદારયાદીમાં યોગ્ય રીતે છે કે નહીં એની ખાતરી કરો.... અને બૂથ લેવલ ઓફિસર (BLO) પાસેથી ફોર્મ મેળવીને તમારા તાજા રંગીન ફોટા સાથે ભરો.

**‘સર’નો ખોટો હાઉ ન રાખો... ‘સર’ને સમજો અને અમલ કરો** (લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)



For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ ● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી ● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS

મેઘધનુષ
રવિવાર
ગુજરાત ટુડે
તા.૯-૧૧-૨૦૨૫

# ભારત સહિત દુનિયાભરમાં જેની બોલબાલા છે તેવા ઇલેક્ટ્રિક વ્હીકલ ક્ષેત્રમાં કારકિર્દી કેવી રહેશે ?

**દેશમાં ૨૦૩૦ સુધીમાં રસ્તા પર ૮ કરોડ EV લાવવાનું લક્ષ્ય છે. વૈશ્વિક બજારની મંદી હોવા છતાં, ભારતનું EV વેચાણ ૨૦% વધ્યું છે, જે સરકારી નીતિઓના સમર્થન, ગ્રાહકોની મજબૂત માંગ અને સ્થાનિક ઉત્પાદન પ્રત્યેની દઢ પ્રતિબદ્ધતાથી સંચાલિત માર્કેટ હોવાથી આ ક્ષેત્રમાં વિકાસની વિપુલ તકો રહેલી છે. હવે જ્યારે કારકિર્દી બનાવવાની વાત આવે ત્યારે તમારે તમારા શિક્ષકો અને કાઉન્સિલરો પાસેથી ઈવી ક્ષેત્રમાં રહેલી તકો અને તેના માટેના અભ્યાસક્રમોમાં ધ્યાન કેન્દ્રીત કરવા માટે પૃચ્છા કરવી જોઈએ અને તે તરફ આગળ વધવું જોઈએ. નવી ટેકનોલોજી અને સંસોધનોમાં અઢળક તકો સાથે નામ અને દામ હોય છે. આથી આવી તકો છોડવી જોઈએ નહીં દુનિયા પહેલા નંબરને જ યાદ રાખે છે. તે પછીનાને રનર અપ તરીકેનું આશ્વાસન જ લેવાનું હોય છે અને ટોપ પર આવવા માટે પ્રયત્ન કરવાના હોય છે. આથી ઝડપથી ઉભરી રહેલા ઈલેક્ટ્રીક વ્હીકલ માર્કેટમાં શક્ય તેટલી વહેલી તકે ઝંપલાવશો તો માર્કેટ લીડર તરીકે તમને ખૂબ ફાયદો રહેવાનો છે તે નિશ્ચિત જ છે.**

મિત્રો ભારત ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) ક્રાંતિ તરફ તેજીથી આગળ વધી રહ્યું છે. દરેક વ્યક્તિને ઈલેક્ટ્રીક સાયકલ હોય, સ્કૂટર હોય, રીક્ષા હોય કે ફોર વ્હીલર હોય, તેના વિશે જાણવાની અને તેનો ઉપયોગ કરવાની ભારે જીજ્ઞાસા છે. ટુ વ્હીલર સેગમેન્ટમાં અમુક અપવાદોને બાદ કરતા તેને ભારે લોકચાહના મળી છે. હાલમાં પેટ્રેલ વાહનોની સરખામણીએ લગભગ ૨૫થી ૫૦ ટકા વધુ કિંમતના પરિબળને બાદ કરીએ તો લોકોને ઈવી પ્રત્યે જ લગાવ છે. ધીરે ધીરે સંશોધનો અને ટેકનોલોજી વધશે અને કિંમતોમાં ઘટાડો થશે તેમ તેમ ઈલેક્ટ્રીક વાહનોથી બજાર છવાઇ જવાનું છે તે બાબત નક્કી જ છે. હવે જેમ જેમ આ ઉદ્યોગનો વિકાસ થશે તેમ તેમ રોજગારીની તકો વધશે. ખાસ કરીને એન્જિનિયરો માટે, આ એક ઉત્તેજક, તકોથી ભરેલા યુગની શરૂઆત છે. જો આંકડાની બાબતોને સાચી માનવામાં આવે તો ૨૦૨૪માં ભારતમાં વેચાયેલા ૫૦%થી વધુ થ્રી-વ્હીલર, ૫% ટુ-વ્હીલર અને ૨% કાર ઈલેક્ટ્રિક હતી, જ્યારે દેશ ૨૦૩૦ સુધીમાં રસ્તા પર ૮ કરોડ EV લાવવાનું લક્ષ્ય ધરાવે છે. વૈશ્વિક બજારની મંદી હોવા છતાં, ભારતનું EV વેચાણ ૨૦% વધ્યું છે, જે સરકારી નીતિઓના સમર્થન, ગ્રાહકોની મજબૂત માંગ અને સ્થાનિક ઉત્પાદન પ્રત્યેની દઢ પ્રતિબદ્ધતાથી સંચાલિત હોવાથી વિકાસની વિપુલ તકો રહેલી છે.



ઈલેક્ટ્રીક વ્હીકલમાં ઉપયોગમાં લેવાતા સાધનો, તેના સંશોધનો અને ઉત્પાદનની પણ બોલબાલા રહેવાની છે. માત્ર EV બેટરી માર્કેટ જ ૨૦૨૩માં US$ ૧૬.૭૭ બિલિયનથી વધીને ૨૦૨૮ સુધીમાં US$ ૨૭.૭૦ બિલિયન થવાનો અંદાજ છે, જે એનર્જી સિસ્ટમ્સ, મટિરિયલ્સ એન્જિનિયરિંગ અને બેટરી ઈનોવેશનમાં નોંધપાત્ર તકો ખોલી રહ્યું છે. આજે દેશભરમાં માત્ર ૧૨,૦૦૦ જાહેર ચાર્જિંગ સ્ટેશનો છે, ત્યારે ભારતને ૨૦૩૦ સુધીમાં ૧૩.૨ લાખ સ્ટેશનો બનાવવાની જરૂર પડશે — આ એક જબરદસ્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ પડકાર છે જેમાં ઈલેક્ટ્રિકલ, સિવિલ અને સોફ્ટવેર એન્જિનિયરોની કુશળતાની જરૂર પડશે. તો ચાલો આજે આપણે ઈવી માર્કેટમાં કારકિર્દીની કેવી કેવી તકો છે તેની ચર્ચા કરીશું.

**ઈવી વાહનોને સરકારી સમર્થન બળ પુરૂ પાડશે.**

ઈવી સેક્ટરની આવેલી આ વૃદ્ધિને FAME II અને PM E-DRIVE જેવી શક્તિશાળી સરકારી યોજનાઓનું પીઠબળ છે તેના કારણે EV ઉત્પાદન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સંયુક્તપણે રૂા. ૨૦,૦૦૦ કરોડથી વધુનું રોકાણ થઈ રહ્યું છે. ખાનગી ક્ષેત્રના મુખ્ય ખેલાડીઓ R&D, ઉત્પાદન અને ઈકોસિસ્ટમ ડેવલપમેન્ટમાં રોકાણ કરી રહ્યા છે, જ્યારે ઓટો કમ્પોનન્ટ ઉત્પાદકો પણ ઈન્વેસ્ટમેન્ટ વધારી રહ્યા છે, જેમાં નાણાકીય વર્ષ ૨૦૨૬માં રૂા. ૩૦,૦૦૦ કરોડનું રોકાણ થાય તેમ છે. આ સાથે, કોસ્ટ ઈફેક્ટીવ મેન્યુફેક્ચરીંગ હબ તરીકે ભારતને એક ફાયદો છે અને બીજી બાજુ ૧૦૦% સ્થાનિક ઉત્પાદન માટેનો સંકલ્પ સ્પષ્ટ સંદેશ આપે છે કે એન્જિનિયરિંગના ઘણા ક્ષેત્રોમાં તાજી માંગની લહેર આવી રહી છે. મહત્વાકાંક્ષી અને કાર્યરત એન્જિનિયરો માટે, આ ક્ષણને ઝડપી લેવાનો સમય આવી ગયો છે.

**મુખ્ય એન્જિનિયરિંગ ભૂમિકાઓ**

ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગ તે ઈવીની ક્રાંતિમાં કેન્દ્ર સ્થાને રહેશે. મોટર ડિઝાઇનથી લઈને બેટરી મેનેજમેન્ટ સિસ્ટમ્સ (BMS), પાવર કન્વર્ટરથી લઈને વાયરિંગ હાર્નેસ જેવા ક્ષેત્રમાં જરૂરિયાત રહેશે. વળી ઈલેક્ટ્રિક તરફ વળવાના પરિવર્તનને ડ્રાઈવ્સ તરફના આ પરિવર્તનને ધ્યાનમાં રાખતા સર્કિટ્સ, કંટ્રોલ સિસ્ટમ્સ અને હાઈ-વોલ્ટેજ સેફટીમાં ઊંડી કુશળતા ધરાવતા યુવાધનની જરૂર છે. દરેક EVને એક ઉત્તમ પ્રારના કમાન્ડ સિસ્ટમની જરૂર હોય છે - અને તે જ ઈલેક્ટ્રિકલ એન્જિનિયરો બનાવે છે. તેથી આ ક્ષેત્રમાં કુશળ ઈજનેરોની જરૂર રહેવાની છે તેમા બેમત નથી.

મિકેનિકલ એન્જિનિયરિંગ આ ક્ષેત્ર ઝડપથી વિકસી રહ્યું છે. હવે તે માત્ર આંતરિક એન્જિનની બારીકીઓ પૂરતું મર્યાદિત નથી, મિકેનિકલ ઈજનેરની ભૂમિકાઓ હવે લાઈટવેઈટ એટલે કે હળવા વજનની ચેસિસ ડિઝાઈન, થર્મલ સિસ્ટમ્સ, એરોડાયનેમિક્સ અને ઈલેક્ટ્રિક પાવરટ્રેન એટલે કે બેટરીથી વાહનનું સંચાલન કરવાની પ્રણાલીની સંયુક્ત કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરે છે. હવે એક નવું ધ્યેય એવું છે કે, વાહનના

**હેલ્લો સ્ટુડન્ટ્સ**
**- સાહેબ સોની**

પરફોર્મન્સ સાથે સમાધાના કર્યા સિવાય ઈફને વધુમાં વધુ હળવા, વધુ કાર્યક્ષમ અને સુરક્ષિત બનાવવાનો છે.

**બેટરી ટેકનોલોજી અને કેમિકલ એન્જિનિયરિંગ**

આ ક્ષેત્ર વિસ્ફોટક ગતિએ વૃદ્ધિ જોઈ રહ્યું છે. બેટરી EVનું ધબકતું હૃદય છે અને આ ક્ષેત્રના એન્જિનિયરો લિથિયમ-આયન સેલ કેમિસ્ટ્રીથી લઈને સોલિડ-સ્ટેટ ઇનોવેશન્સ, થર્મલ રેગ્યુલેશન અને રિસાયક્લિંગ સોલ્યુશન્સ સુધીની દરેક બાબત પર કામ કરી રહ્યા છે. ભારત સ્થાનિક બેટરી ઉત્પાદનમાં વધારો કરી રહ્યું છે, ત્યારે આ ભૂમિકાઓ આસમાને પહોંચવા માટે તૈયાર છે.

**સોફ્ટવેર એન્જિનિયરિંગ અને એમ્બેડેડ સિસ્ટમ્સ**

આ હવે વાહનની ડિઝાઈનનો મુખ્ય ભાગ છે. સ્માર્ટ ડેશબોર્ડથી લઈને ઓટોનોમસ ફીચર્સ અને ઓવર-ધ-એર અપડેટ્સ સુધી, EVs જેટલા હાર્ડવેર છે તેટલા જ કોડ પણ છે. એમ્બેડેડ C, IoT, મશીન લર્નિંગ અને સાયબર સિક્યોરિટીમાં કુશળતા ધરાવતા એન્જિનિયરોની EVની ડિજિટલ કરોડરજ્જુને ગતિમાન કરવા માટે ઉંચી માગણી રહેવાની છે.

**સિવિલ અને પાવર સિસ્ટમ્સ એન્જિનિયરિંગ**

આ પ્રકારના ઈજનેરોની આવડત પડદા પાછળ નિર્ણાયક રહેવાની છે. ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દરેક જગ્યાએ હોવું જરૂરી છે - શહેરોમાં, નગરોમાં, હાઈવે પર અને ગ્રામીણ વિસ્તારોમાં પણ. ઝડપી, ભરોસાપાત્ર અને ગ્રીડ-ફ્રેન્ડલી EV ચાર્જર્સના રાષ્ટ્રીય નેટવર્કનું આયોજન કરવા, બનાવવા અને જાળવવા માટે એન્જિનિયરોની જરૂર છે. પાવર સિસ્ટમ નિષ્ણાતોની પણ માળખાકીય સુવિધાઓ સાથે ઈલેક્ટ્રીક પાવર ઈન્ટીગ્રેશન માટે ખૂબ જરૂર રહેવાની છે.

**ઈન્ડસ્ટ્રિયલ અને મેન્યુફેક્ચરિંગ એન્જિનિયરિંગ**

પણ નવા તબક્કામાં પ્રવેશી રહ્યું છે. જેમ જેમ કંપનીઓ EV ઉત્પાદનમાં વધારો કરી રહી છે, તેમ તેમ એવા એન્જિનિયરોની ખૂબ જ જરૂર છે જેઓ કાર્યક્ષમ, સ્વચાલિત અને ટકાઉ ઉત્પાદન લાઈન ડિઝાઈન કરી શકે - ખાસ કરીને આત્મનિર્ભર સપ્લાય ચેઈન માટે "મેક ઈન ઈન્ડિયા"ના સ્લોગન હેઠળ કામ કરી શકે તેવી ઈજનેરોની ફોજની જરૂર છે. તમને વિદીત હશે અત્યારે એવા અનેક ઉત્પાદકો છે કે જેઓ ઈલેક્ટ્રીક વ્હીકલનો જરૂરી સામાન આયાત કરીને અથવા ઉત્પાદન કરીને સ્થાનિક ધોરણે એસેમ્બલીંગ દ્વારા ઈ ટુવ્હીલર મોટા પ્રમાણમાં અને વ્યાજબી ભાવે ઉત્પાદન કરે છે.

ઓટોમોટિવ ડિઝાઇન અને હ્યુમન ફેક્ટર્સ એન્જિનિયરિંગ પણ આકર્ષણ જમાવી રહ્યું છે. EVs નવી ડિઝાઇન સ્વતંત્રતા આપે છે અને એન્જિનિયરો ઈલેક્ટ્રિક પ્લેટફોર્મને અનુકૂળ થવા માટે ઈન્ટિરિયર લેઆઉટથી લઈને યુઝર ઈન્ટરફેસ અને ડ્રાઈવરના અનુભવ સુધીની દરેક વસ્તુ પર પુનર્વિચાર કરી રહ્યા છે. તમે જોતા હશો કે ભારતમાં તો ખરૂં જ પરંતુ ચાઈના, જાપાન, યુએસએ જવા દેશોમાં એક એકથી ચડિયાતા અને કલ્પનાતીત ઇ વ્હીક્લસ અને મોટરકારો તૈયાર થઈ રહ્યા છે. તેની ઈન્ટરનલ ડિઝાઈન, ડ્રાઈવર અને પેસેન્જરની સુવિધા અને એક્સટર્નલ ડિઝાઈન લાજવાબ હોય છે.

**EV ઉદ્યોગને આગળ વધારતી સ્કીલ્સ વિશે પણ જાણો**

EV ક્ષેત્ર મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ, ડિજિટલ અને કેમિકલ ડોમેન્સને એક ઉચ્ચ-પ્રદર્શન એન્જિનમાં મિશ્રિત કરે છે અને અહીં સફળ થવા માટે, એન્જિનિયરોએ તેમની શીખવાની રીતો પર પુનર્વિચાર કરવો આવશ્યક છે. ખાસ કરીને SolidWorks, CATIA, અને Ansys જેવા મુખ્ય ડિઝાઈન ટૂલ્સ હવે હળવા, ઊર્જા-કાર્યક્ષમ કોમ્પોનન્ટ્સ બનાવવાનું કામ સોંપવામાં આવ્યું છે તેવા મિકેનિકલ અને થર્મલ એન્જિનિયરો માટે આવશ્યક છે. ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગમાં, MATLAB/ Simulink, પાવર ઈલેક્ટ્રોનિક્સ, બેટરી મેનેજમેન્ટ સિસ્ટમ્સ (BMS) અને હાઈ-વોલ્ટેજ સેફટી પ્રોટોકોલ્સમાં નિપુણતા મેળવવી હવે વૈકલ્પિક નથી પરંતુ બેઝીક જરૂરિયાત થઈ ગઈ છે. વાહનો વધુને વધુ સોફ્ટવેર આધારિત બની રહ્યા હોવાથી તેના માટે એમ્બેડેડ C, Python, IoT ફ્રેમવર્ક, અને CAN (કંટ્રોલર એરીયા નેટવર્ક) કોમ્યુનિકેશન પ્રોટોકોલ્સમાં નિપુણતા મેળવવી મહત્વપૂર્ણ છે. બેટરીના મોરચે ભારતના સૌથી ઝડપથી વિકસતા ક્ષેત્રોમાંનું એક છે. ઈલેક્ટ્રોકેમિસ્ટ્રી, સેલ ડિઝાઈન, થર્મલ રેગ્યુલેશન અને બેટરી લાઈફસાયકલ મેનેજમેન્ટનું જ્ઞાન R&D અને ઉત્પાદન બંનેમાં આલા દરજ્જાના નિષ્ણાતોનની જરૂરિયાત રહેવાની છે. Skill-Lync, NPTEL, અને ISIE India જેવા શૈક્ષણિક માર્ગદર્શન અને આ ક્ષેત્રમાં નિપુણ બનાવવા માટે વિવિધ પ્રકારના અભ્યાસક્રમ ઓફર કરતા પ્લેટફોર્મ એજ્યુકેશન પ્લેટફોર્મસ છે. ઉદ્યોગની માંગ સાથે અનુકુળ અભ્યાસક્રમો ઓફર કરે છે, જ્યારે IIT મદ્રાસ અને IISc બેંગલુરૂ જેવી સંસ્થાઓ વિશિષ્ટ EV પ્રમાણપત્ર અભ્યાસક્રમો અને સંશોધન કાર્યક્રમોમાં અગ્રેસર છે.

**સરકારી યોજનાઓ અને વિકાસ**

ભારતનું EV ક્ષેત્રમાં ક્રાંતિ આવવા પાછળનું કારણ FAME II, PLI (Production Linked Incentive) યોજનાઓ અને મેક ઈન ઈન્ડિયા મિશન જેવી સરકારી યોજનાઓ છે. આ યોજનાઓ તમામ ઉદ્યોગને સ્થાનિક ક્રાંતિ તરફ ધકેલી રહી છે. આનો અર્થ એ છે કે જે એન્જિનિયરો વિવિધ શાખાઓમાં કામ કરી શકે છે, ઝડપથી પ્રોટોટાઈપ બનાવી શકે છે અને ટેકનોલોજી તથા નીતિગત માળખા બંનેને સમજી શકે છે, તેમની ખૂબ માંગ રહેવાની છે. ઈજનેરોએ પ્રોજેક્ટ પોર્ટફોલિયો બનાવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આથી હવે જ્યારે કારકિર્દી બનાવવાની વાત આવે ત્યારે તમારે તમારા શિક્ષકો અને કાઉન્સેલરો પાસેથી ઈવી ક્ષેત્રમાં રહેલી તકો અને તેના માટેના અભ્યાસક્રમોમાં ધ્યાન કેન્દ્રીત કરવા માટે પૃચ્છા કરવી જોઈએ અને તે તરફ આગળ વધવું જોઈએ. નવી ટેકનોલોજી અને સંધોધનોમાં અઢળક તકો સાથે નામ અને દામ હોય છે. આથી આવી તકો છોડવી જોઈએ નહી દુનિયા પહેલા નંબરને જ યાદ રાખે છે. તે પછીનાને રનર અપ તરીકેનું આશ્વાસન જ લેવાનું હોય છે અને ટોપ પર આવવા માટે પ્રયત્ન કરવાના હોય છે. આથી ઝડપથી ઉભરી રહેલા ઈલેક્ટ્રીક વ્હીકલ માર્કેટમાં શક્ય તેટલી વહેલી તકે ઝંપલાવશો તો માર્કેટ લીડર તરીકે તમને ખૂબ ફાયદો રહેવાનો છે તે નિશ્ચિત જ છે.

**ઉપરોક્ત કોલમ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી શરૂ કરવામાં આવી છે. જેમાં એજ્યુકેશનને લઈ મૂંઝવતા પ્રશ્નો પર, કારકિર્દીને લગતા પ્રશ્નોના સચોટ જવાબો આપવામાં આવશે. એજ્યુકેશન લગતા પ્રશ્નો વિદ્યાર્થીઓ ગુજરાત ટુડેના ઈ-મેઈલ પર મોકલી શકે છે.**

**Email:sahebtoday@gmail.com**

# એ દિવસથી વાયરાનું રૂપ તોફાની થયું, જોઈ લીધો જે ક્ષણે મેં એક ટમટમતો દીવો

દરેક યુવાન વ્યક્તિ પ્રેમની પહેલી ક્ષણને કે જે સાવ અજાણી અને અપરિચિત છે એવી ક્ષણને ઝીલવાનો પ્રયત્ન કરે છે અને એ ક્ષણની યાદ ક્યારેય વિખરાતી નથી. દરેકના જીવનમાં એક લૈલા, એક મજનુ, એક શિરિ, એક ફરહાન, એક રોણી, એક વિજાણંદ, એક હીર, એક રાંઝા હોય છે. જિંદગીના અનેક વળાંકોભર્યા રસ્તામાં કયું પાત્ર કોને ક્યારે મળે એ કહેવાય નહીં. એ તો અચાનક જ પ્રગટે.

પહેલીવાર કોઈકના હોઠ પરથી આપણા કાનમાં કશુંક ‘સંભળાય છે ત્યારે કાનની સાર્થકતા સમજાય છે. કાન દ્વારા આખા શરીરમાં ફેલાઈ જતું એ અવાજનું અજવાળું, જિંદગીના કાળમીંઢ અંધકારને આમ ચપટીમાં ઉલેચી નાખે. જિંદગીનો અર્થ શું છે એનો સાક્ષાત અનુભવ થવા માંડે. પ્રેમીજન એક એવી વ્યક્તિ છે કે જે આપણી જિંદગીમાં અજવાળાની અહાલેક જગાવે છે. આપણા હૃદયને પ્રસન્નતાનું માનસરોવર બનાવી દે છે. જીવવાનું કારણ બની જાય છે એ પ્રેમીજન !

કયારેક, કયાંક સાવ અચાનક થીજી ગયેલી નદી એકાએક ખળ...ખળ...ખળ... વહેવા માંડે એનું નામ પ્રેમ. રણના નકશામાંય નદીની ઝાંય વરતાવા લાગે એનું નામ પ્રેમ. ચાર હોઠ કશું જ બોલતા ન હોય ને છતાંય બંને હૃદય ‘કશુંક’ સાંભળી રહ્યા હોય એનું નામ પ્રેમ. અંધકારનો પર્યાય બની ગયેલી જિંદગીમાં અનહદના અજવાળાં રેલાવા માંડે એનું નામ પ્રેમ. પ્રેમ તો ભરેલાંને ખાલી કરે અને ખાલીપાને છલકાવી દે. ઈશ્વર જેવા ઈશ્વરને પણ માણસ બનવાની લીલી લીલી ઈચ્છાઓ ઉગવા માંડે એનું નામ જ પ્રેમ. સાચો પ્રેમ કયારેક ડૂબાડે નહીં. ડૂબાડે છે એ નકલી અને પ્રપંચી પ્રેમ હોય છે. તમે એટલું તો વિચારો કે પાણી કયારેય માછલીને ડૂબાડે ? જેનો ધર્મ જ જીવાડવાનો અને તારવાનો હોય એ કયારેય કોઈને ડૂબાડે નહીં. પ્રેમ જેવો કોઈ ઓક્સિજન નથી. પ્રેમ જેવું કોઈ ઔષધ નથી. પ્રેમ જેવું કોઈ અમૃત નથી. પ્રેમ કયારેય ઝેર ન બની શકે. પ્રેમ જેવી કોઈ ખૂશ્બુ નથી, એને માણતાં આવડવું જોઈએ. પ્રેમ જેવું કોઈ દર્શન નથી. એની સામે મસ્તક ઝુકાવતાં આવડવું જોઈએ. આકાશને ઓળખ્યા વિના પ્રેમના સૂરજને નથી ઓળખી શકાતો. અર્થને ઓળખવા માટે શબ્દના ઓશિયાળા ન થવાય, એમ પ્રેમને ઓળખવા માટે લાગણીના ઓશિયાળા ન બનાય. પ્રેમ તો માણસને ખુદ્દાર બનાવે, ઓશિયાળો નહીં. કહેવાય છે કે છાતીની વાવમાં જ્યારે પીડાનો પડાવ નંખાય છે ત્યારે પ્રેમની પરોઢ ઊગુ ઊગુ થઈ રહી હોય છે.

આમ તો ઉઝરડા ભરવાનો સ્વભાવ કાંટાનો છે પણ ફૂલ જેવું ફૂલ પણ ઉઝરડા ભરવાનું શરૂ કરે ત્યારે સમજી જવાનું કે પ્રેમનું આ પહેલું કિરણ આપણા અસ્તિત્વને પોતાની લપેટમાં લઈ રહ્યું છે. જો કે આ ઉઝરડાની પીડા પણ લીલછોયી હોય છે કારણ કે એ પીડા, એ દર્દ હૃદયને ગમે છે. કેટલીક પીડાઓ પ્રસન્નતા પણ આપે છે ! માલિકને પ્રાર્થના કે આવી પીડાઓ અમને આપતો



**દસ્તક**
**હર્ષદ પંડ્યા**

રહે... સુખ અને પ્રેમમાં બસ આટલો જ ફરક છે. સુખ આપણને પ્રસન્નતા વગરની પીડા આપેછે. પણ પ્રેમ તો પ્રસન્નતાથી છલકાતી પીડા આપે છે. પ્રેમથી મળેલી પાનખર પણ હજારો વસંત કરતા ચઢિયાતી છે, કારણ કે એ પાનખર ગુલાબી હોય છે ! વેરાન વગડો પણ હરિયાળું વૃંદાવન લાગવા માંડે ત્યારે સમજવાનું કે પ્રેમનો પ્રસવ થઈ રહ્યો છે. ગામ આખું પોઢી ગયું હોય અને કયાંક બે આંખોની બખોલમાં શબ્દ વગરનું ગીત અને અવાજ વગરનું સંગીત સંભળાતું હોય ત્યારે લાગે કે કોઈક પ્રેમના પ્રદેશમાં પ્રવેશી રહ્યું છે. ખબર પણ ન પડે એ રીતે આપણા હોઠ પર ‘કોઈક’નું નામ મોતી બનીને ચમકી જતું હોય ત્યારે લાગે કે પ્રેમના શ્રીગણેશ મંડાઈ ચૂક્યા છે !

કોઈનો પ્રેમ કયારેક બુઝાતો નથી, એ તો આપણી જ ગેરસમજથી ઊભી થયેલી નફરતની ફૂંકથી બુઝાય છે. ધર્મ માટે કહેવાયું છે કે ધર્મનું રક્ષણ જે વ્યક્તિ કરે છે, એનું રક્ષણ ધર્મ પણ કરે છે. પ્રેમ માટે પણ એટલું જ કહી શકાય કે ‘પ્રેમો રક્ષિત રક્ષિત:’ જે વ્યક્તિ પ્રેમનું રક્ષણ કરે છે, પ્રેમ એ વ્યક્તિનું પણ રક્ષણ કરે છે. રક્ષણ કરવાથી રક્ષણ પમાય છે.

પ્રેમ જેવી કોઈ વાસ્તવિકતા નથી, એ અંદર અને બહાર એકરૂપ જ હોય ! ભલે પ્રેમીઓ અનેક હોય. પણ એ લોકોનો પ્રેમ તો એક જ હોય. પ્રેમને કોઈના આધારની જરૂર નથી કારણ કે પ્રેમ ખુદ એક આધાર છે ! વાસ્તવિકતા પચાવતાં આવડી જાય તો કોઈનોય પ્રેમ રઝળી ન પડે. પ્રેમ પણ એક પ્રકારની ભક્તિ છે અને પ્રેમી પણ એક પ્રકારનો સંત છે. ભક્તિ કયારેય ભેળસેળવાળી ન હોય અને સંત કયારેય ઢોંગી ન હોય. ભેળસેળવાળી વસ્તુ કયારે બગડી જાય અને ઢોંગી વ્યક્તિ કયારે પકડાઈ જાય એનું ચોક્કસ પંચાગ ન હોય, પણ એ ઘટના કયારેક તો દુર્ઘટનામાં ફેરવાઈ જ જાય, એ ચોક્કસ !

પ્રેમ સર્જાયાના આંનદના આંસુ અને પ્રેમ વિખરાયાનાં આંસુ બંનેમાં ફેર છે. પ્રેમ સર્જાય છે ત્યારે કરચલી પડેલું આભ પણ સૂરજને ઉગાડવા થનગનતું હોય છે. કેટલાક પ્રેમીઓ પ્રેમના અસહ્ય આનંદમાં પણ આંસુઓને આંખમાં દાટી દેતા હોય છે. આંસુને ઊંડાં દાટી દેવાથી આંખને મૂંગી નથી કરી શકાતી. આંસુ તો હૃદયને વાચા આપતી, આંખો દ્વારા બોલાતી, અશબ્દ ભાષા છે. પ્રેમથી દીક્ષિત થયેલા કાન હોય તો જ સાંભળી શકાય.

૮મી માર્ચે ‘વિશ્વ મહિલા દિન’ની શતાબ્દી ઉજવાઈ.. એક સદી પછી પણ સ્ત્રી‘દયાપાત્ર’ના અભિશાપમાંથી બહાર આવી શકી નહીં. સાહિર લુધિયાનવીએ વર્ષો પહેલા લખેલું :

**‘ઔરતને જનમ દિયા મરદોંકો,**
**મરદોને ઉસે બાઝાર દિયા...’**

આવનારા સેંકડો સૂરજની સાક્ષીએ હજી પણ આ જ રીતે ‘મહિલા દિન’ ઉજવાતાં રહેશે- જો પ્રેમના નાટકો ગંભીરતાથી બંધ કરવામાં નહીં આવે, તો.

પ્રેમ પારા જેવો છે, સ્ત્રી જ પચાવી શકે. પ્રેમનો વરસાદ પણ એ પચાવી શકે અને પ્રેમની આજીવન તરસ પણ એ જ પચાવી શકે. એનું હૃદય રડતું હશે, પણ એની આંખ એની પીડાની કયારેય ચાડી ખાશે નહીં. સ્ત્રીની આંખ જ સ્ત્રીની આગવી ઓળખ છે. નવજાત દીકરીનો પ્રેમથી ઉછેર કરનાર મંદિર-મસ્જિદ નહીં જાય તો ચાલશે કારણ કે સાક્ષાત ઈશ્વરનું રૂપ-સાક્ષાત ખુદાનું નૂર જ દીકરી રૂપે ઘરમાં ધબકતી જિંદગીનું અજવાળું ફેલાવી રહ્યું હોય છે. દીકરી વગરનું ઘર શ્વાસ વગરના દેહ જેવું છે. દીકરી વગરનું ઘર એટલે અર્થ વગરનો શબ્દ, દીકરી વગરનું ઘર એટલે ચાંદ, તારા અને સૂરજ વગરનું આકાશ... દીકરી તો ઘરનો અર્થ છે. એ જ દીકરી કોઈકની પ્રિયતમા બને છે, કોઈકની પત્ની બને છે ત્યારે પરાયા શ્વાસને પોતાના લોહીમાં ભેળવી દે છે. અસ્તિત્વને અકબંધ રાખી અહમને ઓગાળી નાખવો એ કપરૂં છે- પુરૂષની તાકાત નથી. પોતાની ઓળખને ઓગાળી નાખી નવી જ ઓળખનું એક નવું આકાશ જન્માવવાની શક્તિ માત્રને માત્ર સ્ત્રી પાસે છે. એકલો જ પુરૂષ રહેતો હોય તો એ બંગલો, ‘ઘર’ નથી કહેવાતો, પણ એ જ બંગલામાં કે સાવ નાની ઝૂંપડીમાં સ્ત્રી વસતી હોય- શ્વસતી હોય તો એ ‘ઘર’ કહેવાશે. એટલે તો કહ્યું કે દીકરી જ મકાનને ‘ઘર’ બનાવી શકે !

આજે આપણે એ દીકરીના અસ્તિત્વની શું દશા કરી છે એ પંજાબી કવયિત્રી અમૃતા પ્રીતમના, જયા મહેતાએ કરેલા અનુવાદિત કાવ્યમાં સંભળાય છે.

**હું જન્મોજન્મની દ્રૌપદી છું**
**હું પાંચ તત્ત્વની કાયા-**
**પાંચ તત્ત્વોને પરણી છું...**
**કોઈ એક જન્મમાં, હું એ જ દ્રૌપદી**
**જુગારની એક વસ્તુની જેમ**
**રાજસભામાં આવી’તી,**
**આ જન્મમાં પણ એ જ કૌરવો છે**
**એ જ ચહેરા છે, એ જ મહોરાં**
**અને એમણે એ જ બાજી માંડી છે.**
**હું એ જ પાંચ તત્ત્વોની કાયા...**
**હું એ જ નારી દ્રૌપદી -**
**આજે જુગારની વસ્તુ નથી,**
**હું ખુદ જુગાર રમવા આવી છું !**

- કવિતા તો લાંબી છે સ્ત્રીની અનંત વેદના જેવી, પણ એનો ભાવ રજૂ કર્યો છે. ગઈકાલની, આજની અને આવતીકાલની સ્ત્રીના અસ્તિત્વનો...શબ્દપ્રીતે પણ એ જ વેદનાને વ્યક્ત કરી છે :

**“એ દિવસથી વાયરાનું રૂપ તોફાની થયું**
**જોઈ લીધો જે ક્ષણે મેં એક ટમટમતો દીવો”**

**ટહુકો :**

**હવાદિસ સે ઉલઝ કર મુસ્કુરાના મેરી ફિતરત હૈ**
**મુઝે દુશ્વારિયોં પર અશ્ક બરસાના નહીં આતા**
**- અખ્તર શિરાની**

# મહિલા વિશ્વ કપ અને ભારતીય સંવેદનો...

મહિલા વન ડે વર્લ્ડ કપની ફાઈનલ ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે હતી. હરમનપ્રીત કૌરની આગેવાનીમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમ, સાઉથ આફ્રિકાની ટીમ સાથે ટકરાઈ અને દક્ષિણ આફ્રિકાને ૫૨ રને હરાવીને ૫૨ વર્ષે વિશ્વકપ કબજે કર્યો. દક્ષિણ આફ્રિકાની ટીમે મુંબઈના ડી.વાય.પાટિલ સ્ટેડિયમમાં ટોસ જીતીને ભારતીય ટીમને બેટિંગમાં ઉતારી, તો ભારતીય મહિલા ટીમે ૭ વિકેટ ગુમાવીને ૨૯૮ રન કરીને ૨૯૯ રનનો ટાર્ગેટ દક્ષિણ આફ્રિકા સામે મૂક્યો. ભારત માટે શેફાલી વર્માએ ૮૭, દીપ્તિ શર્માએ ૫૮, સ્મૃતિ મંધાનાએ ૪૫ અને રિચા ઘોષે ૩૪ રન નોંધાવ્યા. (રિચાના નામે સૌથી વધુ ૧૨ સિક્સર વર્લ્ડ કપમાં બોલે છે) દીપ્તિ શર્માએ સૌથી વધુ ૫ વિકેટ લીધી, તો દક્ષિણ આફ્રિકા તરફથી આઈબોન્ગા ખાકાએ ૩ વિકેટ લીધી, પણ સાઉથ આફ્રિકા ૨૪૬ રનમાં ઓલ આઉટ થઈ જતાં વિશ્વકપ ભારતને ભાગે આવ્યો.

**ભારતની કોઈ પણ ફોર્મેટમાં આ પહેલી આઈસીસી ટ્રોફી છે.**

ઓસ્ટ્રેલિયા આ કપ સાત વાર જીતી ચૂક્યું હતું અને તે ભારત સામે સેમી ફાઈનલમાં આવ્યું હતું. ખરેખર તો એ મેચ વધારે કટોકટી ભરી હતી, કારણ સેમી ફાઈનલમાં ભારત, ઓસ્ટ્રેલિયા સામે એકથી વધુ વખત હારી ચૂક્યું હતું. એ જ સ્થિતિ ફરી એક વાર ૨૦૨૫માં ભારત સામે આવી હતી, પણ જેમિમાહ રોડ્રિગ્સે સેમી ફાઈનલમાં ૧૨૭ રન ખડકીને ફાઈનલ પ્રવેશની, ભારતની સ્થિતિ મજબૂત કરી દીધી હતી.



## સ્ત્રી સશક્તીકરણ

- રવીન્દ્ર પારેખ

જેમિમાહે જ સેમી ફાઈનલની જીત પછી કહેલું, આટલે સુધી આવ્યાં, હવે એક જ મેચ બાકી છે. આ વાતથી આખી ભારતીય ટીમમાં નવી ઊર્જાનો સંચાર થયો. વધારામાં શેફાલી વર્માએ ફાઈનલમાં ૮૭ રન કર્યા ને બે મહત્ત્વની વિકેટ લઈને ભારતની જીત પાકી કરી, એટલું જ નહીં, પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ પણ મેળવ્યો.

ભારતીય ટીમને વડાપ્રધાને શુભેચ્છાઓ પાઠવી. X પર તેમણે લખ્યું પણ ખરૂં કે આ ઐતિહાસિક જીત ભવિષ્યની ખેલાડીઓને રમતમાં ભાગ લેવા પ્રેરિત કરશે. પીએમ ભારતીય ટીમને મળ્યા પણ ખરા ને ટીમની વાતો પણ સાંભળી. તેમણે બહુ મહત્ત્વની વાત એ કરી કે તમામ ખેલાડીઓ એક દિવસ તેમની સ્કૂલમાં વિદ્યાર્થીઓ સાથે વીતાવે. આટલું થશે તો ઘણાં વિદ્યાર્થીઓને પ્રેરણા મળશે. તમામ ખેલાડીઓએ એ વાત માની પણ ખરી. વિશ્વકપની જીત પર સચિન તેંડુલકરે પણ X પર લખ્યું કે મહિલા ક્રિકેટ ટીમે ખરેખર કંઇ ખાસ કર્યું છે. ટીમે દેશભરની અગણિત યુવા મહિલાઓને બેટ અને બોલ ઉપાડીને મેદાનમાં ઉતરવા અને એ વિશ્વાસ કરવા પ્રેરિત કરી છે કે તે પણ એક દિવસ ટ્રોફી ઉપાડી શકે છે.

આ જીત રેડીમેઈડ નથી. વિશ્વ કપ જીત માટે સંજોગોએ પણ ઘણો ભાગ ભજવ્યો છે. દક્ષિણ આફ્રિકાની કેપ્ટન લૌરા વોલ્વાર્ટે તો કહ્યું પણ ખરૂં કે દક્ષિણ આફ્રિકા ૨૧ વર્ષની શેફાલી વર્માને કારણે હાર્યું. શેફાલીએ મિડલ ઓવર્સમાં જે રીતે ૨ વિકેટ લીધી, તેથી દક્ષિણ આફ્રિકા પાછળ પડ્યું ને ગમ્મત જુઓ કે શેફાલી વર્મા વર્લ્ડ કપ માટેની ટીમમાં જ ન હતી. તેને તો ખરાબ ફોર્મને કારણે વન ડે ટીમમાંથી વર્ષ પહેલાં જ ઘર ભેગી કરી દેવાયેલી, પણ બાંગ્લાદેશ સામેની મેચમાં પ્રતિકા રાવલ ઈન્જર્ડ થતાં ફાઈનલમાં તેની જગ્યાએ ઓપનર તરીકે રમવાનું તેડું આવ્યું. આ અણધારી તક મળતાં તે બોલી હતી કે ભગવાને મને કંઇ સારૂં કરવા મોકલી છે ને એ દર્શકોને જોવા મળ્યું પણ ખરૂં.

ક્રિકેટમાં જીત એક વ્યક્તિના પ્રયત્નથી મળતી નથી. વ્યક્તિ મહેનત કરે, પણ બાકી ખેલાડીઓનો સાથ ન હોય તો એકલ વ્યક્તિનો પ્રયત્ન જીતમાં ફેરવાતો નથી. સેમી ફાઈનલમાં જેમિમાહે ૧૨૭ રન કર્યા એ ખરૂં, પણ તે રન કરવામાં તેને કેપ્ટન સહિત અન્ય ખેલાડીઓનો સાથ મળ્યો ને ભારતનો ફાઈનલમાં પ્રવેશ શક્ય બન્યો, જયારે ફાઈનેલમાં દક્ષિણ આફ્રિકાની કેપ્ટન વોલ્વાર્ટે ૧૦૧ રન ફટકારીને જેમિમાહ જેવો જ શાનદાર દેખાવ કર્યો, પણ તેને અન્ય ખેલાડીઓનો સાથ ન મળ્યો ને દક્ષિણ આફ્રિકાએ ફાઈનલમાં હારનો સામનો કરવાનો આવ્યો. એવી જ સ્થિતિ જેમિમાહની પણ હતી. ૨૦૨૫ વર્લ્ડ કપમાં બે વાર ઝીરોમાં આઉટ થતાં ઈંગ્લેન્ડ સામેની મેચમાં જેમિમાહને પડતી મૂકવામાં આવી હતી, પણ વાપસી થઈ, તો બંને મસ્ટ વિન મેચમાં ન્યુઝીલેન્ડ સામે ૭૬ રન અને ઓસ્ટ્રેલિયા સામે અણનમ સદી ફટકારી પોતાનું અને ભારતનું જીત માટેનું સ્થાન પાકું કરી દીધું.

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની મહિલાઓમાંની ઘણી, સામાન્ય કુટુંબોમાંથી આવે છે. ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌર ૩૬ વર્ષની છે ને પંજાબના મોગાની છે. તેણે ૯ મેચમાં ૨૬૦ રન બનાવ્યા છે. માતા સતવિંદર કૌર ગૃહિણી છે ને પિતા હરમિંદર સિંહ ભુલ્લર બાસ્કેટ બોલ ખેલાડી છે. ૨૯ વર્ષની સ્મૃતિ મંધાના મુંબઈની બેટર છે ને તેણે ૯ મેચમાં ૪૩૪ રન કર્યા છે. માતા સ્મિતા ગૃહિણી છે, જયારે પિતા શ્રીનિવાસ ઉદ્યોગપતિ છે. ૨૫ વર્ષની પ્રતિકા રાવલ દિલ્હીની બેટર છે. તેણે સાત મેચમાં એક ફિફ્ટી અને એક સદી સાથે ૩૦૮ રન કર્યા છે. તેની માતા રજની ગૃહિણી છે ને પિતા પ્રદીપ રાવલ એમ્પાયર છે. રોહતક, હરિયાણાની શેફાલી વર્માના પિતા સંજીવ વર્મા ઘરેણાંની દુકાન ચલાવે છે અને માતા પરવીન ગૃહિણી છે. ૮ મેચમાં ૨૯૨ રન બનાવનાર જેમિમાહ રોડ્રિગ્સ મુંબઈની છે. માતા લવિતા એક સ્કૂલમાં શિક્ષિકા છે ને પિતા ઈવાન કોચ છે. ઉમા છેત્રીના માતા પિતા ગ્રામીણ મજૂર છે. ૨૭ વર્ષની હરલીન દેઓલ ચંદીગઢની છે. તેણે ૭ મેચમાં ૧૬૯ રન કર્યા છે. તેની માતા ચરણજીત કૌર સરકારી કર્મચારી છે ને પિતા બી.એસ. દેઓલ બિઝનેસમેન છે. સિલિગુડી, પશ્ચિમ બંગાળની રિચા ઘોષે એક ફિફ્ટી સાથે ૮ મેચમાં ૨૩૫ રન કર્યા છે ને તેની માતા સ્વપ્રા એક ગૃહિણી છે, તો પિતા માનવેન્દ્ર પૂર્વ ક્રિકેટર અને એમ્પાયર છે. કોરોના કાળમાં બધું ઠરી ગયું હતું ત્યારે રિચાએ છત પર નેટ લગાવી પ્રેક્ટીસ શરુ કરી હતી. તેણે મહિલા વન ડેમાં સૌથી ઝડપી ૧૦૦૦ રન કરવાનો રેકોર્ડ પણ કર્યો. આગ્રાની ઓલ રાઉન્ડર દીપ્તિ શર્મા(૨૮)એ ૯ મેચમાં ૨૧૫ રન કર્યા અને ૨૨ વિકેટ લીધી. એ સાથે તે સૌથી વધુ વિકેટ લેનાર ટોપ ત્રણ બોલરોમાં સ્થાન પામી છે. તેની માતા સુશીલા પૂર્વ પ્રિન્સિપાલ, હાલ ગૃહિણી છે ને પિતા ભગવાને રેલવેમાં કામ કર્યું છે. ૨૫ વર્ષની ઓલ રાઉન્ડર અમનજોત કૌરે ૭ મેચમાં ૧૪૬ રન કર્યા અને ૫ વિકેટ લીધી. તેની માતા રણજિત ગૃહિણી છે અને પિતા ભૂપિન્દર સિંહ લાકડાના ઠેકેદાર છે. ઉત્તરાખંડની સ્નેહ રાણાએ ૬ મેચમાં ૯૯ રન કર્યા અને ૭ વિકેટ લીધી. તેની માતા વિમલા ગૃહિણી છે ને પિતા નટવર સિંહનું અવસાન થયું છે. ધુવારા, છતરપુર (મધ્યપ્રદેશ)ની કાંતિ ગૌર (૨૨) બોલર છે. તેણે ૬ મેચમાં ૯ વિકેટ લીધી છે ને તેની માતા નીલમ ગૃહિણી છે, તો પિતા મુન્ના ગૌર પોલીસ કોન્સ્ટેબલ છે. સીમલાની બોલર રેણુકા સિંહે (૨૯) ૬ મેચમાં ૩ વિકેટ લીધી. તેની માતા સુનિતા ઠાકુર વર્ગ-૪ની કર્મચારી છે અને પિતા કેહર સિંહનું મૃત્યુ થયું છે. ૨૫ વર્ષની રાધા યાદવ મુંબઈની છે. તેણે ૩ મેચમાં ૪ વિકેટ લીધી. તેની માતા ગૃહિણી છે ને પિતા ઓમપ્રકાશ શાકભાજી વેચે છે. ૨૧ વર્ષની શ્રી ચરણી એરામાલે, આંધ્રની છે. તેણે ૯ મેચમાં ૧૪ વિકેટ લીધી. પિતા ચન્દ્રશેખર થર્મલ પાવર પ્રોજેક્ટમાં કર્મચારી છે. જોઈ શકાશે કે મોટે ભાગની ખેલાડીઓની માતા ગૃહિણી છે ને પિતા કોચ, એમ્પાયર કે સાધારણ કામગીરી કરે છે.

**ટૂંકમાં, સ્ટ્રગલ ઘરમાં છે ને મેદાનમાં તો છે જ !**

જીતનું મહત્ત્વ તો છે જ, પણ એને નિમિત્તે ખેલાડીઓનાં અને ભારતીય જનતાનાં સંવેદનો આકાર લે છે એ પણ એટલાં જ મહત્ત્વનાં છે, કારણ મેદાન પર આવતાં પરિણામો એનો જ પડઘો હોય છે. અમનજોત કૌરની વાત કરીએ તો ફાઈનલ મેચમાં તેની દાદીને હાર્ટએટેક આવ્યો હતો, પણ અમનજોતનું ધ્યાન ન ભટકે એટલે પરિવારે તેનાથી વાત છુપાવી. જીત પછી તેના પિતાએ કહ્યું કે આ જીત ટેન્શનમાં અમારે માટે મલમ જેવી છે. રાધા યાદવ કોલિવરી ઝૂપડપટ્ટીમાં ઊછરી છે. શાકભાજી વેચતા તેના પિતા ઓમપ્રકાશ પાસે ક્રિકેટ અકાદમીની ફી ભરવાના પૈસા પણ ન હતા, પણ કોચ પ્રફુલ્લ નાઈકના માર્ગદર્શન અને પોતાની મહેનતથી રાધાએ ટીમ ઈન્ડિયામાં એવું સ્થાન બનાવ્યું કે વિપક્ષી ટીમને માટે એ પડકાર બની ગઈ છે.

મહિલા વિશ્વ કપ ભારત જીતે ને આખો દેશ ઊજવે તે તો સમજાય, પણ એક વીડિયો એવો વાઈરલ થયો છે, જેમાં એક બાળકી સહિત ૩ પાકિસ્તાનીઓ ભારતને વિશ્વ કપ મેળવવા બદલ અભિનંદનો આપે છે, એટલું જ નહીં, ટીવી પર ગવાઈ રહેલું 'જન ગણ મન' દોહરાવે પણ છે. બીજું સંવેદનસભર દશ્ય હતું, ખેલાડીઓની ખેલદિલીનું. ફાઈનલ જીત્યા પછી સ્મૃતિ મંધાના, રાધા યાદવ, જેમિમા રોડ્રિગ્સ સહિત ઘણી ભારતીય ખેલાડીઓ દક્ષિણ આફ્રિકી ખેલાડીઓને આશ્વસ્ત કરતી દેખાઈ. એ જોઈને આઈસીસીએ લખ્યું પણ ખરૂં કે આ એક બીજા માટેનું માન-સન્માન દર્શાવે છે.

અંતે, ભારતીય વિશ્વ કપ વિજેતા મહિલા ટીમને હૃદયપૂર્વકનાં અભિનંદનો અને શુભેચ્છાઓ પાઠવીએ અને પ્રાર્થના કરીએ કે તેમને હાથે આ દેશની સર્વોત્કૃષ્ટ સેવા થતી રહે...

મોબાઈલ નંબર : ૯૩૭૭૯૩૯૧૨૩
ઈ-મેઈલ : ravindra 21111946@gmail.com

# બિહારની પ્રથમ મુસ્લિમ મહિલા ધારાસભ્ય અને સમાજ સુધારક : અનીસ ફાતિમા



આ નિર્ભય સ્વાતંત્ર્ય સેનાનીએ હજારો મહિલાઓને નાગરિક વિરોધ પ્રદર્શનોમાં સાથે રાખી હતી અને ઉર્દૂ અને શિક્ષણનો પ્રચાર કર્યો અને સામાજિક દુષણોનો વિરોધ કર્યો હતો.

બિહાર વિધાનસભા ચૂંટણી પ્રચાર વચ્ચે, આ રાજ્ય તેના ઈતિહાસમાં એક નોંધપાત્ર વ્યક્તિત્વનું સન્માન કરી રહ્યું છે: અને તે મુસ્લિમ મહિલા અનીસ ફાતિમા છે, જે બિહારની પ્રથમ મુસ્લિમ મહિલા ધારાસભ્ય, સ્વતંત્રતા સેનાની, શિક્ષક અને સમાજ સુધારક છે જેમની હિંમત અને દૃષ્ટિ અનેક પેઢીઓને પ્રેરણા આપે છે. ૧૯૦૧માં પટણામાં તેમનો જન્મ થયો હતો. અનીસ ફાતિમા તેમના જીવનના શરૂઆતના વર્ષોથી તીક્ષ્ણ મન અને નિર્ભય સ્વભાવ ધરાવતા હતા અને આ એવા ગુણો છે જે તેમને એવા સમયમાં અનયથી અલગ પાડતા હતા જ્યારે મહિલાઓનું શિક્ષણ અને જાહેર જીવનમાં ભાગીદારી અત્યંત મર્યાદિત હતી. તેણીએ પોતાનું પ્રાથમિક શિક્ષણ બાદશાહ નવાઝ રિઝવી સ્કૂલમાં પૂર્ણ કર્યું, જેને મદરેસા ઈસ્લામિયા તરીકે પણ ઓળખવામાં આવે છે, જે જાહેર સેવા અને રાષ્ટ્રીય સ્વતંત્રતા માટે સમર્પિત જીવનનો પાયો છે. ઈતિહાસકાર ડૉ. મીના શર્માએ કહ્યું કે, "બાળપણથી જ, તેણી ચૂપ ન રહેવા માટે મક્કમ હતી. તેમની હિંમત અને બુદ્ધિમત્તાએ તેમને અન્યથી અલગ પાડ્યા હતા, અને તેમણે આ ગુણોને સ્વતંત્રતા સંગ્રામમાં પણ અમલમાં મૂક્યા જેનાથી અસંખ્ય અન્ય લોકોને પ્રેરણા મળી હતી. અનીસ ફાતિમાની ભારતની સ્વતંત્રતા ચળવળ પ્રત્યેની પ્રતિબદ્ધતા ૧૯૨૦માં મહાત્મા ગાંધી દ્વારા શરૂ કરાયેલા અસહકાર ચળવળમાં સક્રિય ભાગીદારીથી સ્પષ્ટ થાય છે. તેમણે પટણામાં દારૂની દુકાનો સામે નિર્ભયતાથી વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કર્યું, જે તે સમયે એક મહિલા માટે હિંમતવાન પગલું હતું. ૧૯૩૦ના નાગરિક અસહકાર ચળવળ દરમિયાન, તેમણે અને સાથી કાર્યકર ગૌરી દાસે પટણામાં ૩,૦૦૦થી વધુ મહિલાઓના સરઘસનું નેતૃત્વ કર્યું હતું. જ્યારે બ્રિટિશ સરકારે તેમની સક્રિયતા માટે ૨૦૧ રૂપિયાનો દંડ ફટકાર્યો, ત્યારે તેમણે પૈસા ચૂકવવાનો ઈન્કાર કર્યો હતો. તેમની આ હિંમત માટે તેમને જેલમાં જવું પડ્યું પરંતુ તેમણે ન તો અંગ્રેજો સામે હાર સ્વીકારી કે ન તો અંગ્રેજોની ક્રૂરતા સામે નબળા પડ્યા હતા. તેમના નોંધપાત્ર નેતૃત્વએ તેમને રાષ્ટ્રીય માન્યતા અપાવી, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે તેમને મોન્ટાગુ-ચેમ્સફોર્ડ સુધારાઓનો વિરોધ કરવા માટે ઈંગ્લેન્ડ મોકલવામાં આવેલા પ્રતિનિધિમંડળમાં સામેલ કર્યા હતા.

૧૯૩૭માં અનીસ ફાતિમાએ બિહારના પ્રથમ મહિલા ધારાસભ્ય તરીકે ઈતિહાસ રચ્યો હતો, તેમણે સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચૂંટણી લડી અને જીતી પણ હતી. તેમની વક્તૃત્વ કુશળતા એટલી આકર્ષક હતી કે તેમને "લેડી ઈમામ"નું બિરૂદ આપવામાં આવ્યું હતું. તેઓ અંજુમન તહેરીક-એ-ઉર્દૂના સક્રિય સભ્ય પણ હતા, જેમણે ઉર્દૂને બિહારની બીજી ભાષા તરીકે માન્યતા મળે તે માટે ઝુંબેશ પણ ચલાવી હતી.

શિક્ષણવિદ પ્રોફેસર આરિફ ખાને કહ્યું કે, તેમની ચૂંટણી રાજકીય જીત કરતાં પણ વિશેષ હતી. તે એક સાબિતી હતી કે મહિલાઓ અને ખાસ કરીને મુસ્લિમ મહિલાઓ સમાજનું નેતૃત્વ કરી શકે છે. રાજકારણ ઉપરાંત, તેમણે સ્વતંત્રતા પછીના વર્ષોમાં બિહારમાં શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત કામગીરી કરી હતી અને ખુદાબક્ષ ઓરિએન્ટલ પબ્લિક લાઈબ્રેરી સાથે સંકળાયેલા રહ્યા હતા અને બાળ લગ્ન અને પડદા પ્રથાઓ જેવા સામાજિક દુષણો સામે લડત આપી હતી. અનીસ ફાતિમાનું જીવન સેવા, હિંમત અને મહિલા સશક્તિકરણ પ્રત્યે તેમની પ્રતિબદ્ધતા દર્શાવે છે. સર સૈયદ અલી ઈમામ સાથે લગ્ન કરીને તેમણે શિક્ષણ, સામાજિક સુધારણા અને જાહેર સેવામાં તેમના અથાક પ્રયાસો દ્વારા "જદીદ બિહાર" અથવા નવા બિહારનો પાયો નાખવામાં મદદ કરી હતી. સ્થાનિક કાર્યકર્તા ફાતિમા રિઝવીએ ટિપ્પણી કરી કે, અનીસ ફાતિમાએ એ બતાવ્યું કે હિંમત અને સમર્પણ એ માત્ર પુરૂષોનો જ ઈજારો નથી, તેણીએ માત્ર રાષ્ટ્રની સ્વતંત્રતા માટે જ નહીં પરંતુ સમાજમાં છોકરીઓ અને મહિલાઓના અધિકારો માટે પણ લડત આપી હતી અને તેમનો વારસો આજે પણ આપણને માર્ગદર્શન આપે છે. બિહારમાં આજે અનીસ ફાતિમા જેવા અગ્રણીઓને યાદ કરવાથી આપણે સમજી શકીએ છીએ કે સાચું નેતૃત્વ પદ દ્વારા નહીં પરંતુ સેવા, બહાદુરી અને સમાનતા અને ન્યાય પ્રત્યેની પ્રતિબદ્ધતા દ્વારા કરવામાં આવે છે. **(સૌ. : ક્લેરિયન ઈન્ડિયા)**

# અધધધ.... ૧૫૦ ડિગ્રી ધરાવતા ચેન્નાઈના પ્રોફેસર પાર્થિબન

**તેમનું લક્ષ્ય ૨૦૦ ડિગ્રી પાર કરવાનું છે ચેન્નાઈના આ પ્રોફેસરનું નામ છે વી.એન. પાર્થિબન. પાર્થિબને ૩૦ વર્ષમાં ૧૫૦થી વધુ ડિગ્રીઓ એકત્રિત કરી છે, તેમણે તેમના મોટાભાગનો પગાર અભ્યાસ પાછળ ખર્ચી નાખ્યો છે, આ બધું એક વચનથી શરૂ થયું હતું**

આજે જ્યારે મોટાભાગના લોકો, પરીક્ષાઓને એક અવરોધ ગણે છે ત્યારે ચેન્નાઈના પ્રોફેસર વી.એન. પાર્થિબન માટે, તે જીવનનો એક માર્ગ છે. જ્યારે તેમના સાથીદારો કારકિર્દીનું આયોજન કરી રહ્યા હતા, ત્યારે પાર્થિબન ડિગ્રીઓ એકત્રિત કરી રહ્યા હતા. આ ડિગ્રીઓ તેઓ પોતાના ગૌરવ માટે નહીં પરંતુ તેમની માતાને આપેલા વચનનું પાલન કરવા માટે એકત્રિત કરી રહ્યા હતા. તે વચન તેમના માટે, અભ્યાસ કરો અને પરીક્ષા આપોની એક અવિરત ઝુંબેશ બની ગયું હતું. આજે ૬૦ વર્ષીય પ્રોફેસર પાર્થિબનની અલમારી ૧૫૦ ડીગ્રીઓ અને પ્રમાણપત્રોથી ભરેલી છે. હજુ તેમની વધુ અભ્યાસ કરવાની અને કઈક વધુ શીખવાની અખંડ ભૂખ હજુ શમી નથી. આજે લોકો તેમને 'ડિગ્રીઓના ભંડાર' અને 'હરતો ફરતો જ્ઞાનકોશ' તરીકે ઓળખે છે. આ ઉપનામોથી તેમને એટલા માટે બોલાવાય છે કારણ, તેમનું સી.વી. કોઈ યુનિવર્સિટીના અભ્યાસક્રમો હોય તેની યાદી જેવો દેખાય છે. વિશ્વમાં કોઈ વ્યક્તિ દ્વારા મેળવેલી સૌથી વધુ શૈક્ષણિક લાયકાતનો બિનસત્તાવાર રેકોર્ડ આ પ્રોફેસર પાસે હોવાનું જણાય આવે છે.

**રોજિંદા કાર્ય કરતા હોય તેમ અભ્યાસ કર્યો**

પાર્થિબને શિક્ષણને ૧૯૮૧થી એક રોજીંદા કાર્યની જેમ નિયમિત બનાવ્યું. શિક્ષણ, માટેનો ખર્ચ તે પોતે જ ઉઠાવે છે, તેમના પગારનો લગભગ ૯૦% હિસ્સો ફી, પુસ્તકો અને પરીક્ષા પાછળ ખર્ચ થઈ જાય છે. હાલમાં તેઓ ચેન્નાઈની આર.કે.એમ. વિવેકાનંદ કોલેજમાં એસોસિયેટ પ્રોફેસર અને વાણિજ્ય વિભાગના વડા તરીકે ફરજ બજાવે છે. તેમણે તેમની પ્રથમ ડિગ્રીના એક વર્ષ પછી, ૧૯૮૨માં તેમની શિક્ષણ કારકિર્દીની શરૂઆત કરી હતી. તે સવારે ૫ વાગ્યે ઉઠે છે અને મોડી રાત સુધી (લગભગ ૧૧:૩૦ વાગ્યા સુધી) અભ્યાસ કરે છે, આ નિત્યક્રમ તેમણે દાયકાઓથી જાળવી રાખ્યો છે. તે હજુ પણ રવિવારનો દિવસ સંશોધન, વર્ગો અથવા પરીક્ષાઓ પાછળ વિતાવે છે. અભ્યાસમાંથી એકમાત્ર વિરામ તરીકે તે દર રવિવારે સાંજે કન્નડસન ગીતો સાંભળે છે. તેમણે સન્ડે ઈન્ડિયનને એક મુલાકાતમાં જણાવ્યું કે, 'મને ભણવામાં ખરેખર આનંદ આવે છે. તે બિલકુલ મુશ્કેલ નથી. હું સતત પરીક્ષાઓની તૈયારી કરતો રહુ છું અને નવી ડિગ્રીઓ અથવા ડિપ્લોમા અભ્યાસક્રમો માટે અરજી કરતો રહુ છું.'




**તેમણે મેળવેલી સિદ્ધિઓ અને કરેલા અભ્યાસની સંખ્યા વિશાળ અને વૈવિધ્યસભર છે.**

- ૧૩ માસ્ટર્સ ઓફ આર્ટ્સ (એમએ)
- ૮ માસ્ટર્સ ઓફ કોમર્સ (MCom)
- ૪ માસ્ટર્સ ઓફ સાયન્સ (એમએસસી)
- ૧૩ કાયદાના માસ્ટર્સ (વિવિધ શાખાઓ)
- ૧૨ માસ્ટર્સ ઓફ ફિલોસોફી (એમફિલ)
- ૧૪ માસ્ટર્સ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (MBA)
- ૨૦ વ્યાવસાયિક અભ્યાસક્રમો
- ૧૧ પ્રમાણપત્ર અભ્યાસક્રમો
- ૯ પીજી ડિપ્લોમા કોર્સ
- અન્ય ઘણા ડિપ્લોમા અને પીજી ડિપ્લોમા.

તેમણે અર્થશાસ્ત્ર, જાહેર વહીવટ, રાજકીય વિજ્ઞાન અને કાયદામાં અનેક માસ્ટર્સ ડીગ્રીઓ મેળવેલી છે. તેઓ હાલમાં મેનેજમેન્ટમાં પીએચડી અને કોર્પોરેટ કાયદામાં માસ્ટર ડિગ્રીનો અભ્યાસ કરી રહ્યા છે.

**ખર્ચા અને પરિણામો**

વ્યક્તિગત કરેલો ખર્ચ દેખાય આવે છે. દાયકાઓના તીવ્ર અભ્યાસે તેમની યાદશક્તિ પર અસર કરી છે. ક્યારેક તેમને ચહેરાઓ કે રસ્તાઓ ઓળખવામાં મુશ્કેલી પડે છે. છતાં તેમણે અભ્યાસ કરવાનું ચાલુ રાખ્યુ છે. તેઓ કહે છે કે, અભ્યાસ તેમનો જોમ, જુસ્સો અને હેતુ છે. તેમની પત્ની અને બાળકો શિક્ષણ પ્રત્યે ઊંડો આદર ધરાવે છે. તેમની પત્ની, એમ. સેલ્વાકુમારી પાસે નવ ડિગ્રીઓ છે અને તેઓ દરેક મોડી રાતના અભ્યાસ સત્ર અને પરીક્ષા દરમિયાન તેમની સાથે ને સાથે રહ્યાં છે. પાર્થિબનનું જીવન એ વિચારને પડકાર આપે છે કે, ડિગ્રીઓ ફક્ત પ્રમાણપત્રો છે. તેમના માટે, શીખવામાં વિતાવેલો એક દિવસ એક આપેલુ વચન છે. તમે તેમની પદ્ધતિ સાથે સંમત થાઓ કે ન થાઓ, પણ તેમની દૃઢતા એક સરળ પ્રશ્ન પૂછે છે : જો તમારું કામ શીખવવનું હોત તો તમે શું કરતા ? **(સૌ. : ઈન્ડિયા ટુડે.ઈન)**

# વાયુ પ્રદૂષણને કારણે થતાં ગળાના દુખાવાને નિયંત્રિત કરી શકાય તે માટેના સરળ અને અસરકારક ઘરેલુ ઉપચાર

આજકાલ શહેરી વિસ્તારમાં વાયુ પ્રદૂષણ સતત વધી રહ્યું હોવાથી ઘણા લોકોને ગળામાં દુખાવાની સાથે શ્વાસ લેવામાં તકલીફ પડતી હોય છે.

PM2.5, PM10, નાઈટ્રોજન ડાયોક્સાઈડ અને સલ્ફર ડાયોક્સાઈડ જેવા પ્રદૂષકોના સંપર્કમાં આવવાથી ગળા અને ઉપલા શ્વસન માર્ગના મ્યુકોસ મેમ્બ્રેનમાં બળતરા થાય છે.

જો ગંભીર લક્ષણો જણાય તો તબીબી સહા... પરંતુ હળવા પ્રદૂષણને કારણે થતાં ગળાના ... ઉપલબ્ધ સરળ, કુદરતી ઉપાયોથી નિયંત્રિત કર...




**★ઉપાય★ :**

**★ખારા પાણીના કોગળા★ :** એક ગ્લાસ ગરમ પાણીમાં ૧ઘ ચમચી મીઠું ભેળવીને દિવસમાં બે વાર કોગળા કરો. આ સોજો ઘટાડવામાં, લાળને છૂટી કરવામાં અને બેક્ટેરિયાને મારવામાં મદદ કરે છે.

**★તુલસી-આદુ-મધ મિશ્રિત ચા★ :** તુલસીના પાન અને આદુના ટુકડાને પાણીમાં ઉકાળો. થોડું ઠંડુ થાય પછી તેમાં એક ચમચી મધ ઉમેરો. તુલસી રોગપ્રતિકારક શક્તિ વધારે છે, આદુ બળતરા ઘટાડે છે અને મધ ગળાના દુખાવાને શાંત કરે છે.

**★ગરમ પાણીનો નાસ લો★ :** પાણીને ગરમ કરો. તેમાં થોડા ટીપાં નીલગિરી અથવા પેપરમિન્ટ તેલના ઉમેરો. તેની વરાળને શ્વાસમાં લો. આમ કરવાથી નાકનો માર્ગ સાફ થાય છે અને ગળાનું અસ્તર હાઈડ્રેટ થાય છે.

**★હળદરવાળું દૂધ★ :** એક ગ્લાસ ગરમ દૂધમાં ઘ ચમચી હળદર ઉમેરો. હળદરમાં રહેલાં બળતરા વિરોધી અને એન્ટિસેપ્ટિક ગુણધર્મો ગળાની બળતરા મટાડવામાં મદદ કરે છે.

**★મુલેઠીના મૂળીયાં★ :** મુલેઠીના મૂળનો એક નાનો ટુકડો ચાવો અથવા મુલેઠી મિશ્રિત ચા પીઓ. મુલેઠીમાં કુદરતી પીડાશામક ગુણધર્મો છે જે ગળાના આવરણને મજબૂત બનાવીને તેને શાંત કરે છે.

**★મધ અને લીંબુ પાણી★ :** ગરમ પાણીમાં લીંબુના રસના થોડા ટીપાં અને એક ચમચી મધ ટુકડા મિક્સ કરીને પીવો. મધ ગળાના આવરણની રક્ષા કરે છે જ્યારે લીંબુમાં રેલ વિટામિન સી રોગપ્રતિકારક શક્તિ વધારે છે.

**★શરીરમાં પાણીની માત્રા જાળવી રાખો★ :** વધારે પાણી, હર્બલ ટી, સૂપ અને પ્રવાહી પીવો. તે ગળાને ભેજયુક્ત રાખવા અને ઝેરી તત્ત્વો બહાર કાઢવા માટે ખુબ ઉપયોગી છે.

**★હ્યુમિડિફાયર (ભેજ વધારતું યંત્ર)નો ઉપયોગ કરો★ :** ઘરની સૂકી હવા ગળામાં બળતરા વધારે છે. હ્યુમિડિફાયર હવામાં ભેજ ઉમેરે છે, જેના કારણે ઊંઘની ગુણવત્તામાં સુધારો થાય છે.

**- પ્રિયંકા દાસ (સૌ : ન્યુઝ ૧૮.કોમ)**

**(નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.)**

# બગદાદનો સ્થાપક : અબુ જાફર અલ મન્સુર

અબુ જાફર અબ્દુલ્લાહ અલ મન્સુર બિન મુહમ્મદ ઈબ્ને અલી અલ હાશમી અલ અબ્બાસી બીજા અબ્બાસી ખલીફા અને 'વર્તુળાકાર શહેર ' મદીનતુસ- સલામ અર્થાત બગદાદ શહેરના સ્થાપક હતા. તેઓ પોતાના લકબ 'અલ મન્સુર'ના નામે પ્રસિદ્ધ છે. એમના ભાઈ પ્રથમ અબ્બાસી ખલીફા અબુલ અબ્બાસ અસ્સફ્ફાહ અને એમની માતા સલમા એક બર્બર દાસી હતા.

તેમનો જન્મ હિસ ૯૫/ઈસ ૭૧૩ કે ૭૧૪માં શારહ પ્રદેશ (મા'આન નજીક)માં અલ-હુમૈમા (સીરિયા -જોર્ડન)માં થયો હતો.

અલ મન્સુરને એમના ભાઈ અસ સફ્ફાહે આર્મેનિયા અઝરબૈજાન અને ઈરાકના શાસક નિયુક્ત કર્યા હતા જ્યાં તેઓ ખલીફા તરીકેની પોતાની તખ્ત નશિની સુધી શાસન કરતા રહ્યા. ઝિલહજ ૧૩૬ હિજરીમાં તેમના ભાઈ અસ-સફાહના મૃત્યુ થયું ત્યારે તેઓ હજ કરીને પાછા આવી રહ્યા હતા અને એમને ખબર પડી કે ખલીફા તરીકે એમની નિયુક્તિનું એલાન થઈ ચૂક્યું છે. એમના કાકા અબ્દુલ્લાહ બિન અલીએ વિરોધ કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ એમને અબુ મુસ્લિમે સખત હાર આપી. અલ મન્સુરે ખિલાફત સંભાળી અને અબુ મુસ્લિમથી ડર પણ લાગ્યો કે એની મહત્ત્વાકાંક્ષાઓ ઘણી મોટી છે અને ભવિષ્યમાં ખલીફા બનવા માટે વિદ્રોહ પણ કરી શકે છે. આ આશંકાથી એમણે અબુ મુસ્લિમને કતલ કરાવી દીધા. એનાથી ખોરાસાનમાં વિદ્રોહ ભડકી ઊઠ્યો.આ વિદ્રોહનો મુખ્ય નેતા એક ઈરાની હતો પરંતુ ખલીફા એ એને કચડી નાખ્યો. એક બીજા વિદ્રોહી જોહરને પણ કચડી એને કતલ કરી દેવામાં આવ્યો. આ જ સમયમાં ખારીજીઓએ પણ મુબલ્લદ બિન હરમલા અશ્શયાનીની આગેવાની હેઠળ બગાવત કરી અને મન્સુરના સૈન્યને એક પછી એક કારમી પછડાટ આપી. આખરે ખાઝિમ બિન ખુઝેમાંએ હિસ ૧૩૮માં આ બળવાને કચડી નાખ્યો અને મુબલ્લાદ માર્યો ગયો.આ પછી પણ કેટલાક વિદ્રોહ થતા રહ્યા અને અલ મન્સુરે એ બધાજ વિદ્રોહ ને કચડી નાખ્યા.

બાઝેન્તીનીઓ સાથે પણ કેટલાક સૈન્ય મારકાઓ થતા રહ્યા અલ મન્સુરે સરહદી વિસ્તારોમાં મલતિયા (Melitene) અને અલ મસીસીયા (Mopsuesia) બે શહેરોનું પુનઃનિર્માણ કરાવ્યું. હિન્દુસ્તાન સાથે પણ કેટલીક મૂઠભેડો થતી રહી

અલ મન્સુર પહેલાં કુફા પાસે હાસમીયામાં વસવાટ કરતા હતા પરંતુ એમણે એક નવું પાટનગર વસાવવાનું નક્કી કર્યું અને હિસ.૧૪૫/ઈસ.૭૬૨માં બગદાદ શહેરના પાયાનો પત્થર મુક્યો.આમ તેઓ બગદાદ શહેરના સ્થાપક ગણાય છે.આ શહેરની

## પ્રભાવી વ્યક્તિત્વ

- મુહમ્મદ સઈદ શેખ

સ્થાપનામાં તેઓ ઝીણવટપૂર્વક દેખરેખ રાખતા હતા અને એટલા માટે જ એમનું ઉપનામ 'અબુદ દવાનીક' (Father of the Coins) પડી ગયું હતું. બગદાદની સ્થાપના મામલે ખાલિદ બિન યરમુક એમનો સલાહકાર હતો. તેમની અન્ય સિદ્ધિઓમાં રક્કામાં અલ-મસીસા અને અલ-રફીકા શહેરો અને મક્કામાં ગ્રાન્ડ મસ્જિદ-હરમ શરીફનું વિસ્તરણ હતું.

એમણે ખિલાફતની આર્થિક સ્થિતિ સુધારવા માટે ઘણા પગલા લીધા અને પોતાના ઉત્તરાધિકારીઓ માટે એક મોટો ખજાનો વારસામાં છોડ્યો. એમણે જ્ઞાન અને સાહિત્યના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો. તેઓ પોતે એક સારા વક્તા હતા. તેમના શાસનકાળ દરમિયાન, અરબોએ ગ્રીક અને પર્શિયનો પાસેથી જ્ઞાન મેળવવાનું શરૂ કર્યું, અને ઈસ્લામમાં સૌ પ્રથમ એસ્ટ્રોલેબ ખગોળશાસ્ત્રી મુહમ્મદ ઈબ્ને ઈબ્રાહિમ અલ-ફઝારી દ્વારા બનાવવામાં આવ્યો હતો. તેના હસ્તાક્ષરો અપવાદરૂપે વાક્ચાતુર્યપૂર્ણ હતા. તે બધા અબ્બાસી ખલીફાઓના પિતા હતા. તે બધામાં સૌથી હિંમતવાન અને નિર્ણાયક હતા, છતાં તેણે પોતાના શાસનને મજબૂત કરવા માટે ઘણા લોકોને મારી નાખ્યા. ખલીફા મન્સુર, જેમણે ૧૪૦ (૭૫૮), ૧૪૭ (૭૬૫), ૧૪૮ (૭૬૬) અને ૧૫૨ (૭૬૯)માં હજ કરી હતી, તે ૧૫૮ (૭૭૫)માં ફરીથી હજ કરવા જતા રસ્તામાં બીમાર પડી ગયા અને (મક્કાની ભૂમિમાં) બીર મૈમુન નામના સ્થળે ચોસઠ વર્ષની આયુમાં મૃત્યુ પામ્યા (૬ ધુલ-હિજ્જા ૧૫૮ / ૭ ઓક્ટોબર ૭૭૫). તેમની કબર છુપાવવા માટે, ૧૦૦ અલગ કબરો ખોદવામાં આવી. બાદમાં તેમને બીર મૈમુન નજીક અથવા જન્નતુલ-માલામાં દફનાવવામાં આવ્યા. તેમના પુત્ર મુહમ્મદ અલ-મહદી, જેમને તેમણે સ્પષ્ટ વારસદાર તરીકે નિયુક્ત કર્યા, તેમના પછી ગાદીએ આવ્યા. અલ મન્સુરની ખિલાફત ૨૨ વર્ષ ચાલી.

અલ-મન્સુર કાળી ચામડીના, પાતળા, ઊંચા, છૂટાછવાયા દાઢી, પરસેવાથી લથપથ ચહેરો, પહોળી દાઢી જે તેમણે કાળા રંગે રંગી હતી અને પહોળું કપાળ ધરાવતા હતા. તેમની આંખો "બે બોલતી જીભ જેવી" તરીકે વર્ણવવામાં આવી હતી અને તેમનામાં રાજાઓનો મહિમા હતો જે તપસ્વીઓના પોશાક સાથે ભળી ગયો હતો. તેઓ પ્રતિષ્ઠા, હિંમત, યોગ્ય નિર્ણય, નિર્ણાયકતા, ચતુરાઈ અને શક્તિની દૃષ્ટિએ અબ્બાસીઓમાં સૌથી ભવ્ય હતા. તેઓ સંપત્તિનો સંગ્રહ કરનાર, લોભી અને વ્યર્થતા અને રમતથી દૂર રહેતા હતા. અબ્બાસી રાજવંશના સાચા સ્થાપક માનવામાં આવતા અબુ જાફર અલ-મન્સુર એક બહુમુખી વિદ્વાન અને કવિ પણ હતા. એક ઉત્સુક સંશોધક, તેમણે લેખકો, કવિઓ અને વિદ્વાનોનું સમર્થન કર્યું. તેમને તર્કશાસ્ત્ર, ફિલસૂફી, અંકગણિત, ભૂમિતિ, ખગોળશાસ્ત્ર, દવા અને ઈતિહાસમાં ઊંડો રસ હતો. એક બુદ્ધિશાળી અને દૂરંદેશી શાસક, મન્સુર તેમના સારા પાત્ર માટે જાણીતા હતા, પરંતુ તેઓ તેમના કંજૂસ અને પૈસા સંગ્રહ કરવાના શોખ માટે પણ પ્રખ્યાત હતા. તેમના મૃત્યુ સમયે, તેમના ખજાનામાં ૬૦૦ મિલિયન દિરહમ અને ૪ મિલિયન દિનાર હતા. તેમણે તેમના પરિવાર અને જનતા સાથે ખૂબ દયાળુ વર્તન કર્યું. કામદારો અને કારીગરો માટે વેતનની ગણતરી પ્રત્યેના તેમના ઝીણવટભર્યા ધ્યાનને કારણે તેમને "અબુ'દ-દવનિક" (પૈસાના પિતા) અને "મન્સુર અલ-દેવનિકી" ઉપનામો મળ્યા. કેન્દ્રીય નિયંત્રણ સુનિશ્ચિત કરવા માટે તેમણે વ્યક્તિગત રીતે રાજ્ય નીતિનું નિરીક્ષણ કર્યું, કર અધિકારીઓને ન્યાયી રીતે કાર્ય કરવાની સલાહ આપી અને બારીદ સંગઠન પર ખાસ ભાર મૂક્યો. તેઓ ક્યારેય તેમના વઝીરોના પ્રભાવ હેઠળ આવ્યા નહીં. તે સ્વસ્થ મનના, સમજદાર અને ન્યાયશાસ્ત્ર, સાહિત્ય અને વિજ્ઞાનમાં જાણકાર હતા.

ખલીફા મન્સુરના શાસનકાળ દરમિયાન વિદ્વતાપૂર્ણ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તીવ્ર બની અને વિવિધ કૃતિઓનું સંસ્કૃત, સિરિયાક, કોપ્ટિક અને શાસ્ત્રીય ગ્રીક ભાષામાંથી ભાષાંતર કરવામાં આવ્યું. જોન ઈબ્ને બિત્રીક, મુહમ્મદ ઈબ્ને જિબ્રાઈલ અને પેટ્રિઆર્ક સેર્ગીયોસ જેવા વ્યક્તિઓએ અરબીમાં અનુવાદો કર્યા. આ સમયગાળા દરમિયાન, હદીસ, ન્યાયશાસ્ત્ર અને તફસીર જેવા વિજ્ઞાનની સ્વતંત્ર શાખાઓ બન્યા અને સંકલન અને વર્ગીકરણ પ્રવૃત્તિઓ ઝડપી બની. ઈબ્ને ઈશાકે મન્સુરની વિનંતી પર તેમનું પ્રખ્યાત કાર્ય લખ્યું અને મુફદ્દલ અલ-દબ્બીએ તેમની વિનંતી પર કવિતા સંગ્રહ તૈયાર કર્યો. વ્યાકરણ, અરૂઝ અને અરબી ભાષા પર વિવિધ કૃતિઓ પણ લખાઈ. તર્કસંગત અને પરંપરાગત વિજ્ઞાનમાં નોંધપાત્ર પ્રગતિ થઈ અને આ ક્ષેત્રોમાં અસંખ્ય વિદ્વાનો ઊભરી આવ્યા. મન્સુર બાંધકામ પ્રવૃત્તિઓમાં પણ ગાઢ રીતે સામેલ હતો, તેણે બગદાદ ઉપરાંત હાશિમિયે અને રફીકા શહેરોની સ્થાપના કરી. ખલીફા મન્સુરના સમયથી તુર્કોએ ઈસ્લામિક વિશ્વ પર પ્રભાવ પાડવાનું શરૂ કર્યું. તુર્કી સૈનિકો સુગુર અને અવાસિમના પ્રદેશોમાં પણ કાર્યરત હતા.

તેમના જીવન વિશે લખાયેલા કાર્યોમાં ઉમર ઈબ્ને શબ્બા અલ-નુમાયરી દ્વારા લખાયેલ "અખબાર અલ-મન્સુર" છે.

અલ મન્સુરની પ્રસિદ્ધ ઉક્તિ છે 'ખલીફાને ફક્ત ધર્મનિષ્ઠા દ્વારા શાસકને આજ્ઞાપાલન દ્વારા અને પ્રજાને ન્યાય દ્વારા જ સુધારી શકાય છે. માફીના સૌથી વધુ લાયક તે છે જે સજા માટે સૌથી વધુ સક્ષમ છે અને સૌથી ઓછા બુદ્ધિશાળી તે છે જે તેમનાથી નીચેના લોકો પર જુલમ કરે છે.''

Email. :-msaeed181@gmail.com (મો. ૯૬૨૪૦૪૬૬૭૭)

# મહેનત, સાદગી, કરકસર આપણાં સનાતન મૂલ્યો

**ડંકનાદ**

**- ડંકેશ ઓઝા**

ઘરવાળી (હોમ મેકર)એ જાતે ધોયેલા કપડાં સૂકવી દેવામાં હાથ લંબાવવો એ કંઈ મોટો ઉપકાર નથી. આપણાં ઘરમાં આપણું કામ આપણે જાતે કરીએ એ કંઈ નવાઈની વાત નથી. હું તે કરી રહ્યો હતો એવામાં બાજુના ઘરની કામવાળીએ મને સાદો સવાલ સીધો પૂછ્યો : 'તમારે ઘેર કામ કોણ કરે છે ?' મેં કપડાં સૂકવતાં સૂકવતાં જ જવાબ વાળ્યો કે 'હું કરૂં છું.' એ મૌન થઈ ગઈ ને અમે બંને કશું જ બન્યું ન હોય એમ પોતપોતાનાં કામમાં લાગી ગયાં.

ઘટના કે સંવાદ નાનકડાં છે. એની પાછળ બહુ લાંબો વિચાર કરવો પડે તેમ છે. આપણા ઘરમાં હવે આપણે જાતે કામ કરતાં જ નથી. કચરા-પોતા માટે, વાસણ માટે, રસોઈ માટે, આંગણાના ફૂલછોડ સાચવવા માટે કે આપણાં વાહનો રોજેરોજ ચકાચક રાખવા માટે બીજા લોકોની મદદ લેવાનું આપણે શીખી ગયાં છીએ. એ એટલું તો રૂઢ બની ગયું છે કે કામવાળા ન મળે એની મોટી ચર્ચા થાય છે. પણ આપણું કામ આપણે જાતે કેમ કરતાં નથી. એની કોઈ ચર્ચા કરતું નથી. બહાર નોકરી ધંધા અર્થે જતી સ્ત્રીઓને એની જરૂરિયાત હોય છે એમ આપણે સ્વીકારતા થઈ ગયા છીએ. એથી આગળ વધીને માત્ર ગૃહિણીઓ છે તે પણ દેખાદેખી એ માર્ગે વળી ગઈ છે. એને પણ આપણે સહજ અને સ્વાભાવિક ગણતાં થઈ ગયાં છીએ. બેઠાળુ જીવનશૈલીના રોગો જેમ નોકરિયાને થાય છે તેમ ઘેર બેઠેલી સ્ત્રીઓને પણ થવા લાગ્યા છે. આ હકીકતથી પણ આપણે કોઈ અજાણ નથી.

મને તરત બે દાખલા યાદ આવ્યા. ભારતીય વિદ્યાભવન, મુંબઈના વડા પારસીબાવા હોમી દસ્તૂર એંસીના દશકમાં મુંબઈની સાપ્તાહિક જન્મભૂમિની પૂર્તિમાં ત્યારે નિયમિત લખતા હતા. ત્યારે એમણે લખેલું કે હું ભાવ વધારા કે મોંઘવારીની વાત મારા જાત અનુભવ પરથી લખું છું. ભવનથી ઘેર જતાં ઘર માટેના શાકભાજી નિયમિતપણે હું જ ખરીદું છું. નગીનદાસ સંઘવી અમારા વડીલ મિત્ર એ ઘેર આવ્યા હશે અને ભારતીએ કહ્યું હશે કે ડંકેશ, પાછળ કપડાં સૂકવવા ગયા છે. નગીનભાઈ પાછળ આવી ગયા અને કપડાં સૂકવવામાં સાથે થઈ ગયા. વાતો તો કામ કરતાં કરતાં થઈ જ શકે છે ને એમ કહીને ! વડોદરામાં ભોગીલાલ અને સુભદ્રા ગાંધી આખા ઘરના ડસ્ટીંગના કામે લાગી જતાં મેં મારી નજરોનજર નિહાળ્યા છે.

ઘરકામની આપણને શરમ ક્યારથી લાગવા માંડી એવાં સંશોધનો થતાં હોય તો એ જાણવા મળતું નથી. શાળામાં બાળકો જાતે સફાઈ કરે એ તાલીમનો એક ભાગ છે. ઘરમાં અને શાળામાં બંને જગ્યાએ તે મળવા જોઈએ. આજે આપણે એવો સમાજ ઊભો કર્યો છે જ્યાં અખબારો આ તાલીમની ટીકા કરતા ફોટા છાપે છે.ભ ાન ભૂલેલાં પેરેન્ટસ અખબારોની આવૃત્તિ અને પ્રવૃત્તિને ટેકો આપે છે. એક ઉદ્યોગપતિ કોલેજમાં ભણતી પોતાની યુવાન દીકરીને શ્રમ-શરમ બંનેનું એક સાથે શિક્ષણ આપવાના હેતુથી કહેતા કે 'કોલેજથી પાછા આવતાં માણેકચોકમાંથી સાવરણી લેતા આવજો.' આજે આ શિક્ષણ રહ્યું નથી. એનાં વારવાં પરિણામો આપણી નજર સામે છે.

સાદગી એટલે આપણી પાસે વૈભવ હોય છતાં નાના માણસોની જેમ સાદા, સરળ રહેવા પ્રયત્ન કરીએ તે. 'મજબૂરી કા નામ મહાત્મા ગાંધી' નહીં પણ 'મજબૂતી કા નામ મહાત્મા ગાંધી.' બીજાને નથી મળતું, નથી મળ્યું, એને જોઈને પોતાનો વૈભવ જતો કરવો અને એમાં ન રાચવું તે. જરૂર પૂરતું, અનિવાર્ય હોય તેટલું વાપરવું, અતિશયતા ટાળવી. આવી સાદગી એક જમાનામાં સહજ અને સામાન્ય હતી. તે સમયે દેખાડો ચલણી બન્યો ન હતો સમાજ એના શ્રેષ્ઠીઓને ઓળખતો જ હતો. એ શ્રેષ્ઠીઓ પ્રદર્શનવૃત્તિથી પીડાતા નહોતા. આજે મધ્યમવર્ગે પણ અનિવાર્ય એવી સાદગી ક્યાંક એવે ઠેકાણે મૂકી દીધી છે જે એને જડતી પણ નથી.

'કરકસર ત્રીજો ભાઈ' એમ એક કાળે કહેવાતું. કંજૂસાઈ અને કરકસરમાં ફેર છે. ઈતિહાસમાં એવા દાખલા જોવા મળે છે કે જીવનભર કંજૂસી કર્યા પછી સમાજના હિત માટે મોટું ધન કે મિલકત લખીને ગયા હોય ! કસ્તુરભાઈ લાલભાઈ જેવા ઉદ્યોગપતિ વેડફાટ ન થાય, બગાડ ન થાય, તે હેતુથી એલચીના દાણા ઘરમાં આવે તો ગણીને મૂકતા. પ્રત્યેક શર્ટ વારાફરતી વપરાતું રહે તે માટે એના પર નંબર લખી રાખતા. કેટલાં બધા કુટુંબોમાં કરકસરી રીતભાતને કારણે તેઓ પોતાના બાળકોના શિક્ષણ માટે જરૂરી ખર્ચ કાઢી શકતા હતા.કરકસરનો પહેલો લાભ પોતાના કુટુંબને જ છે. એમ કરીને જો જરૂરી બચત કરી હશે તો બીજાની સામે હાથ લંબાવવો નહીં પડે, એ ભાવના હતી. શરમમાં ન મૂકવું પડે તે હેતુથી કરકસરની વૃત્તિકેઈવવામાં આવતી. આજે વધુને વધુ ઉપભોગ જેને આપણે ઉપભોકતચાવાદ કહીને વગોવીએ છીએ તે વકર્યો છે. 'મોલ કલ્ચર' એ કરકસરથી સામા છેડાની વાત છે. જેની કોઈ જરૂર નથી એવું કેટલું બધું માણસ ઉપાડતો આવે એ 'મોલ કલ્ચર' છે. કોઈ એવું કહીને બહાર નીકળી જાય કે 'બજારસે નીકલા હું ખરીદદાર નહીં હું' તો એવી વ્યક્તિની શોધ ચાલે છે.

ટૂંકમાં કહીએ તો સમાજ સનાતતન મૂલ્યોને પાછળ ધકેલીને જે ઝડપે ગતિમાન થઈ રહ્યો છે તે બાબત અભિશય ચિંતાજનક છે. જે કોઈ સાચા માર્ગે છે તેણે તે માર્ટે ટકી રહેવાની જરૂર છે. બાકીનાએ સહેજ અટકીને, થોભીને, વિચાર કરવાની જરૂર છે. દેખાદેખીને ટાળી શકીએ તો જ આ થઈ શકે.

# વિશ્વવિદ્યાલયોમાં હવે સંવાદ થશે કે હિંસા ?

**છેલ્લા બે દાયકાઓ દરમિયાન દેશભરના અનેક શૈક્ષણિક પરિસરોમાં થયેલી હિંસાની ઘટનાઓમાં મોટા ભાગે એબીવીપીના સભ્યોના નામ જોડાયેલા જોવા મળ્યા છે, હવે પ્રશ્ન એ ઉઠે છે કે વિચાર અને ચર્ચા માટે ઓળખાતા આ કેમ્પસમાં વિદ્યાર્થી સંસ્થાએ હિંસાનો માર્ગ કેમ અપનાવ્યો ?**

દિલ્લી યુનિવર્સિટીના વિદ્યાર્થી સંઘની એક મહિલા પદાધિકારી હાલમાં ચર્ચાના કેન્દ્રમાં છે, કારણ કે ડૉ. ભીમરાવ આંબેડકર કોલેજના એક શિક્ષક પર હુમલો કરતી વખતેનો તેમનો વીડિયો સોશ્યલ મીડિયા પર ઝડપી ગતિએ ફેલાઈ રહ્યો છે. તેઓ વિદ્યાર્થી સંઘની પદાધિકારી હોવા ઉપરાંત અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબિવીપી)ની સભ્ય પણ છે. અત્યારે એ વાત ખાસ મહત્ત્વની નથી કે એબિવીપી એ ગુરુને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સમાન માનતી સંસ્થા છે, કે પછી તેના પિતૃસંસ્થાન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સભ્યો વારંવાર ગુરુ-શિષ્ય પરંપરા અને ગુરુકુલ જેવી વ્યવસ્થાની પુનઃસ્થાપનાની માંગ કરતા જોવા મળે છે. આ વિચારધારાત્મક સંદર્ભમાં આદર્શ ગુરુ દ્રોણાચાર્ય છે કે પરશુરામ-તે પ્રશ્ન હાલ ગૌણ છે. આ સમયે વધુ મહત્ત્વનું છે-આ ઘટનાને અને તેની બાદ ઉઠેલી પ્રતિક્રિયાઓને સમજવાનો પ્રયાસ કરવો. સૌપ્રથમ, જે મુદ્દો નથી, તેની ચર્ચા કરી લેવી જોઈએ. વિદ્યાર્થી સંઘની પદાધિકારી 'ઉચ્ચ જાતિ'ની છે અને જેના પર હુમલો થયો તે શિક્ષક 'પછાત જાતિ'ના છે-આ હકીકત આ હિંસાને સમજવા માટે મુખ્ય નથી. એવું જરૂરી નથી કે આ હિંસા જાતિના આધાર પર થઈ હતી. હિંસાની શક્યતા તો કોઈપણ જાતિના વ્યક્તિ વચ્ચે થઈ શકત. જો આપણે જાતિનું તત્વ લાવી દઈએ, તો આ ઘટનાના મૂળ કારણથી આપણે દૂર થઈ જઈશું અને સમજૂતી વધુ મુશ્કેલ બનશે. આ પણ વિચારવા જેવું છે -શું આપણે આ ઘટનાને "ગુરુ પરની હિંસા" તરીકે રજૂ કરીને ક્યાંક એક ભાવનાત્મક અપીલ તો કરી રહ્યા નથી ? જો આવું જ કૃત્ય કોઈ અશૈક્ષણિક અધિકારી સાથે થયું હોત, તો શું આપણે એટલો જ રોષ વ્યક્ત કરત ? શું ત્યારે આ ઘટનાની ગંભીરતા ઓછી લાગી હોત ? અને શું શિક્ષક સમુદાયની પ્રતિક્રિયા એટલી જ તીવ્ર રહી હોત ? આ પ્રશ્ન એ કારણે પણ ઊભો થાય છે કે આ ઘટનાએ શિક્ષકવર્ગને તો હલચલમાં મૂકી દીધો, પરંતુ યુનિવર્સિટીના બાકી વિભાગોમાં ખાસ અસર દેખાઈ નહીં. વિદ્યાર્થીઓના જૂથોમાં પણ ફક્ત એબિવીપીના વિરોધી સંગઠનો જ બોલ્યા-જે સ્વાભાવિક છે, કારણ કે તેઓ રાજકીય રીતે વિરોધી છે. કોઈ કહી શકે કે હુમલો "શિક્ષક" પર નહીં, પણ "અધિકારી" પર થયો હતો. કારણ કે તે શિક્ષક શિસ્ત સમિતિના પ્રમુખ હતા અને ચર્ચા દરમિયાન વાત એટલી વધી ગઈ કે હાથ ઉઠી ગયો. એ સમયે તેઓ શિક્ષક નહીં, પ્રશાસકની ભૂમિકામાં હતા એવી દલીલ પણ શક્ય છે. શિક્ષકોની મુશ્કેલી એ છે કે તેમને શિક્ષણ સાથે અનેક પ્રશાસકીય જવાબદારીઓ પણ સંભાળવી પડે છે. પરંતુ શું આ બંને ભૂમિકાઓ એકબીજાથી સંપૂર્ણ અલગ છે ? શું પ્રશાસક બનતાં જ શિક્ષકપદ તેમની પાસેથી છીનવાઈ જાય છે ? હકીકતમાં તેઓ આ વધારાનું કામ પણ શિક્ષક તરીકેની ફરજભાવના સાથે જ કરે છે-તેમાં તેમનો સમય, ઉર્જા અને સમર્પણ બંને લગાડે છે. તો પછી શું આ જવાબદારીઓથી દૂર ભાગી જવું યોગ્ય ગણાય ? હકીકત એ છે કે આ કોઈ અણધારી ઘટના નથી. કેમ્પસમાં આવી હિંસાની શક્યતા હંમેશા રહેલી હોય છે. વિદ્યાર્થી નેતાઓ ઘણીવાર આક્રમક સ્વભાવ ધરાવતા હોય છે -કદાચ તેમની ઉંમરનું ઉષ્મા કારણ હોય અથવા પોતાના સમર્થકો સામે શક્તિ પ્રદર્શન કરવાની માનસિકતા. તેથી જ આપણે તેમને વારંવાર ઉગ્ર વર્તન કરતા જોઈએ છીએ. દિલ્લી યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થી સંઘ અધ્યક્ષ પર પણ અભદ્ર વર્તનના આક્ષેપ થયા હતા. આ દર્શાવે છે કે યુનિવર્સિટીના જાહેર જીવનમાં વિશ્વાસનો અભાવ છે. પ્રશાસન અને વિદ્યાર્થીઓ વચ્ચેનો સંબંધ સહયોગી કરતાં વધુ ટકરાવનો છે. વિદ્યાર્થીઓને લાગે છે કે જો તેઓ શાંતિથી વાત કરશે તો તેમની વાત કોઈ સાંભળશે નહીં. પ્રશાસન તરફથી પણ વિદ્યાર્થીઓ અને શિક્ષકો પ્રત્યે શંકાનો દૃષ્ટિકોણ રહે છે. આપણાં જાહેર જીવનની સૌથી મોટી ખામી એ છે કે આપણે "સાંભળવા"ની ધીરજ ગુમાવી દીધી છે. પ્રશાસકો પ્રતિનિધિઓને ઘણી વાર અનાવશ્યક વિઘ્નરૂપ માને છે અને તેમની હાજરીથી છૂટકારો મેળવવા તત્પર રહે છે. માનવામાં આવતું નથી કે વિદ્યાર્થી સંઘ કે શિક્ષક સંઘ સહયોગી બની શકે. ઘણી યુનિવર્સિટીઓમાં તો તેમનું અસ્તિત્વ જ નથી; અને જ્યાં છે પણ, ત્યાં પણ નીતિ ઘડતી વખતે અથવા નિર્ણયો લેતી વખતે તેમની સલાહ લેવામાં આવતી નથી. પરિણામે, તેમની ભૂમિકા સહયોગીની નહીં, પરંતુ વિરોધીની બની રહે છે. જ્યાં સંસ્થાઓમાં નિર્ણય લેતી સમિતિઓમાં વિદ્યાર્થીઓનો અવાજ ક્યારેક સાંભળાતો હતો, ત્યાં પણ હવે તેમની અવગણના થતી જાય છે. હવે આ હિંસાની ઘટનાના સંદર્ભમાં સૌથી મહત્ત્વનો પ્રશ્ન એ છે-આ વિષય પર વિદ્યાર્થી સંઘનું વલણ શું છે ? અત્યાર સુધી સંઘ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. હાલમાં સંઘમાં એક પદાધિકારી ભારતીય રાષ્ટ્રીય વિદ્યાર્થી સંઘ (એનએસયુઆઈ) સાથે જોડાયેલા છે, જ્યારે બાકીના બધા એબિવીપીના સભ્યો છે. એબિવીપી સાથે જોડાયેલા વિદ્યાર્થી સંઘ અધ્યક્ષનું નિવેદન તો જાહેર થયું છે, પરંતુ શું એ જ આખા વિદ્યાર્થી સંઘની સ્થિતિ ગણાય ? હિંસા કરનાર પદાધિકારીનું નિવેદન પણ ધ્યાન ખેંચે છે. તેમણે શિક્ષક સમુદાયથી માફી માગી છે, પરંતુ જેમણે તેમની પર હાથ ઉઠાવ્યો-તે શિક્ષક પાસે નહીં. તેમની માફી પણ અર્ધસત્ય જેવી લાગે છે, કારણ કે તે પોતાના કૃત્યને ન્યાયસંગત ઠેરવવાનો પ્રયાસ કરે છે. તેઓ શિક્ષક પર નશામાં હોવાના અને યૌન દુર્વ્યવહારના આક્ષેપ લગાવીને કહે છે કે તે ઉશ્કેરાઈ ગયા અને હાથ ઉઠી ગયો. પરંતુ હકીકત સ્પષ્ટ છે-વીડિયોમાં શિક્ષક પર થયેલો હુમલો સ્પષ્ટ રીતે દેખાય છે અને તેમાં ક્યાંયથી પણ તેમની વાતને સમર્થન મળતું નથી. વિદ્યાર્થી સંઘના અધ્યક્ષ, જે એબિવીપીના છે, તેઓ માફી માગતા દેખાય છે, પણ સાથે સાથે શિક્ષક પર અન્ય આક્ષેપ પણ કરે છે-જેમ કે, તેઓ સિગારેટ પીવે છે, વિદ્યાર્થીઓ સાથે યોગ્ય વર્તન નથી કરતા વગેરે. જાણે આ બધું હિંસાનું કારણ બને અને તેને યોગ્ય ઠેરવે. પરંતુ સૌથી ચિંતાજનક વાત એ છે કે વિદ્યાર્થી સંઘનું સંયુક્ત નિવેદન હજુ સુધી આવ્યું જ નથી. શું વિદ્યાર્થી સંઘ હવે ફક્ત એબિવીપીનું મંચ બની ગયું છે કે તે બધા વિદ્યાર્થીઓનું પ્રતિનિધિત્વ કરતું મંચ છે ? બધા પદાધિકારીઓ સાથે બેસીને આ મુદ્દે એક સંયુક્ત અભિપ્રાય આપવો એટલો મુશ્કેલ કેમ બની ગયો છે ? હિંસા કરનાર પદાધિકારીના કૃત્યથી પોતાને અલગ રાખવામાં સંઘ અસમર્થ કેમ છે ? આ વચ્ચે શિક્ષક સંઘનો વલણ નોંધપાત્ર રહ્યું છે. સંઘના અધ્યક્ષ વિચારોની દૃષ્ટિએ એબિવીપીની વિચારધારાથી જોડાયેલા માનવામાં આવે છે-અને તે વાત તેઓ છુપાવતા પણ નથી. હકીકતમાં તેઓ 'રાષ્ટ્રવિરોધી' ગણાતા શિક્ષકોના વિરોધી છે. છતાં, સંઘમાં વિવિધ વિચાર ધરાવતા પ્રતિનિધિઓ પણ છે.




આ હિંસાની તેમણે સ્પષ્ટ શબ્દોમાં નિંદા કરી અને વિરોધ પ્રદર્શન પણ કર્યું-જે એક સ્વાગતયોગ્ય સંકેત છે. શિક્ષક સંઘના અધ્યક્ષ ભલે હિંદુત્વવાદી રાષ્ટ્રવાદી વિચારો ધરાવતા હોય, પરંતુ તેઓ બધા શિક્ષકોના પ્રતિનિધિ છે પછી તે 'વામપંથી', 'ધાર્મિક નિષ્પક્ષ' કે 'રાષ્ટ્રવિરોધી' ગણાતા હોય. તેમનું કર્તવ્ય સૌના સન્માન અને સુરક્ષાની જવાબદારી નિભાવવાનું છે. તેથી આ વખતે પોતાના સંગઠન સાથે જોડાયેલી પદાધિકારીની હિંસાત્મક હરકત સામે ઊભા રહીને તેમણે ખરેખર શિક્ષક સંઘના અધ્યક્ષ તરીકે પોતાની ફરજ નિભાવી છે. શિક્ષક સંઘની આ એકતા નિશ્ચિતપણે સકારાત્મક સંદેશ આપે છે-પરંતુ આવું માત્ર અસામાન્ય પરિસ્થિતિમાં નહીં, સામાન્ય સમયમાં પણ બનવું જોઈએ. જો વિચારધારાની રેખાઓ પરથી શિક્ષકો વચ્ચે દુશ્મનીનું ઝેર ફેલાવાશે, તો હિંસા ક્યારેક ન ક્યારેક પેદા થશે જ. દિલ્લી યુનિવર્સિટીમાં વિચારાધારાના આધારે શિક્ષકોમાં થયેલું વિભાજન શૈક્ષણિક વાતાવરણને ઝેરાળું બનાવી રહ્યું છે. શિક્ષકની વ્યાવસાયિક ઓળખ પાછળ રહી જાય છે અને વિચારધારાનું લેબલ આગળ આવે છે. આથી જ, આ ઘટનાની બાદ કેટલાક શિક્ષકો હિંસા માટે શિક્ષકને જ જવાબદાર ઠેરવવાનો પ્રયાસ કરતા દેખાયા -જે એ જ વિભાજનની દુઃખદ પરિસ્થિતિનું પ્રતિબિંબ છે. યુનિવર્સિટી પ્રશાસને ઘટનાની તપાસ માટે સમિતિ રચી છે, પરંતુ અનેક શિક્ષકોને તેની નિષ્પક્ષતા પર શંકા છે. પ્રશ્ન એ છે-જો આ હિંસા કરનાર વિદ્યાર્થી કોઈ બીજા સંગઠનનો હોત, તો શું પ્રશાસન પહેલેથી જ કડક શિસ્તાત્મક પગલાં ન લેત ? છેલ્લા કેટલાંક વર્ષોમાં આ જ પ્રશાસને તપાસ પૂરી થવાને પહેલાં જ વિદ્યાર્થીઓ પર કાર્યવાહી કરી છે, તો આ કેસમાં અલગ વલણ કેમ અપનાવવામાં આવ્યું-તે ચર્ચાનો વિષય છે. છેલ્લા કેટલાક વર્ષોમાં પ્રશાસન હિંદુત્વવાદી વિચારધારાની તરફેણમાં પોતાની વફાદારી બતાવી ચૂક્યું છે, જેના કારણે તેની વિશ્વસનીયતા પર પ્રશ્નચિહ્ન લાગી ગયું છે. આ હિંસાની ઘટનાએ ફરી એકવાર એ ગંભીર પ્રશ્નને જીવંત કર્યો છે-છેલ્લા બે દાયકાઓમાં દેશભરના શૈક્ષણિક પરિસરોમાં થયેલી હિંસામાં મોટાભાગે એબિવીપીના સભ્યો જ કેમ જોવા મળે છે ? તે પછી ભલે વિરોધી વિદ્યાર્થી હોય કે શિક્ષક-હિંસા સામે તેમની ભૂમિકા સતત ચર્ચામાં રહે છે. આ સંસ્થાએ હવે આ પ્રશ્નનો ખુલ્લેઆમ સામનો કરવો જ પડશે-વિચારના પરિસરમાં તેની ભાષા હિંસા કેમ બની ગઈ છે ? આપણે સૌ જાણીએ છીએ કે જ્યાં વિચારની અસરકારકતા ખતમ થાય છે, ત્યાં હિંસા તેના ખાલીપાને પૂરી દેવાનો પ્રયાસ કરે છે. પરંતુ જો શૈક્ષણિક પરિસરમાં હિંસા જ સ્વીકારેલી ભાષા બની જાય, તો પછી વિચારો, બુદ્ધિ અને ચર્ચાનો આશરો ક્યાં મળશે ?

**- અપૂર્વાનંદ**

**(લેખક-દિલ્લી યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે કાર્યરત છે.)**

**(સૌ. : વાયર.કોમ,)**

# IOSના સ્થાપક ડો. મોહમ્મદ મંજૂર આલમ અને ભારતના વંચિત લોકોને સશક્ત બનાવવાનું તેમનું અધૂરૂં સ્વપ્ન

ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓબ્જેક્ટિવ સ્ટડીઝ (IOS)ના સ્થાપક ડૉ. મોહમ્મદ મંજૂર આલમ, ભારતીય મુસ્લિમ સમુદાયના સૌથી અગ્રણી નેતાઓ પૈકી એક છે. તાજેતરમાં વરિષ્ઠ બહુભાષી પત્રકાર એ.યુ. આસિફ દ્વારા લખવામાં આવેલ તેમનું જીવનચરિત્ર "ડૉ. મંજૂર આલમ: એમ્પાવરિંગ ધ માર્જિનલાઇઝ્ડ" પુસ્તકનું નવી દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબ ઓફ ઇન્ડિયા ખાતે વિમોચન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજકારણ, શિક્ષણ, ન્યાયતંત્ર અને મીડિયાના અનેક પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ હાજરી આપી હતી.

ભારતીય મુસ્લિમ સમુદાયના સૌથી અગ્રણી નેતાઓ પૈકી એક, અને IOS ના સ્થાપક ડૉ. મોહમ્મદ મંજૂર આલમનું આ જીવનચરિત્ર ડૉ. મંજૂર આલમના જીવન, તેમના યોગદાન અને તેમના વ્યાપક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંબંધોના ઘણા અજાણ્યા પાસાઓ ઉજાગર કરે છે. જેમાં ડૉ. મનમોહન સિંહથી લઈને અહેમદ પટેલ, કેબિનેટ મંત્રીઓથી લઈને મુખ્યમંત્રીઓ અને રાજ્યપાલો સુધી તેમની ગાઢ મિત્રતા અને મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ અને ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (GCC)ના અનેક અગ્રણી વ્યક્તિઓ સાથે તેમની મિત્રતા અંગે રજૂઆત કરે છે. તેમના સંબંધોમાં અનેક મંત્રીઓ અને શિક્ષણવિદોનો સમાવેશ થાય છે.

તેમના આંતરરાષ્ટ્રીય સહયોગીઓમાં પ્રો. ઓમર હસન કાસુલે, સેક્રેટરી જનરલ, ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈસ્લામિક થોટ (IIIT), યુએસએ; ડૉ. અહમદ મુહમ્મદ અલી, ઈસ્લામિક ડેવલપમેન્ટ બેંક (IDB)ના પ્રથમ પ્રમુખ; ડૉ. અહમદ મુહમ્મદ અલી, જનરલ સેક્રેટરી, ઈન્ટરનેશનલ ઈસ્લામિક ફેડરેશન ઓફ સ્ટુડન્ટ ઓર્ગેનાઈઝેશન (IIFSO) અને પ્રોફેસર ઈસ્માઈલ રાજી અલ-ફારૂકી, સહ-સ્થાપક, ઈન્ટરનેશનલ ઈસ્લામિક ચેરિટી ઓર્ગેનાઈઝેશન (IICO) કુવૈતના અધ્યક્ષ ડૉ. અબ્દુલ્લા અલ-માતુક વગેરેનો સમાવેશ થાય છે.

**ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓબ્જેક્ટિવ સ્ટડીઝ : અ પાયોનિયરિંગ મુસ્લિમ થિંક ટેંક**

નિ:શંકપણે IOS - જે ભારતમાં પ્રથમ મુસ્લિમ સંચાલિત થિંક ટેંક છે - તેણે શૈક્ષણિક અને બૌદ્ધિક જોડાણમાં અપ્રતિમ ભૂમિકા ભજવી છે. છેલ્લા ચાર દાયકામાં, તેણે મુસ્લિમો અને ભારતીય સમાજને અસર કરતા વિવિધ મુદ્દાઓ પર ૧,૨૩૦થી વધુ પરિષદો, સેમિનાર, સિમ્પોઝિયા અને વર્કશોપનું આયોજન કર્યું છે. તેણે ૪૧૦થી વધુ સંશોધન પ્રોજેક્ટ પૂર્ણ કર્યા છે અને સામાજિક-આર્થિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક પડકારો પર ધ્યાન કેન્દ્રિત કરતા લગભગ ૪૦૫ પ્રકાશનોનું નિર્માણ કર્યું છે. તેના ડેટા-આધારિત સંશોધન, સંગ્રહ અને પ્રસ્તુતિ દ્વારા, IOSએ હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોની પરિસ્થિતિઓ સાથે મૂલ્યવાન આંતરદૃષ્ટિ પ્રદાન કરી છે. આ સંસ્થા ૫૦૦થી વધુ સંશોધન વિદ્વાનો, સામાજિક વૈજ્ઞાનિકો, શિક્ષણવિદો, ન્યાયાધીશો, વકીલો અને રાજકારણીઓનું નેટવર્ક બનાવવામાં સફળ રહી છે. તેના અભ્યાસ અને ચર્ચાઓ ભારતીય મુસ્લિમોની સામાજિક-આર્થિક પરિસ્થિતિઓ પર કાર્યનો એક મહત્ત્વપૂર્ણ ભાગ ગણવામાં આવે છે.




જો કે, તેની આવી મહાન સિદ્ધિઓ હોવા છતાં IOS તેના સંશોધનના તારણોને અમલમાં મૂકવા માટે એક સ્થિર પદ્ધતિ વિકસાવવામાં નિષ્ફળ ગયું છે. લગભગ ચાર દાયકાના અસ્તિત્વ પછી, તેના વિચારોનો પ્રભાવ નહિવત્ રહ્યો છે. બુદ્ધિ અને ઉદ્દેશ્ય સાથે સમૃદ્ધ હોવા છતાં, આ થિંક ટેંક તેના સંશોધનને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના સશક્તિકરણ માટે વ્યવહારૂ નીતિઓ સાથે અમલ કરવામાં નિષ્ફળ રહી છે. જ્યારે આપણે વાસ્તવિકતાઓની વાત કરીએ છીએ, ત્યારે પરિવર્તનનો અભાવને લીધે તેનો આ સામૂહિક પ્રયાસ સામાજિક પરિવર્તન માટે ચળવળ કરતાં શૈક્ષણિક કવાયત જેવું વધુ લાગે છે.

**વચન અને વાસ્તવિકતા**

૧૯૮૬માં એક ઉચ્ચ ઉદ્દેશ્ય ધરાવતી આ અભ્યાસ સંસ્થાની સ્થાપના ૨૦૦ મિલિયન-મજબૂત ભારતીય મુસ્લિમ સમુદાયને સશક્ત બનાવવાના વિઝન સાથે કરવામાં આવી હતી. મુસ્લિમ જૂથ, જે આજે પણ, દલિતો સહિત ઘણા અન્ય હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગોથી બહુવિધ સામાજિક-આર્થિક પરિમાણો પર પાછળ છે. IOS એ સંશોધન અને ડેટા એકત્રિત કર્યા, પરંતુ તે વાસ્તવિક સશક્તિકરણ અથવા મૂર્ત પરિવર્તનના મોડેલ બનાવવામાં નિષ્ફળ ગયું છે.

એવું માનવું યોગ્ય નથી કે ડૉ. મંજૂર આલમનું વિઝન માત્ર સંશોધન અને પરિષદો પૂરતું મર્યાદિત હતું. તેમણે શિક્ષણ, મીડિયા અને આરોગ્ય સંભાળમાં તેમના કાર્યને વિસ્તૃત કરવાનો પ્રયાસ કર્યો હતો. કમનસીબે, તેમાંથી ઘણી પહેલો અધૂરી રહી ગઈ હતી.

ડૉ. આલમે અનેક ઉચ્ચ પ્રોજેક્ટ્સની કલ્પના કરી હતી, જેમાં એક સ્વપ્ન યુનિવર્સિટી અને ટેલિવિઝન ચેનલો અલ-હિંદ અને ફલક ટીવીનો સમાવેશ થાય છે - આ બંને શિક્ષણ અને સામાજિક જાગૃતિ માટે પ્લેટફોર્મ તરીકે સેવા આપવા માટે છે. તેમણે ભારત અને વિદેશમાં અનેક કાર્યક્રમોમાં આ પ્રોજેક્ટ્સ રજૂ કર્યા, છતાં તે ક્યારેય આયોજનના તબક્કાથી આગળ વધ્યા નહીં. આ વિચારો ફાઈલો સુધી શા માટે મર્યાદિત રહ્યા તે એક પ્રશ્ન છે જેનો જવાબ ફક્ત ડૉ. આલમ પોતે જ આપી શકે છે.

**ડૉ. મંજૂર આલમનો શિક્ષણ અને વિકાસ સાથેનો પ્રયાસ**

૧૯૯૦ના દાયકામાં, ડૉ. આલમે બિહારના તત્કાલીન રાજ્યપાલ મોહમ્મદ યુનુસ સલીમને મધુબની જિલ્લાના તેમના વતન ગામ રાણીપુરમાં એક શૈક્ષણિક સંસ્થાનો શિલાન્યાસ કરવા આમંત્રણ આપ્યું હતું. તેના દાયકાઓ પછી તે શાળા હજુ પણ એક ઝૂંપડીમાંથી કાર્યરત છે. તેવી જ રીતે, તેમણે બીજા રાજ્યપાલ, અખલાકુર રહેમાન કિદવાઈને તે જ ગામમાં એક હોસ્પિટલનો પાયો નાખવા માટે આમંત્રણ આપ્યું. જો કે, આજે તે પાયાનો કોઈ પત્તો નથી અને જમીન ફરીથી ખેતી માટે પાછી આપી દેવામાં આવી છે. એવું કહેવાય છે કે આ પ્રોજેક્ટ્સ માટે ભંડોળની શક્યતાઓ શોધવા માટે અરબ મહાનુભાવોના કેટલાક પ્રતિનિધિ મંડળોએ પણ આ સ્થળની મુલાકાત લીધી હતી. છતાં આવી મુલાકાતો અને વચનો છતાં રાનીપુર ડૉ. આલમના પાયાના સશક્તિકરણ માટેના વિઝનના અધૂરા સપનાઓને પ્રતિબિંબિત કરતો અરીસો છે. બિહારના તત્કાલીન રાજ્યપાલ અખલાક ઉર-રહેમાન કિદવાઈ, ડૉ. મંજૂર આલમના મૂળ ગામ રાનીપુરની તેમની મુલાકાત દરમિયાન એક શાળાના શિલાન્યાસ સમારોહ માટે ગયા હતા.

**ભારતમાં ઈસ્લામિક યુનિવર્સિટીનું અધૂરૂં સ્વપ્ન**

એવું કહેવાય છે કે, આંતરરાષ્ટ્રીય ઈસ્લામિક યુનિવર્સિટી મલેશિયા (IIUM), ઈન્ટરનેશનલ ઈસ્લામિક યુનિવર્સિટી ઈસ્લામાબાદ અને ઈન્ટરનેશનલ ઈસ્લામિક યુનિવર્સિટી ઢાકાના મોડેલને અનુસરીને ભારતમાં સમાન યુનિવર્સિટી માટે ભંડોળ એક સમયે રાખવામાં આવ્યું હતું. તેની સ્થાપનાની જવાબદારી ડૉ. મંજૂર આલમ પર હોવાનું કહેવાય છે. ૧૯૮૦ના દાયકામાં આ જ હેતુ માટે તાવુન ટ્રસ્ટ હેઠળ હરિયાણાના પલવલ જિલ્લામાં ૨૫ એકર જમીન પણ ખરીદવામાં આવી હતી. જો કે, આ પ્રોજેક્ટ ક્યારેય આગળ વધ્યો નહીં, અને તેની વર્તમાન સ્થિતિ શું છે તેની કોઈને જાણ નથી.

આ જ ટ્રસ્ટ હેઠળ નવી દિલ્હીના ઝાકીર નગરમાં એક ક્લિનિકનું ઉદ્ઘાટન તત્કાલીન મુખ્યમંત્રી શીલા દીક્ષિત દ્વારા કરવામાં આવ્યું હતું. પરંતુ આજે, તે પહેલના કોઈ અવશેષો બાકી નથી - તેનું ભાવિ ફક્ત તેના ભૂતપૂર્વ મેનેજર, ડૉ. મંજૂર આલમના પુત્ર મોહમ્મદ આલમને જ ખબર છે. તેવી જ રીતે, અબુલ ફઝલ એક્લેવમાં એક કિંમતી જમીન (૧૦ કરોડથી વધુ કિંમત), જે તાવુન ટ્રસ્ટ ઓફિસ માટે રાખવામાં આવ્યો હતો, તેને પાછળથી પાંચ માળની ઈમારતમાં વિકસાવવામાં આવ્યો. આ મિલકતની માલિકી અને હેતુ ફક્ત ડૉ. આલમ અને અન્ય ટ્રસ્ટીઓને જ ખબર છે.

**અન્ય સંસ્થાઓ અને પહેલ**

સ્વર્ગસ્થ કાઝી મુજાહિદુલ ઈસ્લામ કાસમી સાથે ડૉ. મંજૂર આલમે ઓલ ઈન્ડિયા મિલી કાઉન્સિલ, ઈસ્લામિક ફિકહ એકેડેમી (IFA), કાઝી પબ્લિકેશન્સ, યુનિવર્સલ પીસ ફાઉન્ડેશન (UPF), ફીચર્ડ એન્ડ ન્યૂઝ એનાલિસિસ (FANA), યુનાઈટેડ માસ મીડિયા એસોસિએશન (UMMA), ઈન્ડો-અરબ ઈકોનોમિક કોઓપરેશન ફોરમ અને તાવુન ટ્રસ્ટ સહિત અનેક સંસ્થાઓની સહ-સ્થાપના કરી હતી. IOS અને IFA સિવાય, આમાંની મોટાભાગની સંસ્થાઓ હવે લગભગ બંધ થઈ ગઈ છે. પહેલાના વર્ષોમાં FANA અને UMMA ૧૬૬ ઝાકીર બાગથી કાર્યરત અહતી પરંતુ પાછળથી તેમને ઝાકીર નગર ખાતે IFA પરિસરમાં લઈ જવામાં આવી હતી. ઝાકીર બાગ ફ્લેટની હાલની સ્થિતિ અસ્પષ્ટ છે. તેવી જ રીતે, IOS ઓફિસની પાછળ એક સમયે યુનિવર્સલ પીસ ફાઉન્ડેશન (UPF)નું પરિસર હતું, જે ઘણા વર્ષો પહેલા બંધ થઈ ગયું હતું. એક સમયે મલેશિયન સંસ્થા દ્વારા પ્રાયોજિત ભારત ઓફસેટ પ્રેસ, ૨૦૩૫ મુમતાઝ બિલ્ડીંગ, ગલી કાસિમ જાન, બલ્લીમારન દિલ્હી ખાતે સ્થિત છે. તે વિધવાઓ અને અનાથોને નાણાકીય સહાય પૂરી પાડવા માટે ડૉ. મંજૂર આલમના આશ્રય હેઠળ આ પ્રેસની સ્થાપના કરવામાં આવી હતી. આજે પણ તે ઉમદા હેતુને પૂર્ણ કરે તેવી આશા રાખી શકાય છે.

રસપ્રદ વાત એ છે કે, ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઑબ્જેક્ટિવ સ્ટડીઝના મોટાભાગના મહત્વપૂર્ણ પ્રકાશનો હવે જેન્યુઈન પબ્લિકેશન્સ એન્ડ મીડિયા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા પ્રકાશિત અને માર્કેટિંગ કરવામાં આવી રહ્યા છે, જ્યાં ડૉ. આલમના નાના પુત્ર, ઈબ્રાહિમ આલમ, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે સેવા આપે છે. હવે, તેમના મોટા પુત્ર મોહમ્મદ આલમે IOSના જનરલ સેક્રેટરી તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે. એવી આશા છે કે ડૉ. મંજૂર આલમના અધૂરા સપના સાકાર થશે અને પલવલમાં પ્રસ્તાવિત જમીન પર યુનિવર્સિટીની સ્થાપના થશે.

**અનેક પ્રશ્નો :** એક ગંભીર પ્રશ્ન ઊભો થાય છે કે: ડૉ. મંજૂર આલમના સહયોગીઓના વિશાળ વર્તુળ, જેમાં બૌદ્ધિકો, પ્રોફેસરો, લેખકો અને અમલદારોનો સમાવેશ થાય છે — તેમણે ક્યારેય ચિંતા વ્યક્ત કરી નથી કે જવાબદારી લીધી નથી. અવાસ્તવિક પ્રોજેક્ટ્સ અને ત્યજી દેવાયેલા પહેલો વિશે આટલું મૌન કેમ છે ?

ડૉ. આલમ અસાધારણ જોડાણો અને સંસાધનોના માલિક છે, જેમની પાસે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નેતાઓ, સંસ્થાઓ અને પરોપકારીઓ સુધી પહોંચ છે. છતાં આવા વિશેષાધિકાર હોવા છતાં તેઓ પોતાના વતન ગામમાં એક પણ સાધારણ શાળા કે ક્લિનિક સ્થાપી શક્યા નહીં. આ એક એવું ગામ છે જ્યાં એક સમયે બે રાજ્યપાલો તેમના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરવા માટે આવ્યા હતા.

**- સૈયદ ઝુબેર અહેમદ (સૌ. : મુસ્લિમ મિરર.કોમ)**

# જામિયા મિલ્લિયા ઇસ્લામિયા : ભારતનો એક જીવંત વિચાર

**હુએ થે યું યહાં આ કર ખેમાઝાન વોહ દીવાને,**
**ઊઠે થે સુન કે જો આવાઝ-એ-રેહબારાં-એ-વતન.**
**(અહીં તે ઉત્સાહી સ્વપ્નદ્રષ્ટાઓએ પોતાના તંબુઓ ઊભા કર્યા; જેઓ તેમના વતનના મુક્તિદાતાઓના આહ્‌વાન પર ઊભા રહ્યા હતા)**

તમે અહી શતાબ્દી દરવાજામાંથી પસાર થાઓ, ત્યારે તમે ફક્ત એક કેમ્પસમાં જ નહીં પરંતુ ઈતિહાસ અને આશા વચ્ચે જીવંત વાતચીતમાં પ્રવેશ કરો છો. અહીની દરેક ગલી એક સ્મૃતિનું વહન કરે છે; દરેક દીવાલ એક સંઘર્ષની વાત કરે છે. જામિયા એ માત્ર પથ્થર અને મોર્ટારથી બનેલી ઈમારત નથી; તે આદર્શોથી બનેલું છે, તેના સ્થાપકો જે સ્વતંત્રતા સેનાની અને સુધારકો હતા, એવા શિક્ષકો જેમણે સામાન્ય પગાર પર લોકોના જીવન માટે કામ કર્યું હતું, એવા વિદ્યાર્થીઓ જેમણે શિક્ષણને સેવામાં ફેરવ્યું હતું, અને એક એવું સ્વપ્ન કે જે શિક્ષણને માત્ર રાષ્ટ્રના શરીરમાં જ નહીં પરંતુ ભાવનામાં પણ સ્વતંત્ર બનાવી શકે છે.

જામિયાના પ્રથમ વાઈસ ચાન્સેલર અને એક પ્રખર રાષ્ટ્રવાદી મૌલાના મોહમ્મદ અલી જૌહર, જેમણે ૧૯૩૦માં બીજી ગોળમેજી પરિષદમાં જાહેર કર્યું હતું કે તેઓ ગુલામ દેશમાં પાછા નહીં ફરે અને આ પ્રતિજ્ઞા તેમણે નિભાવી હતી, અને લંડનમાં અંતિમ શ્વાસ લીધા અને જેરુસલેમમાં કાયમ માટે તેમની કબર બની ગઈ હતી. તેમની હિંમતથી જામિયાને તેના વિરોધનો ધબકાર મળ્યો હતો. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ચિકિત્સક અને પ્રમુખ ડૉ. મુખ્તાર અહમદ અન્સારીએ જામિયાને તેનું ઉપચારાત્મક દૃષ્ટિકોણ આપ્યો, એક માન્યતા આપી કે શિક્ષણ, દવાની જેમ, માનવ સ્થિતિમાં ગૌરવ પુનઃસ્થાપિત કરવું જોઈએ. પાછળથી ભારતના રાષ્ટ્રપતિ ડૉ. ઝાકીર હુસૈને જામિયાને તેનો આત્મા આપ્યો, અને શિક્ષણને એક નૈતિક કાર્યમાં રૂપાંતરિત કર્યું અને ભાર મૂક્યો કે શિક્ષકનું કર્તવ્ય સૂચના આપવાનું નથી પરંતુ લોકોને જાગૃત કરવાનું છે.

તેના ૧૦૫મા સ્થાપના દિવસે, હું તમને જામિયાના પ્રવાસ પર લઈ જાઉં છું. મોહમ્મદ અલી જૌહર માર્ગ જાજરમાન શતાબ્દી દરવાજામાંથી જામિયા ગુલિસ્તાન-એ-ગાંધીના હૃદયમાં જાય છે, જેની હાજરી હજુ પણ તેમણે કલ્પના કરેલી યુનિવર્સિટીને માર્ગદર્શન આપે છે.

એમ.એ. અંસારી ઓડિટોરિયમ આગળ છે, જે ચર્ચાઓ, નાટક, કવિતા અને વિરોધના પડઘાથી જીવંત છે. આ એક એવી જગ્યા છે જ્યાં અનેક પેઢીઓએ શીખ્યું છે કે હિંમત અને કરુણા વિના જ્ઞાન અધૂરું છે. નજીકમાં જ, મહમૂદ દરવેશ, એક આદરણીય પેલેસ્ટીની કવિ અને પ્રતિકાર અને ઓળખનો અવાજ અને એમ.એફ. હુસૈન આર્ટ ગેલેરી તરફ માર્ગ જાય છે. નહેરુ ગેસ્ટ હાઉસ હજુ પણ ત્યાં રોકાયેલા વિચારકોના અવાજોને પડઘો પાડે છે. તેની બાજુમાં, મૌલાના આઝાદ હાઉસ એક કાવ્યાત્મક જોડી પૂર્ણ કરે છે - નહેરુ અને આઝાદ, એક સમયે જેલમાં રહેલા પડોશી, હવે સ્મૃતિમાં રહેલા પડોશી બની ગયા છે. તેની અંદર, ગેસ્ટહાઉસ રૂમનું નામ ઋત્વિક ઘટક જેવા વ્યક્તિઓના નામ પરથી રાખવામાં આવ્યું છે.

આ માર્ગ મોહિબ્બુલ હસન હાઉસ અને દીનદયાલ કૌશલ વિકાસ કેન્દ્રમાંથી પસાર થાય છે અને આગળ પશ્ચિમ એશિયા સેન્ટર, હો ચી મિન્હ કોન્ફરન્સ હોલ, સઆદત હસન મન્ટો લેક્ચર હોલ અને શેખ સબાહ અલ-અહમદ અલ-જાબેર સેમિનાર લાઈબ્રેરી તરફ જાય છે, જ્યાં જામિયાનો વિશ્વ સાથે સંવાદ ચાલુ રહે છે. જહાને ખુશુરુ દ્વારા, તમે ગુલિસ્તાન-એ-ગાલિબ પહોંચો છો, જ્યાં ગાલિબની પ્રતિમા ઝાડ નીચે ઊભી છે, જેના પર તેમના અમર કાવ્ય લખેલા છે:

**દરેક કણ મારા માટે ઝંખનાથી નશામાં છે,**
**હું કોનું હૃદય છું, કે બંને દુનિયા મારી તરફ ખેંચાય છે?**

ગાલિબની કવિતા જામિયાની ભાવનાને પ્રતિબિંબિત કરે છે, જે એક એવી જગ્યા છે જે દરેક ખૂણામાંથી સાધકોને ખેંચે છે, જાણે જ્ઞાન, સ્મૃતિ અને ઇચ્છા અહીં એકઠા થાય છે. તે એક યાદ અપાવે છે કે સાચી યુનિવર્સિટીની આત્મા અનેક દુનિયાનું હૃદય છે.

જામિયાના કેન્દ્રમાં તેનું બૌદ્ધિક અભયારણ્ય, ડૉ. ઝાકીર હુસૈન લાઈબ્રેરી છે; તેનું મૌન વિચારથી ભરેલું છે. સરોજિની નાયડુ સેન્ટર ફોર વિમેન્સ સ્ટડીઝ અને નેલ્સન મંડેલા સેન્ટર ફોર પીસ એન્ડ કોન્ફિલક્ટ રિઝોલ્યુશન દરેક મુલાકાતીને યાદ અપાવે છે કે સંવાદ અને સમાનતા જામિયાના હોકાયંત્રનું કેન્દ્ર છે.



જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા ઉર્દૂ નવલકથાકારના નામ પરથી કુર્રાતુલૈન હૈદર ગેટમાંથી પ્રવેશ કરો અને તમે લીલાછમ નવાબ પટૌડી ક્રિકેટ ગ્રાઉન્ડ પર પહોંચો છો, જ્યાં વીરેન્દ્ર સેહવાગ પેવેલિયન છે, જે પૂર્વ વિદ્યાર્થીને શ્રદ્ધાંજલિ છે જેમણે રાષ્ટ્રને ગૌરવ અપાવ્યું છે. નજીકમાં કિંગ અબ્દુલ અઝીઝ ફેકલ્ટી ઓફ ડેન્ટિસ્ટ્રી છે, જે આંતરરાષ્ટ્રીય સહયોગનું ભવ્ય પ્રતીક છે. તેની આસપાસ, બી.આર. આંબેડકર, અલ્લામા ઈકબાલ, ઈ.જે. કેલાટ અને ઓબેદુલ્લા સિંધીના નામ પરથી છાત્રાલયો જામિયાના વારસાને પ્રતિબિંબિત કરે છે, તે એક જીવંત યાદ અપાવે છે કે તેનો નકશો પણ એક નૈતિક લેન્ડસ્કેપ છે.

મેટ્રો સ્ટેશનની નજીક, નોઆમ ચોમ્સ્કી કોમ્પ્લેક્સ પણ એક યાદ અપાવે છે કે મુક્ત વિચાર જામિયાનું જીવન છે. બાજુમાં, કે.આર. નારાયણન સેન્ટર ફોર દલિત અને લઘુમતી અભ્યાસ કેન્દ્ર છે જે કહે છે કે, અહીં સમાવેશ એક સૂત્ર નથી પરંતુ જીવંત સત્ય છે. વિદ્યાર્થીઓ અને મૌલવીઓને સ્વતંત્રતા સંગ્રામમાં જોડાવા માટે પ્રેરણા આપનાર અને માલ્ટામાં વર્ષો સુધી કઠોર કેદ ભોગવનાર વિદ્વાનના નામ પરથી મહમૂદ હસન ગેટ દ્વારા આ કેમ્પસ તેની શાળાઓમાં ખુલે છે: મુશીર ફાતિમા નર્સરી, આબિદ હુસૈન સ્કૂલ અને ગેર્ડા ફિલિપ્સબોર્ન ડે કેર સેન્ટર, જ્યાં નાનામાં નાના લોકો પણ એવા મૂલ્યોના છત્ર હેઠળ શીખે છે જેણે અનેક વૈજ્ઞાનિકો, વિદ્વાનો અને ફિલોસોફરોને આશ્રય આપ્યો છે.

જર્મન-યહૂદી શિક્ષિકા ગેર્ડા ફિલિપ્સબોર્ન, જેમણે જર્મની છોડીને જામિયામાં ઘર મેળવ્યું હતું, તેમને "આપાજાન" તરીકે યાદ કરવામાં આવે છે. તેમણે યુનિવર્સિટીના આંતરરાષ્ટ્રીય અંતરાત્માનું મૂર્તિમંત સ્વરૂપ આપ્યું હતું, અને આ એવી માન્યતા છે કે શિક્ષણ સીમાઓ નહીં, પણ પુલ બનાવે છે. મુજીબબાગ રામાનુજન સાયન્સ બ્લોક છે, જેનું નામ ગાણિતિક પ્રતિભાના નામ પરથી રાખવામાં આવ્યું છે, જેમની પ્રતિભા પેઢીઓ સુધી જિજ્ઞાસા અને આશ્ચર્યને પ્રેરણા આપે છે. બેગમ હઝરત મહલ અને અરુણા આસફ અલીના નામ પરથી મહિલા છાત્રાલયો એવી મહિલાઓની હિંમતની ઉજવણી કરે છે જેમણે પ્રતિકારને કલા અને સક્રિયતામાં ફેરવી છે. તેની આગળ ખાન અબ્દુલ ગફ્ફાર ખાન એન્ક્લેવ આવેલું છે, જે સરહદી ગાંધીનું સન્માન કરે છે જેમણે અહિંસાને રાજકીય સુવિધા તરીકે નહીં પરંતુ શ્રદ્ધાના લેખ તરીકે ઉપદેશ આપ્યો હતો અને મુન્શી પ્રેમચંદ આર્કાઈવ્સમાં મહાન વાર્તાકારની સ્મૃતિ જીવંત છે, જેમણે જામિયામાં તેમના રોકાણ દરમિયાન લખ્યું હતું.

ખયાબાન-એ-અજમલ પર વહીવટી બ્લોકની નજીક સ્થિત, જમનાલાલ બજાજ બ્લોક જામિયાના ઉપકારકનું સન્માન કરે છે, જેમના અડગ સમર્થન અને નાણાકીય યોગદાને આ યુનિવર્સિટીને તેના રચનાત્મક વર્ષો દરમિયાન ટકાવી રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેના શાંત પરિસરમાં યાસર અરાફત હોલ, એડવર્ડ સૈયદ કોન્ફરન્સ હોલ અને મીર અને ટાગોર કન્વેન્શન સેન્ટર આવેલા છે, જે જામિયાના સંવાદ, અસંમતિ અને સાંસ્કૃતિક મેળાપની ભાવનાને પ્રતિબિંબિત કરે છે, જ્યાં પૂર્વ અને પશ્ચિમ, ભૂતકાળ અને વર્તમાનના વિચારો શાંત સુમેળમાં વાતચીત ચાલુ રહે છે. તેની નજીકમાં જ, એપીજે અબ્દુલ કલામ ગેટ તમને ભારતના સૌથી પ્રતિષ્ઠિત અનવર જમાલ કિદવાઈ માસ કોમ્યુનિકેશન એન્ડ રિસર્ચ સેન્ટર તરફ લઈ જાય છે, જે કેનેડા સાથે વૈશ્વિક સહયોગનો પુરાવો છે, જે કેમેરા, પ્રશ્નો અને વાતચીતથી ગુંજી ઊઠે છે.

બહુ ઓછી યુનિવર્સિટીઓ તેમના નકશા પર તેમના ફિલસૂફીને આટલી સ્પષ્ટ રીતે દર્શાવે છે. આ નામો માત્ર એક લેબલ નથી; તેઓ સમાવિષ્ટ શિક્ષણમાં સદી જૂના પ્રયોગનું નૈતિક સંકલન છે. દરેક બ્લોક સંઘર્ષની વાર્તા કહે છે; દરેક રસ્તો જામિયાની સ્થાપનાની ભાવનાની યાદ અપાવે છે, જ્યાં તાલીમ (શિક્ષણ) અને તહરીક (ચળવળ) અવિભાજ્ય છે.

જામિયાનો જન્મ વિશેષાધિકારમાંથી થયો ન હતો; તેનો જન્મ વિરોધમાંથી થયો હતો. ખિલાફત અને અસહકાર ચળવળો વચ્ચે સ્થપાયેલ આ શટલ એ બળવાનું શાંત કાર્ય હતું, એક એવો આગ્રહ કે વસાહતીવાદ ભારતીયને વ્યાખ્યાયિત કરશે નહીં. જામિયામાં શિક્ષણ ક્યારેય સામ્રાજ્ય માટે કારકુનો ઉત્પન્ન કરવા માટે ન હતું, પરંતુ અંતરાત્મા ધરાવતા નાગરિકો માટે હતું. જામિયાના ત્રણ દાર્શનિક સ્તંભો, ઝાકિર હુસૈન, મોહમ્મદ મુજીબ અને આબિદ હુસૈને તેની કલ્પના કરી હતી, જે એક શિક્ષણશાસ્ત્ર છે જે મન, હૃદય અને હાથને એક કરે છે. "અનુભવાત્મક શિક્ષણ" શૈક્ષણિક શબ્દભંડોળ બને તે પહેલાં, જામિયાએ તેને તેના પાયામાં રાખ્યું હતું. જ્ઞાન શ્રમ સાથે, બુદ્ધિ નીતિશાસ્ત્ર સાથે અને સહાનુભૂતિ સાથે જોડાયેલું હતું. ઉસ્તાદો કા મદ્રેસા, તે એક વિશેષ પ્રકારની પ્રથમ શિક્ષક તાલીમ સંસ્થા છે, તે આ દૃષ્ટિકોણની જીવંત પ્રયોગશાળા બની છે, જ્યાં શિક્ષણ ફક્ત જ્ઞાનનો વ્યવહાર જ નહીં પરંતુ સત્યનો અભ્યાસ, પૂછપરછનું સંવર્ધન અને સમજણની કળા માટે નૈતિક તાલીમ હતી. તે એક સાચી યુનિવર્સિટીનો અર્થ રજૂ કરે છે.

ભાગલાના ભયાનક દિવસોમાં, જ્યારે દિલ્હી ભયથી સળગી રહ્યું હતું, ત્યારે જામિયાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઉપચારક બન્યા હતા, વિસ્થાપિતોને આશ્રય, પીડિત લોકોને સાંત્વના અને નિરાશામાં ડૂબેલા શહેરને માનવતાની ભેટ આપી. તે જ્વાળાઓમાંથી એક યુનિવર્સિટી ઉભરી આવી જેણે સાંપ્રદાયિક સૌહાર્દને પોતાનો પાયો બનાવ્યો હતો.

કદાચ ૧૯૪૬માં તેની રજત જયંતિ કરતાં જામિયાના નૈતિક કદને વધુ સારી રીતે કોઈ ક્ષણે કેદ કરી શકતી નથી. તે દિવસે, ડૉ. ઝાકિર હુસૈન, નહેરુ, આસફ અલી, રાજાજી, ઝીણા, ફાતિમા ઝીણા અને લિયાકત અલી ખાનને એક જ મંચ પર હતા. એક સમયે જ્યારે દેશ ભાગલાના આરે હતો, ત્યારે ઝાકિર હુસૈનના શ્રેષ્ઠ ભાષણો પૈકી એક, "અલ્લાહની ખાતર, સાથે બેસો અને નફરતની આ આગને ઓલવી દો," એ તેમને રડાવી દીધા હતા.

આજે જામિયામાં ચાલવું એ બહુલવાદના જીવંત આત્મામાંથી પસાર થવું છે. વિચારોનું આ શાંત પ્રજાસત્તાક સ્થળ છે જ્યાં દરેક આંગણામાં, દરેક વર્ગખંડમાં સ્વતંત્રતા, બહુલતા, સમાવેશીતા અને બંધુત્વ શ્વાસ લે છે. અહીં, ગાંધી હજુ પણ મંડેલા સાથે વાતચીત કરે છે, ચોમ્સ્કી એડવર્ડ સૈદમાં તેનો પડઘો શોધે છે અને ગાલિબ લાલ ઈંટની દીવાલોની છાયા નીચે છે અને મીરનો અવાજ ગુંજી ઉઠે છે. દરવિશ ટાગોર માટે પાઠ કરે છે, અરાફત હો ચી મિન્હ સાથે ચર્ચા કરે છે, રામાનુજન એજેપી અબુલ કલામ સાથે સંખ્યાના કોયડાઓ ઉકેલે છે, મન્ટો ઋત્વિક ઘટકને તેમની સ્ક્રિપ્ટ વાંચી સંભળાવે છે, પ્રો. મુજીબ પંડિત દીપ દયાલ ઉપાધ્યાય, મૌલાના આઝાદ અને નહેરુ સાથે જાસ્મીન ચા પર શિક્ષણ રોડમેપની ચર્ચા કરે છે, અને આંબેડકર સરોજિની નાયડુ સાથે વિચારશીલ સંવાદમાં છે. તે એક દુર્લભ નૈતિક ભૂગોળ છે, એક મનનો સમૂહ છે, જ્યાં સ્વતંત્રતા, ન્યાય, સમાનતા અને બંધુત્વના આદર્શો અથડામણ વિના ભેગા થાય છે, જે ભારતના જ સ્થાયી વિચારને પ્રકાશિત કરે છે.

જ્યારે આજે ઘણી સદીઓ જૂની યુનિવર્સિટીઓ ક્ષીણ થઈ રહી છે, ત્યારે જામિયા મિલ્લિયા ઈસ્લામિયા ધીમે ધીમે વિકાસ પામી રહી છે. તે માત્ર એક ગૌરવપૂર્ણ અને તેજસ્વી ઈતિહાસ જ નહીં, પણ એક તેજસ્વી વર્તમાન પણ ધરાવે છે, જે સતત રાષ્ટ્રની ટોચની યુનિવર્સિટીઓમાં સ્થાન ધરાવે છે, જેમાં વધતા જતાં વૈજ્ઞાનિક સંદર્ભો અને પ્રગતિશીલ સંશોધનો તેને વૈશ્વિક શૈક્ષણિક નકશા પર તેને એક મજબૂત સ્થાન આપે છે. છતાં, એવા સમયમાં જ્યારે ઉચ્ચ શિક્ષણ બજારના દબાણ અને વૈચારિક સુસંગતતા હેઠળ ઝૂકી રહ્યું છે, ત્યારે જામિયા એક પ્રતિ-સ્મૃતિ છે, તે માત્ર પ્રમાણપત્રોની ફેક્ટરી બનવા સામે એક શાંત વિરોધ તરીકે ટકી રહ્યું છે. તેનો વહીવટ, ફેકલ્ટી, વિદ્યાર્થીઓ, સ્ટાફ અને પૂર્વ વિદ્યાર્થીઓ જામિયાના વિચારનું ઉત્સાહપૂર્વક રક્ષણ કરે છે. જ્યાં જ્ઞાન આપવામાં આવે છે. જ્યાં પ્રશ્નો સેન્સર કરવામાં આવતા નથી, અને સત્ય ક્યારેય પૂર્વનિર્ધારિત થતું નથી. એક સાચી યુનિવર્સિટીએ એવી જગ્યાનું રક્ષણ કરવું જોઈએ જ્યાં પુરાવા વિચારધારા પર વિજય મેળવે છે, જ્યાં મતભેદ સમજણને વધુ ગહન બનાવે છે, અને જ્યાં પૂછપરછ એ સ્વતંત્રતાનું કાર્ય બની જાય છે.

જામિયાનો આ વિચાર ફક્ત એક સ્થળ, અને કેમ્પસ નથી, પરંતુ તે એક એવો પ્રસ્તાવ છે કે શિક્ષણ ફક્ત આજ્ઞાપાલન અથવા વસ્તુ નથી, પરંતુ તે મન અને અંતરાત્માની જાગૃતિ છે. જામિયામાંથી પસાર થવું એ ભારતના વિચારમાંથી પસાર થવા જેવું છે અને અહીં બહુવચન, સિદ્ધાંતવાદ અને પ્રગતિના માર્ગ હંમેશા ગતિશીલ રહે છે.

**"યહાં પર શમ્મે હિદાયા થા સીર્ફ અપના ઝમીર"**

જામિયામાં, માર્ગદર્શન માટેની દીવાદાંડી અન્ય કોઈ નહીં પણ પોતાનો અંતરાત્મા છે.

**- આફતાબ મોહમ્મદ**

**(સૌ. : મુસ્લિમ મિરર)**

# ભારતના રણપ્રદેશોમાંથી ઊંટોની સંખ્યા દુર્લભ થઈ રહી છે. શું કોઈ નવી નીતિ તેમને બચાવી શકશે ?

રાજસ્થાનના થાર રણમાં દર વર્ષે યોજાતા પુષ્કર મેળાને વિશ્વનું સૌથી મોટું ઊંટ બજાર માનવામાં આવે છે. ૩૦ ઓક્ટોબરથી એક અઠવાડિયા સુધી ચાલતા આ મેળામાં ઘોડા, ગાય, બકરાં અને ઘેટાં સહિતના પશુધનનો પણ વેપાર થાય છે. જો કે મેળાનું મુખ્ય આકર્ષણ તો ઊંટો હોય છે. એક સમયે રણની ક્ષિતિજ પર છવાયેલા રહેતા ઊંટો આજકાલ દુર્લભ બની રહ્યા છે. જેસલમેર અને બિકાનેર નજીકના ગામોના પશુપાલકો ઊંટ માટે ચરાણની જમીન અને ખરીદદારો શોધવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. બિકાનેરના રાયકા પશુપાલન સમુદાયના એક પશુપાલકે જણાવ્યું હતું કે, "પહેલાં અમારા દરેક પાસે મોટી સંખ્યામાં ઊંટ હતા. પરંતુ હવે ફક્ત થોડા જ પશુપાલકો પાસે મોટી સંખ્યામાં ઊંટ છે. ઓક્ટોબર ૨૦૧૯માં જાહેર કરાયેલા ૨૦માં પશુધન વસ્તી ગણતરીના ડેટા મુજબ, ૧૯૭૦ના દાયકામાં ભારતમાં ઊંટોની વસ્તી અંદાજિત ૧૧ લાખ હતી જે છેલ્લાં ચાર દાયકામાં ૭૫% ઘટીને માત્ર ૨.૫ લાખ થઈ ગઈ હતી. ફક્ત ૨૦૧૨ અને ૨૦૧૯ની વચ્ચે, ઊંટોની વસ્તીમાં ૩૭% જેટલો ઘટાડો થવા પામ્યો હતો. સદીઓથી, ઊંટ ભારતના રણના વાતાવરણમાં એક ઉત્તમ સાથી રહ્યું છે. તે પાણીનું અને નમક વહન કરે છે, જમીન ખેડે છે, દૂધ આપે છે અને માનવ જીવનને ટકાવી રાખે છે. ઊંટોની વસ્તીમાં તીવ્ર ઘટાડો એ નીતિગત વાતાવરણના માર્ગને પ્રતિબિંબિત કરે છે જેણે પશુપાલકો, તેમની અર્થવ્યવસ્થા અને ટકાઉ લેન્ડસ્કેપ્સને હાંસિયામાં ધકેલી દીધા છે. સપ્ટેમ્બરમાં પશુપાલન અને ડેરી વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા ડ્રાફ્ટ કેમલ પોલિસી પેપરમાં આ ઘટાડાને 'અસ્તિત્વનું સંકટ' કહેવામાં આવ્યું છે. આ નીતિમાં જાતિના સંરક્ષણ અને ચરાઈના અધિકારો સુરક્ષિત કરવા જેવા પગલાંનો પ્રસ્તાવ છે. પરંતુ શું તે રણના જહાજને બચાવવા માટે પૂરતું હશે ?

**લગાતાર ઘટાડો :** ૨૦મી સદીના મોટા ભાગના સમયગાળા દરમિયાન, ઊંટ પરિવહન માટે જરૂરી, સામાન ભરેલા ગાડા ખેંચતા અને દૂધાળુ પ્રાણી હતા. જો કે પાછળથી ખેતી અને પરિવહનમાં ઊંટોનું સ્થાન યાંત્રિકીકરણે લઈ લીધું અને બીજી તરફ નહેર સિંચાઈ અને જમીન પરિવર્તનને કારણે તેમને માટે ચરાઈના મેદાનો ઓછા થઈ ગયા. ભારતના રાજસ્થાન અને ગુજરાતમાં જ લગભગ ૯૦% ઊંટોની વસતી છે પણ આજે ત્યાં પણ ઊંટોની સંખ્યામાં તીવ્ર ઘટાડો થવા પામ્યો છે. ૨૦૧૯ની પશુધન ગણતરી મુજબ, રાજસ્થાનમાં ઊંટોની સંખ્યા ઘટીને ૨.૧૨ લાખ થઈ ગઈ છે, જ્યારે ગુજરાતમાં, જ્યાં ખારાઈ અને કચ્છી જાતિના ઊંટો હતા ત્યાં તેમની સંખ્યા ઘટીને માત્ર ૨૭,૬૨૦ થઈ ગઈ છે. ઊંટોની વસ્તી વધારવા અને તેના સાંસ્કૃતિક મહત્વને સુરક્ષિત રાખવાના હેતુથી લેવામાં આવેલા પગલાંની વિપરીત અસર થઈ છે. ૨૦૧૪માં, રાજસ્થાન સરકારે ઊંટને રાજ્યનું 'વારસાગત પ્રાણી' જાહેર કર્યું હતું. તે પછી ૨૦૧૫માં આંતરરાજ્ય પરિવહન અને કતલખાનાઓમાં ઊંટોના વેચાણને રોકવા માટે રાજસ્થાન ઊંટ (કતલ પ્રતિબંધ અને કામચલાઉ સ્થળાંતર અથવા નિકાસનું નિયમન) કાયદો, પસાર કરવામાં આવ્યો. આ કાયદાનો ઉદ્દેશ્ય ઊંટોની વસ્તી વધારવાનો હતો. પરંતુ પશુપાલકો કહે છે કે, આ કાયદાએ નર ઊંટ, રાખવા પર પ્રતિબંધ મૂક્યો હતો. આ ઊંટોનો ઉપયોગ રાયકા, રબારી અને ભરવાડો દ્વારા સ્થળાંતર દરમિયાન, ઘરગથ્થુ વસ્તુઓ અને ખાદ્ય સામગ્રી વહન કરવા માટે કરવામાં આવતો હતો. કોઈપણ પશુધનના ટોળામાં, નવજાત નર ૫૦% હોવાની શક્યતા હોય છે. વાર્ષિક સંવર્ધન માટે ફક્ત થોડા નર જ જરૂરી હોવાથી, મોટાભાગના નવજાત પશુને વેચી દેવામાં આવે છે. મોટાભાગના કિસ્સામાં કાં તો માંસ માટે અથવા પેક પ્રાણીઓના ઉપયોગ માટે થઈને તેમને વેચી દેવામાં આવે છે.

ઊંટોના આંતરરાજ્ય સ્થળાંતર અને કતલ માટે વેચાણ પર પ્રતિબંધથી આ વેપારમાં ભારે વિક્ષેપ પડ્યો છે. પ્રાણી કલ્યાણ સંગઠનો કહે છે કે, ઊંટોને તેલંગાણા જેવા રાજ્યોમાં માંસ માટે કતલ કરવા માટે, હજુ પણ પરોક્ષ રીતે પરિવહન કરી દેવામાં આવે છે. જો કે તાજેતરમાં જ આ પ્રતિબંધ પાછો ખેંચી લેવામાં આવ્યો હતો પરંતુ હજુ સુધી કોઈ સત્તાવાર સૂચના જારી કરવામાં આવી નથી. ઊંટ હવે પહેલા જેટલા ઉપયોગી નથી રહ્યા, પરંતુ તેમનું મહત્વ હજુ પણ ટકી રહ્યું છે. ઊંટોની ઓછા પાણી અને ખોરાક પર ટકી રહેવાની ક્ષમતા હોય છે. ઉત્તર-પશ્ચિમ ભારતમાં વધતી ગરમી અને બદલાતી આબોહવાની પરિસ્થિતિઓમાં તેઓ આજીવિકા અનુકૂલન માટે મહત્વપૂર્ણ છે. તેમને હંમેશા ઓછા ચારા અથવા પાણીની જરૂર પડે છે અને તેમના ખાતરથી જમીનને સમૃદ્ધ બનાવે છે જ્યારે તેમના ગાદીવાળા ખુર ધોવાણને અટકાવે છે. ઊંટ ગતિશીલતા અને અનુકૂલનથી લઈને હાંસિયામાં રહેલા જીવન સુધીના ભારતના પશુપાલન માર્ગને પણ પ્રતિબિંબિત કરે છે. રાજસ્થાનના રાયકા અને કચ્છના માલધારી જેવા પશુપાલક સમુદાયોએ ચરાઈ ચક્ર, દુષ્કાળ વ્યવસ્થાપન અને સંવર્ધનનું ઊંડું ઈકોલોજીકલ જ્ઞાન વિકસાવ્યું છે જેણે ભારતના કેટલાક કઠોર ભૂપ્રદેશોમાં જૈવવિવિધતાને ટકાવી રાખી છે. ગુજરાતમાં, રબારી, ફકીરનાઈ જાટ અને સમા માલધારી સમુદાયોના પશુપાલકો ઊંટોની ખારાઈ જેવી અનોખી જાતિઓનું પાલન કરે છે. આ જાતિના ઊંટો દરિયાકાંઠાની ખાડીઓમાં તરીને મેન્ગ્રોવ્સ ચરી શકે છે. ઊંટ ભારતના સાંસ્કૃતિક વારસા સાથે પણ જોડાયેલું છે, જેમ કે રાજસ્થાનના રાયકા સમુદાય માટે પશુપાલન એક વારસાગત વ્યવસાય તેમજ આધ્યાત્મિક માન્યતા છે. તેઓ કહે છે કે શિવે તેમના સમુદાયની રચના ઊંટોની સંભાળ રાખવા માટે કરી હતી. ઊંટો ઓછા થવાથી જીવંત જ્ઞાન અને સાંસ્કૃતિક પ્રણાલીઓનું નુકસાન થશે જે રણમાં રહેતા પ્રાણી સાથે સહ-વિકસિત થઈ હતી.



રણનું વહાણ કહેવાતા ઊંટોનું આજે એટલું મહત્ત્વ રહ્યું નથી, પરંતુ તે ઉષ્ણ થઈ રહેલી દુનિયામાં, સહનશક્તિ અને આબોહવા અનુકૂલનનું પ્રતીક છે

**ઊંટ પરની નીતિઓ, અર્થતંત્ર :** ભારતે ૧૯૮૪માં ઊંટ પર રાષ્ટ્રીય સંશોધન કેન્દ્રની સ્થાપના કરી હતી પણ તેનો પ્રતિભાવ આછો રહ્યો હતો. કટોકટીને ઓળખીને, કેન્દ્ર અને રાજ્ય સરકારોએ પ્રતિભાવો ડિઝાઈન કરવાનું શરૂ કર્યું છે.

રાજસ્થાન સરકાર ઊંટ સંરક્ષણ અને વિકાસ મિશનના ભાગ રૂપે, દરેક ઊંટના નવજાત માટે ૨૦,૦૦૦ રૂપિયા, વીમા કવરેજ અને મોબાઈલ પશુચિકિત્સા કેમ્પની ઓફર કરે છે. ગુજરાત પણ કચ્છના ધોરી ખાતે એક સંવર્ધન કેન્દ્ર અને વાર્ષિક રોગ-નિયંત્રણ કાર્યક્રમો ચલાવે છે. તેવી જ રીતે, સપ્ટેમ્બરમાં બહાર પાડવામાં આવેલ ડ્રાફ્ટ કેમલ પોલિસી પેપર, રાષ્ટ્રીય કેમલ સસ્ટેનેબિલિટી પહેલનો પ્રસ્તાવ મૂકે છે, જે ઊંટ વસ્તી સંકટને સંબોધવા માટેનો પ્રથમ સંકલિત રાષ્ટ્રીય પ્રયાસ છે. ઊંટડીના દૂધની અર્થવ્યવસ્થાને પ્રોત્સાહન આપવાનો તેમનો પ્રસ્તાવ મહત્વપૂર્ણ છે કારણ કે ગુજરાતના કચ્છ જિલ્લામાં ઊંટડીના દૂધના વધતા બજાર દ્વારા ઊંટોની વસ્તી ટકાવી રાખવામાં આવી છે. એક સમયે ઘરગથ્થુ વપરાશ પૂરતું મર્યાદિત અને વેચાણ પર પ્રતિબંધિત, ઊંટડીનું દૂધ ઔષધીય અને પોષક ગુણધર્મો ધરાવતું એક વિશિષ્ટ ઉત્પાદન તરીકે ઉભરી આવ્યું છે. છતાં, ભારત વાર્ષિક લગભગ ૭,૦૦૦ ટનનું ઉત્પાદન કરે છે, જે વૈશ્વિક ઉત્પાદનના ૦.૨% કરતા પણ ઓછું છે. રાજસ્થાન અને ગુજરાતે રાજસ્થાન કોઓપરેટિવ ડેરી ફેડરેશન અને સરહદ ડેરી દ્વારા આ ક્ષેત્રને ટેકો આપવાનું શરૂ કર્યું છે, જ્યારે અમૂલ જેવી બ્રાન્ડ્સ આઈસ્ક્રીમ અને ચોકલેટ જેવા ઊંટડીના દૂધ આધારિત ઉત્પાદનો સાથે પ્રયોગ કરી રહી છે.

ઊંટડીના દૂધનો ઉદ્યોગ નાનો હોવા છતાં, ઓર્ગેનિક અને મુક્ત-રેન્જ ઉત્પાદનની સંભાવના છે અને તે પશ્ચિમ એશિયામાં નિકાસનો વિસ્તાર કરી શકે છે. ઊંટડીના દૂધને ઔપચારિક પશુધન અર્થતંત્રના ભાગ રૂપે ઓળખવાથી પશુપાલનનું પણ પુનર્મૂલ્યાંકન થઈ શકે છે, તેની ઈકોલોજીકલ ભૂમિકા અને રણની આજીવિકામાં યોગદાનને સ્વીકારી શકાય છે.

**ડ્રાફ્ટ કેમલ પોલિસી પેપરમાં નીચેના પગલાંઓની રૂપરેખા પણ આપવામાં આવી છે :**

★ ચરાઈના અધિકારો સુરક્ષિત કરવા અને ગામડાઓની જમીન (ગોચર) પુનઃસ્થાપિત કરવી.

★ ઊંટ-આધારિત પર્યટન અને સાંસ્કૃતિક મેળાઓને પુનર્જીવિત કરવા.

★ જાતિ સંરક્ષણ અને યુવાનોની તાલીમને પ્રોત્સાહન આપવું.

★ પ્રતિબંધક વેપાર કાયદાઓમાં સુધારો કરવો.

જો અસરકારક રીતે અમલમાં મૂકવામાં આવે તો, આ પગલાં ઊંટ સંરક્ષણ ઉપરાંત રણની જૈવવિવિધતા અને ગ્રામીણ આજીવિકા માટે સહ-લાભ મેળવી શકે છે.

**નીતિગત ખામીઓ**

ડ્રાફ્ટ નીતિની મુખ્ય ખામી એ છે કે, તે શુષ્ક લેન્ડસ્કેપ્સના એકબીજા સાથે જોડાયેલા સ્વભાવને અવગણીને પ્રજાતિ-કેન્દ્રિત ડિઝાઈનનું પુનરાવર્તન કરવાનું જોખમ ધરાવે છે. ઊંટ અને તેમને ઉછેરતા પશુપાલક સમુદાયો, ચરાવવા અને બજારોમાં પ્રવેશ માટે વહીવટી સીમાઓ પાર કરે છે, તેથી સંરક્ષણ વ્યૂહરચનાઓ જરૂરી છે જે ફક્ત વિભાગો વચ્ચે જ નહીં, પરંતુ રાજ્યો વચ્ચે પણ લેન્ડસ્કેપ-સ્તરના સંકલન પર ભાર મૂકે છે.

ડ્રાફ્ટ નીતિમાં ઘાસચારો અને ચરાણની જમીનની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાની જરૂરિયાતનો ઉલ્લેખ છે પરંતુ તેને વન અધિકાર અધિનિયમ, ૨૦૦૬ જેવા સાધનો સાથે જોડવામાં નિષ્ફળ જાય છે, જે ચરાણના અધિકારોને ઔપચારિક બનાવી શકે છે. જામનગર મરીન નેશનલ પાર્ક અને કુંભલગઢ વન્યજીવન અભયારણ્ય જેવા વિસ્તારોમાં, ચરાણ પ્રતિબંધોએ પશુપાલકોને નુકસાન પહોંચાડ્યું છે, જે ધારણાઓના આધારે છે કે ઊંટ વનસ્પતિને નુકસાન પહોંચાડે છે. તેથી, ગોચરનું પુનઃસ્થાપન અને હાલના ચરાણ ક્ષેત્રોનું સીમાંકન પ્રાથમિકતા હોવી જોઈએ.

ડ્રાફ્ટ નીતિ ઘાસના મેદાનો અને ખુલ્લા કુદરતી ઈકોસિસ્ટમ્સ, અથવા ONEsના મહત્વને સ્વીકારે છે, પરંતુ મોટા પાયે નવીનીકરણીય ઉર્જા અને માળખાગત પ્રોજેક્ટ્સ, તેમજ વનીકરણ અને વાવેતર કાર્યક્રમો માટે તેમના ઝડપી રૂપાંતરણને પણ સંબોધિત કરવી જોઈએ જે અજાણતાં પશુપાલકો માટે પ્રવેશને પ્રતિબંધિત કરે છે અને તેમના સ્થળાંતર માર્ગોને વિક્ષેપિત કરે છે.

રાજસ્થાન અને ગુજરાતમાં, ચરાઈના મેદાનોને પર્યાવરણીય અથવા સામાજિક ખર્ચને ધ્યાનમાં લીધા વિના સૌર અને પવન ઉદ્યાનો માટે વાળવામાં આવી રહ્યા છે. રાજસ્થાનમાં ઓરાન બચાવો આંદોલન માટે પવિત્ર ગ્રુવ્સને બચાવવા માટે એક મોટી ચિંતાનો વિષય છે.

ઊંટના અસ્તિત્વ માટે, તેના રહેઠાણો ખુલ્લા, જોડાયેલા અને સુલભ હોવા જોઈએ, પશ્ચિમ રાજસ્થાનમાં ચાલી રહેલા સમુદાય-આગેવાની હેઠળના સંરક્ષણ ચળવળો સાથે સંરેખિત થવું જોઈએ, જમીન અને સમુદાય શાસનની વાસ્તવિકતાઓમાં પહેલને વધુ મજબૂત બનાવવી જોઈએ.

છેલ્લે, અને નિર્ણાયક રીતે, રાષ્ટ્રીય ઊંટ ટકાઉપણા પહેલમાં પશુપાલકોનું પૂરતું પ્રતિનિધિત્વ હોવું જોઈએ. આવા સમાવેશ વિના, ભારત રાજસ્થાન ઊંટ કાયદાની ભૂલોનું પુનરાવર્તન કરવાનું જોખમ ધરાવે છે, જેણે તે સમુદાયોને દૂર રાખ્યા હતા જેનું રક્ષણ કરવાનો તેનો હેતુ હતો.

**ઊંટ આબોહવાનું ભવિષ્ય**

ભારતના શુષ્ક અને અર્ધ-શુષ્ક પ્રદેશો તેના લગભગ પાંચમા ભાગના ભૂમિ વિસ્તારને આવરી લે છે. ભારત આબોહવા-સ્થિતિસ્થાપક ગ્રામીણ ભવિષ્યનું નિર્માણ કરવા માંગે છે, ત્યારે ઊંટ સહનશક્તિ અને અનુકૂલનનું પ્રતીક છે.

નીતિગત સમર્થન સાથે, ઊંટોનું પાલન આબોહવા-અનુકૂલનશીલ ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવી શકે છે જે ગતિશીલતા, ઓછા-ઈનપુટ ઉત્પાદન અને ઈકોલોજીકલ સંભાળને મહત્વ આપે છે.

રાષ્ટ્રીય ઊંટ ટકાઉપણા પહેલ ભારતના વ્યાપક આબોહવા-સ્થિતિસ્થાપક વિકાસ એજન્ડામાં ઊંટ અર્થતંત્રને ફરીથી સ્થાન આપી શકે છે, જે પરંપરાગત જ્ઞાન પ્રણાલીઓને આધુનિક બજારો સાથે જોડે છે. ઊંટોના સંરક્ષણ માટે પશુપાલન અભિગમ કરતાં વધુ જરૂરી છે તે માન્યતા મહત્વપૂર્ણ છે. છતાં, પડકાર એ છે કે શું નીતિ ભારતના શુષ્ક પ્રદેશોની પર્યાવરણીય અને આર્થિક વાસ્તવિકતાઓને સંબોધિત કરી શકે છે.

**(સૌ. : સ્ક્રોલ.ઈન)**